अभय जैन ग्रन्थालय
बीकानेर।

परोपकाराय सता विभूतय

ગ્રથાક ૯

શ્રી બ્રહ્મચર્યવ્રત.

છપાવી પ્રસિદ્ધ કર્તા,

સદ્‌ગત શે૦ વેલચંદ ગુલાબચંદ સ્થાપિત

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મહેસાણા

આવૃત્તિ ૬ઠ્ઠી. પ્રત ૨૦૦૦

ધી 'સૂર્યપ્રકાશ' પ્રિન્ટીંગ પ્રેસમા નગીનદાસ ત્રિકમદાસે

છાપ્યુ તેમણે પાનકોર નાકા—અમદાવાદ

સવત્ ૧૯૮૫ વીર સંવત્ ૨૪૫૫ સને ૧૯૨૯

કિંમત ૩ ૦-૪-૦

ॐ सूचना ॐ

પુસ્તકને જેમ તેમ રખડતુ મૂકી આશાતના કરવી નહિ, તેમજ અશુદ્ધ હાથે પુસ્તકને અડવુ નહિ અને ઉઘાડે મુખે પુસ્તક વાચવુ નહિ

પુસ્તક-જ્ઞાનની સઘળી આશાતના ટાળી વિનય બહુ માન-પૂર્વક જતે તેનો લાભ લેતા રહી બીજા ઘણા જનોને પણ તેનો લાભ જરૂર આપવો

ऐश्वर्यस्य विभूषण सुजनता शौर्यस्य वाक्संयमो,
ज्ञानस्योपशम' श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्यय ,
अक्रोधस्तपस क्षमाप्रभवितु-र्धर्मस्य निर्व्याजता,
सर्वेषामपि सर्वकारणमिद शील पर भूषणम् ॥१॥

(भर्तृहरिशतके)

तोयत्यग्निरपि स्वजत्यहिरपि व्याघ्रोऽपि सारङ्गति,
व्यालोप्यश्वति पर्वतोप्युपलति क्ष्वेडोऽपि पीयूषति,
विघ्नोप्युत्सवति प्रियत्यरिरपि क्रिडातडागत्यपा,
नाथोऽपि स्वगृहत्यटन्यपि नृणां शीलप्रभावाद् ध्रुवम्॥२॥

(सिन्दूरप्रकरे)

ઉપોદ્‌ઘાત

સર્વ વ્રતોમા શિરોમણિ અને જે એક વ્રતથીજ અન્ય વ્રતો દીપી નીકળે-સમ્યક્ પ્રકારે અલંકૃત થાય, જેના ઉપર આ લોક તથા પરલોકની શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક દરેક ઉન્નતિનો આધાર છે એવું વ્રત તે બ્રહ્મચર્ય વ્રત છે પૂર્વકાલિન્ મહાન્-પુરૂષો આપણા કરતા અનેક ગુણા સત્ત્વવાન્, પ્રભાવશાલી અને ઉચ્ચતમ સ્થિતિમા પ્રાપ્ત હતા તેનુ મુખ્ય કારણ જો કાંઈ પણ હોય તો તે આ વ્રતજ હતુ ક્રમે ક્રમે એ વ્રતપાલનમા શિથિલતા થવા માંડી જેથી પ્રજા વીર્યહીન થતી ગઇ અને તેથી દરેક રીતે આપણા ભારત વર્ષની અવનતિ થઈ તે સ્થિતિ દૂર થઈ પૂર્વની સ્થિતિ પ્રાપ્ત થાય અને પ્રજા દરેક રીતે પૂર્વની પેઠે ઉન્નત બને એ હેતુને સફળ કરવા માટે આ ગ્રથની યોજના કરવામા આવી છે.

આ ગ્રંથની બે આવૃત્તિ શા હીરાચંદ કલ્યાણજી તરફથી પ્રથમ પ્રગટ થયેલ હતી તેમા કેટલા- ગુજરાતી વાચન સાથે અમારી ગ્રથમાળાના નવમા મણકા તરિકે તેની ત્રીજી અને ચોથી આવૃતિની બે હજાર કોપી અમોએ છપાવી હતી તે થોડા વખતમા ખલાસ થવાથી અને આવા ગ્રથોની વિશેષ આવશ્યકતા હોવાથી આ પાચમી આવૃત્તિ અમોએ છપાવી છે

પૂર્વની ચાર આવૃત્તિઓ કરતા આ પચમ આવૃત્તિમા ઘણો સુધારો વધારો અને ફેરફાર કરવામા આવ્યો છે અનેક નવા લેખો અને વિષયો કે જે બ્રહ્મચર્ય મહાવ્રતને પુષ્ટિકારક છે, જે એ વ્રતના પાલનથી શા શા વિશિષ્ટ લાભો હાસલ કરી શકાય છે અને એ વ્રતના પાલન પ્રત્યે ઉપેક્ષા કે વાથી કેવા કેવા મોટા નુકશાનો તથા પાયમાલી થાય છે તે વિગતવારથી બહુ સ્પષ્ટ રીતે

સમજાવે છે તેના (લેખો અને વિષયો) થી આ ગ્રંથ સુશોભિત કરવામાં આવ્યો છે

આ ગ્રંથના ત્રણ ખંડો કરવામાં આવ્યા છે તેમાં શું શું વિષયો છે તે અનુક્રમણિકામાં વિસ્તારથી આપેલા છે ત્યાંથી જોઈ શકાશે, છતાં તેનું અત્ર કિંચિદ્દર્શન કરાવવામાં આવે છે

પ્રથમ ખંડમાં બ્રહ્મચર્યનો પ્રભાવ, તેનું ખરું બળ અને તે પાળવાની અત્યાવશ્યકતા બતાવી છે તથા બ્રહ્મચર્ય પાળવાથી આવતું સુંદર પરિણામ તથા તેથી ભાવી પ્રજા ઉપર થતો પ્રબળ અસર જણાવી છે સાથે બ્રહ્મચર્યને હાનિ પહોંચે તેવી દુષ્કીકતોના વર્ણન પૂર્વક બ્રહ્મચર્ય પાળવાના કેટલાએક ખાસ નિયમોનું દર્શન કરાવવામાં આવ્યું છે જેથી તેવી દુષ્કીકતોથી સાવચેત રહેવાય અને તેના નિયમોનું પાલન થઈ શકે

બીજા ખંડમાં એ જાતના પાળક ઉત્તમ મહા પુરૂષો તથા મહા સતીઓના કેટલાએક ચરિત્રો આપવામાં આવ્યા છે, જેના વાચનથી બ્રહ્મચર્ય પાલન ઉપર સચોટ અસર થાય અને અનેક ભવ્ય જીવો એથી બોધ પામી પોતે એવી કોટિના ઉત્તમ પુરૂષો તથા સ્ત્રીઓ બને અગર તેવું ધ્યેય આવે તો પણ બ્રહ્મચર્યને જેશ પણ હાનિ પહોંચવા ન દેવી, એ આ કથાઓનો ખાસ સાર છે એની કસોટીમાંથી પસાર થનાર શુદ્ધ, નિર્ભય અને નિષ્પ્રપંચ આત્મપ્રયાણમાં બહુ આગળ વધી શકે છે

ત્રીજા ખંડમાં બ્રહ્મચર્યની નવ વાડોનો સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે અને પતિવ્રતા સ્ત્રીઓને સ્વશીલરક્ષણાર્થે પાળવાયોગ્ય નિયમો બતાવવામાં આવ્યા છે સાથે ત્રિયળ પાળવા સર્વને સામાન્ય રીતે ઉપયોગી થઈ પડે તેવી સજ્ઝાયો અને વાડો આપવામાં આવી છે અને પ્રાંતે મુનિ શ્રી કર્પૂરવિજયજીએ લખી આપેલ ઇંદ્રિયપરાજયશતકનો સારાંશ દાખલ કરેલ છે, જે ખાસ મનન કરવા

ચોગ્ય છે એ રીતે અનેક ગદ્યપદ્યાત્મક વિષયોથી આ ગ્રંથ પૂર્ણ કરવામાં આવ્યો છે

આ પુસ્તકની અંદર કેટલાએક લેખો શાંતમૂર્ત્તિ મુનિરાજ શ્રી કપૂરવિજયજી તરફથી તથા એક લેખ પંડિત સુખલાલજી તરફથી તથા એક લેખ પંડિત લાલન તરફથી બાબેરાનથી લેખ લખાઈને આવેલ છે એ બાબત તે લેખક મહાશયોનો આભાર માનવામાં આવે છે

આ ગ્રંથની આ છઠ્ઠી આવૃત્તિ છે

પ્રાંતે અનેક ભવ્યાત્માઓ આ ગ્રંથ સાદ્યંત વાંચી તદનુસાર વર્તન રાખવા પ્રયત્નશીલ અને કટિબદ્ધ થાઓ જેથી અમારો ગ્રંથપ્રસિદ્ધિનો હેતુ સફળ થાય, એવી હાર્દિક ભાવના સાથે અત્ર વિરમવામાં આવે છે

સંવત ૧૯૮૫ની
અમાડ ચઉમાસી

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
—મહેસાણા

વિષયાનુક્રમ

ખંડ પહેલો

વિષય	પૃષ્ઠ
૧ ગ્રન્થપ્રારંભ પૂર્વ મંગલાચરણ રૂપ	૧
૨ બ્રહ્મચર્યનો પ્રભાવ અને તેની અગત્ય. (લે. મુનિ કર્પૂરવિજયજી)	૨ થી ૧૬
વિષયવાસનાથી થતા નુકસાન	૪
નિષેધ	૪
બ્રહ્મચર્યથી સુંદર પરિણામ	૪
જેથી સદુદ્યમ કરનાર સહેજે સર્વ સુખમય પદ પામી શકે છે	૫
પાત્રતા યોગે પ્રાપ્તિ થવામાં ઉદ્યમાદિની પણ જરૂર	૭
બ્રહ્મચર્યમાં આવતા વિઘ્ન	૮
બ્રહ્મચર્યનું ખરૂં બળ	૯
અબ્રહ્મસેવનાનાં માઠાં ફળ	૧૦
શુદ્ધ બ્રહ્મચર્ય પાલન યોગ્ય પ્રતિબંધક નિયમો	૧૦
શુદ્ધ બ્રહ્મચર્યની રક્ષા અને અભિવૃદ્ધિ માટે વિધાયક નિયમો	૧૧
નમુને ૧૨ પુત્રરત્ન કે પુત્રીરત્નને પેદા કરવા સ્ત્રીપુરૂષોએ રાખવું જોઇતું લક્ષ્ય	૧૧
શુદ્ધ બ્રહ્મચર્યજીવનથી આપણી ભાવિ પ્રજા ઉપર થતી અદ્‌ભુત અસર	૧૪
બ્રહ્મચર્ય સંબંધી વ્યવહારૂ શિક્ષણ	૧૫
૩ બ્રહ્મચર્ય (લેખક પંડિત સુખલાલજી)	૧૭ થી ૩૪
પ્રારંભકાળ	૧૮
શરીરબળ અને વિચારબળની અતિ આવશ્યકતા	૧૦

મનોબળ અને ચારિત્રબળમાં શરીરબળની આવશ્યકતા ૨૧
બ્રહ્મચર્યના નાશના કારણો ૨૩
બ્રહ્મચર્યના નિયમો નહિ પાળવાથીજ અનિષ્ટ પરિણામ ૨૭
બ્રહ્મચર્ય પાળવાનો ઉપદેશ ૩૧
ઉપસંહાર ૩૬
૪ પ્રાત:કાળ સ્મરણીય મહાસત્ત્વશાળી સતા અને સતીઓની નામાવળી
તથા તેમનું સ્મરણ કરતા રાખવો જોઇતો ઉચ્ચ ઉદ્દેશ ૩૫

બીજો ભાગ

વિષય. પૃષ્ઠ

બ્રહ્મચર્યનું સ્વરૂપ અને તે વ્રતનું પાલન કરનારા
સતા સતીઓનાં ચરિત્રો ૩૯ થી ૧૫૮
બ્રહ્મચર્યવ્રતનું દુક સ્વરૂપ ૨૯
સુદર્શન શેઠની કથા ૪૬
સ્થૂલભદ્રની કથા ૫૧
સીતાની કથા ૬૪
રાજિમતિ ૭૪
અંજનાસુંદરી ૮૪
શ્રીદેવી ૮૮
કલાવતી ૯૦
વિજયશેઠ અને વિજયારાણી ૧૩૪
જંબૂકુમારનું ચરિત્ર ૧૪૦

ખંડ ત્રીજો

વિષય	પૃષ્ઠ
મંગળ	૧૫૮
બ્રહ્મચર્યની નવ વાડોનો ટુંક સારાંશ (મુનિ કર્પૂરવિજયજી)	૧૬૦
પતિવ્રતા નારીએ સ્વશીયલરક્ષાર્થે પતિના વિરહે પાળવા યોગ્ય નિયમો (લેખક—મુનિ કર્પૂરવિજયજી)	૧૬૬
સ્ત્રીઓના શીલરક્ષણના સાધન (મુનિ કર્પૂરવિજયજી)	૧૬૮
શીલગુણ ધારવા અને પરસ્ત્રી પરપુરૂષનો સંગ નિવારવા સહુને હિતોપદેશ (મુનિ કર્પૂરવિજયજી)	૧૬૯
ચતુર્થ પારસ્થાનક મૈથુન (અબ્રહ્મ) નિવારણ ઉપદેશ–સજ્ઝાય	૧૭૧
શ્રી ઉત્તમવિજી કૃત નવ વાડની સજ્ઝાયો	૧૭૬
શિયલની સજ્ઝાય	૧૮૦
શિયલ વિષે પુરૂષને શીખામણની સજ્ઝાય	૧૮૧
શિયલ વિષે નારીને શીખામણની સજ્ઝાય	૧૮૩
શ્રી સ્થૂલભદ્રની સજ્ઝાય	૧૮૫
પવિત્ર શીલ–સદાચારની રક્ષા અને પુષ્ટિ માટે મન અને ઇન્દ્રિયોને દમવાની અનિવાર્ય જરૂર (લેખક—મુનિ કર્પૂરવિજયજી)	૧૮૬
ઇન્દ્રિય પરાજય શતક સારાંશ (લેખક મુનિ કર્પૂરવિજયજી)	૧૮૮
પૂર્વકાળના ઋષિઓનું મહત્ત્વ (લેખક પંડિત લાલન)	૨૦૨

શ્રી બ્રહ્મચર્ય વ્રત.

ખંડ પહેલો

મંગલાચરણરૂપ બ્રહ્મપદપૂજા

જિન પ્રતિમા જિન મંદિરા, કંચનના કરે જેહ ॥
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો શીઅલ સુદેહ ॥ ૧ ॥

ઢાળ

કયુ બાપુ કયુ બની આવડી (એ દેશી)

બ્રહ્મચર્ય પદ પૂજીયે, નતમા મુકુટ સમાન હો વિનીત । શીઅલ સુગુરૂ રાખવા, કહી નવ વાડ ભગવાન હો વિનીત । નમો નમો બ્રહ્મચારિણ ॥ ૧ ॥ એ આંકણી ॥ કૃત કારિત અનુમતિ તજે, દિવ્ય ઔદારિક કામ હો વિનીત । નિકૃષ્ણ યોગે એ પરિહરે, ભેદ અઢાર ગુણધામ હો વિનીત ॥ નમો૦ નમો ॥ ૨ ॥ દશ અવસ્થા કામની તેવીશ વિષય હરંત હો વિનીત । અઢાર સહસ સીલાંગરથે, બેઠા મુનિ વિચરંત હો વિનીત ॥ નમો નમો૦ ॥ ૩ ॥ દ્રવ્યથી ચાર દ્વારા[1] તજે, ભાવે પર પરિણતિ ત્યાગ હો વિનીત । દશ સમાધિસ્થાન સેવતા, ત્રીશ અબ્રહ્મના* ત્યાગ હો વિનીત ॥ નમો નમો૦ ॥ ૪ ॥ દીએ દાન સોનન કોડીનુ, કંચન ચૈત્ય કરાય હો વિનીત । તેહથી બ્રહ્મવ્રત વારતા, અગણિત પુણ્ય પસાય હો વિનીત ॥ નમો નમો ॥ ૫ ॥ ચોરાશી સહસ મુનિ દાનનુ, ગૃહસ્થ ભક્તિ ફળ જોય હો વિનીત । ક્રિયા ગુપ્તિહણે મુનિ વડા, ભાવ તુલ્ય નહિ કોય હો વિનીત ॥ નમો નમો૦ ॥ ૬ ॥ દશમે અંગે વખાણિયો, ચક્રવર્તી નરિંદ હો વિનીત ॥ તેમ આરાધી પ્રભુતા વર્યો, સૌભાગ્યલક્ષ્મી સુરિંદ હો વિનીત ॥ નમો નમો૦ ॥૭॥

---

૧ સ્ત્રી * ત્રીશ અબ્રહ્માધિસ્થાનનો ત્યાગ

બ્રહ્મચર્યનો પ્રભાવ

અને

તેની અગત્ય

"વિકારહેતૌ સતિ વિક્રિયન્તે, યેષા ન ચેતાંસિ ત એવ ધીરા"

વિકારના સાધન વિદ્યમાન છતે જેમના મન વિકાર ન પામે તેજ ખરેખરા વીર ધીર છે અધ્યાત્મદૃષ્ટિથી જોતા-વિચારતા શુદ્ધ આત્મસ્વરૂપ (સ્વભાવ) મા રમણતા કરવા રૂપ બ્રહ્મચર્યનુ સુખ અનહદ છે એથી પર ઉપાધિ સબંધી સકળ સંકલ્પ-વિકલ્પ-જનિત દુ:ખ-અશાંતિ ઉપશાન્ત થઇ જાય છે અને સહજ સ્વાભાવિક આત્મરમણતાજનિત અખંડ અનંત સુખશાન્તિનોજ અનુભવ થવા પામે છે વળી જડવાદની સ્થૂલ દૃષ્ટિથી જોઇએ તોપણ જે જે પ્રગટ ફાયદાઓ મૈથુનક્રીડા યા વિષયાગ્નિના ત્યાગ રૂપ બ્રહ્મચર્યથી થવા પામે છે તેની ખાતરી કરાવાય તો એ બ્રહ્મવ્રતનુ સારી રીતે પાલન કરવા સામાન્ય માણસો પણ લોભાયા વગર રહે નહિ

બ્રહ્મચર્યથી થતા ફાયદા

૧ શરીર આરોગ્ય—આખા શરીરના ગજા સમાન વીર્ય-ધાતુનુ સંરક્ષણ કરવા, જે જે વિષયસુખની લાલસાઓ વડે મૂર્ખ અજ્ઞાન જનો નાહક સ્વવીર્યનો વિનાશ કરે છે તે તે વિષય લાલસાઓને તજી, નિજ ઇન્દ્રિયોનો જે ઉત્તમ સ્ત્રી પુરૂષો નિગ્રહ

કરે છે, તેઓ પોતાના પ્રયત્નના પ્રમાણમા શરીરઆરોગ્ય સાચવી-ટકાવી અથવા વધારી શકે છે, એટલુ જ નહિ પણ પોતાની ભવિષ્યની પ્રજાને પણ એવી જ નિરોગીલી નીપજાવવા શક્તિવાન થઈ શકે છે ' શરીરમાદ્ય ખલુ ધર્મસાધનમ્ ' એ ન્યાયે તો ધર્મઅર્થે શરીરને ટકાવી રાખવા બ્રહ્મચર્યની ભારે અગત્ય છે

૨ શરીરસૌન્દર્ય-નિયમિત રીતે શુદ્ધ-નિર્દોષ સાત્વિક ખોરાક લેવાથી, મન વચન કાયાથી શુદ્ધ બ્રહ્મચર્યનુ પાલન કરવાથી અને અનેક પ્રકારની આધિ વ્યાધિવડે થતી વીર્યહાનિ અવિવેકયોગે અજ્ઞાનવાથી પરિણામે અંતરમા જે સુખશાન્તિ, સ્વસ્થતા, સંતોષ અને પ્રસન્નતા પ્રસરે છે તેથી શરીરમા પણ ગુલાબી ખુમસુરતિ પ્રસરે છે અને તે નિજ સંતતિને પણ વારસામા મળે છે બ્રહ્મચર્યના પ્રભાવથી સ્વવીર્યની રક્ષા અને પુષ્ટિવડે શરીર તેજસ્વી, સુઘટ અને ઓજસ્વી બનવા પામે છે

૩ દીર્ઘાયુષ્ય-સ્વવીર્યરક્ષા અને વૃદ્ધિના પ્રભાવે શરીર ઉપર એકાએક રોગનો હુમલો થતો નથી અને સુદૃઢ-અનિષ્ટ થયેલુ શરીર દીર્ઘકાળ સુધી ટકી રાકે છે

૪ મજબૂત બાંધો-સુરક્ષિત વીર્યવત જનોનો શરીરબાંધો બહુ મજબૂત થવા પામે છે અને તેને પરિણામે શરીર આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, દૃઢ-મજબૂત મન અને મજબૂત બાંધાની સંતતિ થવા પામે છે

૫ મહાવીર્ય-પરાક્રમ-બ્રહ્મચર્યના પ્રભાવથી (વિષયાસક્તિ તજી, સંતોષવૃત્તિવડે સ્વવીર્યરક્ષા કરવાથી) પુરૂષો મહાવીર્ય-વત-પરાક્રમી થવા ઉપરાન્ત તેમની સંતતિ પણ તેવીજ પરાક્રમી નીપજે છે નિયમિત રીતે બ્રહ્મચર્યપાલનથી આવા અનેક ઉત્તમ લાભ થવા પામે છે

વિષય–વાસનાથી થતા નુકશાન

એક અથવા બીજા ગમે તેવા નિમિત્ત પ્રસંગે જેમને વિષય અભિલાષા જાગ્રત્ થાય છે અને વાણીમા તથા કાયામા વિષયવિકાર પેદા થાય છે, તેઓ નિયમિત રીતે નિજવીર્યરક્ષા કરતા નહિ હોવાથી અને સ્વવીર્યનો વિનાશ થવા દ્વારા શરીરનુ આરોગ્ય સાચવી શક્યા નથી, તેઓ અપાર નવાં ઔચિત્ય વિવિધ રોગને ભોગ થઇ પડે છે, તેમની નિદ્રા ઊડી જાય છે અને બેચેની પથરાય છે તેથી તેમના શરીરનુ તેજ ઘટી જઈ નિસ્તેજ બને છે અને અલ્પ આયુષ્ય ભોગવી અકાળે મૃત્યુ પામે છે જ્યા સુધી જીવે છે ત્યા સુધીમા પણ તેમના શરીરનો બાધો કમજોર (શિથિલ) થઈ જાય છે, જેના પરિણામે તે કોઇ પણ મહત્વના કામ કરવા યોગ્ય રહેતા નથી અને તેમને જે સતતિ થવા પામે છે તે પણ એનીજ રોગિલી, અશક્ત, અલ્પાયુષી, શિથિલ બાંધાની, દમનગરની, નિસ્તેજ અને પુરૂષાર્થહીન થાય છે

વિવેક

આ રીતે વિવેક વગર મૈથુનસેવાથી સ્વપરને (સમાજને) કેટલુ બધું નુકશાન થાય છે, તેનો જો ખ્યાલ કરી શકાય તો પછી વિષયાસક્તિથી વિરમવા રૂપ અને સર્વ રીતે સ્વવીર્યની રક્ષા કરવા રૂપ બ્રહ્મચર્યને નિયમિત પાળવા તરફ નિજ લક્ષ અવશ્ય થાય

બ્રહ્મચર્યથી થતા સુંદર પરિણામ

નિયમિત રીતે બ્રહ્મચર્યના દૃઢ પાલનથી ઉપર જણાવેલા સઘળા લાભ સુલભ થઇ જાય છે, તે ઉપરાંત વચનબળ અને બુદ્ધિબળ બીજાના પામે છે અને ચિત્તની પ્રસન્નતા જળવાયા કરે છે પરિણામે જે સતતિ થાય છે તે સઘળી રીતે આનંદ દાયક નીવડે છે તેની ભવિષ્યની સતતિ પણ સુંદર અને મજ-

ભૂત બ્રહ્મચારી, બલિષ્ઠ, દીર્ઘાયુષી અને પુરૂષાર્થી બનતા પામે છે, તેથી તે પણ સ્વપરહિત કરવા યોગ્ય થાય છે બ્રહ્મચર્યના પ્રભાવથી આત્મબળ પણ અત્યંત ખીલવા પામે છે અને તે બળનો ઉપયોગ બહુ સારી દિશામા કરી શકાય છે, જેથી પરિણામે સકળ કર્મઉપાધિને ટાળી, અક્ષય અનંત સુખના સ્થાનરૂપ મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે બ્રહ્મચર્યનો આવો અચિન્ત્ય પ્રભાવ જાણી બહુ કેટલા મહાન ભાઇ બહેનોએ તેમા અત્યંત આદર કરવો ઘટે છે વિદ્યાભ્યાસ કરવામા વિદ્યાર્થીજીવન પર્યંત બ્રહ્મચર્ય પાળવાની અત્યંત જરૂર છે કહ્યું છે કે, જ્યા સુધી પરિપક્વ અવસ્થા થાય ત્યા સુધી એટલે પુરૂષે ૨૫ વર્ષની અને સ્ત્રીએ ૧૬ વર્ષની વય થતા સુધી બ્રહ્મચર્ય જરૂર પાળવુ જોઇએ આ પવિત્ર નિયમને તોડી જે અમળે અસાધ્યવહાર કરે છે, વિષયાસક્તિથી સ્વવીર્યનો વિનાશ કરી નાખે છે તેમને પાછળથી વિપરીત પરિણામ આવતા ભારે શોચવુ પડે છે આપણી અત્યારની અધોગતિનુ મુખ્ય કારણ એજ છે આપણી દશા સુધારવા આપણે બહુએ ખંતથી સદ્-ઉદ્યમ સેવવો જોઇએ

ખંતથી સદ્-ઉદ્યમ કરનાર સહેજે સકળ સુખ-સંપદા પામી શકે છે.

'ઉદ્યોગિન પુરૂષસિંહ મુપૈતિ લક્ષ્મી' ઉદ્યમી પુરૂષરત્નને લક્ષ્મી વરે છે (પુરૂષાર્થવંત પુરૂષસિંહને લક્ષ્મી સહેજે આવી મળે છે) 'પ હિ સર્વત્ર ગુણ: નિધીયતે'-ગુણ-ગુણીનો સર્વત્ર આદર કરાય છે (ગુણો-ગુણીજનો સર્વત્ર પૂજ્ય-સત્કારને પાત્ર થાય છે-પૂજાય છે અને મનાય છે)

" કાયર જનો કદિ પણ સત્-અર્થ—પ્રતિજ્ઞાદિ, ભંગ થવાના ભય માત્રથી આદરતા જ નથી, મંદ્યમ જનો તેનો પ્રભાવ જાણી—સાંભળીને આદરે છે ખરા પણ વિઘ્ન આવ્યે તે તજી દે છે પણ દક્ષ—

ડાહ્યા-ચકોર જનો તો માર્ગમા ગમે એવા વિઘ્નો આવે તેને ગણકાર્યા વગર જ આદરેલા સત્કાર્યને અંત સુધી નિર્વહે છે-પાર પમાડે છે"

" પ્રથમજ તપાસો કે તમે જે કાર્ય કરવા સંકલ્પ કર્યો છે તે ડહાપણભર્યો છે કે નહિ ? અને જો તે સંકલ્પ દક્ષતા-ડહાપણ-ભર્યોજ હોય તો ગમે તેવા વિઘ્ન ઉપસ્થિત થાય તો પણ તેથી તમે ડગનો નહિ-ચલાયમાન થશો નહિ તેમા અડગ રહેજો "

'ધૈર્યપૂર્વક ખંત જાળી રાખવાથી ગમે તેવા દુષ્કર કાર્ય સાધી શકાય છે દુઃખના ડુંગરા વગાની શકાય છે '

'ચા-રી વગર ભાખરી નથી' 'Cheap કર્યા વારૂ ફળ મળવાનુ નથી પાત્રતા મેળવ્યા વગર પ્રાપ્તિ થવાની નથી '

'જેવુ વાવશો એવુ લણશો ' 'જેવુ મન ધારશો એવું કરાશો ડહાપણભર્યો Cheap નકામો જવાનો નથી '

'આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ '

'જાતમહેનત (Self Help) પર સંપૂર્ણ વિશ્વાસ રાખો સ્વાશ્રયી બનો, બીજાના વિશ્વાસ ઉપર બેસી રહીને આવશ્યકને પોષશો-વધારશો નહિ '

'નિયમિત કાર્ય કરવાની ટેવથી કામમા બહુ સરળતા-અનુકૂળતા થવા પામે છે '

'તમારા દરેક કાર્યમા બને તેવા નિયમિત (Regular) થાઓ-થવા પ્રયત્ન કરો સરળતાથી અને સારી રીતે કાર્ય કરવાની એના જેવી બીજી કોઈ સરસ પદ્ધતિ નથી નિયમિત કાર્ય કરનારાઓ ગમે તેવા કામ મજાથી કરે છે અને અનિયમિત કામ કરનારો એકાદ કામ કરવામા પણ નાસીપાસ થાય છે'

'લક્ષપૂર્વક નિયમિત કામ કર્યા પછી જે નિશ્રાન્તિ મળે છે તેમા ખરી મીઠાશ આવે છે, કેમકે તેથી આત્મસંતોષ પ્રાપ્ત થાય છે (ચિત્ત પ્રસન્ન રહે છે)

'અનિયમિતપણે કામ કરનારને આત્મસંતોષને બદલે બહુધા બળાપો થયા કરે છે (ચિત્ત પ્રસન્ન અને ઉદ્યમ રહ્યા કરે છે)'

'નિયમિત કામ કરનારને નિજ કાર્યશક્તિમા, શ્રદ્ધા બની રહે ∴ તેથી તે ધાર્યું કામ ઉત્સાહપૂર્વક સારી રીતે કરી શકે છે અનિયમિત કામ કરનારમા તેથી ઉલટુ બને છે, આ વાત જ્ઞાનુ ભ્રમસિદ્ધ સમજી શકાય એમી છે'

પાત્રતા યોગે પ્રાપ્તિ થવામા ઉદ્યમાદિની પણ જરૂર

"કોઇ પણ અગત્યના કામ કરના ઇચ્છનારે પ્રથમજ તેની યોગ્યતા મેળવના મથન કરવુ જોઇએ (First Deserve and then Desire) યોગ્યતા પામી લેવાય તો કાર્યસિદ્ધિ સુલભ થવા પામે, એ નિર્વિવાદ સિદ્ધ છે કારણ વગર કાર્યસિદ્ધિ થઇ જશેજ કેમ?"

'પુરૂષાર્થવડેજ સર્વ કઇ સિદ્ધ થઈ શકે છે પુરૂષાર્થને કઈ પણ અસાધ્ય નથીજ માટેજ કહેવામા આવે છે કે (Try try and try) ઉદ્યમ કરો, ઉદ્યમ કરો, ઉદ્યમ કરો ઉદ્યમ કરના વડેજ અંતરાય તૂટશે'

'ઉદ્યમ કર્યા છતા તત્કાળ ફળપ્રાપ્તિ થવા ન પામે તો નિરૂત્સાહ થવુ નહિ ધીરજ ધરીને ફળ પ્રાપ્તિ થતા સુધી અડગ ઉત્સાહથી ઉદ્યમ કરી આગળ વધતા જવુ એટલે અંતે ફળ-પ્રાપ્તિ અવશ્ય થશેજ'

'ઉદ્યમ સાથે નસીબ યારી આપેછે, તો તત્કાળ પણ ફળ-પ્રાપ્તિ થઈ શકે છે સતત ઉદ્યમ કર્યા છતા ફળ ન મળે તોજ દૈવને દોષ દેવો તે પહેલા દૈવને કે કાળને દોષ દઈ નિરૂદ્યમી બની બેસવુ નહિ'

યદ્યપિ કાળ, સ્વભાવ, ભાવીભાવ (નિયતિ), પૂર્વ કર્મ

અને Cમ એ ચાર સમવાયી કારણ યોજ્યે કોઈ પણ કાર્ય સિદ્ધ થાય છે તોપણ તે સર્વમા Cમનેજ પ્રધાનપદ અપાય છે, કેમકે તેના વગર ઈતર કારણની ખાત્રી થઇ કંઇ કાર્યની સિદ્ધિ થતા પામે છે

'નિજ નિજ કર્તવ્યપરાયણ જનો સુખી થાય છે અને તેમા બેદરકાર રહેનાર અવશ્ય સીદાય છે, દુઃખી થાય છે તેથી મનુષ્યે સ્વસ્વકર્તવ્યનુ ભાન અવશ્ય રાખવુજ જોઇએ સદ્ગુના સાધુઓનો તેમજ દુર્જનોનો સમાવેશ થઇ જાય છે પોતપોતાના અધિકાર મુજબ સહુએ સ્વકર્તવ્ય-કર્મ કરવાના હોય છે તેની ઉપેક્ષા કરવાથી તેમને હાનિ સહેવી પડે છે અને નિજ નિજ કર્તવ્ય નિષ્ઠ રહેવાથી અને સકળ સુખસાધના સ્વાધીન વર્ત રહે છે'

'કોઇ પણ કાર્ય સાહસ-અતિ ઉતાવળથી કરવુ નહિ, વિવેકથી વિચારી કાર્ય કરનારને સહેજે સઘળા સુખ સંપદા આપી મળે છે ગંભીર અને મહત્વના કામ બહુ વિવેકથી અને ધૈર્યથી કરવા જોઈએ તેમા Haste is waste-જેટલી Cતાવળ તેટલી હાનિ, એ સાચુ છે'

બ્રહ્મચર્યમા આવતા વિઘ્ન.

ગમે તે પ્રકારના વિકાર (દોષ) વગરનુ અવિકારી નિર્દોષ જીવન વહેવુ તેનુ નામ બ્રહ્મચર્ય છે સ્પર્શનેન્દ્રિય રસનેન્દ્રિય પ્રમુખ ઇન્દ્રિયોના વિષયોને વશ થઇ જઇ તેમા આસક્તિ કરવાથી, કોધાદિક કષાયોને વશ થઇ અંધ બની જવાથી, મન, વચન અને કાયાને યોગ્ય નિયમમા નહિ રાખતા બેકાબૂ મૂકી દેવાથી અને મૈત્રીપ્રમુખ Cાર ભાવનાથી દૂર રહી, તુચ્છ સ્વાર્થવશ થઇ પરપીડાદિક અનીતિ-અન્યાય આચરવાથી મૂઢ જનો પવિત્ર બ્રહ્મચર્યથી બેનશીબ રહે છે જેઓ તુચ્છ વિષય સુખમા લલચાઇ પવિત્ર બ્રહ્મચર્યનુ પાલન કરતા નથી તે ભાઇબહેનો સાચા (ચારિત્રિક)

મુખના ગર્વને પણ પામી શકતા નથી અબ્રહ્મચર્યા-વ્યભિચારી જીવનથી તેઓ પોતેજ પોતાના ભવિષ્ય ઉપર સખ્ત ફટકા મારે છે અને પોતાની સંતતિનુ પણ સત્યાનાશ વાળે છે વિષયાસક્ત જનોની સંતતિ પણ નિર્બલ્યપ્રાય બને છે, જેથી તે તેમનુ પોતાનુજ ભલુ કરી શકતી નથી, તો પછી પરનુ ભલુ કરવાનુ તો કહેવુજ શુ ? ”

બ્રહ્મચર્યનુ બડ઼ બળ

પરંતુ જેઓ ઉક્ત સઘળા વિકારોને વશ નહિ થતા તેમને સંયમ વડે જીતી લે છે તેઓ પોતાનુ જીવન નમુનેદાર બનાવી શકે છે વિદ્યાર્થીજીવનમા તેઓ બહુ સારો વિદ્યાભ્યાસ કરી શકે છે અને તેને ઉત્તમ આચાર વિચાર વડે સાર્થક-સફળ કરી શકે છે ઉત્તમ પ્રજાના આચાર વિચાર વડે તેઓ ઉત્તમ આત્મ બળ-ચારિત્રબળ સંપાદન કરી શકે છે અને એવા ઉત્તમ આત્મ-બળ-ચારિત્રબળવડે ખરેખર સ્વપર હિત-શ્રેય સાધી શકાય છે આવી લક્ષ્મી તો તેની દાસીજ થઈ રહે છે, જ્યારે જ્ઞાનાદીક ખરી લક્ષ્મીજ તેને પરમ પ્રિયા હોય છે યદ્યપિ આવા આત્મમયમી સાધુ જનો યશકીર્તિની દરકાર બોડીજ કરે છે તોપણ સહુ કોઇ તેમના ગુણોત્કીર્તનકરના બલચાય છે અને તેમની કીર્તી જગતમા ગાજી ઉઠે છે બ્રહ્મચર્યનુ સેવન કરનારી સકલપશક્તિ એવી તો દૃઢ થવા પામે છે કે તેના નિશ્ચયબળને ડગાવના કોઇ સમર્થ થઈ શકતુ નથી અને એવા દૃઢ નિશ્ચય બળ ઉપર જ સઘળા કાર્યસિદ્ધિનો આધાર રહે છે, એવો જ્ઞાની પુરૂષોનો સ્વાનુભવ છે વાસ્તવિક રીતે જોતા અવ્યભિચારી-નિર્દોષ જીવન જીવનુ એજ શુદ્ધ બ્રહ્મચર્ય સમજવાનુ છે એવુ શુદ્ધ બ્રહ્મચર્ય જીવન જીવે તે પવિત્ર સ્ત્રી પુરૂષોની જ અભિલાષા છે તેમને અહુભાગ ધન્યવાદ ઘટે છે ‘અબ્રહ્મ સેવન યા વિષયાસક્તિ અથવા વ્યભિ-ચારી જીવન જ સકળ આપદાઓનુ મૂળ છે

અરે ! જ્યારે એક એક ઇન્દ્રિયના દોષથી પતંગિયા, ભમરા, માછલા, હાથીઓ અને હરણીયા દુર્દશાને પામે છે ત્યારે જે પાંચે ઇંદ્રિયોને વશ થઇ મોકળી મૂકી દે છે તે મૂઢ જનોની દુર્દશાનુ કહેવુ જ શુ ? ઇંદ્રિયોના વિષયો-શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ભોગવતા મધુર લાગે છે પણ પરિણામે તે અપાય કિંપાકના ફળની પેરે પ્રાણનાશક નીવડે છે, તેમજ ખરજ ખણવાની પેરે પ્રથમ મીઠા લાગે છે પણ અંતે દુખદાયક નીવડે છે વિષ તો આખુ હણે જ મારે છે ત્યારે વિષયભોગનુ તો સ્મરણ થતા જ સંતાપ થાય છે પાંખ છેદાયેના પંખીઓ જેમ નીચે પટકાઈ પડે છે તેમ સુશીલતા ગુણ વગરના જીવો ઘોર સંસારસાગરમા પટકાઇ મરે છે જેમ મુગ્ધ બાલ હાડકાને ખાતા જતા દુખી થાય છે તેમ મુગ્ધ જનો વિષયસુખનો સ્વાદ લેતા જતા પરિણામે અનેક આપદાને જ ભેગી કરે છે

અબ્રહ્મ-સેવાના માઠા ફળ

માન (મર્યાદા) વગર મૈથુનક્રીડા યા વિષયાસક્તિ વડે વંધ્યત્વ (સંતાન રહિતપણુ) પ્રાપ્ત થાય છે યા તો ભાવનગરની-નબાવી પ્રજા પેઠા થાય છે અત્યંત વિષયાસક્તિ યા વિષયાંધતાથી વૈધવ્ય-વિધવાપણુ અથવા નપુંસકો આવે છે એ ઉપરાંત વર્મ-કર્મમા પણ એથી ભારે અંતરાય નડે છે એ આદિ અનેક આપ દાયી બ્રહ્મચર્યનો ઉત્તમ માર્ગ એ છે કે આપણે આપણી વિષય-ઇંદ્રિયોને નિયમમા રાખી બ્રહ્મચર્યના પ્રાણભૂત નિજ વીર્ય-શક્તિનુ ગાઢી રીતે સંરક્ષણ કરવુ એથીજ સર્વ ઇષ્ટ કાર્યની સિદ્ધિ થઇ શકે તેમ છે, એ કદાપિ વિસરી જવુ જોઇએ નહિ

શુદ્ધ બ્રહ્મચર્ય પાલન યોગ્ય પ્રતિબંધક નિયમો

૧-ભવિન-વિષયી વાતાવરણમા વસવુ નહિ ૨ કામોદ્દીપક કથા કહેવી કે સાભળવી નહિ ૩ કામોદ્દીપક વિષયાસન સેવવાં

નહિ ૪ વિષય-ઇન્દ્રિય પ્રમુખને નિરખી નિરખીને જોવા નહિ ૫ નજદીકમા સ્ત્રીપુરૂષ કામકથાદિક કરતા હોય ત્યા ઉભા રહેવુ, બેસવુ, સૂવુ કે નિવસવુ નહિ ૬ પ્રથમાવસ્થામા કરેલી વિષય ક્રીડાને યા કરવી નહિ ૭ સચિત્ત-રસમ્સ ભરેલા માદક પાન પાન કરવા નહિ ૮ સુકો-નીરસ આહાર પણ પ્રમાણમા લેવો નહિ ૯ શરીરશોભા વધારવા ઉ ભટ વેશ-શૃંગાર તેમ મર્દન અને ઉબટણા પ્રમુખ વિભૂષા કરવી નહિ

શુદ્ધ બ્રહ્મચર્યની રક્ષા અને અભિવૃદ્ધિ માટે વિધાયક નિયમો

૧ શુદ્ધ-નિર્મળ-અવિકારી વાતાવરણમા જ વસવુ ૨ શાન્ત વૈરાગ્ય રસ ઉપજે એવીજ ધર્મકથા કહેવી ૩ સાભળવી ૪ જેથી અનેક પ્રકારના વિષયવિકારો ઉપશમી જાય એવાજ આસન-પદ્માસન, વીરાસન પ્રમુખ યોગાસન અને મુદ્રાને વારંવાર કરવા લક્ષ રાખવુ ૫ ૬ ભ શાન્ત જિનમુદ્રાને યા સત સુસાધુમુદ્રાને નિરખી આત્મનિરીક્ષણ કરવુ-વિષય કષાયને શમાવી દેવા ૫ સતમ ગતિ કે સ ગુણી જ્ઞાની મહાત્માની જ ગોષ્ઠી કરવી ૬ કરેલી સુકૃત કરણીને અનુમોદવી અને અભિનવ સુકૃત કરણી કરવા ખત રાખવી ૭ સ્વાધ્યાય જેમથી જ્ઞાનામૃતનુ પાન કરવુ ૮ નકામી કુથ-લીમા વખત ગુમાવી નહિ દેતા ઉત્તમ ચરિત્રો સભારવા અથવા ગમે તે પ્રસગમાથી ગુણોપ મેળવી લેવા લક્ષ રાખવુ ૯ બુદ્ધિ બળ, વાગ્બળ અને હૃદયબળ (વિવેકશક્તિ) બીજે જોવા શુદ્ધ સાત્વિક ખોરાક (આનપાન) થી શરીરબળ વધારવા સ્વદોષોનો સ્વય કરી તેનો જેમ બને તેમ સદુપયોગ કરવો

નમુનેદાર પુત્રરત્ન કે પુત્રીરત્નને પેદા કરવા સ્ત્રી પુરૂષે અવશ્ય રાખવુ જોઇતુ લક્ષ

૧ પરિપક્વ વય થયા પછીજ, પુત્રાદિ રત્નની ઇચ્છાથીજ, પૂર્ણ તદુરસ્ત સ્થિતિમાજ યોગ થવો જોઇએ

૨ તુચ્છ વૈષયિક સુખની ઇચ્છાથી નહિ પણ વિશુદ્ધ ભાવનાથી નિર્દોષ પ્રજા ઉત્પન્ન થવી જોઇએ

૩ બાળક ગર્ભમાં આવ્યા પછી વિષયસેવન બંધ થવું જોઇએ અને ગર્ભની રક્ષા અને પુષ્ટિ યથાર્થ થાય તેવા અનુકૂળ ખાનપાન નહિ સેવવા જોઇએ

૪ બાળક સ્તનપાન કરતું રહે ત્યાં સુધી સ્ત્રી પુરૂષે અવશ્ય બ્રહ્મચર્ય પાળતા રહેવું જોઇએ

૫ બાલ્ય-કિશોરાવસ્થામાં ઉચિત સંસ્કારોથી બાળકો બચપણ પામે એની ચીવટ વડીલોએ રાખવી જોઇએ

૬ કામોદ્દીપક યા ઉત્તેજક અથવા વિષયજનક પદાર્થોનું સેવન બંધ થવું જોઇએ

૭ બ્રહ્મચર્યના પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો યોગ્ય વખતે બરાબર સમજાવા જોઇએ

આવા પવિત્ર નિયમોયુક્ત જીવન રહેતા સ્ત્રી પુરૂષોથી ઉત્પન્ન થતી પ્રજા જ સ્વપર કલ્યાણ કરી શકે

સ્વદેશ કે સમાજનો ઉદ્ધાર કરવા આવા પુનરત્પાદ સમર્થ થઈ શકે છે અને એવા પુનરત્પાદ પેદા કરવા માટે ઉપર જણાવ્યા મુજબ સ્ત્રી પુરૂષોએ પવિત્ર નિયમો અંગિકાર કરીને ઉત્તમ ઉદ્દેશથી નિયમિત રીતે નિજ વીર્યના સારભાગરૂપ બ્રહ્મચર્યનું પાલન કરવું જ જોઇએ ઉપર જણાવેલા પવિત્ર નિયમોનું ઉલ્લંઘન કરી વિષયસુખની વાસનાથી મૈથુનક્રીડા અમર્યાદિત રીતે કરવાથી આપણી જે અધોગતિ થવા પામી છે તેમાંથી જો આપણે મુક્ત થવું જ હોય તો સત્ય ગુણાધુ જનોએ દેશના અને સમાજના ભલા માટે સાચું કોઇ સ્વપર હિતચિન્તકોને બ્રહ્મચર્યના પાલનથી થતા સારા લાભો સારી રીતે સમજાવવી, તેમના મનમાં એવા તો ઠસાવવા જોઇએ કે ગમે તેવી લાલચો કે સંયોગોને વશ થઇ નહિ જતાં તેઓ બ્રહ્મચર્યના શુદ્ધ નિયમોને દૃઢપણે અનુસરી, નિજનિજ વીર્યનું સારું રક્ષણ કરી પરિણામે પવિત્ર પ્રજાને જ ઉત્પન્ન

કરી શકે અને છેવટે પ્રભુભક્તિપરાયણ થઈ સ્વસ્વહિત સુખે સાધી શકે ત્યારે તેમનાથી ઉત્પન્ન થયેલી પવિત્ર પ્રજા પોતાના અચળ વીર્ય પરાક્રમથી વિદ્યા-કળાના બળે નિજ કર્તવ્ય સમજી નિજ નિજ દેશ કે સમાજનો ઉદ્ધાર કરવા સમર્થ થઈ શકે અને પરિણામે અનેક ભવ્યાત્માઓનું પરમ હિત કરી શકે

જંબુકુમાર, સુદર્શન શ્રેષ્ઠી, સ્થૂલભદ્રમુનિ અને વિજય તે વિજયા મોહાણી જેવા જ્વલંત દૃષ્ટાંતો જાણી તેમને આદર્શ રૂપ લેખી સ્વજીવન અર્પિ કરવું જોઇએ એવા પુનરુચ્ચારની આપણને બહુ જરૂર છે 'Charity begins at home' Example is better than Precept એ ન્યાયે આપણે જાતેજ બને તેટલું બ્રહ્મચર્ય પાળવા પ્રયત્નશીલ થવું જોઇએ આગળ થઈ ગયેલા આદર્શ જીવનરૂપ અનેક ઉત્તમ સતા સતી ઓના પવિત્ર નામોનું આપણે પ્રભાતે સ્મરણ કરીએ છીએ તે તેમના જેવા પવિત્ર શીલવંત થવાના હેતુથી જ અને જો એવી ઉત્તમ ભાવનાથી આપણે તેમને યાદ કરી તેમના જેવા થવા તેમના અંકિત માર્ગે ચાલીએ તો એક વખત તેમના જેવા બની શકીએ, એ નિઃશંક વાત છે માટે હવે આપણે પ્રમાદાચરણ તજી પુરૂષાર્થી બનવું જોઇએ એજ આપણી આબાદીનો અકસીર ઉપાય છે તેને આદરવા સહુ સાહસ્ય બંધુઓ અને બહેનો આદરવંત થાઓ એજ મહાભિલાષા

શુદ્ધ બ્રહ્મચર્ય જીવનથી આપણી ભાવી પ્રજા ઉપર થતી અદ્ભુત અસર

કોઇપણ પ્રકારના દોષ યા વિકાર વગરનું સહજ સ્વાભાવિક અવિકારી-નિર્દોષ જીવન વહેવાને માટે બ્રહ્મચર્ય પાલન કરવાની ખાસ જરૂર છે કોઇ પણ રીતે નિજ વીર્ય-શક્તિ સુરક્ષિત

અને બહુ સારી ભોજનભાજ રાખ ઉછરવા જોઇએ પછી જ્યારે તેમને વિદ્યાભ્યાસમા જોડવા જેવુ વય પ્રાપ્ત થાય ત્યારે સારા સુશીલ અને અનુભવી શિક્ષકની દેખરેખ નીચે બીજા નિર્દોષ અને ભણેલા વિદ્યાર્થીઓની જોડમા કોઈ એક એવા સારા વિદ્યાલયમા મૂકવા જોઇએ, કે જ્યા તેમને ગમ્મત સાથે અસ્ખલિત જ્ઞાન મળતુ રહે એ રીતે ઉત્તરોત્તર તેમને જ્ઞાનવૃદ્ધિ થયા કરે એવો ઘટિત પ્રબંધ કરી દેવો જોઇએ તેમને વિદ્યાભ્યાસ કરતા કદાપિ કંટાળો ન આવે પણ તેઓ સુખચેનથી વિદ્યાભ્યાસ કર્યા કરે એવા પ્રકારની તેમને તન મનની કસરત જોડે જોડે મળતી રહેવી જોઇએ તેમનુ વય પરિપક્વ થાય ત્યા સુધીમા તેમનો વિદ્યાભ્યાસ લગભગ પૂરો થઇ જવો જોઇએ, એટલુજ નહિ પણ તેમા તેમને ખરેખર લહેજત પડે એવા યોગ્ય ક્રમવાર તેમનો વિદ્યાભ્યાસ ગોઠવવો જોઇએ સાથે સાથે નીતિના તેમજ ધર્મના મૂળ તત્વો પણ તેમને સમજાવવા જોઇએ, જેથી તેમનુ જીવન તેમને પોતાને તેમજ અન્ય જનોને પણ એક આશીર્વાદ રૂપ થઈ શકે જ્યા સુધી તેમનો વિદ્યાભ્યાસ ચાલુ રહે ત્યા સુધી તેમણે શુદ્ધ બ્રહ્મચર્ય પાળવુજ જોઇએ આજ કાળ પણ ઇંગ્લાંડ સુપ્રસિદ્ધ ગુરૂકુળોમા એજ નિયમને અનુસરી પુરૂષે ૨૫ વર્ષનુ વય થતા સુધી અને પુરૂષે ૧૬ વર્ષનુ વય થતા સુધી શુદ્ધ બ્રહ્મચર્ય પળાવવામા આવે છે તેથી તેઓ બહુ બળિષ્ઠ, વીર્યવાન, તેજસ્વી, કાંતિમાન પ્રતાપી, હિંમતવાન, ઉત્સાહી અને પરહુ ભક્તજન બને છે એવા સુશિક્ષિત બ્રહ્મચારી યુવકો જ ખરેખર દેશને આશીર્વાદ રૂપ નીવડે છે

બ્રહ્મચર્ય

प्राणभूत चरित्रस्य, परब्रह्मैककारणम् ।
समाचरन् ब्रह्मचर्यं, पूजितैरपि पूज्यते ॥ १ ॥

चिरायुष सुसस्थाना, दृढसहनना नरा. ।
तेजस्विनो महावीर्या, भवेयुर्ब्रह्मचर्यत ॥ २ ॥

—योगशास्त्रे

ભાવાર્થ—ચારિત્રના પ્રાણભૂત-અગત્ય અને પરમાત્મપદ-પ્રાપ્તિના અમોઘ કારણરૂપ બ્રહ્મચર્યને પાળનાર, પૂજિતને પણ પૂજ્ય છે બ્રહ્મચર્યના પ્રભાવથી (પુન્યશાળી) પુરુષો દીર્ઘાયુષી, સુદર આકારના, ૬ શરીરબાંધાવાળા, તેજસ્વી (ઓજસ્વી) અને મહા પુરુષાર્થવત નીવડે છે વળી કહ્યું છે કે—

મન દૃઢે જગ જશ વધે, દૃઢ કરે રે સાનિધ્ય,
બ્રહ્મચર્ય વ્રત જે નરા, તે પામ નવ નિધ ૧

જોઈ સુદર્શનને ટળી, શૂલી સિહાસન હોય,
ગુણ ગાય ગગનેરે દેવતા, અહિના શીલનો જે જોય ૨

મૂળ ચારિત્રનુ એ ભનુ, અમકિ વૃદ્ધિ નિદાન,
શીલ સલીલ પરે જિકે તસ હોય સુજસ વખાણ-
પાપસ્થાનક ચોથુ વરજીએ ૩

—શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયકૃત સ્વાધ્યાયે—

" શરીરના પાયારૂપ સાત ધાતુઓ પૈકી છેલ્લના અને અમૂલ્ય પદાર્થ ભોગવતા શુક્ર (વીર્ય)નુ સરક્ષણ કરવુ તે બ્રહ્મચર્ય કહેવાય છે '

આ લક્ષણ સ્થૂલ દૃષ્ટિથી બાદનામા આવ્યુ છે, પરતુ ઝાંગી કીથી વિચાર કરતા બ્રહ્મચર્યનુ લક્ષણ "વિષયાભિલાષથી નિવૃત્ત થવુ" તે છે, તેને લીધેજ વીર્યનુ સરક્ષણ થઇ શકે છે, એટલે કે-જેટલે જેટલે અશે વિષયવાસના નાબુદ થાય છે તેટલે તેટલે અશે વીર્યસરક્ષણ થઇ શકે છે, તેથી વીર્યસરક્ષણને પણ બ્રહ્મચર્ય કહેવામા આવે તો તે યુક્ત જ છે

પ્રારભકાળ

લોકદૃષ્ટિએ બ્રહ્મચર્યની શરૂઆત, જ્યારે બાળક લગભગ સાત વર્ષે ભણવાને યોગ્ય થાય છે, ત્યારે થાય છે, પરતુ વિચાર કરતાં જણાય છે કે-ખરેખરી શરૂઆત તો બાળક જ્યારે માતાના ગર્ભમા હોય છે ત્યારથીજ થાય છે આ વાત નીચેના ઉદાહરણ પરથી સ્પષ્ટ સમજાશે —

આજ સવારે નાવેનો અનાજનો નવો નવુ દિવસે કણગાના રૂપમા દેખાય તે પહેલા-એટલે વચલા સમયમા ઊગવાની ક્રિયા ચાલુ હતી એમ કોઇ વિચારશીલ નહિ માને પરતુ દરેક સમયે ઊગવાની ક્રિયા ચાલુ હતા જ્યા સુધી અકુરારૂપે અનુભવાતી નથી ત્યા સુધી તે ક્રિયાને અદૃશ્ય કહેવામા આવે છે આગળની ઉપરના નવ ઉપાયા પછી પાચ સાત દિવસે અમુક પ્રમાણમા વધેલા જણાય છે, તે પહેલા પણ તેઓની વૃદ્ધિ અદૃશ્ય રૂપે ચાલુ જ હતી જન્મેલ બાળકનુ નાનકડુ શરીર તરૂણાવસ્થા ને વિશાલ આકારમા પરિણત થયુ તે પહેલા પણ દરેક સમયે થોડુ થોડુ વધ્યુજ હતુ તાત્પર્ય એ છે કે-વસ્તુ એની બીજ રૂપે કે કારણરૂપે અદૃશ્યપણે શરૂઆત કયારનીએ થએલી હોય છે, તોપણ તેનુ દૃશ્ય રૂપ અમુક વખતે અમુક પ્ર-

આત્મા જ થાય છે તેની રીતે સ્ત્રી કે પુરૂષ શુક્રનું સરક્ષણ કરતા હોય, દુરૂપયોગ ન કરતા હોય, તે વખતે બ્રહ્મચર્યવાન કહેવાય છે, પરંતુ તેઓમા બ્રહ્મચર્યના મૂળભૂત સંસ્કારો ગર્ભ-અવસ્થામાં જ દાખલ થયેલા હોય છે નેપોલિયન ગર્ભમા હતો તે વખતે તેની માતાએ યુદ્ધના વીરત્વજનક ચિત્રો જોયા હતા, તેથી નેપોલિયન લશ્કરી થયાની વાત સુપ્રસિદ્ધ છે ભેડ, તોપ, બદૂક કે બીજા કોઈપણ ભયાનક અવાજને સાભળી ભયથી થર-થર કંપતાની ગર્ભિણી સ્ત્રીઓના બચ્ચા સાહસિક, વીરમૂર્તિ કે નિડર થયાની વાત કોણે સાભળી છે? અનિષ્ટ પ્રસંગ આવવાથી કે અજ્ઞાનતાને લીધે કોઈ સામાન્ય પ્રસંગોમા પણ વારવાર રૂદન કરતી-અશ્રુમુખી ગર્ભિણીનુ બાળક ઉદાસી ચહેરાનુ અને બીકણ સ્વભાવનુ ન થવાનુ દૃષ્ટાન્ત મળી શકશે ખરૂ? નિર્મર્યાદ હાસી-કુહકા કરી અવગતિ કરનારી ગર્ભિણી સ્ત્રીઓની સતતિ પણ મશ્કરીબાજ અને ગોળબાજજ થાય છે હેયોપાદેયનુ[1] જ્ઞાન કરી જાતી વિવેકનબીવી શાત ભાવનામા મગ્નરહેનારી ગર્ભિણી સ્ત્રીનુ બાળક માતા કરતા વિપરીત પ્રકૃતિનુ ભાગ્યેજ જોવામા આવશે મુશ્કેલ, અમાળી કે કોઈ પણ માસભરી પ્રસૂતના બાળકમા તે દરેક પીંડની અવસ્થામા હોય છે ત્યારથી જ અભક્ષ્ય ખાવાના અને તેના ઉપર ઘૃણા ન કરવાના ઘણા સંસ્કારો અવશ્યપણે દાખલ થયેલા હોય છે, તેથીજ જ્યારે તે અનાજ કે બીજી વસ્તુઓ ખાવાની સ્થિતિમા આવે છે ત્યારે તેને રૂચિપૂર્વક ખાસ કે મધ જેવામાં કશો પણ સકોચ થતો નથી માનવ જાતિમાજ આવા દૃષ્ટાન્તો મળે છે એમ નથી, પરંતુ પશુ પક્ષી વગેરે તમામ પ્રાણીઓમા આનુવંશિક (પરંપરાગત) સંસ્કારનો ક્રમ જનધોધની પેઠે ચાલુ જ છે જો સ્ત્રી ગર્ભાધાન પછી વિષયવાસનાની પ્રદીપ્ત જ્વાળામા પોતાની

---

૧ ત્યાજ્યાત્યાજ્ય-કૃત્યાકૃત્ય-હિતાહિત-ગુણદોષનુ

આહુતિ નથી આપતી, ગૃહારની સજાવટમા પોતાના કર્તવ્યની પરિસમાપ્તિ નથી જોતી, પોતાના પતિ ગાયના વ્યવહારમા પણ આસક્તિથી ન પ્રવર્તતા જરૂર જેટલાજ વાતચિત વા વ્યવહારોથી નિર્વાહ કરે છે, દુનિચાનના વાવાઝોડામા આપાતી નથી, સખીઓ કે બીજી સ્ત્રીઓ ગાયે ન હાને તેના વાર્તાલાપ કે હલકા પ્રકારના ગીતોમા ભાગ લેતી નથી કૃકામા પોતાનુ મન કાયમ રાખી ધૈર્યથી ઇંદ્રિયોને કબજામા રાખે છે અને એવા પણ કુસંસ્કાર ઉત્પન્ન ન થવા પામે તેની મનોમન કાળજી રાખે છે, તેની સાથે સુંદર-સુઘડ આભૂષણો, ઓજસ્વી, પુરૂષાર્થવાળી, મન ઉપર અસર કરનારી, આધ્યાત્મિક બળનો વિકાસ કરવામા કારણભૂત બલિષ્ઠ શરીર અને મનોબળ પ્રસરાવતી તથા બ્રહ્મચર્યના સંસ્કારવાળી ઉપજ થાય છે. તેવીજ બ્રહ્મચર્યના સંસ્કારોનો પ્રારંભ શરીરની ઉત્પત્તિ સાથે થાય છે, એમ જે ઉપર આગળનામા-પહેલામા આવેલુ , તે વિચાર કરી જોતા યુક્તજ લાગે

શરીરબળ અને વિચારબળની અતિ આવશ્યકતા

જગતમા રહેનારા અનંત પ્રાણીઓના સમુદાયોમા જેમ પ્રાણી બીજા પ્રાણી કરતા જે કંઇપણનુ લાભાગ્ય ભોગવતુ હોય છે તેનુ કારણ માત્ર શરીરબળની કે મનોબળની અધિકતા જ છે હુન્નરો, લાખો કે કરોડો નિર્બળ શરીરના કે નિર્બળ મનના મનુષ્યો કરતાં સબળ તાબેદારી ભોગવે છે ત્યાંથી માંડીને પણ શરીર અને મનોબળમા શ્રેષ્ઠતા ભોગવનારા મનુષ્યો તેમના ઉપર હુકમત ચલાવે છે બળવાન અને બુદ્ધિમાન થવુ એજ જીવનનુ લક્ષ્ય છે શરીર અને મનોબળમા પાછળ પડી ગયેલી

પ્રજા શું સભ્ય ગણાશે ? આ વ્યવહારદૃષ્ટિથી આગળ વધી જોઇએ તો જણાશે કે શરીર અને મનોબળની સર્વોત્તમ શ્રેષ્ઠતા વિના પરમ પુરુષાર્થ (મોક્ષ) સંભવતો જ નથી, એ શ્રી મહાવીર પ્રભુના ઉપદેશ અને યુક્તિથી સિદ્ધ થાય છે વજ્રઋષભનારાચ સંઘયણવાળા જીવો મોક્ષને યોગ્ય છે અને જે વર્ષોમાં વર્ષ શુદ્ધ વિચારવાન્ હોવાથી જ્ઞાનાવરણીયાદિ- કર્મોનો નાશ કરે છે તેજ મોક્ષ મેળવે છે આ સિદ્ધાંતો પણ શરીર અને મનોબળ વધારવાની જ આવશ્યકતા સૂચવે છે

મનોબળ અને ચારિત્રબળમાં શરીરબળની આવશ્યકતા

શરીર નિર્બળ હોય, જાતી કસોટીમાં હોય અને મસ્તકમાં પીડા થયા કરતી હોય તો શુદ્ધ વિચારો કે મનઃશક્તિથી લેવાતા બીજા કામો નિયમિત અને સારી રીતે પાર પડતા નથી બુદ્ધિશાળી વિદ્યાર્થી, વકીલ, ડૉક્ટર કે બીજો કોઇ વિચારથી કામ કરનાર જો શરીર નિર્બળ હોય તો તે પુષ્ટ શરીરના તેના બીજા હરીફો કરતા ઘણી વખતે પાછળ રહી જાય છે ઘણું વાંચવામાં, મનન કરવામાં, લખવામાં, ચર્ચા કરવામાં, રોગનું નિદાન કરવામાં, ઔષધના પ્રયોગ કરવામાં, તકરારનું બરાબર ગોવી કાઢવામાં, યોગ્ય શિક્ષા કરવામાં અને ન્યાયસર કે સચોટ ઘડી કાઢવામાં ફક્ત મનોબળથી કામ નહીં ચાલે, પરંતુ સાથે શરીરબળની પણ ભારે જરૂર પડશે કેટલાક વિદ્યાર્થીઓને પોતાનો વિષય સારી રીતે પક્કો હોવા છતા ફક્ત ભાંગીને લીધે પરીક્ષામાં ન બેસતા શું કોઇએ નથી જોયા ?

શરીરબળની જેટલી જરૂર વિચારબળમાં છે તેટલી જ અરે તે કરતા પણ વધારે જરૂર શુદ્ધ-આચાર
વિશ્વાસ રા[illegible] ઇન્દ્રિયનિગ્રહ (

કરવામા છે નિર્બળ શરીરના મનુષ્યે કોઈ પણ બાબતનો દૃઢ નિશ્ચય કર્યો હોય તો તે શુ કરી શકશે ? અથવા તો તે શુ સારો નોતે પાર પાડી શકશે ? ચારિત્રબળ પ્રાપ્ત કરવામા પણ શરીરબળની ભારે આવશ્યકતા રહેલી પડે છે

શીત પ્રદેશમા ઉત્તર ધ્રુવની યાત્રા કરવાના કે બીજા કોઈ મહત્વના કામ કરવાના અવસરે નિશ્ચયને નિર્બળ મનુષ્ય કયા સુધી વળગી રહી શકશે ? તાકાત વિનાના માણસમા અડગ નિશ્ચયને વળગી રહી શકતા નથી અને મન ઉપર પણ અંકુશ જાળવી શકતા નથી જ્યારે નિર્બળતાની મનની ચંચળતા (અસ્થિરતા) વધે છે ત્યારે બીજી ઇન્દ્રિયોની ચંચળતા પણ તે પણ સ્વાભાવિક છે ચંચળ મનવાળા આદમી અને અનુપાતના કારણભૂત જુદી જુદી ઇન્દ્રિયોના વિષયોથી બચવાને ઇચ્છતો હોય તો પણ કદાપિ બચી નહી શકે જેઓ ઇંદ્રિયોને અઘટિત વિષયોથી રોકી શકયા છે તેઓમા કોઈ પણ ચંચળ મનવાળો માણસ્યો કે જોયો છે ? મનની પૂરેપૂરી સ્થિરતાને લીધે જ માણસજાત નિયમિત રહી શકે છે તેમજ રોગો અને કુમળકારોના દુષ્પરિણામોથી બચી શકે છે જેઓ ઇન્દ્રિયસંયમના કિલ્લાનો આશ્રય નથી લેતા એટલે જેઓ ભારે ચીવટથી ઇન્દ્રિયનિગ્રહ નથી કરતા તેઓ ભલે એક વાર બુદ્ધિમાન કે બુદ્ધિમાન હોય તો પણ તેઓનો અધઃપાત સહુસાજ શરૂ થાય છે ગંભીર તરેહ તરેહના રોગોનુ ભોગસ્થાન બનતુ જાય છે, બુદ્ધિના બીજો ચડતા જાય છે અને છેવટે સમ ખગાડિ નષ્ટ થયે થોડી પણ યોગ્ય વાસ્તવિક વિચાર કરવાની શક્તિ રહેતી નથી આ ઉપરથી સિદ્ધ થાય છે કે મનોબળ અને ચારિત્રબળ શરીરની દૃઢતા ઉપર અવલંબી રહ્યા છે વિશ્વવ્યવસ્થાના ઊંડા અભ્યાસી વિદ્વાનોની પણ એજ ભાર મૂકવાની પદ્ધતિઓ નજરે તરી આવે છે—"શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' 'બ્રહ્મચર્યપ્રતિષ્ઠાયા

થોયલામ ' + આ પ્રમાણે ઉન્નતિને શિખરે પહોંચાડનારી શક્તિ-ઓનું મૂળ કારણ શરીરબળ સિદ્ધ થાય છે અને શરીરબળ વીર્યસંરક્ષણને આભારી છે, માટેજ બ્રહ્મચર્યની અત્યાવશ્યકતા છે

બ્રહ્મચર્યના નાશના કારણો.

કોઈ પણ વસ્તુના યથાવત્ સંરક્ષણનો ઉપાય એ છે કે — તેના નાશક માર્ગો કયા કયા છે તે તપાસી તેઓને રોકવાની પૂરેપૂરી તજવીજ કરવી ઉપર કહેવાઈ ગયું છે કે શરીરના પાયા રૂપ સાત ધાતુઓમાં અમૂલ્ય ભોગવનાર શુક્ર (વીર્ય) ધાતુ છે જો તે નિર્વિકાર અને યોગ્ય પ્રમાણમાં હોય તો બીજી ધાતુઓ ઉપર વળી ભારી અસર કરે છે જો તે મુખ્ય ધાતુમાં વિકાર કે ઓછાશ હોય તો બીજી ધાતુઓ પણ વિકૃત થઈ શરીરનો શીઘ્ર અંત આણે છે મુખ્ય ધાતુના સંરક્ષણ માટે તેના નાશક માર્ગો કયા કયા છે તેનો વિચાર કરીએ, કેમકે તેઓનું યથાવત્ જ્ઞાન થવાથી આપણામાં પ્રવેશ પામવા અને પ્રવેશ કરતા તે દુષ્ટ ચોરી સર્પોને આપણે દૂર કરી શકીએ અને ભવિષ્યમાં તેઓ પેસવા ન પામે તેને માટે પણ પ્રયત્ન કરી શકીએ જેમ બ્રહ્મચર્યની શરૂઆત ગર્ભ-માંથી થાય છે તેમ તેના નાશ માટેના સંસ્કારો પણ ત્યાંથીજ શરૂ થાય છે માતાપિતા વખતે વિષયવાસનાના ભોગ થઈ પડયા હોય, ઉચિત માર્ગને ઓળંગી *પાશવદીઠાના દાસ થયા હોય, દીપક અને મનને ડામાડોળ કરનારા વિષયો જોવામાં, ચાખવામાં, સુંઘવામાં કે સાંભળવામાં અત્યંત રસ્યા હોય,તો તેઓની સંતતિ શુદ્ધ સંસ્કાર-વાળી કદાપિ નહીંજ થવાની પ્રથમ તો સંતતિ નિર્બળજ થાય છે અને તેથી તે દીર્ઘાયુ થવા પામતી નથી કદાચિત્ ચિરકાળ જીવે તો પણ તેને વૈદ્યોનું અને દવાઓનું દર્શન વારંવાર કરવું જ પડે

+ A Sound body has a sound mind મજબુત-તંદુરસ્ત શરીરવાળાને મજબુત મન હોય છે, હોઈ શકે છે

* પ્રબળ વિષયવાસનાને વશ થઈ થયા હોય

કરવાના કે હિતેપિપ્રાના પડદામા સતાઈ પોતાના કે સ્નેહીઓના બાળકોને અયોગ્ય ઉમરે પરણવા જોતા ઈચ્છે છે, અને તેથીજ તેઓ પુત્ર કે પુત્રીને નાની ઉમરમા ન પરણાવી શકે તો પોતાની અપકીર્તિ લેખે છે શિક્ષાના અભાવને લીધે મનુષ્યસમુદાયના મોટા વર્ગમા આ સરનો હજુ સુધી એવા તો જડમૂળ ઘાલીને પડેલા છે કે તેની તપાસ કરવા તમારે દૂર જવુ નહિ પડે માત્ર બે સ્ત્રીઓ ભેગી થાય ત્યાજ ઉભા રહો અને પરીક્ષા કરી લો જ્યારે એક સ્ત્રી બીજીના પાચ સાત વર્ષના દિકરાની સગાઈની અને વિવાહની વાત પૂછતા ત્યારે બીજી પોતાના મુખદુખની કથા કહ્યા ઉપરાત નિશ્વાસ મારે પૂછનાર સ્ત્રીના માત્ર ચાર પાચ વર્ષના બાળકના સગપણ ન થવા માટે બે પ્રાર્થિત કરશે એથી પણ તપાસને માટે ટ્રેનિ નગેમા બેસો અને ત્યા બેઠેલી સ્ત્રીઓની વાતચિત સાભળવામા ધ્યાન આપો તો જણાશે કે વધુમા વધુ સ્ત્રી પોતાની ૧૬ કે ૧૮ વર્ષની પુત્રીને સતતિ ન થવાથી નિશ્વાસ નાખતી હશે, અને બીજી કોઈ સ્ત્રી ૨૦ કે ૨૨ વર્ષના પોતાના પુત્રને ક્ષયાદિ ભયકર વ્યાધિમા સપડાવાની વાત કહેવાની સાથે અશ્રુઓનવે મુખ વાતી માલુમ પડશે આવી બધી દુર્દશાઓના બીજો સામાન્ય માણસ ન જાણી શકે તેવી રીતે નિરતર જોવાતાજ જાય છે એટલે કે માતપિતાઓની પોતાનીજ દુર્વાસનાઓ, કુવાસનાઓ અને અત્યત આસક્તિઓના પ્રતિબિમ્બો કોમળ બાળકોના હૃદયદર્પણમા પડે છે તે પ્રતિબિમ્બો નષ્ટ જતા તથાવિધ નિમિત્ત પામી અનિષ્ટ પરિણામો ઉત્પન્ન કરે છે માતાની, પિતાની કે બન્નેની કુવાસનાઓ વારસારૂપે બાળકમા ઉતરી આવે છે, તે બ્રહ્મચર્યનો નાશક માર્ગ છે જો કે અહી બીજા પણ નાશક માર્ગોની કમી નથી પરતુ મુખ્યત્વે કરીને કુવાસનાઓ છે આ કુવાસનાના ભોગ ઘણાક સ્ત્રી પુરૂષો થઇ પડયા છે એવામા એકાદ પચીશ વર્ષની ઉમ્મર સુધી

પુત્રોએ અને ૧૬ વર્ષની ઉંમર સુધી પુત્રીઓએ બ્રહ્મચર્યનાશક એક પણ માર્ગ મન, વચન કે કાયાથી નજ સેવવો જોઇએ આ બાબત ઉપર એક વિદ્વાન તો એવે સુધી જણાવે છે કે—શરીરનું પૂરેપૂરું બંધારણ ૨૫ વર્ષની ઉમરે થાય છે માટે ૨૫ વર્ષની ઉંમર સુધી અખંડ બ્રહ્મચર્ય પાળવું જ જોઈએ અને તે પહેલા એટલે શરીર બંધારણકાળમાં વીર્યનો નાશ કરવો, એ મહા પાતક અને અધઃપતનનું મુખ્ય સાધન છે માટે દરેક માણસે પોતાના પુત્રપુત્રીઓને તે બાબત શરમનો ખોટો ડોળ છોડી દઈને હુમેશના શિક્ષણમાં આપવી અને જેમ બને તેમ તેવા વખત સુધીમાં કોઇ પણ પ્રકારે તેઓ બ્રહ્મચર્યનો ભંગ ન કરે તેવી રીતે સાવચેત રહેવું પરંતુ તેને બદલે આપણા દેશમાં કે આપણી કોમમાં બાળલગ્નને લીધે નાની ઉંમરથી જ બ્રહ્મચર્યનો સર્વથા લોપ થએલો હોય છે સગર્ભાવાની અવસ્થામાં વ્યય નહિ પરંતુ મહાવ્યય કે અતિબ્રહ્મ કરવાથી વીર્યહીન બની તરેહ તરેહના રોગોમાં સપડાયેલા સ્ત્રીપુરૂષોની સંખ્યા કાં નાનીસુની નથી કેવાક ક્ષયના બગમાં, તો કેવાક ત્રિદોષ જન્ય તાસકમાં અને કેવાક નાના મોટા બીજા પણ રોગોમાં સપડાયેલા જોવામાં આવે છે ડૉક્ટરો અને વૈદ્યોની સંખ્યા દિવસે દિવસે જેમ વધતીજ જાય છે તેમ તેઓની પાસે આવનાર રોગીઓનું પરિમાણ પણ કાં નાનુસુનું નથી હોવે તો નાના ગામડાંઓમાં પણ દવાઓના વેચનારા અને વાઓના પારસીઓ વધ્યા છે પ્રાચીન કાળમાં માણસો બિમાર પડતા નહોતા કે દવાઓની જરૂર પડતી ન હતી, તેમ કહેવાનું નથી, પરંતુ અકાળે વ્યાધિ મહારોગોના ભોગ થઈ પડનારા આટલા પ્રમાણમાં ન હતા. શરીર એક યંત્ર છે અને તેનો મુખ્ય આધાર શુક્રચક્ર ઉપર છે તેની પરિપક્વતા ન થઈ હોય તે પહેલા જ બાળકોને પરણાવી તેમના નાજુક શરીરો ઉપર બોજો નાંખવામાં આવે તો પછી તેની

ભાવી પ્રજા નિર્બળ રહે, બિમાર રહે કે નાહિંમત રહે કે ટુંક આયુષ્ય ઇત્યાદિ કુ કુ મારા બંધવીજ છે તે સઘળુ સ્વાભાવિકજ છે

બ્રહ્મચર્યના નિયમો નહિ પાળવાથીજ થયેલુ અનિષ્ટ પરિણામ.

દુઃખને કંપાવનારૂ બાળ વિવાહોનુ મોટુ પરિણામ અ યોગ્ય રીતે બ્રહ્મચર્યનો ભંગ કરવામા આવે છે, તેનુજ ૭ બાંધાવસ્થામા લગ્ન કરવાથી પુરૂષ નીજશક્તિવાળો થઇને વહેલો મરણશરણ થાય છે અને બાલીકા નવ વર્ષની ઉમ્મર થયા છતા વૃદ્ધ વયમા વિષયવાસનાથી દુષ્ટ લગ્ન કરી શરીર ટકાવવા માટે બ્રહ્મચર્ય પાળવાને બદલ બ્રહ્મચર્યનો ભંગ કરી વહેલા મરણપથારીએ પડે છે એવે તેને પૂરૂ બોલતા પણ નથી આવડતુ અને તે હુમણાજ થોડા વખત પ હેલા પોતાની સમાન વયની બાલિકાઓ સાથે રમતી હતી તે તેની સ્ત્રી વિધવા થઇને બેસે છે કેવાક વયવિદો તો વખતે સ તતિ છતા પણ પેગડીપગ વિવાહ કરવા મંડે છે, એટલે તેની બેમાદ સ્ત્રી તો વિધવા રહીજ જાય છે બે તે બાળ વિધવા પાસે ધન હોય અને બીજીના પુત્રાદિક હોય તો ધનને માટે સ બ્યાબંધ લટતો ફોર્ટમા ધાનની આપણે જોઇએ છીએ તેમજ વ્યવસ્થા કરવાની શક્તિની ખામીને લીધે કેવીક અજાન વિધવાઓના હાયવી પેમાનો દુરૂપયોગ થતો જોવામા આવે છે ઉદ્યોગ ઓછો, સ્ત્રી જાતિ, શિક્ષણનો અભાવ, કુસંસ્કારવાળા સંસર્ગમા રહેવુ અને મનની સ્વાભાવિક ચંચળતા, આ બધા કારણોને લીધે કેવીક કુલીન વિધવાઓ પણ અનર્થના માર્ગે ભળી દોરવાઇ જાય છે બે મનનુ ધન ન હોય તથા ધૈર્યસ્વરૂપ મુખી ન હોય તો તે વિધવાઓને પેટ ભરવા માટે બહુજ વેઠવુ પડે છે અને બે પિતપક્ષ પણ સાધારણ સ્થિતિનો હોય તો વળી તે બિચારી વિધવાના દુઃખનો પારજ રહેતો નથી અને પરી ૫-

રિણામ શુ આવે છે, તેનાથી કોઇ પણ વાચક ભાગ્યેજ અજ્ઞાત હશે સામાન્ય સ્થિતિના લોકોમા તો બાલ્ય કન્યા ગણાતી નથી, પરંતુ વિષય-વાસનાના કિંકર વૃદ્ધ વરિષ્ઠ લગ્ન કરી, જોય આયુષ્યને પણ વિષયવાસનાની પ્રજ્વલિત જ્વાળામા હોમી દે છે આ પ્રમાણે વિવાહોની મોટી સંખ્યાનુ મુખ્ય કારણ નાની ઉંમરની કન્યાનુ (બાળિકાનું) બાળ પતિ સાથે કે વૃદ્ધ પતિ સાથે લગ્ન કરવુ તેજ છે તેઓ બને તે બન્નેમા મિથ્યૂલ વિવાહ વાચક હોતા નથી બાળ વિવાહ કરાય તો બ્રહ્મચર્યના મહા નિયમનો ભંગ થાય છે અને બ્રહ્મચર્યના ભંગથી શરીર પણ કેવી રીતે ટકી શકે ? આવી રીતે કાચી વાગ બાળલગ્નને લઇને રોગનો ભોગ થઈ પડવાથી મનુષ્યો મૃત્યુને શરણ થાય ? ત્યારે સામાન્ય સ્થિતિના નિર્ધન (ગરીબ) પુરુષો ધંધો રોજગાર કરવો, ઘર વ્યવસ્થા જાતેજ કરવી, મરનાર સ્ત્રીના બચ્ચાઓ હોય તો તેઓની સંભાળ રાખવી આ બધેથી કંટાળી જાય છે વળી જો તેઓ સમજુ ન હોય તો સમાજમા ઓર વ્યભિચાર વધવા પામે છે બાળલગ્ન અને વૃદ્ધ સાથેના લગ્નના કરતા ઉપર ચકચી પોતાને, કુટુંબને, રાજ્યને કે દેશને બહુ ત્રાસ પડે છે અને તેની બહુજ માઠી અસર થાય છે અરે સામાન્ય વર્ગમા પણ એવી ગેરસમજનુ ભૂત ભરાઇ બેઠુ છે કે-બાર કે ચૌદ વર્ષના પોતાના છોકરાનુ લગ્ન ન થાય તો પોતાની ઇજ્જત ઓછી થાય છે, તથા ચાલીશ પીસ્તાલીશ વર્ષની ઉમ્મરે એક સ્ત્રીના મરણ પછી જો બીજી સ્ત્રી તરત ન મળે તો હીનતા ગણાય છે આવી રીતે બેસમજને લીધે કુટુમ્બીઓ તુર્ત વિવાહની તજવીજ કરે છે-પરણાવે છે તેવામા પોતાની સામેના અયોગ્ય વર્તનથી કોપ પામેલ શરીરનો ગર્વ-ગીર્વ, તેને શિક્ષા આપવા માટે જ જાણે જીવતો હોય તેમ, રોગરૂપ ગાસન-ચક્ર સાથે યમરાજને હુમલો કરવાનુ ફરમાવે છે

બાળવ નને લીવે બાળકો શિક્ષણ લઇ શક્તા નથી, તેઓનુ મન ચચળ અને ચિંતાગ્રસ્ત રહેવાથી અભ્યાસમા લાગી શકતુ નથી, શરીરે નિર્બળ થવાથી પૂરેપૂરો શ્રમ પણ કરી શકતા નથી, છેવટે અભ્યાસ છોડવો પડે છે અને કાન્ય કોઈ માફસરી વળગી રહે તો પાર પડી શકતો નથી પરિણામે સમાજમા શિક્ષિત વર્ગ બહુજ અલ્પ અને તે પણ શરીરે નિર્બળ અને હુતો સાહુ થતો જાય છે તે વર્ગ જાતિ ભાઓના દુખ દાળવા કે દેશનુ ભલુ કરવા બહાર પડી શકતો નથી કાઇ બહાર પડે પણ જે તો તે છેવટ સુધી પોતાના કામને વળગી રહી શક્તો નથી બસ ! આ બધી બાબતોનું મુખ્ય કારણ બ્રહ્મચર્યનો ભગ છે અને ત નાશ નાશ કહેવાઈ ગયુ છે

હૃદયના ઉપર માઠી અસર કરનારા નાવેલો, નાટકો અને ખેલ-તમાસા પણ ચચળ મનના માણસોને બ્રહ્મચર્યવિનાશક રસ્તે દોરી જાય છે તથી તેઓ બરાબર સાહિત્યના રસિક બની સારા સાહિત્યના ઊચામા ઊચા લાભથી વચિત રહે છે અને પૈસાનો વ્યર્થ વ્યય કરે છે બીડી અને તમાકુનુ વ્યસન પણ આશ્ચર્યજનક રીતે આ બન્નાયના માણસોને ઉત્પન્ન કરે છે તમાકુના વ્યસનીના મુખની દુર્ગધ આતરિક દોષની સૂચના આપે છે કફનો ઉદ્ભવ તેઓમા હોયજ છે આવી રીતે ધાતુ ઓની વિકૃતતા થવાથી શુક્રનુ નિર્દોષપણ અને સમતોલપણ જળવાઈ રહેતુ નથી આ દુર્વ્યસનોને લીધે પોતાનજ નુકશાન થાય છે એટલુજ નથી, પરતુ પોતાની સતતિને પણ તે સાક્રમિક વ્યસન અને તેથી થએલા સાક્રમિક રોગો હાનિ પહોચાડે છે તેથી પોતાના સસર્ગમા આવતા બીજા પણ સબધીઓને તે વ્યસનનો ચેપ લાગે છે બહુ બારિક કપડા પહેરવાનો ચાલતો જતો આધુનિક નાખ પણ નૈતિકરક્ષાના મૂળો હોવા કરે છે સ્ત્રી ઓને ઝીણામા ઝીણી સાડી જોઇએ અને પુરુષોને ઝીણામા ઝીણા બાતીયા જોઇએ કપડાઓના બિનજરૂરીપણાથી આર્થિક ન

જે હાનિ થાય છે, તેને ધ્યાનમા ન લઈએ તો પણ કપડાના આરિપારથી સ્પષ્ટ દેખાતા અંગપ્રત્યંગોને લઈ ચંચળ મનના લોકોમા ચલતી જતી દુર્ભિક્ષોને (વિષયવાસનાઓને) ઓર પોષણ મળે છે આપણે આ બધા કરિવાજોથી ઘણા ગયેલા હોવાથી આવા પરિણામવાળી કુરૂઢીઓથી બચવા ઇચ્છતા છતા પણ બચી શકતા નથી પ્રાચીન કાળમા નાની ઉમરે લગ્ન ન થતા, પરંતુ આ દેશમા મુસલમાની રાજ્યો પછી એ રિવાજ દાખલ થયો જણાય છે જે હજી અદ્યાપિ મૂળ ઘાલી રહેલી છે આપણી હાલની પ્રજા નબળી જોવામા આવે છે, તે નબળાઇના બીજો લગભગ તે વખતથી રોપાએલા છે આજથી લગભગ હજારેક વર્ષ પહેલા એક યોગ્ય ઉમ્મરના સંપૂર્ણ શારીરિક સંપત્તિ યુક્ત માણસે પોતાનુ લગ્ન યોગ્ય ઉમ્મરની કન્યા સાથે કર્યું એવે તેની સંતતિ તો સારી થઇ પણ તે સંતતિનુ લગ્ન કર્યું અયોગ્ય ઉમ્મરે એવે કે અયોગ્ય-કાચી વયવાળા સાથે કરવામા આવ્યુ તેથી તેની પછીની પ્રજામા કંઇક નિર્બળતા દાખલ થઈ એમ ઉત્તરોત્તર વંશપરંપરામા - કિ બલહાનિ દાખલ થઈ ગઈ, જેના પરિણામે હાલ પ્રજા નિર્બળ દેખાય છે બધાઓમા થયેની થોડી થોડી નિર્બળતાનો સમૂહ આપણામા થયો છે, એ રૂપે હાલની આપણી શારીરિક નિર્બળતાના મુખ્ય બીજો જુદાજુદા અનેક કારણ રાજાઓ ના વખતથી રોપાઈ ગયા છે પરંતુ હાલની જાગૃતિથી તે અન્યાય દૂર થવા માટયો છે, એટલે આપણે તે કુરૂઢીના બીજોને ઉખેડી કાઢી દેવા જોઇએ વીર્યસંરક્ષણ માટે જે જે નાશક કુમાર્ગોથી બચવાનુ છે તેમાના કેટલાકોનુ દિગ્ દર્શન ઉપર કરાવ્યુ છે અને બીજા પણ કેટલાક છે પરંતુ વિસ્તારભયથી અત્રે આપેલા નથી ઉપર જણાવેલા નાશકમા ગોથી બચવાને પરિણામે વીર્યરક્ષા કરી શકાય છે, પરંતુ આવી સમજ આવ્યા પહેલા પુનપુનીઓને તેના માર્ગોથી બચાવી લેવાની જોખમદારી તેઓના માતપિતા અને વડિલોના શિર ઉપર છે.

બ્રહ્મચર્ય પાળવાનો ઉપદેશ

જો શુદ્ધ અને વિસ્તૃત વિદ્યાપ્રેમ મેળવવા ઇચ્છતા હો, મનુષ્યત્વની સીડીએ ચઢવા ઇચ્છતા હો તો શરીરને દૃઢ કરો અને શરીરને દૃઢ કરવા માટે બ્રહ્મચર્યવ્રતનું તમારા પ્રાણની પેઠે રક્ષણ કરો. જો યોગ્ય ઉમ્મર થયા પહેલાં લગ્ન કરવામાં આવશે અને ત્યાં સુધી ઉત્તમ શિક્ષણ લેવાશે તથા આગળ જતાં નિયમો પળાશે તો આવી પડતા નિર્બળતાના ક્રૂર પ્રહારોથી બચી શકાશે.* દુષ્ટ જનોના આક્રમણથી નિવાસી મનુષ્યોએ ધ્યાનમાં રાખવું જોઇએ કે તમારા ધનમાલનું રક્ષણ તમો પહેરો ગોઠવી રાખીને કે રાજ્યના સિપાહીઓથી કદાચ કરી પણ લો, પરંતુ પાશવક્રીડાથી ઉત્પન્ન થતી નિર્બળતાના ક્રૂર પ્રહારથી બચવા માટે તમારી પાસે કયું સાધન છે? માટે પાશવક્રીડા છોડી દઇ બ્રહ્મચર્યના ચોક્કસ નિયમોનું પાલન કરો, જેથી તમારી મુખની પરંપરામાં અને તંદુરસ્તીના વારસા થવા પામે. કેવળ દૃઢ નિર્વારનાળાના હૃદયમાં કદાચ તર્ક ઉઠશે કે શું તમો તમામને બ્રહ્મચારી બનાવવા ઇચ્છો છો? ઉત્તરમાં કહેવું જોઇએ કે તેવું બની શકે તો તે પરમ અભીષ્ટ રૂપ છે ખરું. પરંતુ તેમ સર્વથા બનવું તો લગભગ અશક્ય છે તેમ છતાં સમાજમર્યાદા નિયમિત ચાલે તો બીજા ઉત્તમ દેશોની પ્રજાની પેઠે આપણે પણ સુખપૂર્વક સંસારવ્યવહાર અને ધર્મમાર્ગને અનુસરી શકીએ અને ક્ષેમ થવાની અનિવાર્ય જરૂર પણ છે જો કે સઘળા એક અધિકારના હોતા નથી, પરંતુ જેઓ પોતાના મનને સર્વથા નિયમિત રાખી સર્વથા બ્રહ્મચારી થશે તેઓની સમાજના અને દેશના હિત માટે જરૂર તો બહુજ છે. ગૃહસ્થાશ્રમની જાળમાં નહીં ફસાયેલ મનુષ્યો જો

---

* આખુ વિદ્યાર્થીજીવન શુદ્ધ બ્રહ્મચર્યમય જ નિર્ગમવું જોઇએ તોજ વિદ્યાનો ઠીક વિકાસ થવા સાથે શરીરઆરોગ્ય પણ સારી રીતે સચવાઇ શકે

સમજદાર અને ગિનિત હોય તો તેઓના વિચાર બીજના ભવાભાજ પાતાનુ ભલુ લેખવાની તરફેણમા હોય છે તેથી તેઓ કોઇ ને કોઈ રસ્તે સમાજસેવાનુ કામ હાથ વર્ે છે માણસ નુ મન લક્ષ્ય વિના રહી શકે નહીં જો સર્વથા બ્રહ્મચારી ગાર્હસ્થ્યની દોરીમા સપડાયો નથી તો તેના મનનુ લક્ષ્ય કંઈ બીજુજ હોવુ જોઇએ અને તે એ કે સમાજસેવાદ્વારા પોતાનુ હિત સાધવુ જેઓ સર્વથા બ્રહ્મચર્ય પાળવાને મનોમન ન ધરાવતા હોય તેઓ બને ગૃહસ્થાશ્રમનો આશ્રય લે પરતુ તે પહેલા ગૃહસ્થાશ્રમન નુ યનસ્થિત ચલાવવાની અને ધર્મમાર્ગથી ભ્રષ્ટ ન થવાની ખાતર બીજ રાખી શારીરિક, માનસિક અને ચારિત્ર મળને સચિત રાખવુજ જોઈએ ચારિત્રબળમા વિચારબળનો સમે છે અને વિચારબળનુ પોષક તથા સ્થિતિસ્થાપક શરીરબળ છે, તે વાત પ્રથમ પણ કહેવાઈ છે શરીરબળના અનષ્ઠક (પોષક) નિયમિત બ્રહ્મચર્યની પણ બીજા વર્ગ માટે પૂરેપૂરી જરૂર છે અને તેના મળે ગુપ્તાની પ્રાપ્તિના પ્રથમ આ ડાકપ સમ્યક્ત્વને અને બીજા આ-ડાકપ દેશવિરતિને અવલંબી આગળ વધી શકાય છે શાસ્ત્રા યયન, વિચાર, લેખન વ્યાખ્યાન કે બીજા મન્તિ ષ્કના વ્યાપારોમાજ દ્રવ્ય વીર્યરક્ષા સહાય કરે છે તેમ નથી, પરતુ વ્યવહારના તેવા કયા કાર્યો છે કે જેમા શરીર બળની જરૂર ન હોય ? પાચ પ્રકારના ઐશ્વર્ય માટે મજુર જોવવે પડે, અર્ધો માઇલ ચાલ્યા પહેલા શ્વાસ ચઢી આવે, પગ કળતર થાય, એક વખત પણ કાનુ કે અર્ધ પાકુ કે શેકુ નખાવે ખાત કે હોય ઉપર સૂતા તાવના ભોગ થવુ પડે, દુકાનનુ કે બીજુ કામ કરતા કંટાળો આવે, સ્વભાવના ચીડિયાપણ થઇ જાય અને નૈસર્ગિક ગતિ પનાયન કરે ગયાનો રોગ સાચવવા માટે રસાયણાદિક પ્રયોગો કરવા પડે: આ બધા આઘાતો[૪] નિયમિ બ્રહ્મચર્યને બહાને સહન કરવા પડે છે

૧ સાકળ ૨ મગજ–બુદ્ધિ ૩ સ્વાભાવિક ૪ મકકો–આફતો

ઉપસહાર

પુષ્ટમા પુષ્ટ કે પનિમ્મા ધનિકે મનુષ્ય પણ વ્યભિચારરૂપ વિષેપ સળગતી અગ્નિની શોણતથી તુલ્યજ નાગરિક અને આર્થિક આપત્તિઓમા આવી પડે છે પૃથુરાજ જેવા બલવાન્ રાજાને પણ છેવટે હાર આવી પડી અને યવનોને દેશમા દાખલ થવા દેવાના અનિષ્ટ પ્રસગના ભાગી થવુ પડયુ, તેનુ કારણ તપાસતા વિલાસપ્રિયતાજ જણાશે મુસલમાન બાદશાહોના સામ્રાજ્યના મૂળો સડયા તેનુ કારણ અજ્ઞાનતા અને તજ્જન્ય વિલાસપ્રિયતાજ છે સ્વામિ રામતીર્થ લખે છે કે—"નેપોલિયન જેવો મહાન્ નાવીર પોતાના સર્વોત્તમ સ્થાનેથી કેમ્બ્રુસ કેમ્પો ગબડી પડયો તેનુ શુ કારણ? ઇતિહાસ આમી પૂરે છે કે નાશ જવા અગાઉ તે પોતાને હાથે જ પોતાનુ મૂત્ર કુવી ચૂકયો હતો સામ્રાજ્યનો જવાની આવલી નજીજ તે બર કેમ્પના કુવામા ગબડી પડયો હતો આશ્ચર્ય નથી કે તેના કટાકટીના સમયે નખતે, વીર્યસાજન્ય સદ્બુદ્ધિ અને માનસિક નિરોગીની જરૂર નખતે, વીર્યના ક્ષયથી અકર્તવ્યને કર્તવ્ય સમજી બેસવાનુ સાહસ બે થયુ હોય અને તેથી નાકૌશલ્યમા આપત્તિજનક પરિણામ આવ્યુ હોય! શૂરવીર શિવાજીના નિસ્સીમ પરાક્રમ અને બુદ્ધિપ્રભાવથી સ્થપાયેલ હિંદુસામ્રાજ્યની ભિત્તિના પાયાને દીલો કરનાર તેના પુત્ર સંભાજીની વિલાસપ્રિયતાજ હતી દેશની પડતીના બીજા કારણોમા રાજા કે પ્રજાની વિલાસપ્રિયતા એ પણ એક અગત્યના કારણ છે. પશ્ચિમના દેશોમા જ્યારથી નિયમિત નહી યોગ્ય અવસ્થાએ ગૃહસ્થાશ્રમની શરૂઆત કરી શરીર ટકાવી રાખવાના પ્રયત્નો શરૂ થયા છે ત્યારથીજ Decline ની શરૂઆત થઈ છે ઈગ્લેંડમા પહેલા વિલાસ અધિક હતો તેમ થવા લાગ્યો કે અમેરિકાની શરૂઆત થઈ ફ્રાન્સમા વિલ

માના વ્રતાજ પૂર્ણ કરતા અરપતનનો પ્રારંભ થયો પોતાના ભરણપોષણની પૂરતિ શક્તિ મેળવ્યા પહેલા એક પુરૂષ (સ્ત્રી પુરૂષ) ને સંતાન ઉત્પન્ન કરવાનો કોઈ હક નથી જેઓ પોતાના પોષણ જેટલી પણ શક્તિ ધરાવતા નથી તેઓ બીજાના ભરણ-પોષણ માટે બોજમ રૂપી ઠોકરી પોતાની મૂર્ખાઈ પ્રમાણીત કરે છે. સંતાનના અપનાપોની શિક્ષા જો માતાપિતાને મળતી હોય તો શું જલ્દી સુધારો ન થાય? બ્રહ્મચર્યના અનુપ પ્રભાવથી પોતાની તરફ બોકોને આકર્ષનાર સંખ્યાબંધ પુરૂષો અને સ્ત્રીઓ આર્યાવર્તમાં થઇ ગયા છે અર્થાત કે નિયમિત બ્રહ્મચર્યનું યથા-વત્ પાલન કરવાથીજ રામજી, નુરજી, સીતા દ્રૌપદી અને દમયંતીના નામો કાળનો વિશાળ પટ પા પડ્યા હતા પણ હજુ તેમને તેમના પૃથ્વીના એક ખુણાથી બીજા ખુણા સુધી તાજા છે અને આધુનિક પ્રજાને માર્ગદર્શક થઈ પડે છે. ગણધર ગૌતમ જંબુસ્વામી અને સ્થુલભદ્રના તેમજ વિજયનંદ તથા નુરજી જોઠ પ્રમુખના જીવનચરિત્રરૂપ નિષ્કલંક ઉજ્જવલ અને પ્રકાશક બ્રહ્મચર્યનો દીપસ્તંભ, ખરાબીથી બચાવી જીવનનૌકાને અભીષ્ટ સ્થાન ભણી લઈ જવા માટે હમેશને માટે વિદ્યમાનજ છે. ગમે તેવો કાળ આવ્યા પછી પણ એપણ ગમે કરતા વધારે ચમકનાર આ ઉજ્જવળ ચરિત્રસ્તંભ વિષયવિરત જીવોને વિશ્રામ અને આશ્વાસન આપવા માટે બસ છે પ્રાચીન પુરૂષોના આવા પ્રશંસાપાત્ર નિયમોને લક્ષ્યમાં રાખી દ્રવ્ય અને ભાવ આરોગ્ય રક્ષણના અતિ અગત્યના ઉજ્જવળ બ્રહ્મચર્ય ભણી ધ્યાન આપે, આપણા શીરે એટલીજ આશા રાખી લાલ તો વિરમાય છે

પ્રાત કાલસ્મરણીય મહાસત્ત્વશાળી સતા અને સતી-ઓની પવિત્ર નામાવળી તથા તેમનુ સ્મરણ કરતાં રાખવો જોઇતો ઉચ્ચ ઉદ્દેશ

ભન્તેશ્વર, બાહુબલી, અભયકુમાર, ઢઢણકુમાર, સિન્ધિરાજ, અર્જિકાપુત્ર, અયમત્તાજી (અતિમુક્ત), નાગદત્ત, મેતાર્ય, સ્થૂલ-ભદ્ર, વયરસ્વામી, નન્દિષેણ, મિહુગિરિ, કયવન્નાજી, સુકોશલ, પુણ્ડરીક, કેશી, કરકંડુ, હલ્લ, વિહલ્લ, સુદર્શન, શાલ, મહાશાલ, શાલિભદ્ર, ભદ્રબાહુ, ગાર્યુભદ્ર, પ્રસન્નચંદ્ર, યશોભદ્ર, જમ્બૂસ્વામી, નકચૂલ, ગજસુકુમાલ, અવન્તિસુકુમાલ, વજ્રાજી, ઇલાચીપુત્ર, ચિલાતિપુત્ર, યુગબાહુમુનિ, આર્યમહાગિરી, આર્યરક્ષિત, આર્ય-સુહસ્તી, ઉદાયક, મનક (પુત્ર), કાલકાચાર્ય, શામ્બ, પ્રદ્યુમ્ન, મૂળદેવ, પ્રભવ (સ્વામી), વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર, દૃઢપ્રહારી, શ્રેયાંસ, દુરનક, નાગ્યભદ્ર (સન્નિ) અને મેઘકુમાર તથા બીજા મહાસ-ત્ત્વશાળી શીલ, સતોષ, ધૈર્ય ગાભિર્યાદિક અનેક ગુણગણસ યુક્ત પવિત્ર પુરુષો જેમનુ નામ (માત્ર) ગ્રહણ કરવાથી પાપના ઓઘ નાશી જાય છે તે પુણ્યશ્લોકો અમને સમાધિ-સુખ આપો!!!

વળી સુવ્રતા, ચન્દનબાલા, મનોરમા, મદનરેખા, દમયન્તી, નર્મદા સુન્દરી, સીતા, સતી, ભદ્રા સુભદ્રા, જિનમતી, ઋષિદત્તા, પદ્માવતી, અજ્જના, શ્રીદેવી, જ્યેષ્ઠા સુજ્યેષ્ઠા, મૃગાવતી, પ્રભા-વતી, ચેલણાદેવી, બ્રાહ્મી, સુન્દરી, રુકિમણી, રેવતી, કુન્તા, શિવા, જયન્તી, દેવકી, દ્રૌપદી, રાજીમતી કલાવતી, પૂપચૂલા "પદ્માવતી, ગાન્ધારી, ગાધારી લક્ષ્મણા, સુસીમા, જામ્બુવતી, સત્યભામા, રુકિમ-ણી," એ કૃષ્ણ વાસુદેવની આઠ પટ્ટરાણીઓ સમજવી તથા "યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના સેણા, વેણા અને રેણા" એ સ્થૂલભદ્રજીની સાત બહેનો સમજવી, ઇત્યાદિક મહાસતીઓ અકલંક શીલ સયુક્ત રહેલી હોવાથી તેમનો જશપટહો (યશ-વાદ) અદ્યાપિ ત્રિભુવનમા સર્વત્ર વાગી રહ્યો છે. ઉપર

કહેવા મતા અને સતીઓના પવિત્ર નામ, તીર્થંકર ગણધર પ્રમુખ સમર્થ જ્ઞાની પુરૂષોએ સ્વમુખથી ઉચ્ચરેલા છે તે વાતજ તેમા ના પ્રત્યેકની પવિત્રતા પુરવાર કરે છે એવા પવિત્ર મંત્રો અને સતીઓનુ પ્રાત કાળે સ્મરણ કરવાનો હેતુ કે ભાવ અંતરનો શો ઉચ્ચ ઉદ્દેશ હોવો જોઈએ, તે અત્ર પ્રસંગોપાત વિચારવુ-ભાવવુ બહુ ઉપયોગી થઈ પડે તો મહગુણી આત્માના મહગુણોનુ આપણને સહજ ભાન થાય એવી રીતે લક્ષપૂર્વક તેમના પવિત્ર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવન ચિંતન કરવુ, એ જેવુ જરૂરનુ છે તેનુજ અવલંબે તેથી અધિક જરૂરનું એ છે કે એવાજ મહગુણો આપણા આત્મામા પ્રાપ્ત થાય એવાજ અનાદિ અનિષ્ટ યોગે અવગણાઈ રહેલા મહગુણો આપણા આત્મામા પૂર્ણ રીતે પ્રકાશી નીકળે એવી રીતે પ્રથમ પુણ્યપુરૂષ મહાત્માઓના પવિત્ર ચરિત્રોનુ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવુ અર્થાત્ મહાનત્યવંત મહગુણી મહાશયોના પવિત્ર ચરિત્રને લક્ષથી વાચવા અને સાભળવા તેના ચરિત્રોની જાણી જોઈ જાયા એવી આલેખીથી તપાસવી કે તે તે પ્રસંગે આપણો આત્મા તે તે-વૃત્તિને ભજે તેમા આપણુ મન કેવી રીતે જાય એવી રીતે આપણો આત્મા પ્રસંગ નિયમ સયોગોમા સમભાવ રાખે, ધર્મ ધારી બહાર પણે તેના ઉત્તમ ગુણોનુ અનુકરણ કરે અને યથાશક્તિ (શક્તિ ગોપવ્યા વિના) યથાસ્વસમર (તક ચૂકયા વિના) તેનુ પરિશીલન કરે એવી નિર્ભયપણે સ્થિરતા રાખે દૃઢિપૂર્વક એ મહિત તેનો અભ્યાસ કરવા અને અભ્યાસ કરી તેનો સાક્ષાત્ અનુભવ કરવા અર્થાત્ એના સચ્ચરિત્રદ્વારા ઉત્તમોત્તમ મહગુણોને સાક્ષાત્ મેળવવા સર્વથા સાવધાન થઈ રહે ! બ્રહ્મચર્ય જેના અત્યંત જરૂરના ગુણોને સિદ્ધ કરવા ઉપર જણાવેલી વાત મુખ્ય લક્ષમા રાખી આત્મહિતાર્થ દીપક સમાન શાસ્ત્રવિહિત માર્ગનો મહાભાવથીજ આદર કરવો યુક્ત છે, બ્રહ્મચર્યની પુષ્ટિ માટે સમસ્ત જગતના

કલ્યાણાર્થે નવ વાડો નિર્મળ રાખવાવડે સ્વમનને અનુક્રમે અક્રમપણે વશ કરવા તીર્થંકર અને ગણધર ભગવંત જેવા સમર્થ જ્ઞાની પુરૂષોએ આપેલો અમૃત સમાન ઉપદેશ સાર્થક કરવા હરેક આત્માર્થી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાએ લક્ષ રાખવું બહુજ જરૂરનું છે. અન્યથા સ્વેચ્છાએ સિંહગુફાવાસી મુનિની પેઠે સ્થૂલભદ્રમુનિ જેવા સમર્થ સિદ્ધ પુરૂષોની દેખાદેખી કરવા કરેલી પ્રવૃત્તિ તો બહુધા આત્માને અત્યંત અનર્થકારી થાય છે, તે વાત લોકપ્રસિદ્ધજ છે જો સ્થૂલભદ્ર સમાન સામર્થ્ય પ્રગટ કરવા પ્રબળ ઇચ્છા વર્તતી હોય તો જેવી રીતે સ્થૂલભદ્રજીએ બાર વર્ષ પર્યંત ભોગવેલા મનગમતા વિવિધ ભોગને પણ રોગવત્ તજી પરમ સુખકારી યોગમાર્ગને સુખમાર્ગ જાણી, વિચારી ને વિવેકથી આદરી, શ્રી સંભૂતિવિજય સૂરીશ્વર જેવા સમર્થ સંયમધારી સત્પુરૂષના ચરણકમળની ઉપાસના કરી સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધાબળે સંયમમાર્ગને માર્ગ રીતે સાધ્યો અને તન, મન, વચનથી આત્માર્પણ કરી શ્રી સદ્ગુરૂની સેવા ભક્તિ વડે સંયમ બળને દૃઢ કર્યું, તેમ અન્ય મુમુક્ષુ વર્ગે તથા શીલ સંતોષાદિક ઉત્તમોત્તમ ગુણોના અભ્યાસી વર્ગે પણ પ્રવર્તવું ઉચિત છે વળી જંબુકુમાર, સુદર્શન શેઠ, વિજય શેઠ અને વિજયા શેઠાણી જેવા બ્રહ્મચર્ય (chastity) ના ખરા નમુના "Ideal"ને આગળ રાખીને તેના પુષ્ટિકારક સાધનોને વિરાધ્યા વિના અનુક્રમે સર્વ શાસ્ત્રીય નિયમોને અનુસરી આત્મામા પણ એવુજ અપૂર્વ સામર્થ્ય પ્રાપ્ત કરવા પૂરતો પ્રયત્ન કરવો ઉપયુક્ત છે આવી રીતે અનુક્રમે અભ્યાસમા વધારો કર્યા વિના બ્રહ્મચર્ય જેવા ઉત્તમ ગુણોની કદાપિ સિદ્ધિ થઈ શકશે નહીં બ્રહ્મચર્ય એટલે તત્ત્વથી જોતા આત્મચર્યા અર્થાત્ આત્મરમણ યા સ્વભાવરમણ થાય છે અને એવું સ્વભા

તત્ત્વરમણ તો તત્ત્વજ્ઞાન અને

સાના નરસા જેના કારણ જીવ

એનુજ કાર્ય નીપજે છે તેથીજ તત્ત્વજ્ઞાન, તત્ત્વશ્રદ્ધા અને તત્ત્વ-રમણને ચતેજ કરનાર પવિત્ર ચરિત્રો અવગાહવાની સહુ કોઇને અતિ આવશ્યકતા છે તત્ત્વજ્ઞાન, તત્ત્વશ્રદ્ધા અને તત્ત્વ-રમણને શા સમાર રત્નત્રયી કહીને બોલાવે છે. ૧૮૦૦૦ શીલાગ રથના ધોરી એવા બ્રહ્મચારી મુનિમા જ ઉકત રત્નત્રયી મ ભવે છે આવા ઉચ્ચ અવિકારને પામવા નિરંતર મૈત્રી, મુદિતા, કરૂણા અને મ ધ્યસ્થતા રૂપ ભાવનાચતુષ્ટયનો સમાશ્રય કરવો યુક્ત છે. સર્વ પ્રકારે સુદ્રતા યાને સ્વાર્થીપતાને તજી પરમાર્થ પથે પ્રવર્તનાર પ-વિત્રચાશયવતને ઉકત ભાવનાના અપૂર્વ બળથી બ્રહ્મચર્યની યથા-ર્થ પ્રાપ્તિ થઈ શકે છે તેની દિશા દેખાડનારા પૂર્વોક્ત મહા મત્ત્વ વત મહાગુણીના ચરિત્રો છે તેમનુ યથાવિધિ શ્રવણ, મનન અને નિદિધ્યાસન (પરિશીલન) કરવાથીજ બ્રહ્મચર્ય જેવા ઉત્તમ ગુણો દૃઢ સસ્કારવાળા થાય છે

પહેલો ખડ સમાપ્ત

ખંડ બીજો

બ્રહ્મચર્યનું સ્વરૂપ અને તે વ્રતનું પાલન કરનાર કેટલાક સતીઓના ચરિત્રો

બ્રહ્મચર્ય વ્રત એટલે મૈથુનનો ત્યાગ કરવો તે તેના બે ભેદ છે ૧ સર્વથી અને ૨ દેશથી. ૧ લો સર્વથી=મન વચન કાયાએ કરી સર્વ પ્રકારની (પોતાની કે પારકી) સ્ત્રી સાથે સર્વથા સંભોગ કરવાનો ત્યાગ. ૨ જો દેશથી=સર્વથી શીળ પાળવાને અશક્ત હોય તેને પોતાની સ્ત્રી વિના બીજા કોઇ પ્રકારની પર સ્ત્રી સાથે સંભોગ કરવાનો ત્યાગ વળી મૈથુનના બીજા બે પ્રકાર સૂક્ષ્મ અને સ્થૂલથી પણ થાય છે તેમા ૧ લો કામના ઉદયથી ઇંદ્રિયનો કાંઇક અલ્પ વિકાર કરવો તે ૨ જો મન વચન કાયાએ કરી ઔદારિક તથા વૈક્રિય શરીરવાળી સ્ત્રી સાથે ભોગ ભોગવવો તે વળી બીજા બે ભેદ દ્રવ્ય અને ભાવથી પણ થાય છે તેમા પર સ્ત્રી અને પર પુરૂષનો પરસ્પર સંગમ તે દ્રવ્ય મૈથુન પુરૂષે પર સ્ત્રીનો અને સ્ત્રીએ પર પુરૂષનો ત્યાગ કરવો જે એ કામમૈથુન તથા રતિક્રીડા તે દ્રવ્ય મૈથુન કહીએ. તેને જે સ્ત્રી પુરૂષ છોડી દે તેને દ્રવ્ય બ્રહ્મચારી કહીએ ॥૧॥

ચેતનરૂપ પુરૂષને વિષયાભિલાષ પરપરિણતિરૂપ તથા તૃષ્ણા મમતારૂપ ઇત્યાદિ નિશ્ચય પર સ્ત્રી છે તેની સાથે મળવું, તેને મોજમજા આપવી, તેની સાથે વાંછિત વિલાસ કરવો, તે ભાવ મૈથુન પરમાત્માની વાણીના ઉપદેશથી તથા સદ્‌ગુરૂની હિતશિક્ષાના બોધથી=પોતે પરપુદ્‌ગલને ઓળખી, વિજાતીય જાણી,

આગામિક કાળે મહા દુઃખદાયી જાણી અને પૂર્વે-ગતકાળમાં ઘણા અનાદિ દુઃખની પરંપરા હું એના વડે પામ્યો છું તે કારણ માટે આજે એ વિજાતીય સ્ત્રીઓ છોડવી જોઈએ અને આત્મા પોતાની સ્વજાતિ, પરમ ભક્ત, શ્રેષ્ઠ અને કુલીન સમતા રૂપી સુંદરીની સોબત કરવી સારી છે, વિભાવદશારૂપ પરસ્ત્રીએ આત્મ સર્વ શોભા ખેંચી લીધી છે, હવે સુગુરુની સહાયતા વડે એ દુષ્ટ પરિણામી સ્ત્રીની સોબત ધીરે ધીરે છોડી દઉં, એને ટાળવાનો ભાવ આવે કે જે વડે મારા શુદ્ધ સ્વભાવ ઘરની ઘરમાં સમતા સુંદરી આવીને રહે અને ચરણનો પ્રકાશ વધે, એવો ભાવ ભેળવીને પરપરિણતિમાંથી મમતા છોડે, કર્મ ઉદય આવે સંતાપ પામે નહિ, શુદ્ધ ચેતનાનો સંગી થઈ રહે તે ભાવ મૈથુન ત્યાગી કહીએ બારા તેમાં દ્રવ્ય મૈથુનના ત્યાગી તો હજી દર્શનમાં મળી આવે પણ ભાવ મૈથુનના ત્યાગી તો જિનદર્શનમાં જિનવાણી સાંભળવાથી જેના હૃદયમાં બેઠજ્ઞાન જાગ્યું છે તે મહેજ ઉદાસીનતા—ઉપાયથી ભાવ મૈથુન છોડી દે, માટે તેને બીજા દર્શનમાં ન મળી આવે

અને પર સ્ત્રીનો ત્યાગ કર્યો એટલે પર પુરૂષની પણ જેને કે જાણેલી સ્ત્રી સાથે અનાચાર સેવન ન કરવું એવો નિયમ લેવો તે પરસ્ત્રીગમનવિરમણ વ્રત કહીએ અને પોતાની સ્ત્રીમાં સંતોષ રાખવો એવો જે નિયમ તે સ્વદારાસંતોષ વ્રત કહીએ ત્યાં દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી સ્ત્રીસાથે અનાચાર સેવનનો નિષેધ એટલે દેવ સંબંધી બે કરણને ત્રણ જોગ તિર્યંચ સંબંધી એક કરણ અને ત્રણ જોગ અને મનુષ્ય સંબંધી બે કરણ અને એક જોગે ગોઠવારાના આકારે ભોગ કરવાનો નિષેધ પણ મનથી, વચનથી અને રૂપમાં ભોગ થાય તેની જયણા હાલની સ્ત્રી છોડીને બીજી સ્ત્રી સાથે નિકાહ ન કરવો તે

દિવસે બ્રહ્મચર્ય પાળવું ન પળે તો પ્રમાણ રાખવું શિયળની નવ વાડો પાળવી. સ્ત્રીઓએ પણ એ જ પ્રમાણે પર પુરૂષનો ત્યાગ સમજવો. એ વ્રતના પાંચ અતિચાર છે, તે નીચે લખીએ છીએ—

अपरिग्गहिआ इत्तर, अणगवीवाह तिव्वअणुरागे ।
चउत्थवयस्स इआरे, पडिक्कमे देसिय सव्व ॥

૧ અપરિગ્ગહિયા એટલે અપરિગૃહીતા જેને બીજા કોઈએ અહણ કરી ન હોય અથવા પરણેલી ન હોય તે કુવારી સ્ત્રી, અથવા જેનો સ્વામિ મરણ પામ્યો હોય તે વિધવા તેને જોઇ કોઇ મૂર્ખ માણસ વિષયાભિલાષી થઈ ભદ્રક ભાવે એમ વિચારે કે મે તો પારકી સ્ત્રીનો ત્યાગ કર્યો છે અને આ તો કોઈની સ્ત્રી કહેવાતી નથી માટે તેની સાથે મેળાપ કરવાથી મને શું પાપ લાગે એમ ધારી કુવારી કે વિધવાની સાથે ભોગવિલાસ કરે તો પહેલો અતિચાર લાગે તેમજ શીલ વ્રતધારી સ્ત્રીને પરપુરૂષ અને સ્વપુરૂષનો ત્યાગ છે તે પણ અપરિગ્રહિત પુરૂષ કુવારો કે વિધુરો હોય તેની સાથે પૂર્વોક્ત વિચાર મનમા લાવીને અનાચાર સેવે તો તે સ્ત્રીને પણ પ્રથમ અતિચાર-દૂષણ લાગે

૨ ઇત્વરપરિગૃહિતા એટલે થોડા વખત લગી ભાડુ આપીને કોઇ વેશ્યાદિકને રાખે અને અજ્ઞાનપણે એમ વિચારે કે મારે તો પારકી સ્ત્રીનો ત્યાગ છે અને આને તો મે પોતાની સ્ત્રી કરીને રાખી છે તો એમા મને શો દોષ છે, એમ ધારીને તેની સાથે ભોગવિલાસ કરે તો બીજો અતિચાર લાગે એજ પ્રમાણે વ્રત ધારી સ્ત્રીને પણ, જે દિવસે ધણી પાસે જવાનો શોકનો યોગ હોય તે દહાડે ધણીને પોતે ભોગવે, એમ ધારીને કે પોતાના ભરતારને મે ચતા શો દોષ છે? મારે તો અન્ય પુરૂષનો ત્યાગ છે! પણ એવો વિચાર

ન કરે કે આજ તો એ મારી ભોગ્યનો ધણી છે, મારો તો આજ ધણી કે જવાનો વારો નથી એમ વાગે નહિ છતા પણ મર્યા કરીને પતિને સેવે તો તે સ્ત્રીને બીજો અતિચાર લાગે

૩ અનંગક્રીડા કામ-કંદર્પ જમત કરવા આડે અધરચુંબન આદિ ન કુચમર્દન, નેત્રના હાવભાવ કટાક્ષાદિ હાસ્ય પ્રમુખ હસ્યા મશ્કરી પરસ્ત્રી સાથે કરે મનમા એમ ધારે કે મે તો ભોગ દેવાના આકારે ભોગનો ત્યાગ કર્યો છે, બીજું કાંઇ વ્રત લીધુ નથી પણ તે અજ્ઞાની કામવગ વધારી એમ નો વિચાર ન કરે કે ચતુ તો બ્રત ભગડે છે એનાથી પણ વ્રત વહેલુજ ભાગે છે મન ચળે છે તથા પોતાની ભાર્યા સાથે ચોગગી આસન કામ જમત કરે, ભોગ ભોગવે એ આદિ કામ જમત કરવાની ક્રીયા કરે તેને અતિચાર લાગે તેમજ સ્ત્રી પણ કામાધ થવાથી મુહ વડે મુખ વાચ્યા કરે અથવા બૈ બૈન મળી ગુપ્ત સ્થાને અવિકલ્પ વડે સચારણ કરે તેમજ પુરૂષે પુરૂષ પરસ્પર વિષય-ક્રીડા કરે અને પોતાની ઇચ્છા તૃપ્ત કરે ત્યારે પણ તેને અતિચાર લાગે કેમકે શ્રાવકે તો હલકો Cપાયવડે કામસજ્ઞા ઘટાડવાનો પ્રયત્ન કરવો જો એ જેવી રીતે કોઇ લોભી વેપારી આખો દિવસ નવા નવા રોકાયો હોય, તેને વચ્ચે ભૂખ લાગે તો પણ ગભરાય નહિ, પણ જ્યારે ભૂખ સહન નથાય ત્યારે ઉતાવળો ઉતાવળો રસોડામા જઇ ખાઇ લે, પણ સારા માઠા સ્વાદની તજવીજ કરે નહિ અને ફરી પોતાના તે કામે વળગે તે પ્રમાણે વ્રત-ધારી શ્રાવક પત્નીના ઘરમા ભમ રહ્યો છતો કામનો ઉદય આવે ત્યારે તેને ગભરાય નહિ. તેમ કરતા પણ અતિ વેદોદય થાય ત્યારે Cતાવળા Cતાવળો કર્યરો। નિવારણ કરે અને ફરી પોતાના કામમા પ્રવર્તે શ્રદ્ધાવાન પુરૂષો તો મૈથુન સેવવાની જગ્યાને નજરે જુએ માને છે તો તેઓ કામ વધારવાની ઇચ્છા કેમ રાખે?

વળી સ્ત્રીના ઢાંકેલા અંગ નગ્નદૃષ્ટિએ જૂએ નહીં, પણ તેને રાગ ઉપજવાના સ્થાન જાણી તજી દે જો જોવું પડે તો યોનિમર્દન કરીને ન લેવું. વળી સ્વપ્નમાં સ્ત્રીસેવન થાય તો તેની જયણા રાખે. કદાચિત એવું કુસ્વપ્ન આવે તો શ્રાવક એવી ભાવના ભાવે કે કામ તે મોટું શલ્ય છે, કામ તે મહા વિષ છે કામ તે નાગ સરીખો છે અને કામની પ્રાર્થના કરનારી વિષય નહિ ભોગવ્યા છતા પણ જીવો દુર્ગતિએ જાય છે ક્ષણમાત્ર સુખ છે, ઘણો કાળ દુઃખ છે તો પણ સંસારી જીવો તેને નિષ્કાંક્ષ સુખકારી જાણે છે કામ તે સંસારમાંથી મોક્ષ પામવામાં શત્રુભૂત છે. વળી કામભોગ તે અનર્થની ખાણ છે. ત્યાદિ વૈરાગ્યભાવના ભાવીને મહોટેથી નવકાર મંત્ર ગણી પડી સુવું જેથી અનાભ્ય સ્વપ્ન હોય તે માઠું સ્વપ્ન થાય અને અનાભ્ય સ્વપ્ન આવે નહિ એમ કરતા છતા પણ જો કોઈ મોહના ઉદયથી સ્ત્રીસેવનાદિ કુસ્વપ્ન આવે તો તરત ઊઠી કરિયાવહિ પડિક્કમીને એકસો આઠ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે. તેમજ પરસ્ત્રી આશ્રયી ચૂલથી શીળની નવ વાડ પાળવી જે એ તેના નામ ૧ સ્ત્રીની વસતી માંહે ન રહેવું ૨ સ્ત્રીની સાથે કથા ન કરવી ૩ સ્ત્રીને આસને ન બેસવું ૪ સ્ત્રીની ઇંદ્રિયો ન જોવી. ૫ ભીંતને આંતરે ન રહેવું ૬ પૂર્વે કરેલી કામક્રીડા ન સંભારવી ૭ ઘણો આહાર ન કરવો નહિ ૮ ઘાડ ઘાલીને પેટ ભરી જમવું નહિ ૯ શરીરની શોભા ન કરવી એ પ્રમાણે ત્રીજો અનંગક્રીડા અતિચાર જાણવો.

૮ વિવાહકરણ એટલે કન્યાદાન કૂળની લાલચથી અથવા સ્નેહવશે પારકા છોકરાનો વિવાહ જોડવો આગળ થઈને નાત જાતમાં મળાવવામાં, ભાઈબંધદોસ્તદારમાં મેળાપ કરી વિવાહ કરે, કરાવે અને જ્યારે તે વાતની લોકો પ્રશંસા કરે ત્યારે ખૂબ ખુશી થાય અને તેમ જો ને બીજા પણ તેના કામના અર્થી જન

હોય તે તેમની પાસે આવી ખુશામત કરે, સ્તુતિ કરે, ત્યારે પોતે કહે કે અમારે તમારે એક રાસ્તો છે, કામકાજ કરી આવજો; એમ જણાવે જ યા એ વિવાહાદિકનો સબંધ કરવો એ અનર્થનું મૂળ જોવા જેવું છે તેમ કરવાથી વ્રત શુદ્ધ ન રહે અને કામ-અધિકના વશ થકા બીજા સબંધ તો પોતાના ઘરનું એનું કામ હોય તો પરા પારકાને ભળાવી વેળો નહિ, માટે વિ તિ થઈ પારકા વિવાહ જોડાવે તો અતિચાર લાગે અહિંયા પોતાના ઘર સબંધી તથા સગા સબંધી જેનાથી દૂરાય તેમ નથી તેવાનો વિવાહ કરવાની જયણા, તેનું પણ પરિમાણ કરી ન એમ સ્ત્રી પરા પારકા વિવાહમાં મોડ પ્રમુખ બાંધે અને આગળ થ ને લગ્નક્રિયા કરે ત્યારે અતિચાર લાગે

૫ તીવ્રાનુરાગ એટલે કામભોગને વિષે તીવ્ર અનુરાગ કરવો—અત્યંત અભિલાષા કરવી કામભોગ કયારે પણ ન મળ્યો હોય એમ માની સ્ત્રીનું મુખ જુએ, કામ ઉદ્દીપ્ત ભા। સ્તનાદિકનું લાવણ્ય વખત સુધી જોવા કરે, તથા કામની વૃદ્ધિ કરવા માટે અ ડીલ, માજમ, ભાંગ દારૂ, ગલિ, ઘી ધાતુની ખાખ આપવિ પાક વારે કામ દીપાવવાની વસ્તુ ખાય, તેથી પાંચમો અતિચાર લા। કેમકે વ્રતભંગ થાવા તો પાપથી બીતો રહેતો હોય પણ જે ને ઉદય તેનાથી સહન ન થાય તેથી સ્વદારા સંતોષાદિ વ્ર મહણ કરે અને તેવા મૈથુનમાત્રે કરી જે ની ઉપશાંતિ કરે અહીંયા પરસ્ત્રીના ત્યાગીને એ પાંચ અતિચાર હોય અને સ્વ દારા સંતોષીને છેલ્લા બા। અતિચાર અને પહેલા બે અનાચા છે કેમકે તેથી કરીને વ્રતભંગ। થાય છે

એમ પરપુરૂષ ત્યાગી સ્ત્રીને પરા પાંચે અતિચાર છે અ સ્વપુરૂષ સંતોષી સ્ત્રીને પ્રથમના બે અનાચાર છે અને છેલ્લા ત્રા અતિચાર છે, પરા અનાભોગે ગમન થઈ જાય તો સ્વદારા સંતો

પીને પ્રથમના બે પણ અતિચાર રૂપે લાગે, એમ તેને પાંચ અતિચાર જાણવા આ અતિચાર જાણવા પણ આચરવા નહિ

જે શક્તિવાન હોય તેમણે બાળપણાથી ગાયની પેઠે શુદ્ધ શીળ પાળવા ઉદ્યમ કરવો કેમકે તેના ભોગ દેવ ગાસ્ત્રમા કહેલા છે. દેવ, દાનવ ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર એ સર્વ બ્રહ્મચારી પુરૂષને નમસ્કાર કરે છે, કેમકે શીળ પાળવુ એ દુષ્કર કામ છે એ વ્રત પાળવાથી અખંડ આજ્ઞા ઐશ્વર્યપણુ ઘણી ઋદ્ધિ રાજ્ય કામભોગ કીર્તિ, યશ, માનમ એવા વાના તો મળેજ મળે અને મોક્ષ પણ અનુક્રમે પ્રાપ્ત થાય ઇત્યેતનો કરનાર લાભને લહાવો છતા માનવ યોગથી વિમુખ એવો જે નાદ તે પણ મોક્ષે ગયો, તે દેવો પ્રતાપ શીળનો જાણવો

વળી અન્ય શાસ્ત્રોમા કહ્યુ છે કે, ' એક ભવિ શીળ પાળનારને જે ગતિ મળે છે, તે ગતિ હજારો યજ્ઞ કરવાથી પણ મળતી નથી પરંતુ ભવન કરનારઓ આ લોકમા રહે, અ વન પામે, ઊંચા અવાય, નામ ઉંચાય, ઋદ્ધિ થાય પરલોકમા તીર્થંકર થવાય નરકમા દુઃસહ વેદના સહે જાય ભવોમા કુશીલ સેવ્યા હોય તો ખરેખરૂ, નપુંસકપણુ કુરૂપપણુ, દુર્ભાગીપણુ ભગદર જાપણુ વાઝિયાપણુ અને વિકલેન્દ્રીયપણુ વગેર પ્રાપ્ત થાય, તેમજ જે પુરૂષ દેવદ્રવ્ય ભક્ષણ કરે પરસ્ત્રી ગમન કરે, તે જીવ સાત વાર સાતમી નરકે જાય વળી પરસ્ત્રી સેવન કરવાથી એકત્રીશ વાર નરકમા પડે, માટે ધર્મી પુરૂષે તેથી દૂર રહેવુ પરસ્ત્રીની અભિલાષા માત્ર કરવાથીજ જ્ઞાનરૂ તથા ગર્ભિલવિદ્યા આદિક તથા પરલોકમા ભોગ અનર્થને પામ્યા તો સાક્ષાત્ ભોગવવાથી તો અનેક સંકટો પામે તેમા તો નવા જ શી? માટે ઉત્તમ પુરૂષે પરસ્ત્રીનો ત્યાગ કરવો. વળી અવસરે પોતાની સ્ત્રી વિષે પણ શીલ અંગીકાર કરવુ જો હમેશા શિયળ પાળી ન શકાય તો પર્વ દિવસે તથા શ્રી તીર્થંકર દેવના

કલ્યાણકના દિવસે અને છ અઠ્ઠાઈના દિવસે તો તે પાળતુજ. બા
તિથિ, દશ તિથિ અથવા પાચ તિથિ તો અવશ્ય કુશીલ વર્જતુ.
આકીના દિવસોમા પણ લહાવે તો વ્રત પાળવુ સેહેલાઈથી અને
તેમ છે, માટે તેમ કરવામા પ્રમાદ ન કરવો અને રાત્રિએ પણ એક ટુ
બે વાની ત્યાગી રાખવી, કેમકે પુરૂષ બોલે નથી ધારતો પણ
બોલે તો પુરૂષને ધારે છેજ અને કુશીળ ભોગવતા નવ લાખ
જીવોની હિંસા થાય છ એવુ જાણી ભોગનો ત્યાગ કરવો. વળી
ભણ્યા પણ વ્યાખ્યાનને વિષે તથા ધીજ કરવાને વિષે વિશુદ્ધ
શીળનો મહિમા જો એ જીએ, માટે આખ્યાનસ્વામા જો ગર્ભ
થી બ્રહ્મચર્યવ્રત વારવા કરવા અશક્ત હોય તો સુદર્શન શેઠની
પેઠે પોતાની સ્ત્રીને વિષે સતોષ કરે, એવો પણ શીળવ્રત પ્રાણી
બ્રહ્મચારી બરાબર સમજવો તે સુદર્શન શેઠ કોણ હતા અને
તેમણે કેવી રીતે શીળ પાળ્યુ, તેની કથા નીચ મુજબ છે—

સુદર્શન શેઠ

મોક્ષ સુખને આપનાર શુદ્ધ શીળ અને સમકિતને પાળનાર
ભવ્ય પ્રાણીઓ સુદર્શન શેઠની પેઠે અલપકાળમા મુક્તિ
પામે છે

જબૂદ્વીપના દક્ષિણ ભરતના આભૂષણ રૂપ એવા ભરત
ખડમા ચપાપુરી નામે નગરી છે ત્યા દધિવાહન રાજાનો પુત્ર
દધિવાહન ન્યાયમાર્ગે પ્રજાનુ પાલન કરતો હતો. તેણે નાથાવેધસા-
સ્ત્રને અભયાદેવી નામે જાણીને પરણી હતી ત્યા અર્હદ્દાસ ના
મનો અતુલ ધન, જન, સમૃદ્ધિએ યુક્ત એવો એક વ્યવહારી
વસતો હતો તેને અર્હદ્દાસી નામે પત્ની હતી અને જીવા શ્રી
જિનેશ્વરનો પ્રરૂપેલ ધર્મ પાળતા હતા

એકદા અર્હદ્દાસીની કુક્ષિએ કોઇ પુણ્યવાન્ જીવ અવતર્યો,
સના જિનપૂજામા રક્ત અને શુદ્ધ સમકિત પાળનામા તત્પર

એવી તે સ્ત્રીએ અનુક્રમે શુભ દિવસે પુત્રરત્નને પ્રસવ્યો. સ્વજન વર્ગને ગેઠ સન્માન દઇને યાચકોને નાનાવિધ દાન આપ્યા અને પુત્રનુ સુદર્શન એવુ નામ પાડયુ. અનુક્રમે વૃદ્ધિ પામતા તે સુદર્શને ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો. કહ્યુ છે કે રૂપયૌવનથી મનોહારિત અને ઉત્તમ કુળમા જન્મેલો હોય છતા પણ વિદ્યાવિનાનો માણસ કૃપાળા પણ સુગધ રહિત કેસુડાના ફુલની પેઠે શોભતો નથી વળી પડિત પુરૂષમા સર્વ ગુણો હોય છે ને મૂર્ખ માણસમા સર્વ દોષ જ હોય છે, તો હજારો મૂર્ખ એકઠા કરીએ તોય પણ તેમનામાથી બુદ્ધિશાળી પુરૂષ નહિ બની શકે

ત્યાર પછી સુદર્શનના પિતાએ તેને મનોરમા નામની એક શ્રેષ્ઠીની પુત્રી મહોત્સવ પૂર્વક પરણાવી. તેની સાથે સસારસુખ ભોગવતો તે સુખે દિવસ નિર્ગમન કરતો હતો. વળી તે સમકિત વ્રત પાળવામા દૃઢ હતો, કારણ કે એ સમકિત બોધિવૃક્ષનુ મૂળ છે, પુણ્યરૂપી નગરનુ દ્વાર છે, મોક્ષરૂપી મહેલની પીઠ છે અને વળી સર્વ સપત્તિનુ નિધાન છે જેમ સમુદ્ર રત્નોનો ભડાર છે તેમ સમકિત સર્વ સદ્ગુણોનો ભડાર છે અને ચાગ્નિ રૂપી વનનુ પાર છે તો તેના સમકિતની કોણ પ્રશસા ન કરે? એવામા પુત્રને ઘણો ભાર વહન કરવાને યોગ્ય જાણીને પિતાએ દીક્ષા લીધી. સુદર્શન પોતાના પિતા કરતા પણ અધિક ગુણવાળો હોવાથી રાજાનો વિશ્વાસુ થઈને માનીતો થયો જેમ જળના કુભથી ઉત્પન્ન થએલા અગસ્ત્ય, કુભ સખ્યા માપવાળા સમુદ્રને પી ગયા તેની રીતે કોઇ વખતે પુત્ર પણ પોતાના ચરિત્રથી પિતા કરતા ચઢી જાય છે

હવે તેજ ગામમા કપિલ નામનો રાજાનો પુરોહિત હતો કે જેની સાથે સુદર્શનને મૈત્રી થઇ. કપિલ બહુ વખત સુદર્શનને ત્યા રહેતો તેથી તેની [illegible]પિલાએ પૂછયુ– હે સ્વામિ! આપ હમણા ઘણો વખ [illegible] રહ્યો છો?" પતિએ કહ્યુ–" હું

આના મિત્ર સુદર્શનને ત્યાં રહેતો થકો ગોષ્ઠી કરવું શી તેની વાત કરે ? તે રૂપમાં કામદેવ સમાન છે, વાણીમાં બૃહસ્પતિજેવો છે, બુદ્ધિમાં બુદ્ધ જેવો, તેજમાં સૂર્ય જેવો, શીતળતામાં ચંદ્ર જેવો કર્મછેદનમાં મંગળ જેવો, જ્ઞાનમાં શુક્ર જેવો અને કુકર્મના મદપણાને લીધે શનિ જેવો છે. વધારે શું કહું? એક શીળગુણે કરિને જ તે સર્વથી ઉત્કૃષ્ટ છે તેને વિધાતાએ સર્વ ગુણમય કર્યો છે " ભર્તારના મુખથી સુદર્શનની આવી સ્તુતિ સાભળીને કપિલા તેની અનુરાગિણી થઇ અને બોલી કે—હાસ્યથી, હાવભાવથી, મંત્રથી વજ્રથી, નાસુ જોડને અર્ધ કટાક્ષ કે કવાથી, વચનથી, યાથી, કવહથા અને લીવાથી સ્ત્રીઓ જેનુ એકે પાશ-સાથે નિત્યસુખ ભોગવના તક શોધતી હતી તેવામા એકદા તેના ભતાર કપિલ કઇ કાર્યને અર્થ બહાર ગામ ગયો તે વખતના લાગ સાધી, જૂઠું બહાનુ કાઢી સુદર્શન શેઠને ઘર તે ગઇ અને કહેના લાગી—" આપના મિત્રને તાવ આવ્યો છે તેથી આપને બોલાવે છે અને તે માટેજ હું આપને બોલાવવાને આવી છુ, માટે આપ વિલબ કર્યા વિના ચાલો " સુદર્શન કહ્યુ- મને બર નાહેાતી તેથી ઠીક થયુ કે તમે બોલાવના આવ્યા " પછી તે સર્વ કાર્ય ત્યજીને મિત્રને ઘર ગયો જેવો તે ઘરમા પેઠો કે ઘરતજ કપિલાએ બારણા બધ કર્યા ઘરની અદર ગયા પછી કપિલા બોલી—" હે સ્વામિ ! હું બહુ કાળથી આપનો સગમ ઇચ્છતી હતી તો હવે આ શરીર અને આ શય્યા આપને સ્વાધીન છે, સ્નેહાએ ભોગ ભોગવો " પણ તેણીએ જ્યારે એમ જાણ્યુ કે તે માનતો નથી ત્યારે તે પોતાના શરીરથી તેનો સ્પર્શ કરવા લાગી પરતુ સુદર્શનને તો જરા પણ મનોવિકાર થયો નહી તેણે તેણીને કહ્યુ—" અરે ! તને કોણે ભૂલાવી ? હું તો નપુસક છું, ત્યારે તે વાત કોઇને કહેવી નહી " તેણીએ પણ

પછી કહ્યું " તમારે પણ આ ગુહ્ય ચરિત્ર કોઇને જણાવવું નહીં " એમ કહીને તેણીએ તેને છોડી દીધો

ઘેર આવીને સુદર્શન રોઇ અભિમન્યુ કર્યો કે " હવેથી કદિ પણ ગુરુ જેમ તેમ કોઇને ત્યાં જવું નહીં "

એવામાં રાજા વસંતમહોત્સવ આવ્યો જાણીને મહા ઐશ્વર્ય સહિત ઉદ્યાનમાં ક્રીડા કરવા નીકળ્યો મહારાણી અભયાદેવી પણ વાહનમાં બેસીને કપિલા સહિત ત્યાં આવી મનોરમા પણ પોતાના છએ પુત્રોને લઇને વસંતશોભા જોવા માટે ચાલી અને સુદર્શન પણ તેજ ઉદ્યાનમાં એ પ્રમાણે આવ્યો ત્યાં મનોરમાને અને તેના છ પુત્રોને જોઇને કપિલાએ મહારાણી અભયાદેવીને પૂછ્યું " આ કોની સ્ત્રી છે ? અને આ પુત્રો કોના છે ? " અભયાદેવીએ કહ્યું ' એ સ્ત્રી તથા પુત્રો સુદર્શન શેઠના છે ' ત્યારે કપિલાએ કહ્યું " જ્યારે મેં તેની પરીક્ષા કરી ત્યારે તે કહે કે હું તો નપુંસક છું " તે સાંભળીને અભયાએ કપિલાને કહ્યું ' એ તો તેણે તને છેતરી " કપિલાએ કહ્યું ' એ ખરું, પરંતુ તમારી ચતુરાઈની પણ ત્યારે ખબર પડે કે જ્યારે તું એની સાથે ક્રીડા કરે ' રાણીએ કહ્યું " ત્યારે જ હું અભયા ખરી કે, જ્યારે એને વશ કરું '

એકદા રાણીની સખી પંડિતાએ તેમને પૂછ્યું " હે સખિ ! તમારે શું ચિંતા છે ? " તે ઉપરથી રાણીએ પોતાનું વૃત્તાંત યથા સ્થિત કહી બતાવ્યું એટલે પંડિતાએ કહ્યું " કદાપિ મેરુગિરિ ખરે ચળવે પણ એ સુદર્શન શેઠ કદિ ડગશે નહીં એને પરસ્ત્રી બ્હેન તુલ્ય છે ' ત્યારે છેવટે રાણીએ તેના દર્શન કરાવવાનું પંડિતાને કહ્યું ને તે વાતની પંડિતાએ હા કહી અને કહ્યું કે " પર્વને દિવસે એને હું કપટ કરીને અહિં લાવીશ "

એવામાં ઇંદ્રમહોત્સવ આવ્યો તે સમયે રાજાએ ઢંઢેરો વજડાવ્યો " ચંપાપુર તથા બીજા સર્વ લોક મળ્યા

કરવા નગરની બહાર આવ્યા, પણ અભયારાણી માયુ દુ ખવાનુ બ્હાનુ બતાવીને મહેલમાજ રહી પાછળ સુદર્શન શેઠ પણ રાજાની આજ્ઞા થવાથી દેવમદિરમા જઇ કાઉસ્સગ્ગધ્યાને રહ્યા. પેલી પડિતા દાસી હવે યુક્તિ કરીને એક યક્ષની પ્રતિમાને વાહનમા બેસારીને દેવમદિરે લઇ ગઇ અને પાછી વળતી વખતે કાઉસ્સગ્ગ ધ્યાને રહેવા શેઠને તે સ્થળે બેસારીને મહેલમા લાવી એટલે અભયારાણીએ કહ્યુ "હે સુદર્શન ! મારી સાથે ભોગ ભોગવ" એમ વારવાર કહેવા લાગી પણ સુદર્શન કઇ બોલ્યો નહી ત્યારે છેવટે તેણીએ કહ્યુ "જો તુ મ્હારૂ વચન નહિ માન્ય કરે તો હુ તહારા પ્રાણ લઇશ" છતા પણ શેઠે તેણીનુ વચન અગીકાર કર્યુ નહિ, તેથી રાણીએ મ્હોટે સ્વરે બૂમ પાડી કે 'અરે કોઇ આવો ! આ દુષ્ટ અહિ મ્હારૂ શીળ ભંગ કરવા આવ્યો છે !" એટલે રાજપુરૂષો દોડી આવ્યા અને શ્રેષ્ઠીને રાજા પાસ લઇ ગયા રાજાએ તેને પૂછવા માડયુ પણ પોપટનો ભગ થવે એવા ભયથી તેણે કઇ ઉત્તર આપ્યો નહી તે ઉપરથી ક્રોધે ભરાઇ રાજાએ તેને શૂળી ઉપર લઇ જવાની આજ્ઞા કરી એટલે રાજપુરૂષો તેને ગામમા ફેરવીને સ્મશાન ભૂમિ પ્રત્યે લઈ ગયા અહિ મનોરમા પોતાના સ્વામીનાથની આવી દશા જાણીને વિચારવા લાગી "મ્હારો ભર્તાર એમ કદાપિ કરે નહી." એમ ૨૮ નિશ્ચય કરીને તે કાયોત્સર્ગે રહી અને એમ અભિગ્રહ કર્યો કે " જ્યારે મ્હારા ભર્તારનુ વિઘ્ન નાશ થશે ત્યારે જ હુ કાયોત્સર્ગ પારીશ '

સ્મશાનભૂમિમા સુદરા ન શેઠને શૂળિ ઉપર આરોપ્યા કે તુરતજ શાસન દેવતાએ શૂળીનુ સુવર્ણનુ સિંહાસન કરી નાખ્યુ ! તે જાણીને રાજા ત્યા આવ્યો. અને શ્રેષ્ઠીને સિંહાસન ઉપર બેઠેલો જોઈ તે ચમત્કાર પામ્યો એટલે શાસન દેવીએ કહ્યુ, 'જો કોઇ આ સુદર્શન શ્રેષ્ઠીનુ અશુભ ચિંતવશે, તેના હુ પ્રાણ લઇશ, કારણ કે એ તો મહા શીળવાન છે " પછી સુદર્શન શેઠને મહા

ઉત્સવ પૂર્વક ઘેર લઈ ગયા તેમને વૈરાગ્ય પ્રાપ્ત થયો તેથી તેમણે સયમ ગ્રહણ કરી સર્વ કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું આવી રીતે પોતાના શીળના માહાત્મ્યથી તેઓ અંતે મોક્ષ-ગામી થયા. મનોરમા પણ અનુક્રમે સયમ ગ્રહણ કરી, કર્મને હણી મોક્ષસુખ પામી

સ્થૂલભદ્ર મુનિ.

જેવી રીતે સ્થૂલભદ્રે મત્રીની પદવી ત્યજી દઈને સયમ અગી-કાર કર્યો અને કોશ્યાએ તેને ચળાવવા અનેક ઉપસર્ગ કર્યા હતા પણ તેઓ તલભાર ડગ્યા નહી, તેમ સંતોરૂપી ઐશ્વર્યના વાછક પુરૂષો રાજ્યને ઉપસદ કરતા નથી અને શીળવતમા દૃઢ રહી સ્ત્રીઓના હાવભાવથી ચળતા નથી

પાટલીપુત્ર(પટના) નગરને વિષે નવમો નદ રાજા રાજ્ય કરતો હતો તેને કલ્પ વરાનો શકટાળ નામે મત્રી હતો તેને લક્ષ્મીવતી નામની સ્ત્રી, સ્થૂળભદ્ર તથા શ્રીયક નામના બે પુત્રો અને સાત પુત્રીઓ હતી (આ સબંધ શ્રીય-ની કથાથી જાણી લેવો) શકટાળ મત્રી દેવગત થયા પછી નદ રાજાએ રિવાજ પ્રમાણે તેના પુત્ર શ્રીયકને પ્રધાન પદ લેવાનુ કહ્યુ તેણે કહ્યુ ' મ્હારો મ્હોટો ભાઇ સ્થૂળભદ્ર કોશ્યા ગણિકાને ઘેર બાર વર્ષ થયા રહે છે, તેને બોલાવીને એ પદ લો આપો ! " તે પરથી રાજાએ સેવકોને મોકલીને તેને બોલાવ્યો તે આવીને નમન કરીને ઉભો રહ્યો રાજાએ તેને સન્માન પૂર્વક કહ્યુ—" તમ્હારો પિતા મૃત્યુ પામ્યો છે, માટે એ પદ ક્રમપ્રમાણે તુ ગ્રહણ કર " સ્થૂલભદ્રે રાજાને કહ્યુ ' આપનુ કહેવુ પ્રમાણ છે પણ વિચાર કરીને ગ્રહણ કરીશ " એમ કહીને તે અશોકવનમા ગયો ત્યા જઇને વિચારવા લાગ્યો—" જો એ પદ હુ ગ્રહણ કરીશ તો હુ પરવશ થઈશ અને એમ પણ થશે કે, તેમના વિચાર

પ્રમાણે નહિ અનુસરૂ તો તે રૂષ્ટ થઇ પ્રાણ પણ લેશે માટેજ કહ્યું છે કે–દરિદ્ર, રોગી, મૂર્ખ, દાસ૦ અને નિત્ય સેવક એ પાંચે જણ જીવતા છતા મૃત્યુ પામેલા જેવા સમજવા બરેબરા સુખી તો તેજ છે કે જેઓ ભોગવિલાસને ત્યજીને મુક્તિસુખને દેનાર એવા સંયમને અંગીકાર કરે છે ”

આવો વિચાર કરી લોચ કરીને મુખવાસકા અને રજો હરણ સહિત તેણે રાજા પાસે જઈ ધર્મલાભ કહ્યો રાજાએ કહ્યું “ किं आलोचितम् तु विचार कर्यो ? ’ સ્થૂળભદ્રે એવો અર્થ કર્યો કે, “કેમ, લોચ કર્યો ?” અને એવું સમજીને તેણે ઉત્તર આપ્યો કે, “હા જી, મે लोचितम् લોચ કર્યો, એ વ્યાપારે મારે સર્યું મ્હારે એ મુદ્રાવ્યાપાર નહિ જોઇએ, કારણકે, વ્યાપાર પાંચ મુદ્રાવાળો છે જેમકે હાથને વિષે મુદ્રા, મુખે મુદ્રા, બન્ને પગે બે મુદ્રા અને ઘરને વિષે પણ મુદ્રા, એ પ્રમાણે વ્યાપાર પાંચ મુદ્રા વાળો છે ’ એમ કહીને ધર્મલાભ દઇ તેમણે શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે જઇને સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગરૂપી દીક્ષા ગ્રહણ કરી પછી રાજાએ શ્રીયકને મંત્રીપદ આપ્યું તેણે પણ સ્થૂલભદ્રના વિયોગથી પીડાતી કોશ્યા-વેશ્યાને બોધ પમાડીને શોક દૂર કર્યો હવે સ્થૂળભદ્ર મુનિ ગુરૂના વચનની સેવા કરતા તપશ્ચર્યાદિ કરતા-કરતા અભ્યાસ કરતા લાગ્યા એક વાર વર્ષાઋતુ શરૂ થયા પહેલા નવ શિષ્યોએ સંભૂતિવિજય ગુરૂ પાસે આવીને જુદા જુદા અભિગ્રહ લીધા-એકે કહ્યું કે, “હું ચારે મહિના સિંહની ગુફા પાસે કાયોત્સર્ગે રહીશ ” બીજાએ કહ્યું કે, “હું સર્પના બીલ પાસે ચાર મહિના સુધી કાયોત્સર્ગે રહીશ ” ત્રીજાએ કહ્યું કે, “ હું કુવાના ભારવટિયા ઉપર કાયોત્સર્ગે રહી ચોમાસું નિર્ગમન કરીશ ’ તે વખતે સ્થૂળભદ્રે આવીને કહ્યું “હે ભગવન્ ! હું કોશ્યા ગણિકાની ચિત્રશાળાને વિષે પરસ ભોજન લેતો છતો ચોમાસું પૂર્ણ કરીશ ” ગુરૂએ સર્વને કહ્યું “સો પોતપોતાના

વાંછિત સ્થાનકે સુખે જાઓ પણ ત્યાં તમારે ધર્મને વિષે તત્પર રહેવું "

પછી પેલા બધે શિષ્યો પોતપોતાને ઇચ્છિત સ્થાનકે જઇને રહ્યા સ્થૂલભદ્ર પણ ગુરૂને નમીને કોશ્યા વેશ્યાને ઘેર ગયા ત્યાં તો તેમને જોઇને તે તુરતજ અંજલિ જોડીને ઉભી થઇ અને તેમને સન્માનપૂર્વક કહેવા લાગી—" પધારો, સ્વામિ પધારો, આદેશ હોય તે ફરમાવો, આપને જે રૂચે તે કરવાને દાસી તૈયાર છે " સ્થૂળભદ્રે કહ્યું, "તને ધર્મનો લાભ થાઓ તહારી ચિત્રશાળાની મારે ચોમાસુ રહેવાને માટે જરૂર છે " એટલે તેણીએ તેમને ચિત્રશાળા સોંપી કોશ્યાની રજા લઇ તેમા તેઓ રહ્યા વેશ્યાએ વિચાર્યું કે 'સુકુમાર દેહવાળા એ કુમાર વ્રતભાર નહિ સહન કરી શકનાર્યો અહિ પાછા આવ્યા છે લજ્જાને લીધે તે ભુખ્યા જો કે કંઈ નહિ બોલે, તોપણ અનુક્રમે બોલશે અને મને લાભ આપશે એને હું ક્ષણવારમા ચાતુર્ય અને શૃંગારરસ રૂપી સમુદ્રમ ડૂબાડીશ "

એમ ધારીને તે વેશ્યા બાકણુ, સંઘાણુ અને સંઘાનેય એ ત્રણ પ્રકારના ધાન્યથી તથા દૂધ, દહિ, ઘી, કાજી, ઘાંગ અને મધ એ છ રસોથી, તથા મૂગ, કંદ, ઈક્ષુરસ, લતા, પત્ર, પુષ્પ અને ફળ એ છ પ્રકારના શાકથી મુનિને હમેશા જમાડવા લાગી તેમના જમી રહ્યા પછી પડો રહેલુ ભોજન તે જમતી પછી તે વેશ્યા અનેક મનોરથાદિક કરતી દુસહ ભ્રુકુટિ રૂપ બાણને ચલાવતી મુનિની પાસે આવતી, તો પણ તેણીની બહારની સ્થિતિ કે બહારનુ રૂપ જોઇને તેઓ ક્ષુબ્ધ થયા નહિ, તેમ તેણીની અંતરંગની મલીન સ્થિતિ જોઇને વિરક્ત પણ થયા નહીં ! વેશ્યા તેમને મોહ પમાડવાને જે જે ઉપાયો આદરવા લાગી, તે તે સર્વ નિષ્ફળ થવા લાગ્યા, કારણ કે આકાશમા ચિત્રની રચના અને જળને વિષે દીપક એ કદી બને નહીં

પ્રમાણે નહિ અનુસરૂ તો તે રૂષ્ટ થઇ પ્રાણ પણ લેશે માટેજ કહ્યું છે કે-દરિદ્ર, રોગી, મૂર્ખ, કારાદ અને નિત્ય સેવક એ પાંચે જણ જીવતા છતા મૃત્યુ પામેના જેવા સમજવા બરેબરા સુખી તો તેજ છે કે જેઓ ભોગવિલાસને ત્યજીને મુક્તિસુખને દેનાર એવા સંયમને અંગીકાર કરે છે '

આવો વિચાર કરી લોચ કરીને મુખવાસ્ત્રિકા અને રજોહરણ સહિત તેણે રાજા પાસે જઈ ધર્મલાભ કહ્યો રાજાએ કહ્યું " किं आलोचितम् तु विचार कर्यो ? " સ્થૂળભદ્રે એવો અર્થ કર્યો કે, " કેમ, લોચ કર્યો ?" અને એવું સમજીને તેણે Cत्तर આપ્યો કે, "હા જી, મે लोचितम लोच કર્યો, એ વ્યાપારે આપે સર્યું રહ્યારે એ મુદ્રાવ્યાપાર નહિ જે એ, કારણકે, વ્યાપાર પાંચ મુદ્રાવાળો છે ' એમ કહીને ધર્મલાભ દઇ તેમણે શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે જઇને સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગરૂપી દીક્ષા ગ્રહણ કરી પછી રાજાએ શ્રીયકને મંત્રીપદ આપ્યું તેણે પણ સ્થૂલભદ્રના વિયોગથી પીડાતી કોશ્યા-વેશ્યાને બોધ પમાડીને શોક ઉતરાવ્યો હવે સ્થૂળભદ્ર મુનિ ગુરૂના ચરણની સેવા કરતા તપશ્ચર્યાદિ કરતા કરતા અભ્યાસ કરવા લાગ્યા એક વાર વર્ષાઋતુ શરૂ થયા પહેલા નવ શિષ્યોએ સંભૂતિવિજય ગુરૂ પાસે આવીને આવા અભિગ્રહ લીધા-એકે કહ્યું કે, " હું ચારે મહિના સિંહની ગુફા પાસે કાયોત્સર્ગે રહીશ " બીજાએ કહ્યું કે, " હું સર્પના બીલ પાસે ચાર મહિના સુધી કાયોત્સર્ગ રહીશ " ત્રીજાએ કહ્યું કે, " હું કુવાના ભારવટિયા Cपर કાયોત્સર્ગે રહી ચોમાસુ નિર્ગમન કરીશ ' તે વખતે સ્થૂળભદ્રે આવીને કહ્યું " હે ભગવન્ ! હું કાશ્યા ગણિકાની ચિત્રશાળાને વિષે પડ્રસ ભોજન લેતો છતો ચોમાસુ પૂર્ણ કરીશ " ગુરૂએ સર્વને કહ્યું " સૌ પોતપોતાના

વાંછિત સ્થાનકે સુખે જાઓ પણ ત્યાં તમારે ધર્મને વિષે તત્પર રહેવું ”

પછી બીજા બધે શિષ્યો પોતપોતાને ઇચ્છિત સ્થાનકે જઇને રહ્યા સ્થૂલભદ્ર પણ ગુરૂને નમીને કોશ્યા વેશ્યાને ઘેર ગયા ત્યારે તેમને જોઇને તે તુરતજ અંજલિ જોડીને ઉભી થઇ અને તેમને સન્માનપૂર્વક કહેવા લાગી–“ પધારો, સ્વામિ પધારો, આદેશ હોય તે ફરમાવો, આપને જે રૂચે તે કરવાને દાસી તૈયાર છે ” સ્થૂલભદ્રે કહ્યું, “તને ધર્મનો લાભ થાઓ ત્યારે ચિત્રશાળા જોવાસારૂ રહેવાને માટે જરૂર છે ” એવું સાંભળી તેણીએ તેમને ચિત્રશાળા જોવા કોશ્યાની રજા લઇ તેમા તેઓ રહ્યા વેશ્યાએ વિચાર્યું કે ‘ગુફામાં રહેવાવાળા એ કુમાર પ્રથમ નહિ સહન કરી શકવાથી અહિં પાછા આવ્યા છે લજ્જાને લીધે તે ભલા બોલે કે કંઈ નહિ પોતાના તોપણ અનુક્રમે બોલશે અને મને લાભ આપશે એને હું ષડ્રસવાળા ચાતુર્માસ અને મૃગાદિ પણ સમુદ્રમ ક્ષોભાવીશ ”

એમ ધારીને તે વેશ્યા આમ્બ, આમ્બાડ અને સપ્તાનેય એ બધા પ્રકારના ધાન્યથી તથા દૂધ, દહિં, ઘી, કાકડી, છાશ અને ભક્ષ એ ૬ ભેદથી, તથા મૂગ, કેર, કંપરસ, લતા, પત્ર, પુષ્પ અને ફળ એ ૬ પ્રકારના શાકથી મુનિને ભોગાં જમાડવા લાગી નમતા જમી જાય પડી પડી રહેલું ભોજન તે જમતી પછી તે વેશ્યા અનેક મનોરથાદિક કરતી દુસહ ભ્રકુટિ કટાક્ષ આદિને બતાવતી મુનિની પાસે આવતી, તો પણ તેણીની અદ્વાગની સ્થિતિ કે અદ્વાગનુ રૂપ જોઇને તેઓ રક્ત થયા નહિ, તેમ તેણીની અંતરંગની મલીન સ્થિતિ જોઇને વિરક્ત પણ થયા નહીં ! વેશ્યા તેમને ભોગ પમાડવાને જે જે ઉપાયો આદરવા લાગી, તે તે સર્વ નિષ્ફળ થવા લાગ્યા, માણ્યું કે આકાશમા ચિત્રની રચના અને જળને વિષે દીપ- જોવું નહીં

આમ તે કોશ્યા નિત્ય નિત્ય તેને ક્ષોભ પમાડવાને નવીન નવીન ઉપાય કરે, પણ સ્થૂળભદ્ર મુનિ ધ્યાન રૂપી રસથી ડગે નહી ઉલટુ તેણીના ઉપસર્ગથી તેમનુ ધ્યાન વધારે વધારે દીપવા લાગ્યુ, કે જેવી રીતે પુષ્કળ પ્રહાર વાગવાથી વીર પુરૂષનુ સત્ત્વ વધારે ને વધારે પ્રકાશે પછી પ્રથમ હાવભાવ બતાવીને તેમના ચરણમા પડીને તેણીએ ભોગસુખાદિકને વિષે પૂર્વની પેઠે તેમને મનાવવા માડયા, ત્યારે સ્થૂળભદ્ર મુનિ બોલ્યા " હે કોશ્યા ! આ જીવે બહુ ભોગ ભોગવ્યા છે, પરન્તુ તૃપ્તિ પામ્યો નથી કહ્યુ છે કે-" કામભોગ શલ્ય છે, કામભોગ વિષ છે અને કામભોગ આશીવિષ (સર્પની દાઢમા રહેલા ઝેર) જેવા છે તે કામભોગ ભોગવ્યા ન હોય છતા તેની પ્રાર્થના કરવાથી એટલે તેની ઇચ્છા કરવાથી પણ જીવો દુર્ગતિમા જાય છે વળી ચેતના રહિત વસ્તુને વિષે પણ રાગ છે તે દ્વેષને પોષવાને અર્થેજ છે કારણ કે, મજીઠમા રાગ-રંગ છે તો તેને બહુ ખડાનુ પડે છે અને અત્યંત તાપ સહન કરવા પડે છે વળી મૂર્તિમા જેવા એકેંદ્રિય જીવને પણ રાગના દ્વેષને વીધે વિષ્ટા ઉપર નખાવાનુ તથા પત્થરથી પીલાવાનુ સહન કરવુ પડે છે જેમ તંતુ મચ્છરને બાધી શકે છે, પણ હસ્તિને બાધી શકતો નથી, તેમ વિષય તો ફક્ત કાયર પુરૂષનેજ નિર્બળ કરે છે પણ ઉત્તમ પુરૂષને નહી વળી મૈથુનસજ્ઞામા આરૂઢ થએલો જીવ નવ લાખ જીવોને હણે છે, એમ આગમમા કહ્યુ છે, માટે મૈથુનથી જીવોની હિંસા થાય છે " સ્થૂળભદ્રે કહેલા આવા ઉપદેશવચનથી કોશ્યા વેશ્યાએ પોતાના કુળાચારધર્મને છાડીને શ્રાવકધર્મ અગીકાર કર્યો પૂર્ણ ભાગ્ય વિના કુમાર્ગ ત્યજી શકાતો નથી જે સ્ત્રી પુરૂષો સન્માર્ગગામી હોય છે તેઓજ મોક્ષ લક્ષ્મીના ભોક્તા થાય છે સ્થૂળભદ્ર મુનિએ આ પ્રમાણે ઘટિયો ઉપર જીત મેળવી તે જોઇને કોશ્યાએ પણ એમ અભિગ્રહ કર્યો

કે, " રાજા પ્રસન્ન થઈને જે પુરૂષને મ્હારી પાસે મોકલે, તે પુરૂષ સિવાય બીજા બધા મ્હારે ભાઈ સમાન છે "

ચોમાસુ પૂર્ણ થએ સ્થૂળભદ્ર ગુરૂ સમીપે આવ્યા બીજા ત્રણ શિષ્યો પણ પોતપોતાના અભિગ્રહ પૂર્ણ થએ ત્યા આવ્યા તે ત્રણને જોઇ ગુરૂએ કહ્યુ " અહો ! તમે દુષ્કર કર્યુ છે ! " પણ સ્થૂળભદ્રને તેમણે ઊઠીને એમ કહ્યુ કે, " અહો ! તમે અતિ દુષ્કર કર્યુ છે ! ! " તે ઉપરથી તે ત્રણે મુનિઓ વિચારવા લાગ્યા- "આપણે સામાન્ય કુળમા જન્મેલા છીએ અને આ સ્થૂળભદ્ર તો શકટાળ મંત્રીના પુત્ર ખરો ને ! તેથી ગુરૂએ એને એ પ્રમાણે 'અતિ દુષ્કરકારક' એમ કહ્યુ છ રસના આહારના ભોગવનારાની તેમણે પ્રશંસા કરી " બત્રીશ લક્ષણવાળા વયથી કોશ્યા વેશ્યાને વિષે આસક્તિ પામેલા સ્થૂળભદ્રે વ્રતનુ આચરણ કરીને વિષને જીતનાર એના કામને, ભોવરૂપી શસ્ત્રથી ભાગીને ગુરૂના પ્રસા થી આ 'અતિ દુષ્કરકારક કર્યુ" એવુ પદ મેળવ્યુ પેલા ત્રણ દુષ્કરકારક મુનિઓ વળી વિચારવા લાગ્યા કે, "ગુરૂને પણ કોઇક આધીન છે, ને કોઇ ઓછા છે ! માટે હવે આપણે આવતા ચોમાસામા દુષ્કર દુષ્કરકારક થઇશુ " એવો નિશ્ચય કરીને તે ત્રણેએ બહા કષ્ટે આઠ મહિના કાઢયા

હવે ચોમાસુ આવ્યુ ત્યારે સિંહગુફામા રહેલા મુનિએ આચાર્યને કહ્યુ " સ્થૂલભદ્રે કર્યુ તેમ કરીશ " ગુરૂએ કહ્યુ "હે મહાનુભાવ ! સ્થૂલભદ્રે જે કર્યુ છે, તે કોઇ નહી કરી શકે !" તારે વળી સ્થૂળભદ્રનો વાદ શો ? સૂર્ય વિના બીજો કોણ દિવસ ન કરી શકે ચંદ્ર વિના બીજો કોણ અમૃત ઝરે ? પાણી વિના બીજો કોણ ધાન્ય નીપજાવે ? અને ચક્રવર્તી સિવાય બીજો કોણ છ ખંડ સા [illegible] ? માટે તે આવો અભિગ્રહ કર્યો છે, તે તારૂ પૂર્વનુ પુણ્ય

સંભૂતિવિજય આચાર્યે, આ પ્રમાણે બહુ આગ્રહ કર્યો, છતાં તે નહિ માનતા તે મુનિ કોશ્યાના આવાસે આવ્યા ત્યારે તેણે તેણીની ચિત્રશાળા માગી, જે તેણીએ આપી કોશ્યાએ જાણ્યું કે, સ્થૂળભદ્ર ઉપર ઈર્ષ્યાને લીધે તે અહિ આવ્યા છે તે ઉપરથી તેણીએ તેમને છ રસ યુક્ત આહાર જમાડયો પછી ઉન્મત્તની જેવી તે વેશ્યા શૃંગાર, હાવભાવ વગેરે વિચારો કરતી મુનિ પાસે આવીને ઉભી રહી તેને જોઇને મુનિ ક્ષોભ પામ્યા કહ્યું છે કે, સારા અવયવે યુક્ત જોવી ને દેખીને કોણ ન પડે? અગ્નિએ કોણ ન બળે? લક્ષ્મીથી કોણ મોહ ન પામે? અને વિધને વશ કોણ ન થાય?

હવે કામાતુર અને ભોગવાંછાવાળા મુનિને જોઇને વેશ્યા એ કહ્યું "અમારે દ્રવ્ય જોઈએ, દ્રવ્ય વિના કોઈ આવા ભોગ ભોગવી શકે નહી" તે ઉપરથી કામાતુર સાધુ બોલ્યા "મ્હારી પાસે હાલ કાંઈ નથી, પછી હું આપીશ" ત્યારે વેશ્યા તેમને પ્રતિબોધ પમાડવાને બોલી "જો ભોગની વાંછા હોય તો નેપાળ દેશને વિષે જાઓ ત્યાંનો રાજા સાધુઓને લક્ષમૂલ્યવાળી રત્નકંબલ આપે છે, તે લઈ આવો અને પછી તમારું ઈચ્છિત કરો"

કામાતુર મુનિ તો ચોમાસું હતા પણ નેપાળ દેશમા ગયા અને ત્યાંથી રત્નકંબળ લઇને પાછા વળ્યા રસ્તામા પલ્લિપતિનો પોપટ બોલ્યો 'લક્ષ જાય છે" એ સાભળીને પલ્લિપતિએ જાણ્યુ કે સાધુ પાસે લક્ષ મૂલ્યની વસ્તુ છે તે ઉપરથી કંબળ લઈ લીધી તેથી સાધુને ફરી નેપાળ જવુ પડયુ અને રૂપ બદલવુ પડયુ એમ કરીને ફરી રત્નકંબળ લાવ્યા તેને વાસની પોથી નળીમા સંતાડી લાવ્યા પોપટ બે ત્રણ વાર બોલ્યો "લક્ષ જાય છે, લક્ષ જાય છે' પણ પલ્લિપતિને કાંબળ જડી નહી તેથી બહુ કષ્ટે સાધુજી રત્નકંબળ લઇને વેશ્યા પાસે આવ્યા તે તેણીને આપી એટલે વેશ્યાએ સ્નાન કરીને તેના વડે શરીર લુહિને તેને ઘરની બાળને વિષે

ફેંકી દીધી ! સાધુએ કહ્યું "અરે કોશ્યા ! આ મહામૂલ્યવાળી રત્ન-કંબળ અત્યંત કષ્ટે પ્રાપ્ત કરી છે, તેને તું કેમ બાગમાં ફેંકી દે છે?" વેશ્યાએ કહ્યું 'અરે મૂર્ખ સાધુ ! એનો શો શોચ કરે છે? આ મહા કષ્ટે ઉપાર્જન કરેલો મનુષ્યઅવતાર, વળી તે પણ શુદ્ધ ચારિત્ર યુક્ત તેને ભોગ મળ મૂત્ર ભરિત એવા શરીરમાં ફેંકી દેતા તને કેમ શોચ થતો નથી ?' આ સાભળીને મુનિને કામરાગ વિલસમાન થઈ પડયો એવો વેશ્યાએ વૈરાગ્ય પમાડયો કે જેને એવા મુનિ બોલ્યા–"હે સુખની દેનારી ! હું મહામોહજળમાં પડયો, તેને હાર જેવી વેશ્યાએ ચતુરાઈ નાખરી ઉદ્ધર્યો છે જે અતિ ચારદાર મને લાગ્યા છે તે આળોવીને હું પાપ રહિત થઇશ હવે હું ગુરૂ પાસે જઉ હું તને હમેશા ધર્મલાભ થાઓ" કોશ્યાએ કહ્યું "હે પ્રભો ! બ્રહ્મચારી એવા આપને પણ પ્રતિબોધવાને અર્થે મે જે આશાતના કરી હોય, તે આપ ક્ષમા કરજો"

હવે તે સાધુ સ્થૂળભદ્ર મુનિની આ પ્રમાણે સ્તુતિ કરે છે પર્વત ની ગુફામાં કે ભાણખો વિનાના વનમાં વાસ કરીને તો હુન્નરો જણ ઇંદ્રિયો વશ્ય રાખી શકે, પરંતુ અતિ મનોહર એવી હાવેલીઓમાં સ્ત્રી જનની સમીપે રહીને ઇંદ્રિયો ઉપર નિગ્રહ રાખનાર તો શકડાળ પુત્ર સ્થૂળભદ્ર એકજ છે ! જે અગ્નિમાં પ્રવેશ કર્યા છતા નાઝયોનહી, ખડ્ગને અગ્ર ભાગને પામ્યા છતા છેદાયો નહિ, કાળાસર્પના ઘરમાં રહ્યા છતા દંશ પામ્યો નહી અને કાજળના ઘરમાં રહ્યા છતા પણ જેને ડાઘ માત્ર લાગ્યો નહી ! સદા રાગવતી અને પોતાને અનુસરનારી એવી વેશ્યાનો સંગ છતા, છ રસ યુકત ભોજન મળતા છતા, ઉત્તમ સ્થળ, મનોહર શરીર તથા નવ યૌવનનો સમાગમ છતા અને ચોમાસાનો કામોત્પાદક કાળ છતા પણ જે મહાપુરૂષે કામદેવ ઉપર જીત મેળવી, તે સ્ત્રીને પ્રબોધ પમાડવામાં કુશળ એવા શ્રી સ્થૂળભદ્રને નમસ્કાર થાઓ"

પછી વેશ્યાને [illegible] કહીને સિંહગુફાવાસી મુનિ

પાસે આવ્યા ત્યા ગુરૂએ કહ્યુ, "મહાનુભાવ ! મહારો નિષેધ છતા પણ તુ ત્યા ગયો, મે કહ્યુ હતુ કે, સ્થૂળભદ્રે કર્યું તે કોઇથી કરી શકાશે નહી સ્થૂલભદ્ર સમાન કોઇ નથી " હે કામદેવ! આ સ્ત્રીઓ તહારા મુખ્ય શસ્ત્ર છે વળી વસત, કોયલ, પચમ રાગ અને ચદ્ર પ્રમુખ તહારા મુખ્ય વીરો છે હરિ, શિવ, બ્રહ્મા વગરે તહારા સેવકો છે, છતા એ ખેદ યુક્ત છે કે તુ આવા એક મુનિથી પણ આશાભગ થઇને હણાયો ! વળી હે રતિપતિ મ ન ! આ સ્થૂનભદ્ર મુનિને નંદિષેણ, રથનેમિ મુનીશ્વર અને આર્દ્રકમાર તુલ્ય ગણ્યા, પણ તે ન જાણ્યુ કે, એ તો નેમિનાથ, જબુસ્વામિ અને ગુર્જર શેઠની પેઠે ચોથા થઇને તને રણક્ષેત્ર ને વિષેજ હણશે વળી સ્થૂળભદ્ર અને નેમિનાથ એ બન્નેને સરખાવીએ તો પણ અમે તો સ્થૂળભદ્રને જ ઉત્તમ વીર માનીશુ, કારણકે નેમિનાથે તો ગિરનાર પર્વત ઉપર ચઢીને મોહને જીત્યો પણ સ્થૂળભદ્રે તો મોહના જ ઘરમા પ્રવેશ કરીને તે મોહને જીત્યો વળી અસ્થિર મનવાળા પુરૂષો જ સ્ત્રીના વિભ્રમોથી મોહ પામે છે, પણ સ્થૂનભદ્ર જેવા ધીર પુરૂષો મોહ પામતા નથી. પાષાણ ચૂર્ણ થઇ શકે, લોહ અગ્નિને વિષે બળી શકે, પરતુ વૈડુર્યમણિ અગ્નિથી તપતા છતા પણ વિકૃતિ પામતો નથી

હવે નદ રાજાએ કોશ્યા વેશ્યાના ચરિત્ર-સ્વરૂપને જાણીને એક કુશળ સુથારને તે વેશ્યા સોપી અર્થાત્ તે સુથારને તે વેશ્યાને ઘેર મોકલ્યો ત્યા વિનય રહિત એવી વેશ્યા તે સુથારને પ્રતિબોધ પમાડવાને કહેવા લાગી " સ્થૂળભદ્ર વિના બીજો કોઈ પુરૂષ ધર્મવાન્ કે કુશળ દેખાતો નથી " તે ઉપરથી સ્થૂળભદ્રની પ્રશસાને નહિ સહન કરી શકવાથી, તે સુથારે પોતાની કળા દેખાડવા માટે શય્યામા બેઠા બેઠા જ એક તીર વડે આબાની એક લુબને વીધી પછી અર્દ્ધ ચદ્રાકાર બાણથી તે લુ

નેજ છેદીને મૂળ સહિત તે લુબ્ધને લઈને વેશ્યાના હાથમા
માપી ! એમ કરીને તેણે વેશ્યાને કહ્યુ કે, જોયુ ગ્હારૂ વિજ્ઞાન ? ”

એ ઉપરથી કોશ્યાએ તેના મદ Cતારનાને સર્ષવના ઢગલા
;પર સોય મૂકી, તે ઉપર પુષ્પ મૂકીને તેના ઉપર નૃત્ય કરના
નાડયુ, પરતુ સર્ષવ, સોય કે પુષ્પ કિંચિત્ પણ હાલ્યા નહી
ોશ્યાની કળાથી સતુષ્ટ થઈ સુથારે આદર સહિત કહ્યુ, “ તને
કુ શુ કહુ ? એ કઈ અપૂર્વ કળા નથી, એ તો પ્રાણીઓને પૂર્વના
અભ્યાસથી જાતિસિદ્ધ જ છે કહ્યુ છે ક—માછલા પાણીમા તરે
છે, પક્ષીઓ આમશમા ઊડે છે અને દેવતાઓ ત્રણે જગ-
તમા ફરે છે, તે તેમને પ્રકૃતિથી જ સિદ્ધ છે, કઇ આશ્ચર્ય યુક્ત
નથી માટે તે જે લુબ્ધ આણી તે અભ્યાસને લીધેજ અને મે જે
નૃત્ય કર્યુ તે પણ અભ્યાસથીજ માટે મે અને તે જે કર્યુ એ કઈ
દુષ્કર નથી, પરતુ ભોગથીજ ઉજ્વળ છે શરીર જેનુ એવા અને
ભોગમા જ ઉછરેલા એવા સ્થૂળભદ્રે, જે નહિ જાતિસિદ્ધ કે
નહિ અભ્યાસિત એવુ કર્યુ તેજ દુષ્કર કહેવાય તેજ આશ્ચર્ય
કર્ત્તા કહેવાય કે જે સ્થૂળભદ્રે કર્યુ ! ગ્હારી સાથે બાર વર્ષ સુધી
ભોગ ભોગવ્યા હતા, તેણે આવીને ગ્હારી ચિત્રશાળામા
રહીને છ રસનો આહાર લેતા છતા પણ અખંડ વ્રત પાળ્યુ ! ”
વળી વેશ્યા સુથારને કહેવા લાગી—“ એ પ્રમદારૂપી
વનમા નાહ્ય ગુચવાતા બહાર નીકળી આવ્યો, માટે એણેજ દુ
ષ્કર કાર્ય કર્યુ ”

આવુ આવુ વેશ્યાએ કહ્યુ, ત્યારે સુથારે “સ્થૂળભદ્ર કોણ ? ”
એમ પૂછ્યાથી તેણીએ ઉત્તર આપ્યો. “શકટાળ મત્રીનો પુત્ર ” ત્યારે
સુથારે કહ્યુ એવા પુરૂષનો તો હુ દાસાનુદાસ છુ એમ કહીને વૈરાગ્ય
પામવાથી ભૂપતિની રજા લઇને તેણે ગુરૂની પાસે દીક્ષા ગ્રહુ

હવે એકદા બાર વર્ષ સુધી દુકાળ પડયો, તે

સાધુઓનો સંઘ સમુદ્રનાદે શ્રી ગુરૂની પાસે આવ્યો આવો વિષમ સમય થવાથી આયુષ્ય ક્ષુધાથી પીડાતા હોવાથી ભણતા ગણતા બંધ થયા તેથી કેટલાક સિદ્ધાંતો વિસરી ગયા

તે ઉપરથી પાટલીપુત્ર નગરમાં સંઘ મળ્યો ત્યાં જેને જે જે સૂત્ર આવડતા હતા તે તે એકઠા કરીને અગીઆર અંગ પૂર્ણ કર્યા ત્યાર પછી શ્રી સંઘે બારમા દૃષ્ટિવાદ અંગ માટે બે સાધુઓને શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે મોકલ્યા તેમને પ્રણામ કરીને સાધુઓએ કહ્યું-" આપને ગુરૂ મહારાજ પાટલીપુત્ર નગરમાં બોલાવે છે " ભદ્રબાહુ સ્વામી બોલ્યા, " હુમણા મે મહાપ્રાણ નામનું ધ્યાન આરંભ્યુ છે, માટે હુંણાથી ત્યાં હુમણા આવી શકતો નથી " સાધુઓએ પાછા આવીને તે પ્રમાણે કહ્યું તે ઉપરથી ગુરૂએ અને શ્રીસંઘે ફરીથી બે શિષ્યને ત્યાં મોકલાવ્યા તેમણે ભદ્રબાહુસ્વામીને પૂછ્યું "જે સંઘની આજ્ઞા પ્રમાણે ન વર્તે તેને શો દંડ કરવો ?" શ્રીભદ્રબાહુસ્વામીએ ઉત્તર આપ્યો-' તેને શ્રીસંઘની બહાર મૂકવો " ત્યારે શિષ્યોએ તેમને કહ્યું "આ વચનથી તો તમેજ સંઘની બહાર થયા " ત્યારે ભદ્રબાહુ મુનિ બોલ્યા, " મ્હારે સંઘનો આદેશ પ્રમાણ છે, પણ હુમણા હું મહાપ્રાણ ધ્યાનમાં છું, તેથી મ્હારે નવરાશ નથી તોપણ હું તે સાધુઓને સાત વાચના દરરોજ એક વાચના ગોચરી જેથ આવીને આપીશ, બીજી સંધ્યાને આપીશ, ત્રીજી બહારની ભૂમિથી પાછા આવીને, ચોથી સંધ્યા સમયે અને નવા વાચના પ્રતિક્રમણ વખતે આપીશ એમ કરવાથી શ્રી સંઘનું તેમજ મ્હારૂં કાર્ય પણ થશે "

આ સાભળી તેમણે નમીને બંને સાધુ પાછા વળ્યા આવીને સંઘને સર્વ વાત કહી તેથી હર્ષ પામીને શ્રીસંઘે સ્થૂળભદ્ર પ્રમુખ પાંચસો સાધુને દૃષ્ટિવાદ શીખવાને મોકલ્યા આતરે આતરે થોડા થોડા વખત વાચના મળવાથી તેઓમાંના ઘણાખરા

સામાન્ય બુદ્ધિને લીધે ભણતા ભણતા દ્વેગ પામી થોડુ થોડુ શીખી પોતપોતાને સ્થાનકે જતા રહ્યા છેવટ ફક્ત સ્થૂળભદ્ર એકલા રહ્યા ત્યારે સ્થૂળભદ્રને પણ મનભંગ થયેલા જોઇને ગુરૂએ પૂછ્યુ —' કેમ બે૦ પામે છે ?" ઉત્તર મળ્યો કે, ' આપ અલ્પ વાચના આપો છો તેથી મને તૃપ્તિ થતી નથી " ગુરૂએ કહ્યુ "ફિકર ન કર, તારૂ ધ્યાન લગભગ પૂર્ણ થવા આવ્યુ છે, માટે એ મમામ થવ કે તુરત તને સતોષ થશે ત્યા સુધી પા૦ આપીશ ' ધ્યાનપૂર્ણ થએ ગુરૂએ સ્થૂળભદ્રને વાચના આપવા માંડી એટને સ્થૂલભદ્ર બુદ્ધિવત હોવાથી બે વસ્તુ સિવાય દશ પૂર્વ શીખી ગયા

હવે શ્રીયક પણ સભૂતિવિજયનો ધર્મોપદેશ સાભળી વૈરાગ્ય પામી દીક્ષા લેવાને આતુર થયો એટલે તેની સાથે તેની બહેનો પણ દીક્ષા લેવાને તત્પર થઇ તે એમ સમજીને કે, "સયમ લક્ષ્મી ગ્રહણ કર્યા વિના સસારનો પાર પામવાના નથી " એ ઉપરથી શ્રીયકે પોતાના પુત્ર શ્રીવન્તે મંત્રીપદે સ્થપાવી, રાજાની આજ્ઞા લઇ સાતે બહેનોની સાથે દીક્ષા અગીકાર કરી શ્રીસભૂતિ વિજયની પાસે તે સર્વે ભણતા ગણતા તપશ્ચર્યા કરતા વિહાર કરવા લાગ્યા

એટલા શ્રી પર્યુષણ પર્વ આવ્યા, ત્યારે શ્રીયકની બહેનો તેને કહેવા લાગી "હે ભાઇ ! આજે વાર્ષિકપર્વદિવસ છે, માટે આજ તો પચ્ચકખાણ કર, કારણકે, આવા પર્વને વિષે દાન, પુણ્ય, તપ કરવાથી અનત ફળ પ્રાપ્ત થાય છે કહ્યુ છે કે, જે પ્રાણી એકાગ્ર ચિત્તે જિનશાસનની પૂજા પ્રભાવનામા બુદ્ધિ કરવા તત્પર રહે અને એકાગ્ર થઇને કલ્પસૂત્ર સાભળે, તે શીઘ્રપણે ભવસાગર તરી જાય બહેનોનુ આવુ કહેવુ સાભળીને શ્રીયકે ચોરસી કરી ત્યાર પછી તેણે ગાઢચોરાનુ પચ્ચ કખાણ કર્યુ પછી પુરિમર્ઢનુ, પછી અવર્ઢનુ, એમ અનુ ક્રમે ઉપવાસ કર્યો આખો દિવસ મહોત્સવમા નિર્ગમન

પણ રાત્રિ તો બહુ દુઃખદાઈ થઈ પડી ! એટલે પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરાયું છે જેને એવો તે અંતે મૃત્યુ પામી પરલોક ગયો

ભાઈએ કાળ કર્યો તેથી યક્ષા સાધ્વી દુઃખથી ખેદ પામી શ્રી સંઘની આગળ કહેવા લાગી "મે બહુ અવિચારી કાર્ય કર્યું, તેથી મ્હારા ભાઇએ કાળ કર્યો એ પાપથી હું કેમ છૂટીશ ? મે સાધુનો ઘાત કર્યો, તેથી મ્હારે નરકગતિમા જવું પડશે માટે હવે હું આત્મઘાત કરીશ " શ્રી સંઘે કહ્યું–" એમા તમારો દોષ નથી એ તો તમે હિતબુદ્ધિએ એને ઉપવાસ કરાવ્યો, તમને પુણ્ય થશે અને તમારા ભાઇને પણ સ્વર્ગ પ્રાપ્ત થયુ છે " યક્ષાએ કહ્યું "પણ તે વાત શ્રી જિનેશ્વર કહે તોજ હું સત્ય માનું " એટલે શ્રી સંઘે કાયોત્સર્ગ કર્યો, તેથી શાસનદેવીએ યક્ષા સાધ્વી ને ધીમેથી ઊપાડીને શ્રીસીમંધરસ્વામી પાસે જઈ મૂકી તેણીએ નમસ્કાર કરી પોતાના સંદેહ પૂછ્યા ત્યારે અર્હત્ ભગવાને કહ્યું–" એમા તમારો દોષ નથી શ્રાવક બહુ કર્મોનો ક્ષય કરીને પહેલે દેવલોક ગયો છે, ત્યાથી તે મુક્તિ પામશે." ત્યા શ્રી સીમંધરસ્વામીએ ધર્મોપદેશ રૂપ ચાર ચૂલિકા આપી, તે ચારે તેણીએ ધારી લીધી

હવે પોતાનો સંશય નિવારણ થયો એટલે તેણીએ શ્રીજિનેશ્વરને વંદન કરી, શાસનદેવીની સહાય્યથી પોતાના સ્થાનકે આવીને ચારે ચૂલિકા શ્રીસંઘને આપી પછી યક્ષા સંઘ સહિત ધર્મકાર્ય કરવા લાગી

હવે એકદા તે સાતે બહેનો પોતાના ભાઇ સ્થૂળભદ્રને વંદન કરવા ગઈ વનને વિષે પૂજ્યપાદ ગુરૂ શ્રીસંભૂતિવિજય આચાર્યને નમીને પૂછ્યું " હે સ્વામિન્ ! અમારો ભાઇ ક્યા છે ? ગુરૂએ કહ્યું "આગળ જાઓ, અશોક વૃક્ષ આવશે, તેની પાસે તે એકાંતે સજ્ઝાય કરતો હશે " બહેનો ત્યા ગઇ, તો પોતાના

ભાઇની જગ્યાએ તેમણે સિંહને દીઠો તે જોઇ ભય પામીને તેઓ પાછી આવતી રહી આવીને ગુરૂને કહ્યું ' અમારા ભાઇને સિંહ ભક્ષણ કરી ગયો છે, કારણ કે ત્યાં તે નથી, ફક્ત એક સિંહ છે " આચાર્યે કહ્યું " ખેદ ન કરો તમારો ભાઇ કુશળ નિધમાન છે, ફરી જાઓ અને વંદન કરો " યક્ષાદિ સર્વ બહેનો-સાધ્વીઓએ ત્યાં જઇને સ્થૂલભદ્રને વાંદ્યા તેઓએ ત્યાં ચમત્કાર પામીને પૂછયું એટલે સ્થૂલભદ્રે ' એ સિંહનું રૂપ મે વિકુર્વ્યું હતુ " એમ કહ્યું એ વાત સાધ્વીઓએ જઇને સંભૂતિવિજય આચાર્યને કહી

હવે સ્થૂળભદ્ર સજ્ઝાય કરીને ગુરૂની પાસે વાચના લેવા આવ્યા ત્યારે ગુરૂએ કહ્યું, " હું તને હવે વાચના નહિ આપુ, તું અયોગ્ય છે તે સિંહનું સ્વરૂપ કર્યું, તો બીજાની શી વાત ? કાળના માહાત્મ્યથી હવે આગળ વિદ્યા પચશે નહીં, માટે સુપાત્રને વિદ્યા આપવી, કુપાત્રને ન આપવી જેવી રીતે કાચા ઘડાને વિષે નાખેલું પાણી તે ઘડાનોજ વિનાશ કરે છે, તેવી રીતે સિદ્ધાંતનું રહસ્ય પણ આધારનો વિનાશ કરે છે " તે ઉપરથી સ્થૂળભદ્રે શ્રી ગુરૂપાદને પ્રણામીને પોતાના અપરાધની ક્ષમા માગી, ' હું હવે પછી એવો અપરાધ નહિ કરૂં " પણ ગુરૂએ તો વાચના આપવાની ના પાડી ત્યારે શ્રી સંઘે મળીને કહ્યું 'હે સ્વામિન ! ત્યારે તમે બીજા દશ પૂર્વધારી સાધુઓને વાચના આપો " ગુરૂએ ઉત્તર આપ્યો કે, " સ્થૂળભદ્ર જેવાને પણ જ્ઞાનનું અજીર્ણ થયું, ત્યારે બીજાઓને તો તે કયાંથીજ પચશે ? કારણ કે આ કાળજ દુષમ છે " શ્રીસંઘે કહ્યું " એમ કરવાથી તો સર્વ પૂર્વનો વિચ્છેદ થશે અને તેનું પાપ આપને લાગશે ' ત્યારે ગુરૂએ કહ્યું " જો સ્થૂળભદ્ર હવે પછી બીજા સાધુઓને છેલ્લા ચાર પૂર્વ ન શીખવે, તો હું એને તેનો પાઠ આપુ " શ્રી સંઘે કહ્યું " આપે

કહ્યુ તેમજ થશે" પછી ગુરૂએ સ્થૂળભદ્રને છેલ્લા ચાર પૂર્વ મૂળથી શીખ્યા પણ તેના અર્થ શીખ્યા નહીં

હવે સ્થૂળભદ્ર મુનિ એકલા ચૌદ પૂર્વના ધારણહાર પૃથ્વીમા વિચરતા, તપશ્ચર્યા કરતા, અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા, કાળધર્મ પામી પહેલે દેવલોકે ગયા એવી રીતે જે કોઇ ભવ્ય પ્રાણીઓ શિયળવ્રતને ઉત્તમ રીતે પાળશે તે સ્વર્ગાદિના સુખ ભોગવી અંતે મોક્ષલક્ષ્મીને પામશે

સીતા સતી

જે સ્ત્રી પુરૂષો નિરંતર શીલવ્રત પાળે છે તેઓ ત્રણે ભુવનને વિષે સીતાની પેઠે પ્રશંસા પામે છે

મિથિલા નગરીને વિષે હરિવંશના વાસુકિ નામના રાજાની વિપુલા નામે રાણીની કૂખથી જ મેનો જનક નામનો રાજા રાજ્ય કરતો હતો તેને વિદેહા નામની સ્ત્રી હતી એકદા વિદેહાએ પુત્ર પુત્રીના યુગલને જન્મ આપ્યો તે વખતે સૌધર્મ દેવલોક થકી પિંગળ નામે દેવ ત્યાં આવીને પૂર્વ ભવના વૈરને લીધે તે યુગલમાંથી પુત્રને લઇને જતો રહ્યો જતા જતા તેને માર્ગમા ક્યા આવી, તેથી તેને કુંડલાદિ ભૂષણો પહેરાવી, વૈતાઢ્ય પર્વતના વનને વિષે મૂકી પોતાને સ્થાનકે ગયો તે વખતે તે પર્વત ઉપર આવેલા રથનુપુર નગરનો સ્વામી ચંદ્રગતિ વિદ્યાધર ત્યા આવ્યો તેણે પેલા બાળકને જોઇ, તેને લઈ જઈ પોતાની પ્રિયા પુષ્પાવતીને આપ્યો પછી નગરને વિષે તેણે "રાણી ગુપ્તગર્ભા હતી, તેણીને પુત્ર પ્રસવ્યો છે," એમ વાત પ્રગટ કરીને પુત્રનો જન્મોત્સવ કર્યો, અને ભામંડળનુ બિંબ દર્પણમા ઉતરવાથી તેનું ભામંડળ કુમાર એવું નામ પાડયુ અનુક્રમે ચંદ્રગતિના અત્યંત લાડમા ઉછરતો એ બાળ યૌવન વય પામ્યો

અહિં પાછળ મિથિલા નગરીને વિષે જનક રાજપુત્રને નહિ જોવાથી બહુજ દુ ખી થયો પણ ઉનટે શોક ત્યજી દઇ ને પુત્રીનુ નામ સીતા પાડયુ આ પુત્રી સીતાએ અનુક મે યૌવનાવસ્થા પ્રાપ્ત કરી સ્ત્રીની સર્વ કળાનો અભ્યાસ કર્યો એ જોઇ પિતા જનક તેને અર્થે વર શોધવાની ચિંતામા પડયો દીકરીનો બાપ મર્યા દુ ખીજ હોય છે કહ્યુ છે કે-એના જન્મ સમયે રોક, વૃદ્ધિ પામે તેમ (વર શોધવાની) ચિંતા અને તેપુીને પરણાવતા પણ દ ડ આપવો પડે એવામા મ્લેચ્છ લોકો દૈવયની પેઠે જનક રાજાને હણવા આવ્યા તે ઉપરથી તે ણે પોતાના મિત્ર દશરથ ભૂપતિને એ વાત જણાવી એટલે યુ વરાજ રામે પિતાની આજ્ઞા લઇને ત્યાં જઇ યુદ્ધમા સર્વ મ્લેચ્છ ઉપર વિજય મેળવ્યો તે ઉપરથી જનક રાજાએ હર્ષ પામી રામને મહોત્સવ સહિત પોતાના નગરમા આણ્યો અને તેને પોતાની પુત્રી સીતા આપવાને તત્પર થયો આ અવસરે પીળા કેશવાળા અને હસ્તને વિષે છત્ર ધારણ કરનાર એવા નારદ મુનિ ત્યા આવ્યા તેમનુ ભયાનક રૂપ જોઇ સીતા ભય પામી નાસવા લાગી તેણીની દાસીઓએ પણ કોલાહલ કરી મુક્યો તે સાભળી રાજસેવકોએ આવી નારદ ઋષિને કઠે ઝાલીને ઘરથી બહાર કાઢી મૂક્યા આમ થવાથી ઋષિ કોપાયમાન થયા અને સીતાની એક સરસ છબી આલેખીને તેણે તે ચદ્રગતિ વિદ્યા ધરના પુત્ર ભામડળને બતાવી એ છબી "પોતાની બ્હેનની છે" એમ ન જાણનારો કુમાર તો એ જોઇને કામવિહ્વલ થયો અને અલ્પ જળમા રહેલા માછલાની સ્થિતિને પામ્યો ચદ્રગતિએ પોતાના સુતના ઉદ્વેગનુ કારણ જાણી લઇ, ચપળગતિ નામનો દૂત મોકલીને જનક રાજા પાસે સીતાનુ માગુ કર્યું

જનકે પ્રીતિ સહિત કહ્યું 'મે પૂર્વે આ મહારી પુત્રીને દશરથ રાજાના કુમાર રામને આપવાનુ ધારી મૂકયુ છે, તો પણ

હવે એમ કહું છુ કે જે મનુષ્ય દેવતાથી અધિષ્ટિત એવા વજ્રાવર્ત નામના બે ધનુષ્યને ઉપાડીને એના ઉપર પણછ ચઢાવશે તેને સીતા વરશે એમ કહીને તેણે સ્વયંવર મંડપ રચાવ્યો અને એ બે ધનુષ્યોને સ્વયંવર મંડપમા મૂકીને અનેક રાજાઓને તેડાવ્યા.

હવે પેના ચપળગતિ દૂતે પોતાના રાજાને જનકે કહેવરાવ્યુ હતુ, તે પ્રમાણે કરવા એટલે તે પોતાના પુત્રને લઈને ત્યા આવ્યો દશરથ પણ પોતાના પુત્રો સહિત સ્વયંવર મંડપ ઉપર આવી પહોંચ્યો બીજા પણ અનેક રાજાઓ અને વિદ્યાધરો ત્યા આવ્યા, એટલે સીતા પણ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરી આવીને મંડપની શોભામા વૃદ્ધિ કરવા લાગી અંગ, વંગ પ્રમુખ દેશોના રાજપુત્રોએ ધનુષ્યને પણછ ચઢાવવાને વૃથા પ્રયાસ કર્યો તેઓ તો તેને તેના સ્થાનથી ચલાવી પણ શક્યા નહિ પછી દશરથ પુત્ર રામે ઉભા થઇ લીલા માત્રમા એક ધનુષ્ય ઉપાડયુ અને તેના ઉપર પણછ ચઢાવી કે તુરતજ જાનકી (સીતા) એ તેના કંઠમા વરમાળા આરોપણ કરી એજ પ્રમાણે લક્ષ્મણે બીજા ધનુષ્યને ઉપાડીને તેના ઉપર પણછ ચઢાવી એટલે વિદ્યાધરોએ પ્રસન્ન થઇને પોતાની અઢાર કન્યાઓ તેને આપી ભરતને પણ તે વખતે કનક ભૂપતિએ પોતાની ભદ્રા નામની પુત્રી આપી

પછી દશરથ રાજા પોતાના પુત્રોને પરણાવીને પોતાના નગરે પાછો આવ્યો પણ ભામંડળ પોતાની ઈચ્છા પૂર્ણ નહિ થવાથી દુઃખ ધરતો પિતા સાથે આવતો હતો, તેવામા આકાશવાણી થઇ કે, ' હે ભામંડળ ! ખેદ ન કર, આ સીતા તારી બહેન છે અને જનક રાજા તારા પિતા છે તારૂ તો કોઇ દેવે હરણ કર્યું હતુ તેથી તુ ચંદ્રગતિના હાથમા આવી પડયો છે " એ સાભળી ભામંડળ સીતાને બહેન જાણી તથા જનકને તાત જાણી હર્ષ પામી તેમને મળ્યો, બહેન સીતાની ક્ષમા માગી

અને પિતા જન- રાજાની રજા લઇ ચદ્રગતિ સહિત પોતાને નગરે ગયો.

રામ હવે સીતા સાથે ઉત્તમ ભોગવિલાસ ભોગવે છે એ- વામા દશરથને, પોતે પૂર્વે કૈકેયીને આપેલા વચનને અનુસારે ભરતને રાજ્ય આપવું પડયુ, અને પોતે સત્યભૂતિ આચાર્યની પાસે દીક્ષા ગ્રહણ કરીને રામચદ્રને વનવાસ ગ્રહણ કરવાને આદેશ કર્યો એટલે શ્રીરામ લક્ષ્મણ અને સીતા સહિત વનમા ગયા. અનુક્રમે દડકારણ્યને વિષે રાવણે સીતાનુ હરણ કર્યું, તેથી રામે યુદ્ધ કરી રાવણને હણીને સીતાને પાછી આણી, અને પોતે પોતાનુ રાજ્ય મેળવ્યુ (આ વૃત્તાત પ્રસિદ્ધ હોવાથી વિસ્તાર સહિત કહ્યો નથી) પછી રાજ્ય ઉપર બેસી રામે ભાઇઓને દેશ બહુચી આપ્યા.

એવે સમયે સીતાએ ગર્ભ ધારણ કર્યો તેથી તેણીએ ઉત્તમ પ્રકારના દોહદ ઉત્પન્ન થયા, તે પૂર્વે રામે પૂર્યા એકદા સીતાનુ દક્ષિણ નેત્ર ફરકયુ, તે જોઇ તેણીએ તે હકીકત રામને હી રામે કહ્યુ, "એ દુર્નિમિત્ત છે, કારણ કે પૂર્વ મુનિઓ કહી ગયા છે કે, પુરૂષનુ દક્ષિણ (જમણુ) અગ ફરકે અને સ્ત્રીનુ વામ (ડાબુ) અગ ફરકે તો તે શ્રેષ્ઠ છે બાકી અનિષ્ટ છે, માટે હે ભદ્ર! તુ જિનાલયને વિષે દીપમાળા રચાવ તથા દીન લોકોને દાન આ- પ" સીતાએ પતિએ કહેલુ સર્વ કર્યુ અન્યદા લોકો આવીને રામને કહેવા લાગ્યા "હે દેવ! આપના ઘરમા રાવણે જોયેલી છ ૬ મહિના સુધી પોતાના આવાસને વિષે રાખી, એવી સીતાને સતી કેમ કહેવાય? હે દેવ! પાણીમા જેમ તેલનુ બિંદુ પ્રસરી જાય છે, તેમ રીતે આ દુર્નિવારો લોકાપવાદ સર્વત્ર પ્રસરી રહ્યો છે, માટે એ અસત્ય દોષ ન આવો લોકાપવાદ [illegible]" એ સાભળી રામ અત્ય

બોલ્યા વિના રહ્યા પછી કહેવા લાગ્યા "તમે કહ્યું તે ખરે કહ્યું છે, હું કોઇ પણ સ્ત્રીનું આવું અકાર્ય સહન કરી શકતો નથી" એમ કહી તેણે તેમને વિસર્જન કર્યા

એકદા કાકુસ્થ રામ રાત્રિસમયે નગરચર્યાએ ફરતો એક ગ્રામીના ઘર પાસે ઉભો રહ્યો તે વખતે ગ્રામીએ બહારથી બહુ વારે પાછી આવેલી પોતાની સ્ત્રીને પાદુ મારીને કહ્યું- 'તું અત્યાર સુધી કયા ગઈ હતી?' પેલીએ ઉત્તર આપ્યો. "તમે બહુ ભલા જણાઓ છો! રામ જેનાથી પણ અધિક!' રામે તો રાવણને ઘેરથી પાછા પાછી આવેલી સીતાને શુદ્ધ માની અને તમે તો હું એક ક્ષણ બીજે અન્યત્ર રહું છું તે ખમી શકતા નથી, તેનું શું કારણ!" ગ્રામીએ તે ઉપરથી કહ્યું "તે રામ તો સ્ત્રીને આધીન છે, હું તેવો નથી, તો કેમ સહન કરૂં?"

એ સાભળી રામે વિચાર્યું "સ્ત્રીને આધીન એવા અને વિકાર છે!" પછી ત્યાંથી જઇ તેણે લક્ષ્મણ સાથે ગુપ્ત વાતચીત મા કહ્યું "લોકો સીતાને અસતી ગણે છે" ત્યારે લક્ષ્મણે કહ્યું "આપ લોકોના કહેવા માત્રથી સીતાનો ત્યાગ કરશો નહીં, કારણ કે તેઓ પારકા દોષ કહેવામા રસિક હોય છે. વળી જે લોકો સ્વભાવથીજ તે પ્રમાણે પારકા દોષ ગાવામા બહુ રસિક હોય તેમને તો મહાત્મા એવા રાજાઓએ શિક્ષા દેવી જોઇએ અથવા તો ઉવેખી મૂકવા જોઇએ" રામે કહ્યું "ભાઇ લક્ષ્મણ! તું કહે છે તે સત્ય છે તોપણ લોકવિરૂદ્ધ કાર્ય નિરંતર ત્યજવું" લક્ષ્મણે નિષેધ્યા છતા પણ અંતે રામે પોતાના સેનાનીને બોલાવીને કહ્યું "તું સીતાને વનમા મૂકી આવ એણીને સમ્મેતશિખર તીર્થે જવાનો દોહદ ઉત્પન્ન થયો છે માટે ગંગાને સામે તીરે મૂકીને આવજે" એ ઉપરથી "જેવી આજ્ઞા" એમ કહીને સેનાની સીતા પાસે ગયો અને કહેવા લાગ્યો

"હે સ્વામિની ! હું આપને મહારાજા રામના આદેશથી સમ્મેતશિખર તીર્થે લઇ જવા આવ્યો છું માટે આપ આ રથમા બિરાજમાન થાઓ. એમ કહિને સીતાને રથને વિષે બેસારી તે એક ભયાનક અરણ્યને વિષે લઇ ગયો ત્યા તેણીને કહ્યુ–હે સ્વામિની ! તમારા પતિએ તમને અહિ ત્યજી જવાનુ મને કહ્યુ છે, મને ધિક્કાર છે, પણ હું કિંકરજન શુ કરૂ ? સ્વામીનો આદેશ એવો દુષ્કર હતા પણ કરવો પડે છે એ સાભળીને સીતાને મૂર્છા આવી, રથમા પડી ગઇ, કેટલીક વારે મૂર્છા પાછી વળી એટલે તે વિલાપ કરતી કરતી રામને ઉદ્દેશીને કહેવા લાગી " હે સ્વામી ! જો આપને લોકાપવાદનો ભય હતો, તો આપે ત્યા લોકોની સમક્ષજ મહારી પરીક્ષા કેમ ન કરાવી ? એમ કર્યુ હોત તો તે કુળને ઉચિતજ હતુ, પણ આ તો તમે નિર્ધ જનોને વિષે અગ્રણી ગણાયા મારા કે તમે તમારી ગર્ભવતી પ્રિયાને વનને વિષે એકલી મૂકી, તોપણ હું તો પતિને લેશ પણ વિંનકારી નહી થાઉ રામ અને લક્ષ્મણ ચિરકાળ પર્યંત જયશાળી વર્તો"

આ પ્રમાણે સીતાએ સેનાની સાથે સદેશો મોકલ્યો અને તેને વિસર્જન કર્યો તેની ચક્ષુઓ આસુથી ભરાઇ ગઇ અને રડી પડયો, એ રીતે સીતાને મૂકીને પાછો વળ્યો

હવે જાનકી પોતાના કર્મનો દોષ કાઢતી અહિ તહિ ભમવા લાગી એવામા ત્યા વજ્રજઘ નામનો પુંડરિકપુરનો રાજા આવી ચઢયો. તે તેણીને બહેન સમાન ગણી પોતાના નગરને વિષે લઇ ગયો. એમામા સેનાની પાછો જઇ રામને મળી સીતાએ કહેવરાવેલા વચનો રામને કહેવા લાગ્યો તે સાભળી દીન બની જઈ સીતાનો વિયોગ ન સહન કરી શકવાથી તેણીને પાછી લઇ આવવાને રામ પોતે જાતે સેનાનીની સાથે વનમા આવ્યા ત્યા બહુ શોધ કરી પણ જાનકી તેમને જડી નહી [illegible] સિંહ વ્યાઘ્ર કે [illegible] ક્રૂર પ્રાણીએ તેણીનું ભક્ષણ [illegible]

હુરો" એમ મારી ઘેર જઈ તેની અતક્રિયા કરી, પછી સીતાનાજ ધ્યાનમા કાળવહુન કરવા લાગ્યા

અહિ વજ્રજઘ રાજાને ત્યા રહેલી સીતાને પ્રસવ થયો. તેણે બે પુત્રને જન્મ આપ્યો જ મોટમવ કરીને વજ્રજંઘે તેમ ના લવ અને કુશ એવા નામ પાડયા અનુક્રમે એ બન્ને ભાઇઓ ઉત્તમ કળાઓનો અભ્યાસ કરીને બળવાન્ થયા. લવને વજ્રજઘ રાજાએ પોતાની પુત્રી શશિકળા અને અન્ય પણ બત્રીશ રાજકુમારી લક્ષ્મી સહિત પરણાવી પછી કુશને અર્ધ તેણે પૃથુરાજની પુત્રી માગી, પણ તે રાજાએ તેના વંશ-કુળ જાણ્યા વિના આપવાની ના કહી એટલે તો તેણે લવ અને કુશને સાથે લઇ જઇ તે પૃથુરાજના સૈન્યને રણક્ષેત્રને વિષે હરાવ્યુ અને હસ્ત પ્રહસ્ત કરી નાખ્યુ, એટલે તે દિશોદિશ નાશી ગયુ પૃથુરાજને પણ નાસી જતો જોઇને બન્ને ભાઇઓ કહેવા લાગ્યા "હે મહીપતિ ! અમારા જેવા અવશ્યજોને જોઇને તમારા જેવા વશ્યો કેમ નાશી જાય છે ? જરા અમારૂ શૌર્ય તો જુઓ !" એ પછી તેમનું એવું અસાધારણ વીર્ય દેખીને પૃથુરાજાએ વજ્રજઘની સાથે મેળાપ કર્યો અને કહ્યુ કે, "એમના બળ પરાક્રમ જોઇનેજ મે એમનું કુળ જાણ્યુ છે ' એવામા સભામાને વિષેજ નારદ ઋષિ અંતરીક્ષથી આવી ઊતર્યા તેમને પ્રણામ કરીને વજ્રજઘ રાજાએ પૂછ્યુ "આ બે કોના બાળકો છે ?" નારદે કહ્યુ-"એ કોના અપના ના ભયથી ભીરૂ એવા રામે સગર્ભા ત્યજી દીધેલી સતી સ્ત્રી સીતાના આ બે પુત્રો છે" પછી કુશે કહ્યુ "હે ઋષિ ! રામે તે સારૂ કર્યું નથી" પછી લવે પૂછ્યુ "ત્યારે એ નગરી અહિંથી કેટલી દૂર છે ?" તેના ઉત્તરમા નારદ ઋષિએ કહ્યુ "અહિંથી ૩સો યોજન દૂર છે" ત્યાર પછી પૃથુરાજાએ પોતાની કનકમાળા કન્યાને કુશ વેરે પરણાવી એટલે ત્યાથી વજ્રજઘ તે બન્ને ભાઇઓને લઇને પોતાને નગરે આવ્યા

ત્યા મામા વજ્રજંઘ તથા માતાની આજ્ઞા લઇ લવ અને કુશ પોતાની સાથે સારમાર સૈન્ય લઇ, પોતાની માતા સીતા સહિત અયોધ્યા નગરી આવ્યા એટલે રામ અને લક્ષ્મણ કોપા યમાન થઇ સામા ક્ષેત્રમા ઊતરી પડયા યુદ્ધ થયુ, તેમા લવ અને કુશે સામા સૈન્યને દીન દશાએ પહોચાડી દીધુ. એટલે લક્ષ્મણે ક્રોધાતુર થઇ કુશ ઉપર ચક્ર મૂક્યુ, પણ ચક્ર તો તે (કુશ) ની પ્રદક્ષિણા દઇને પાછુ લક્ષ્મણ પાસે આ યુ. એવે તો રામ અને લક્ષ્મણે બેટ પામી વિચાર્યુ "શુ આ તે નવા બળરામ અને નારાયણ ઉત્પન્ન થયા ?"

એટલામા તો આકાશથી નારદ ઋષિ ઊતરી આવ્યા, અને રામ તેમજ લક્ષ્મણ પ્રત્યે હસીને બોલ્યા-'અહો ! તમને બન્નેને હર્ષને બદલે આ વિષાદ કેમ થાય છે ? પોતાના પુત્રથી પરાજય પામવો એ હર્ષકારક નથી થતુ એ વિચિત્ર છે આ બન્ને સીતાની કુક્ષિથી ઉત્પન્ન થયેલા આપનાજ પુત્ર છે અને તમને યુદ્ધનો મિત્ર કરીને મળવા આવ્યા છે. તમારૂ ચક્ર તેમને વધ કરવા શક્યુ નહીં, એજ એની નિશાની, કારણ કે, એ ચક્ર એકલાની પુરૂષો ઉપર ચાલી શકતુ નથી" એ સાભળી રામ લક્ષ્મણે યુદ્ધ પડતુ મેલ્યુ એટલે વિનયવત એવા બન્ને કુમા રોએ આવીને પિતાને પ્રણામ કર્યા પિતાએ પણ તેમને સ્નેહ સહિત આલિંગન આપ્યુ એટલે બન્ને સૈન્યને વિષે હર્ષનાદ થઇ રહ્યો પછી રામે નગરને વિષે પ્રવેશ કર્યો

હવે સુગ્રીવ અને બિભીષણે મળીને વજ્રજંઘને કહ્યુ "સીતાને નગરમા લાવો" આ વખતે લક્ષ્મણે પણ સીતાને પ્રણામ કરીને કહ્યુ 'તમે આવીને નગરને પવિત્ર કરો" પણ સીતાએ કહ્યુ "હુ શુદ્ધિ વિના નહિ પ્રવેશ કરૂ મે પાચ દિવ્ય કરવા અગીકાર કર્યા છે તે આ પ્રમાણે છે-જ્વાળાયુક્ત અગ્નિમા પ્રવેશ કરવો, અગ્નિ પીવો, તપાવેલા જે

લઇ લેવી, તોળાવુ અને જીભ્હાવડે ફળ ગ્રહણ કરવું" રામે કહ્યુ "હે સીતા! તુ સતી છે, માટે હવે નગર મધ્યે પ્રવેશ કર" પણ સીતાએ તો એ પાચ ન્દ્રિય કરિ બતાવ્યા પછીજ પ્રવેશ કરવાની હા પાડી તે ઉપરથી રામે એક યોજન પ્રમાણ ખાઈ ખોદાવીને તેમા ખેરના અગારા પૂરાવ્યા પછી સીતા ત્યા આવીને લોકો સમક્ષ કહેવા લાગી "જો મે મારૂ શીળ લેશ પણ ખડિત કર્યુ હોય તો આ આગ મને સળગાવી દેજો, અન્યથા તે મને જળ સમાન થઇ પડજો." એમ કહી નમસ્કાર-મંત્રનુ ધ્યાન ધરતી સીતા સર્વ સમક્ષ એ ખાઈ પોતાના પગ ઉતરીને તેને પેલે તીરે ગઈ તે જોઇ રામે વિચાર્યુ-"અહો! મે વૃથાજ આવી મ્હારી પત્નીને સકટમા નાખી" પોતાના કર્મને આમ ખેદ કરતા જોઇ સીતાએ કહ્યુ "હે નણે જગતમા વીર-શિરોમણિ! તમે મ આને નિકારણ દુખ દીવુ, એમ વિચારીને દુખી થશો નહિ કોઈ દેવેજ મને આ અગ્નિમા નાખી તેમાથી મ્હારા હૃદયમા રહેલા એના આપેજ મને ઉગારી છે' તે પછી લોકો કહેવા લાગ્યા "અસત્ય આરોપના ભયથી સીતાએ અગ્નિને પોતાની આહુતિ આપી તો અગ્નિ પણ શીતળ થયો, એજ સીતાનુ સતીપણ બતાવી આપે છે"

આના બનાવ બની રહ્યા છે, એટલામા ત્યા ચાર જ્ઞાનધારી શ્રી શીળચદ્ર સૂરિ આવ્યા તેમને વદન કરવા અને ધર્મ સાભળવા રામ આદિ સર્વે ગયા ધર્મોપદેશ અપાયા પછી સીતાએ પૂછયુ "હે ગુરૂ! મે એવું શુ કર્મ કર્યુ હશે કે, જેથી મ્હારે માથે આવું કલક આવ્યુ" એ ઉપરથી ગુરૂએ સીતાના તેમજ લોકોના પ્રબોધને અર્થે કહ્યુ કે-"હિતાર્થી પુરૂષે દુખકારક, અસત્ય, પરને આળ, ચાડી અને મર્મભેદક એવા વચનો ન બોલવા જો કે, પારકા છતા દોષ હોય તો પણ મહાપુરૂષે નહિ બોલવા જોઇએ, તો પછી અછતા દોષ પ્રગટ અથવા દાની

રીતે લોકોને શી રીતે કહેવાય ? જે દુર્બુદ્ધિ પુરૂષ બીજાને ખોટું આળ દે, તે પુરૂષ લોમ્બા નિદાય અને આકરા દુ ખ પામે. મન્ત્રદોષથી ભરેલો જે પુરૂષ પાચ સમિતિના પાલક, શુદ્ધ ભાવવાળા અને બ્રહ્મચારી એવા સાધુને ખોટું આળ દે, તે પુરૂષ, મુનિને પૂર્વ ભવે ખોટું આળ દેવાથી જેમ સીતા અનત દુ ખ પામી, તેમ અનત દુ ખ પામે તે આ પ્રમાણે —

આજ ભરતક્ષેત્રમા મિળાવિની નામની નગરીમા શ્રીભૂતિ નામે પુરોહિત પોતાની સરસ્વતી નામે સ્ત્રી સહિત વસતો હતો તેને વેગવતી નામની પુત્રી હતી તે નગરીના ઉદ્યાનમા એકદા એક તપસ્વી સાધુ આવ્યા તે ત્યા કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા લોકો તેમને વદન કરવાને આવવા લાગ્યા. સહુ લોકોથી સેવાતા આ સાધુને જોઇને દ્વેષાણુ થઇ વેગવતી કહેવા લાગી "હે લોકો ! આ કપટી પાખડીઆ મુડીઆને તમે કેમ છો, ત્યારે બ્રાહ્મણને કેમ નથી પૂજતા ? એ સાધુને તો મે એકાતે સ્ત્રી સાથે ક્રીડા કરતો જોયો છે, અને હમણા આવો ઢોગ આદર્યો છે ' લોકો તો આવું સાભળીને તે સાધુને વિષે નિરજ થયા, પણ સાધુ તો એ સાભળીને વિચારવા લાગ્યા—મે જગ પણ કુમાર્ગે આચરણ કર્યું નથી છતા સર્વ જનના દેખતા અગત્ય આળ દે છે, એવો જિનશાસનની હેલણા થઈ છે, માટે જ્યારે મ્હારે મોઢેથી એ કલક ઊતરે, ત્યારેજ હું અન્ન જળ ગ્રહણ કરીશ ' એમ પ્રતિજ્ઞા કરી તેઓ કાયોત્સર્ગે રહ્યા, એવે શાસનદેવીએ વેગવતીના શરીરમા, તેણીને શિક્ષા કરવાને અથ તીવ્ર વેદના મૂકી તેથી તેણીને એવી તો પીડા થવા લાગી કે તે મુખથી પણ બોલી શકે નહીં પછી તે દેવીએ એમ ગાથા કહી કે, "આ વેગવતીએ અતી તીવ્ર તપશ્ચર્યા કરનારા એના યતિને પણ વૃથા કલક દીધુ છે એ સાધુ બિલકુલ દોષ રહિત છે, ને આ વેગવતી દુષ્ટ સ્ત્રી છે તેણીને હું

હળીગ " શાસન દેવીની વાણીથી ભય પામી વેગવતી સર્વ લોક સમક્ષ કહેવા લાગી "હે મુનિ ! હું તમને વંદન કરૂં છું મે પાપિણીએ એ અકાર્ય આચરેલ મૂકીને હતો હું અધમ છું ' તે પછી દેવીએ તેણીને સ્વસ્થ કરી પછી સાધ્વની કરી કરી ક્ષમા માગી તેણીએ પોતા પ્રદત્ત કરી દીક્ષામા પક્ષ તે તીવ્ર તપશ્ચર્યા કરવા લાગી, અને પોતે કરેલ કર્મ માટે પ્રકારાન્તર ગુપ્તની સ મુખ નિંદતી તે સ્થળે ગઇ ત્યાથી ચ્યવીને તે વેગવતીનો જીવ જનક રાજાની પુત્રી પણે ઉત્પન્ન થયો. તે સીતા તે તું તુ હારા પાપ સમ્યક રીતે આલોચ્યા વિના મૃત્યુ પામી તેથી તને આવું કલંક પ્રાપ્ત થયુ "

સુરિના આવા વચન શ્રવણ કરીને રામ સીતા આદિ ત્રિપ્ત પણે ધર્મહર્ષમા પ્રવર્તવા લાગ્યા અનુક્રમે સીતા સયમ લઇને તેને દશ વર્ષ પાળીને બારમા અચ્યુત દેવલોકે ઇંદ્ર થઇ એકદા એ સીતાનો જીવ જે અચ્યુત દેવલોકમા ઇંદ્ર છે તેણે રામને પ્રતિબોધ્યો એ સીતાનો જીવ અનુક્રમે મુક્તિ પ્રાપ્ત કરશે

રાજિમતિ

જેમ રાજિમતીએ રથનેમિ સાધુને કુમાર્ગે દોરાતા અટકાવ્યા તે પ્રમાણે સર્વ કોઇએ જીવને કુમાર્ગ જતા પ્રયત્નથી તેનું રક્ષણ કરવું

મથુરા નગરીને વિષે ઉગ્રસેન રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામ પ્રિયા હતી એ ધારિણીની કુક્ષિએ અપરાજિત વિમાન થકી ચ્યવીને એક દેવ સ્ત્રીપણે અવતર્યો શુભ દિવસે ધારિણીએ એક પુત્રીને જન્મ આપ્યો તેણીનો જન્મમહોત્સવ કરીને માતા પિતાએ તેનું રાજિમતી એવું નામ પાડ્યુ એટલા આ ઉગ્રસેન નૃપતિ યાદવોની સાથે દ્વારિકા નગરીએ ગયો. આ

વખતે રાજિમતી કન્યા વયે વૃદ્ધિ પામતી બહુ રૂપવતી કન્યા-રત્ન સમાન થઇ પડી હતી, અને સ્વભાવે પણ સુંદર તેમજ તરૂણાવસ્થાથી નવા લોકને વિષે શોભાયમાન તેણીના સમાન બીજી કન્યા કોઇ ઠેકાણે નહોતી

તે વખતે નેમિનાથની માતા દેવી શિવાનણીએ પોતાના પુત્રને કહ્યું "હે પુત્ર! હવે તું વિવાહ કર" ત્યારે નેમિકુમાર બોલ્યો-"જ્યારે મને યોગ્ય કન્યા મળશે, ત્યારે હું વિવાહ કરીશ" એમ કહી તે પોતાની માતાને અત્યંત હર્ષ પમાડતો હતો

એકદા શ્રીનેમિકુમાર પોતાના સમાન વયના મિત્રો સાથે ક્રીડા કરતા કરતા શ્રી કૃષ્ણની આયુધશાળાને વિષે જઈ ચઢયા ત્યા રક્ષકે વાર્યા છતા પણ ચક્રને હાથમા લઈને કુંભારના ચાકની પેઠે ફેરવવા લાગ્યા ધનુષ્યને પણ કમળ પુષ્પના નાળવાની પેઠે અર્ધું નમાવ્યુ, ગદાને ઉઠાળવા માંડી અને શંખ પણ પૂર્યો તે સમયે પોતાનો શંખ અન્ય જને પૂર્યો જાણીને શ્રી કૃષ્ણ બહુ ચિંતાતુર થયા અને રોષ કરી સભાને વિષે બોલ્યા-"જેણે આ મહારો શંખ પૂર્યો છે, તેનુ નિશ્ચે મૃત્યુ આયુ સમજજો" એમ કહી પોતે સન્નદ્ધ તૈયાર થઇ પોતાની સઘળ સેનાને યુદ્ધને અર્થે ગાજ કરી. એવામા તો તેને કોઇ પુરૂષે આવીને ખબર આપી કે, "એ મર્મ નેમિકુમારે કર્યું છે" એ સાભળી કૃષ્ણે વિચાર્યું "ત્યારે તો જરૂર એજ વાસુદેવ થશે, હું નહિ" એમ વિચાર કરે છે એવામા તો નેમિકુમાર ત્યા આવ્યા તેને કૃષ્ણે તેના બળની પરીક્ષા કરવાનું કહ્યું કે, 'હે નેમિકુમાર! મને તમારૂ બળ બતાવ ચાલ, પ્રથમ તુ મહારી ઊંચી કરેલી ભુજલતાને નમાવ" એના ઉત્તરમા નેમિકુમારે તેની ભુજલતાને કમળ-પુષ્પના નાળવાની પેઠે નમાવી દીધી! પછી નેમિકુમારે પોતાની ભુજલતા ઊંચી કરી શ્રીકૃષ્ણને તે નમાવવાનું કહ્યું કૃષ્ણે પોતાનું સર્વ બળ તેને નમાવવાને એકઠું કર્યું એક વાનરની

ઘેઠ તે ભુજલતા પકડીને હિચકા ખાધા, ઇતા તે પ્રભુની
ભુજાને લેશ પણ નમાવી શક્યા નહીં એટલે તો તેનુ મુખ
નિસ્તેજ થયુ તેણે વાર્યુ કે, "હવે મ્હારે રાજ્ય જવા દેવુ,
પણ બળભદ્રે તે વખતે કહ્યુ, "ચિંતા ન કરો, નેમિકુમાર
રાજ્યનો અર્થી નથી ' વળી આપણને વિષે કોઇ દેવતાએ પણ
કહ્યુ-"હે કૃષ્ણ ! તુ નેમિકુમારનો ભય ન રાખીશ, એ રાજ્યનો
અર્થી નથી ' એ સાભળીને કૃષ્ણ સ્વસ્થ થયા અને નેમિકુમાર
પર ઘણી પ્રીતિ દર્શાવના લાગ્યા

વળી કોઇ અવસરે શિવા રાણીએ શ્રીકૃષ્ણને કહ્યુ-"નેમિ-
કુમાર વિવાહ કરવાની હા જ પાડતો નથી, માટે એવુ કરો કે
જેથી તે એ વાતની હા કહે એ પરથી (શ્રીકૃષ્ણની સૂચના
પરથી) એકદા ગ્રીષ્મઋતુને વિષે શ્રીકૃષ્ણની જા મૂવતી આદિ
સ્ત્રીઓ જળક્રીડા કરવાને ગઈ હતી ત્યા તેઓ નેમિકુમાર પોતાનો
દિયર હોવાથી, તેને હાસ્યવચનો કહેવા લાગી "અહો
નેમિકુમાર ! તમે વિવાહ કેમ કરતા નથી ? તમારા ભાઇ
બત્રીસ હજાર કન્યા પરણ્યા છે, તો તમે એક પણ કેમ પરણી
શકતા નથી ? પૂર્વે સર્વ તીર્થંકરો પણ પરણ્યા હતા. આપણાજ
વશમા મુનિસુવ્રત જિનેશ્વર પણ પરણ્યા હતા" આવી આવી
યુક્તિઓ કરીને તે સ્ત્રીઓએ પોતાના હાવા દિયરને પરણવાની
હા પડાવી પછી એ વાત શ્રીકૃષ્ણે શિવાદેવીને જણાવી
"નેમિકુમારે વિવાહ કરવાની હા દીધી છે" ત્યારે "કોઇ યોગ્ય ક
શોધી લાવો' એમ શિવાદેવીએ કહ્યુ તેજ વખતે સત્યભામા
કહ્યુ "મ્હારો ભાઇ દેવાગના જેવી રૂપવતી છે, સૌદર્યમા અ
રાજા તેનાથી ઊતરતો છે ' રાજીમતીના રૂપનુ
વર્ણન સાભળી શ્રીકૃષ્ણે પોતે ઉગ્રસેનની પાસે જઈ તેની પુ
નેમિકુમારને અર્થે માગી ઉગ્રસેને કહ્યુ-"જેમ આપને રૂચે
કરો ' (અર્થાત્ તેણે પોતાની પુત્રી નેમિકુમારને વરા

પછી શ્રીકૃષ્ણે તથા સમુદ્રવિજય આદિ રાજાઓએ લગ્નશાસ્ત્રી ઓને બોલાવીને લગ્નનો શુભ દિવસ પૂછયો તેઓએ પણ પોતા ના શાસ્ત્ર વિલોકીને કહ્યું "શ્રાવણના શુક્લ પક્ષનો ૬ઠનો દિવ સ બને વરકન્યાના વિવાહને યોગ્ય છે" એ ઉપરથી તેઓએ તે લગ્ન લીધા અને પોતપોતાને ઘેર વિવાહસામગ્રી તૈયાર કરવા મંડયા તે ઉપર ગાથા કહી છે તેનો અર્થ આમ છે કે "શ્રીકૃષ્ણે ઉગ્રસેન રાજાની પુત્રી રાજિમતીને (નેમિકુમારને અર્થે) માગી, વિવાહની સામગ્રી તૈયાર થઈ અને નેમિકુમાર વસ્ત્રાભૂષણ પહેરી સજ્જ થયા" પછી શ્રાવણ સુદી છઠને દિવસે લગ્નની વેળા પહેલા શ્રી નેમિકુમાર સમુદ્રવિજય આદિ રાજા-ઓની શ્રેણિથી શોભતા અને શિવાદેવી, સત્યભામા, રુક્મિણી આદિ બહુ સ્ત્રીજનોવડે ગવાતા ગીતો સહિત, ઉગ્રસેન રાજાના વૃક્ષસમીપે આવી પહોંચ્યા તે વખતે પ્રભુએ સારથિને પૂછયું "આ વનખંડ દેખાય છે તે કોનું?" સારથિએ આંગળી નિર્દેશ બતાવીને કહ્યું "એ તમારા સસરા ઉગ્રસેન ભૂપતિનું વન છે." તે વખતે ગવાક્ષમાં રહેલી રાજિમતિ નેમિકુમારને જોવા લાગી તે વખતે તેણીની સખીઓ ચંદ્રાનના અને સુનેત્રના પરસ્પર કહેવા લાગી સુનેત્રના બોલી કે "એક રાજિમતીજ નિશ્ચે સ્ત્રીવર્ગમાં વર્ણવવાયોગ્ય ગુણવાળી છે એવી લાવણ્યની નીધિને નેમિકુમાર પરણશે." ત્યારે બીજી સખી ચંદ્રાનના બોલી "નિશ્ચે રાજિમતીનું રૂપ રંભાના રૂપથી પણ અધિક છે જો આમાંથી હવે એ વિધિ વિરુદ્ધ કરાશે તો નિશ્ચે બહુ અનિષ્ટ થાય." એવામાં તો પાછું વળીને જોતા તેણીએ રાજિ-મતીને જોઇ એટલે તે ઉત્સુક થઈ કહેવા લાગી "જો રાજિમતી, તું મને કાંઇ ઈનામ આપે તો હું તને નેમિકુમારને બતાવું જો નેમિકુમાર કેવા છે? જાણે પાતાળકુમાર હોયની! અથવા કામદેવ હોયની! અથવા મુરપતિ કે મૂર્તિમાન પુણ્યરાશિ હોયની!

ધુ તે એનુ કેટલુ વર્ણન કરૂ ? એ જે તને પરણવાને આવે છે તે જાણે આત્માએ કરીને નિવાતાનુ લુબ્ધક હોયની ? એવો અને નિરૂપમ સૌભાગ્યનો નિવાન છે ' વળી હસીને તે બોલી " બીજા જિનેશ્વર તો મે દીઠા નથી, આને જોઇનેજ મને સ્વાભાવિક પ્રેમ થઈ આવે છે, માટે તુ એની સાથેજ પાણિગ્રહણ કર '

એવામા પશુઓનો આર્ત્ત સ્વર સાભળીને નેમિકુમારે ઉ-ત્કંઠા સહિત સારથિને પ્રશ્ન કર્યો કે, " અરે સારથિ ! આ દારૂણ સ્વર શેનો છે ? ' તેણે ઉત્તર આપ્યો-" આપના વિવાહ પ્રસં। સ્વજનોને ગૌરવ કરવાને (જમાડવાને) માસને માટે આણેલા એ એકઠા કરેલા પશુઓનો એ દુઃખમય સ્વર છે ! ' નેમિનાથે તે જોઇને કહ્યુ ' અહો ! નિર્ઘિન ચિત્તવૃત્તિવાળાઓના ચરિત્ર શ્રવણ કરવા પણ અશક્ય છે, કે જેઓ પોતાના ઉત્સ વને અર્થે જંતુઓ સાથ નિષ્કારણ વેર બાધ છે ! "

આ વખતે રાજિમતી બોલી " અહો સખીઓ ! મહા દક્ષિણ નેત્ર ફરકે છે, એ શુ હશે ? સખીઓએ ઉત્તર આપ્યો ' એ અનિષ્ટ દૂર થાઓ " નેમિકુમારે તે સમયે પોતાના સારથિને રથ પાછો ફેરવવાનુ કહ્યુ એટલામા એક હરિણે નેમિકુમારને જોઇને, પોતાની ઉગ્રવી હરિણીની રક્ષા કાજે ઇ ને ભયમા બોલ્યો " મને મારો, મને મારો " મહારી સ્ત્રી મહારી આપત્તિ દૂર કરનારી છે, તેથી જો તેણીનુ મૃત્યુ થશે તો મને દુસ્સહ એવો પ્રિય તમાનો વિયોગ થશે ' પણ હરિણી તે વખતે હરિણ પ્રત્યે કહેવા લાગી " હે સ્વામિ ! તમે ચિંતા ન કરો આ પ્રસન્ન વદનવાળો નેમિકુમાર ત્રિભુવનનો સ્વામિ છે અને નિષ્કારણ બધુ છે માટે એજ સર્વ જીવનુ રક્ષણ કરશે. "

એના એવા નિરપરાધિ પશુઓના દયાજનક પોકાર સાભળીને નેમિકુમારે તે પશુઓના સાચવનારાઓને કહ્યુ-" જો તમારો સ્વામિ મહારા વિવાહને સમયે એ જીવોને હણ-

ગે તો હું પરણીશ નહિ, માટે એ પશુઓને છોડી મૂકો. પશુના રુધિરથી છંટાયેલો માણસ દુર્ગતિ પ્રાપ્ત કરે છે, માટે એવા વિવાહરૂપી વિષવૃક્ષની લુમણા મારે જરૂર નથી " આ સાભળીને શિવાદેવી ગદ્‌ગદ સ્વરે બોલ્યા—" હે જનનીવત્સલ પુત્ર ! તારે એ પશુઓનુ મામ જમવા ન જમવાનુ પ્રથમ શુ કામ છે ? ફક્ત પાણીગ્રહણનુ કારણ છે, માટે તેજ તુ કર અને મને દેખાડ." આવુ શિવાદેવીનુ બોલેલુ કાનને અમૃત સમાન વાક્ય સાભળીને ચંદ્રાનના બોલી " એ માતાએ કહેલા શબ્દોનો પ્રતિઉત્તર તો આપ્યા વિના રહ્યા અનરેવના કરવી રહેવા દો." ત્યારે નેમિકુમાર બોલ્યા, " હે માતા ! આમલુ ન કરુ, માનુષી સ્ત્રી ઉપર મહારુ મન જ નથી મહારી ઇચ્છા મુક્તિ રૂપી વધૂને વિષે ઉલ્લસિત છે " તે સાભળી રાજિમતી કહેવા લાગી—"હે ધૂર્ત નેમિકુમાર ! જો સકળ રસજ્ઞ પુરૂષોને ધૂર્તનારી એની મુક્તિરૂપ ગણિકાને વિષેજ તમારુ મન હતુ તો આવો પરણવા આવવાનો આરભ કરીને મહારી વિડંબના શા માટ કરી ?" પછી તેણીની સખીઓ કહેવા લાગી " હે પ્રિય સખી ! એ પ્રીતિ રહિત છે, તો એના ઉપર પ્રીતિભાવ દર્શાવે છે ? આપણે મહારે માટે કોઇ અન્ય પ્રીતિકર વર જોઇશુ ' પણ રાજિમતીએ સાભળતા કાન બંધ કરીને કહેવા લાગી, "જો આ સૂર્ય પશ્ચિમ દિશાએ ઉદય પામે તો પણ આ નેમિનાથને મૂકીને હું અન્ય રવામી કરનાર નથી જો વિવાહસમયે મને મહારા હસ્ત ઉપર મહારા પ્રિયનો હસ્ત ન મળ્યો તો, હુ દીક્ષાસમયે એનો હસ્ત મહારા મસ્તક ઉપર મૂકાવીશ '

આ વખતે વળી સમુદ્રવિજય બોલ્યા—" હે અત્યત નિર્મળ અત કરણવાળા પુત્ર ! તુ અમારા મનોરથ પૂર્ણ કર. ઋષભદેવ આદિ જિનેશ્વરો પણ પરણીને મુક્તિએ ગયા છે (નથી

ગયા એમ નથી) હે કુમાર ! બ્રહ્મચારીને એથી (મોક્ષથી) એકે ઉચ્ચ સ્થાન મળતુ નથી, કારણ કે એથી એકે બીજુ ઉચ્ચ પદ છેજ નહીં " ત્યારે નેમિકુમારે કહ્યુ–" હે પિતા ! એક વખતના સ્ત્રીસંગમથી અસંખ્ય જંતુઓનો ઘાત થાય છે, તો એવા અનર્થ જેના નિર્વાહમાર્ગમા તમે શા માટે આગ્રહ કરો છો ? " ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા હે સર્વોત્તમ ભાઇ ! એક વાર પ્રસન્ન થઈને માતાપિતાનો મનોરથ પૂર્ણ કર અને વિવાહ કરવા દે " નેમિકુમારે એ સાભળીને કહ્યુ–" એક વાર તમારા અને માતાપિતાના આગ્રહથી તો મે વિવાહ કરવાનુ અંગીકાર કર્યું હતુ, પણ અહિ તે વિવાહ કરવામા અનેક જીવોનો સંહાર થાય છે, માટે એમા તમારે ન બોલવુ " એ ઉપરથી સમુદ્રવિજય પ્રમુખ સૌ મૌન રહ્યા અને નેમિકુમાર ઘેર પાછા ગયા

તે સમયે સારસ્વતાદિ લોકાંતિક દેવોએ આવીને કહ્યુ—"હે કંદર્પ ઉપર વિજય મેળવનાર અને અનેક જંતુઓને અભય આપનાર સ્વામિ ! આપ નિત્ય ઉદ્યોતને અર્થે ધર્મતીર્થને પ્રવર્તાવો " એ પ્રમાણે સ્વામિ નેમિનાથ ભગવાનને પ્રણામ કરીને લોકાંતિક દેવતાઓએ વિનંતિ કરી ત્યારે પછી શોક કરતા સમુદ્રવિજય રાજા અને શિવાદેવીને જોઈને કૃષ્ણે કહ્યુ–" અહો માતપિતા ! સૂર્યને સ્થાને આ વિષાદ શાનો ? " પછી પ્રભુએ સૂર્યના ઉદયથી પોરસી પર્યંત એક ક્રોડને આઠ લાખ સોનૈયાનુ દાન એક વર્ષ પર્યંત આપ્યુ એ પ્રમાણે દાન દઇ તેમણે દીક્ષા ગ્રહણ કરી. પછી સર્વ કર્મનો ક્ષય થયે તેમને ગિરનારપર્વત ઉપર કેવળજ્ઞાન પ્રાપ્ત થયુ એટલે તે વખતે ઇંદ્રોએ મળીને સમવસરણ રચ્યુ ત્યા ઇંદ્રાદિ અનેક દેવો, કૃષ્ણ આદિ અનેક રાજાઓ, મનુષ્ય અને તીર્યંચો ધર્મ સાભળવા આવ્યા ત્યા પ્રભુએ દેશના દીધી–" હે જીવો ! આ સંસાર છે તે ભયાનક અગ્નિથી તુલ્ય છે, શરીર છે તે બહુ છિદ્રોએ યુક્ત એવુ એક ઘર

છે આ બળવાન કામ એક ચોર છે, માટે મોહરૂપી અંધકારમય રાત્રીને વિષે, તમે ધ્યાનરૂપી ખડ્ગ નિરતિ રૂપી ઢાલ અને શીલરૂપી કવચ લઈ, સાવધાન રહી ચક્ષુઓ સ્થિર રાખી જાગતા રહો, આ સંસારરૂપી સમુદ્રમાં પ્રાણીઓ કર્મરૂપી કલ્લોલમાં ભમતા ભેગા થાય છે અને જૂદા પડે થાય છે, તો તેમાં કોને કોનો બાંધવ કહેવો!'

પ્રભુનો આવો ધર્મોપદેશ શ્રવણ કરીને વરદત્ત પ્રમુખ અનેક ભવિષ્યતિઓએ દીક્ષા અંગીકાર કરી, જેમને પ્રભુએ ગણધર પદવી આપી તે સમયે રાજિમતીએ ઉભા થઈ પ્રભુને નમસ્કાર કરી તેમની પાસે દીક્ષા માગી એટલે તેણીને દીક્ષા આપી, તે અંગીકાર કરી તેણીએ નાના પ્રકારની તપશ્ચર્યા કરતા સંયમ પાળ્યું એવામાં નેમિનાથ પ્રભુના બંધુ ભાઈ રથનેમિ પોતાની આજ્ઞા પાળને ભગવાનની પાસે રહ્યા અંગીકાર કરીને તપ કરવા લાગ્યા

એક વાર એમ બન્યું કે, રાજિમતી સાધ્વી નેમિનાથ ભગવાનને વાંદવાને જતા હતા, એવામાં રસ્તે મેઘવૃષ્ટિ થવા લાગી મેઘ અત્યંત વર્ષવાથી વસ્ત્ર બહુ ભીંજાયા, તેથી સુકવવાને એક ગુફામાં ગયા ત્યાં જઈ પોતાના સર્વ વસ્ત્રો તેમણે ધોઈ ધોઈ સુકાવ્યા એ વખતે શ્રીનેમીશ્વરનો લઘુ ભાઈ રથનેમિ સાધુ પણ અકસ્માત તેજ ગુફામાં આવ્યો તે રાજિમતીને વસ્ત્ર રહિત જોઈને કામાતુર થયો અને ભોગની આશે તેની પ્રાર્થના કરવા તેણીની પાસે ગયો તેને પાસ આવતો જો રાજિમતીએ વસ્ત્ર પહેરી લીધા પછી એકાંત જાણી રથનેમિએ તેણીને કહ્યું-'હે રાજિમતી? મારી સાથે ભોગ ભોગવ અને મારી ભોગની આશા પૂર્ણ કર એકવાર ભોગ ભોગવ્યા પછી ફરી આપણે વ્રત પાળીશું' એ સાંભળી

ગાંધીએ વિચાર્યું 'અરે! એ મૂઢ જણાય છે' કામી પુરૂષ કામાવ થઇ કૃત્ય અકૃત્ય ગણતો નથી કહ્યું છે કે—આ જગતને વિષે અંધ પુરૂષ હોય છે તે પોતાની આગળ રહેલી એની દૃશ્ય વસ્તુને જોઇ શકતો નથી પણ જે ગણે કરીને અંધ છે તે તો પોતાની પાસે હોય તેને પરિહર છે અને ન હોય તેને દેખે છે કારણ કે જે અનુચિતના ગમારૂવાળા સ્ત્રીના અનયવોમા કાનને કુદના કુલની માફક, વસ્ત્રને નીલ કમળ સમાન, મુખને પૂર્ણ ચંદ્રસમાન, સ્તનને સુવર્ણના કળશ સમાન, બાહુને લતા સમાન અને હોઠને પલ્લવ સમાન માનીને હર્ષ પામે છે વળી મનુષ્ય પડિત, કુલીન અને વિવેકી ત્યા સુધીજ ગણાય છે કે જ્યા સુધી દુષ્ટ કામાગ્નિ તેનામા પ્રજ્વલિત થયો નથી એ કામને કબળામા નિપુણ એવાઓને ક્ષણમા વિકળ કરે છે, પવિત્ર પુરૂષોનો ઉપહાસ કરે છે અને ધૈર્યવાનની ધૈર્ય મુષ્ટી જ છે' આ પ્રમાણે વિચારીને રાજિમતિએ કહ્યું 'અરે મહાભાગ્ય! તમે એમ કેમ કહો છો? તમારે રાગ કરવો ન ઘટે કહ્યું છે કે-ચેતના રહિત વસ્ત્રોમા પણ રાગ છે તે દોષનુજ પોષણ કરે છે, કારણ કે નષ્ટ રાગ (રંગ) યુક્ત છે તો તેને બહુ ભાગ ગ્રહણ કરવો પડે છે અને તાપની જેમ ના ભોગવની પડે છે વળી મતિમા જે (રાગ) ભારી તેના જેવી એકેંદ્રિય વસ્તુમા રાગ (રંગ)નો દોષ છે, તો તેને વિષે ધાડ નાખે છે અને તેને પાષાણ વડે વાંધ છે વળી તમે જે મને કહ્યું, એમ કહેવાથી તો પ્રાણીને નરકગતિ મળે છે, કહ્યું છે કે-જેણે પરસ્ત્રીના સામી ખોટી દૃષ્ટિ કરી છે, તેણે પોતાના આત્માને મૂળ મૂળ થી છે, સ્વજનને ખાર દીધો છે અને પગને પગને માથા હાકયુ કર્યું છે વળી પરાક્રમથી જગતનો પરાભવ કરનાર જાણવા પણ પરસ્ત્રીની સાથે રમવાની ઇચ્છા કુળનો ક્ષય કરીને નરકને પામ્યો છે વળી હે અપયશના અભિલાષી! તને ધિક્કાર થાઓ કે, જે તુ અસંયમ જીવિતવ્યને માટે નેમિનાથ ભગવાને

ત્યાગ કરેલા ભોગાદિકને ભોગવવાની ઇચ્છા કરે છે ? તેથી મ-રણને આલિંગન કરનાર તને મરણ તેજ ભલુ છે અર્થાત્ રહારે મરણ સારૂ છે, પણ આવુ વિપરીત કાર્ય કરવુ સારૂ નથી થયું હે રથનેમિ ! હું ભોજકવૃષ્ણિ કુળના રાજા ઉગ્રસેનની પુત્રી છુ અને તુ અંધકવૃષ્ણિ કુળના રાજા સમુદ્રવિજયનો પુત્ર છે, તેથી ઉત્તમ કુળમા જન્મેના આપણે બને ગંધન કુળમા ઉત્પન્ન થએલા સર્પો જેના ઓકેલે વમેલુ વિષ પાછુ ન ચુસી લે તેના અર્થાત્ ત્યાગ કરેના ભોગને પાછા ફરી ન ગ્રહણ કરનાર હોઇએ, તેજ કારણ માટે તુ નિશ્ચળ થઇને સર્વ પ્રકારના દુખને નિવારણ કરનારા સયમનુ આચરણ કર હે રથનેમિ ? જો તુ જે જે સ્ત્રીઓને દેખીશ, તે તે સ્ત્રીઓમા " આ મારી બહેન વહાલી મારી અને આને હુ જેવુ " એવો ભાવ કરીશ, તો વાયુથી ઉખેડાયેલા અને મૂળ બંધાયા વિનાના વૃક્ષની પેઠે અસ્થિર આત્મવાળો થઇશ અર્થાત્ સર્વ દુખને ક્ષય કરનારા સયમ ગુણમા તારૂ મૂળ બંધાયેલુ રહેશે નહીં તેથી આ સસાર સમુદ્રમા પ્રમાદરૂપ પવન પ્રેરેલો તુ આમ તેમ ભટકયા કરીશ " ઇત્યાદિ રાજિમતીના વચનો સાભળીને રથનેમિ તત્કાળ પડીને બોલ્યો " હુ ખરેખર અભાગ્યવાન છુ તો પણ તમે આમ રહારે મન ઠેકાણે આવ્યુ તેથી તમે મહારા ગુરૂને ઠેકાણે છો, માટે હુનેથી તમે મહારા ગુરૂ છો, " રાજિમતીએ કહ્યુ " તમને ધન્ય છે " આ પ્રમાણે રથનેમિને પ્રબોધ આપીને તે પોતાને ઉપાશ્રયે ગઇ, અનુક્રમે તે સર્વ કર્મનો ક્ષય કરીને નેમિનાથના નિર્વાણ પહેલાજ મુક્તિએ પહોચી

અંજનાસુંદરી

પોતાને પ્રાપ્ત થએલી અતિશય આપત્તિ પણ માતાએ અંજનાસુંદરીની પેઠે શુદ્ધ શીળના પ્રભાવથી એક ક્ષણમાત્રમાં ટાળી જાય છે—

આદિત્યના નામના નગરને વિષે પ્રહ્લાદ નામે વિદ્યાધર રાજા રાજ્ય કરતો હતો તેને કેતુમતી નામની પત્નિની કુક્ષિએ પવનંજય નામે પુત્ર થયો તે બહુ વિદ્વાન થતો હતો

વળી એક બીજા મહેંદ્રપુર નગરમા તે વખતે મહેંદ્ર રાજા રાજ્ય કરતો હતો તેને હૃદયસુંદરી નામની કુક્ષિથી અંજનાસુંદરી નામે પુત્રી થઇ અનુક્રમે વૃદ્ધિ પામતાં તે યૌવનાવસ્થાને પામી, ત્યારે તેણીને મહોત્સવપૂર્વક પવનંજય કુમારને વરાવી, પણ પવનંજયે લગ્ન કર્યાના દીવસથી તે મહાસતીની બીલકુલ પણ સાર સંભાળ ન કરી તો વચન કે કાયાના વિનયની તો વાતજ શી કરવી? આમ થવાથી અંજનાસુંદરી તો દુઃખે કાળ નિર્ગમન કરવા લાગી

એવામા એમને રાવણના દૂત આવીને પ્રહ્લાદ રાજાને કહેવા લાગ્યા "વરૂણની સામે યુદ્ધ કરવા જવું છે, માટે મહારા સ્વામી તમને બોલાવે છે" તે ઉપરથી પવનંજય ત્યા જવાને ઉત્સુક થયો અને માતાને નમન કરવા ગયો માતાએ ભક્તિ સહિત વચન કર્યું, પણ પોતાને પાયે પડેલી અંજનાની તો તેણે અવગણજ કરી પછી પવનંજય તો સત્વર સહિત આકાશ માર્ગે ચાલ્યા તે એક સરોવરે પહોંચ્યો ત્યા રાત્રિને વિષે ચક્રવાકથી વિયોગ પામેલી ચક્રવાકી રૂદન કરતી હતી, તે જોઇને તેને પોતાની પત્ની સ્મરણમા આવી તે વખતે તેના એક મિત્ર તેનો ઉપહાસ કર્યો તેજ વખતે પોતાની પ્રિયા પાસે આવીને કામ વિહ્વલ એવી તેણીનો સમાગમ કરીને તેણીને સુખી કરી

પ્રભાતે પતિ ઉઠી ચાલ્યો, ત્યારે પ્રિયાએ કહ્યું, ' આપ અહિ આવી ગયા છો તેથી જો મ્હારા ગર્ભ વૃદ્ધિ પામશે, તો હું શો ઉત્તર આપીશ ? ' તે ઉપરથી તેણે તેણીને નીશાનીને અર્થે પોતાની મુદ્રિકા આપીને કહ્યું ' તુ ભય રાખીશ નહી, હું વેરીને જીતીને પાછો આવું, ત્યા સુધી સુખમા રહેજે, એમ કહીને તે પાછો પોતાની સેના પડી હતી ત્યા ગયો અને ત્યાથી આગળ પ્રયાણ કર્યું

હવે અહિ પાછળ અજનાસુંદરીનો ગર્ભ વૃદ્ધિ પામ્યો, તે જોઇ તેણીની સાસુએ તેણીને તિરસ્કાર કરીને કહ્યું ' હે દુષ્ટા ! આ કુળને વિષે કલંક લાવનારા કુબુદ્ધિ સ્વરૂપ વિષે તુ શુ જોઇ છે ' જાણ કે તારો પતિ તો દેશાંતર ગયો છે ' તે સાભળીને સતી અજનાએ પતિની આપેલી મુદ્રિકા બતાવી તેનાથીજ ગર્ભ રહ્યો છે, એ વાત કહી બતાવી ત્યારે તો સાસુ ચમકીને કોપ કરીને કહેવા લાગી " આવું અકાર્ય કરીને પોતાનો મનમાન્યો ઉત્તર કેમ આપે છ ! તારા એ કહેવા ઉપર મને વિશ્વાસ નથી " એવા કઠોર વચનો કહી પોતાના પતિને એ વાત નિવેદન કરી, તેથી તેમણે તેણીને એક વનમા બેસારી મોકલાવી દીધી, તે તો ત્યાથી પિતાને ત્યા ગઈ, પણ તેણે એની ભાવવાન જોઇને પુનીને રાખી નહી, પરતુ એ- વસંતતિલકા દાસી સહિત એને બહાર કાઢી મૂકી, એટલે તે અરણ્યને વિષે દુખમા દિવસ કાઢવા લાગી

ત્યા રહેતા તેણીએ એકદા એક તપસ્વીને જોયા તેમને વંદન કરી ધર્મોપદેશ શ્રવણ કર્યો પછી તેણીએ પ્રેરેલી દાસીએ પુછ્યું " હે મુનિ ! આ અજનાસુંદરીએ એવું શુ કર્મ કર્યું હતુ કે જેથી તેણીને આવું કલંક લાગ્યું ?" મુનિએ કહ્યું "દશમાથી એક દિવસ ન્યૂન તેણીની કુક્ષિને વિષે અવતર્યો છે, તે જન્મ પામીને પ્રતિ મુક્તિગામી થશે વળી સાભળો

પૂર્વે કોડક નગરને વિષે કનકરથ નામના રાજાને લક્ષ્મીવતી અને કનકોદારી નામે બે સ્ત્રીઓ હતી, લક્ષ્મીવતી પરમ અર્હત્ ની ભક્તિ હતી એકદા તેણીએ ભગવતની પૂજા કરીને મૂકેલી અરિહંતની પ્રતિમાને કનકોદરીએ હરી લઇને ગુપ્તસ્થાને મુકી. પ્રતિમા ગુમ થઇ જાણીને લક્ષ્મીવતી તો બહુ ખિન્ન થઇ પણ એટલામા કનકોદરીએ સાધ્વી પાસે પ્રતિમાહરણનુ પાપ સાભળીને પાછી તેને પૂર્વને સ્થાને મુકી દીધી, પ્રાતે વમનો ઓધ થવાથી તે મૃત્યુ પામીને સ્વર્ગમા દેવી થઈ, ત્યાથી ચ્યવીને એ કનકોદરી આ તહારી સખી અજનાસુદરી થઇ છે પૂર્વજન્મમા પ્રતિમા હરણ કરવાના પાપને લીધે તેણીને આવું દુ:ખ ભોગવવુ પડયુ છે, પણ હવે તેનુ કર્મ ઘણુ ખરૂ ભોગવાઇ રહ્યુ છે અને વળી હવે વધારે પુણ્યકાર્ય કરે " તે સાભળીને અજનાસુદરી વિશેષ ધર્મકાર્ય કરવા લાગી

આમ રહેતા રહેતા અનુક્રમે તેણીને ગુફાને વિષે પ્રસવ થયો, તેણીએ એક પુત્રને જન્મ આપ્યો આવે વખતે તે રૂદન કરવા લાગી તે સાભળીને પ્રતિસૂર્ય નામનો વિદ્યાધર ત્યા આવ્યો તે તેણીને પોતાની ભગિની સમાન ગણીને તેણીને તથા નવા પ્રસવેલા બાળકને વિમાનમા બેસારી પોતાની સાથે લઈ ગયો વિમાન આકાશ માર્ગે વેગ સહિત ચાલવા લાગ્યુ, એવામા બાળકના હાથમાથી પુત્ર પડી ગયો તે જે પર્વતના શિખર ઉપર પડયો તેજ શિખરને તેણે ચુર્ણ કરી નાખ્યુ પછી પ્રતિસૂર્ય વેગથી બાળકને લઇ આવી, સાજુ ને તાજુ તેની માતાને સોપી ને કહ્યુ કે, ' તેણે તો પર્વતને ચુર્ણ કરી નાખ્યો છે " પછી તે તેમને પોતાને હનુરૂહ નગરે લઈ ગયો અને તેના જન્મ પછી તુરતજ તેને ત્યા લઈ જવામા આવ્યો તેથી હનુરૂહ નામ ઉપરથી તેનુ હનુમાન એવુ નામ પાડયુ, એમ તે અનુક્રમે માતાને વહ્લ વૃદ્ધિ પામવા લાગ્યો

એનામા અહિ રાવણને સાન્નિધ્ય કરીને પવનજય નગર પાછો આવ્યો ત્યા તેને પોતાની સ્ત્રીન કાઢી મુકયાન બર પડી, તેથી તે સ્વસુરને નગરે ગયો, ત્યા પણ તે ન હોનાથી તે વને વન ભમના લાગ્યો, પન તે ન મળનાથી તે બહુ રો। કુળ થયો તે વખતે તેના મિત્રે ઉપહાસ કર્યો, તે ઉપરથી તેણે તેને પ્રણામ પૂર્વક કહ્યુ "હે મિત્ર! જો એ સ્ત્રી મને નહી મળે તો મ્હારૂ મૃત્યુ થશે" આ વાત તે મિત્રે પ્રહલાદ રાજાને જણાવી તે સાભળી દુખી થએલો પ્રહલાદ રાજા નિધારોની સાથે અ-જનાસુદરીની શોધમા ગયો ભમતા ભમતા તેણે પોતાના આગનમા પ્રવેશ કરના તૈયાર થયેલા પુત્રને જોઇને કહ્યુ "હે પુત્ર! આમ બાળક જેવો થઇ તુ મરણ શરણ થા નહી, એનુ મરણ દુર્ગતિએ લઇ જાય છ, કહ્યુ છે કે-ગળાને વિષે પાશ નાખીને, વિષ ખાઇને, જળ કે આગનમા પ્રવેશ કરીને, તૃષા કે ક્ષુધા વેઠીને અથવા પર્વત ઉપરથી ઝપાપાત કરીને મૃત્યુ પામનારા જનો નરકગતિ પામે છે અને શુભભાવ યુક્ત હોય છે તો વ્યતર થાય છે" એનામા પવનજય પ્રિયાના વિયોગથી દુખી થઇ અગ્નિપ્રવેશ કરે છે એનુ સાભળનાથી પ્રતિસૂર્ય વિદ્યાધર અજનાસુદરી સહિત ત્યા અકસ્માત આવી પહોચ્યો તેમને જોઇ સર્વ હર્ષ પામ્યા પ્રતિસૂર્યના આગ્રહથી પ્રહલાદ અને પવનજય આદિ રાજાઓ હનુરૂહ નગર ગયા ત્યારી પછી સર્વ રાજાઓ પોતપોતાને નગર ગયા પવનજય તો પોતાના પુત્ર સહિત ત્યાજ રહ્યા હનુમાન પણ ત્યાજ ઉછરના લાગ્યો અને માં કોઇને હનુનુ હાનપ થઇ પડયો નાળે કરીને તેણે બધુ વિદ્યાઓ સપાદન કરી એક। નગરના સમીપને વિષે હનુમાનનુ બળ જોઇને રાવણે પણ સતુષ્ટ થઇ તેને પ્રસાદ કર્યો પછી પવનજય પોતાની સ્ત્રી તથા પુત્રને લઇને પોતાને નગરે આવ્યો અને માન પિતાના ચરણને વિષે નમ્યો, આ વખને સીતાનુ હરણ

થયુ હતુ, તેથી હનુમાન જઈને રામને મળ્યો અને તેને સીતાને લઈ આવવામા પોતાના મર્દ બળથી સાનિધ્ય કરી, એ નામ મર્દની જાહોતી છે તે રામને કહેવા લાગ્યો હે દેવ ! હું શુ કરુ ? કહો તો લકાનેજ ઉપાડીને અહિ લઇ આવુ, કહો તો જબુદ્વીપને લઇ આવુ, કહો તો જળસાગરને પી જઉ, કહો તો વિધ્યાચળને અને કહો તો મુજબ પવર્તના શિખરને ઉપાડી સમુદ્રને વિષે ફેકી દઉ ? અને (એમ કરીને) એ મહાસાગરને આવી લઉ વળી કહો તો પાતાળ થકી સુધારસ લઇ આવુ, કહો તો ચદ્રને પીડા કરીને અમૃત લઇ આવુ કહો તો ઉદય પામતા સૂર્યના કિરણોને નિવારુ અને કહો તો નિનાશ કરે યમ તેને ચુરો કરી નાખુ ' આ પ્રમાણે હનુમાને રામને બહુ મદદ કરી છે એમ જાણવુ

પછી પવનજય પોતાના પુત્ર હનુમાનને રાજ્ય સોપી દીક્ષા ગ્રહણ કરી પ્રાતે મુક્તિપદ વર્યા અજનાસુદરી પણ ચદ્રગતિ મુનિ પાસે દીક્ષા અગીકાર કરી કર્મ ક્ષય થતા મોક્ષે ગયા અને અનુક્રમે હનુમાન પણ ચિરકાળે પૃથ્વીનુ પાલન કરી પોતાના પુત્રનો રાજ્ય અભિષેક કરીને શ્રીદેવસૂરિ પાસે વ્રત લઇ, ભારે તપશ્ચર્યા કરતા શત્રુજય તીર્થે ગયા અને ત્યા કેવળ જ્ઞાન સપાદન કરીને મોક્ષ પામ્યા કહિ

શ્રીદેવી

શ્રીપુર નગરને વિષે શ્રીધર નામે રાજા રાજ્ય કરતો હતો, તેને શ્રીદેવી નામની રાણી હતી એકદા શ્રીધર રાજા પોતાની પ્રિયા સહિત ઉદ્યાનને વિષે ક્રીડા કરવા ગયો ત્યા કમળકેતુ નામનો વિદ્યાધર અપહરણ શ્રીદેવીનુ હરણ કરીને તેણીને પોતાને સ્થાને લઇ ગયો અને ભોગને માટે તેણીની પ્રાર્થના કરવા

ત્યાગ્યો કહ્યું છે કે-પોતાને આધીન સ્ત્રી છતા જે પુરૂષ પરદારા સેવન કરે છે, તે જળથી ભરેલા પૂર્ણ તળાવને મૂકીને વડામાથી જળ પીનાર નર-પશુ જેવો સમજવો વળી જે પુરૂષે પરસ્ત્રી સામુ જોયુ, તેણે પોતાના આત્માને મૂળ મેળ પોતાને ત્યાગ દીધો અને પગને પગને માથા નમાડ્યું સમજવુ

શ્રીદેવી પણ પોતાના કાન બંધ કરીને દેવા લાગી કે- 'હે વિધાતા' એમ ન બોલ, કારણ કે પરસ્ત્રીના ગમનથી તો નરકમા પડવુ પડે છે વળી શીળ જે તે સ્વર્ગના સુખને અર્થે થાય છે કહ્યું છે કે જે પુરૂષ બ્રહ્મચર્ય વ્રત પાળે છે તે પુરૂષને વિમાનવાસી દેવતાઓ, જ્યોતિષી દેવતાઓ, ભવનપતિ દેવતાઓ, વ્યંતરના ગવૈયા-ગાયન કરનારા દેવતાઓ ધૂપમા રહેનારા યક્ષો, ભોગ ભોગવવામા તત્પર એવા નાગકુમારો અને વ્યંતર જાતિના કિન્નર દેવતાઓ, એ સર્વે નમસ્કાર કરે છે ' ત્યારે વચનથી પ્રસન્ન પમાડેના વિચારે કરી તેણીને શ્રીપુર નગરને વિષે મૂકી

એટલા કોઇ દેવતાએ આવીને શ્રીદત્તને કહ્યું હે તમારા નાથ કુબેર ભાઇ ચાર મહીની માથે, કે જેથી કરીને તમારૂ કુશળ થાય " શ્રીદત્તીએ કહ્યું ' તુ દેવ છે અને હું માણસ છું, તે આપણો યોગ કેવી રીતે થાય ? વળી હું પ્રાણનો નાશ થાય તો પણ પોતાના પતિ વિના અન્ય પુરૂષની ઇચ્છા કરતી નથી શ્રીદત્તીના એવા વચન સાભળી પ્રસન્ન થએલો દેવ ' તુ મને ઠગતો છે ' એમ કહી પોતાને સ્થાને ગયો શ્રીદત્તી પણ મૃત્યુ પામીને પાચમે દેવલોકે ગઇ ત્યાથી ચ્યવીને તેણીના જીવ વીરપુર નગરને વિષે ભદ્રશ્રેષ્ઠીના ભદ્ર નામના પુત્રપણે ઉત્પન્ન થયો અનુક્રમે તેણે ગુરૂપાસે ધર્મ સાભળી દીક્ષા અગીકાર કરી મોક્ષ લીધે પાળી અને પ્રાતે કર્મ ક્ષય કરીને તે મુક્તિને પામ્યો છે,

કલાવતી

આ પૃથ્વીને વિષે ગતિ જનારાઓએ જનવિત, મેરૂરૂપી વાડ અને સમુદ્રજળરૂપી તેનથી ભૂત મગળદિપવત્ જબુદ્વિપ તેને વિષે વૈતાઢય પર્વતથી બે વિભાગવાળુ અને ગગા સિંધૂના પ્રવાહથી ૬ ખડે મડિત ભારતક્ષેત્ર છે એમા દક્ષિણાર્ધ ભરતના મ ૬ ખડને વિષે મડનરૂપ, રમ્ય ગ્રામ-પુર અને દેશે સયુક્ત શ્રીમગલ નામ દેશ હતો તેને વિષે પક્ષિપ્રાવર્ત્ત શખ સદ્રશ મનોવાછિત દેનારૂ, લક્ષ્મીએ પરિપૂરિત અને વિશ વર્ણે ભૂત શખપુર નામે નગર હતુ જે નગર પ્રમાદ ધ્વજના મિસથી નિરતર અગુલી ઊચી કરી ઘટા ઘોષે આ પ્રમાણે ના કરતુ જે ' મારી સમાન અન્ય નગર નથી ' તે નગરને વિષે શખ સરખા નિર્મળ યશવાળો શખ નામે રાજા હતો જે શુર હતા પણ સતાપી ન હતો સોમ છતા કલકિત નહતો સુપાત્ર દાનને વિષે ઉદાર, ઘુતાદિ વસનને વિષે કૃપણ, પરસ્ત્રીથી પરાઙ મુખ અને સર્વ શત્રુઓને વિષે સન્મુખ હતો તેને અતપુર અને પ્રધાનાદિ વર્ગ સયુક્ત રાજ્ય પાળતા કેટલોક કાળ નિર્ગમન થયો

અન્યદા મહેલને વિષે બેઠેલા ભૂપતિ પ્રત્યે પ્રતિહારીએ નિવેદન કર્યુ કે—ગજશ્રેષ્ઠિનો પુત્ર દત્ત આવે છે રાજાની આજ્ઞાથી પ્રવેશ કરી અ ભુત ભેટણ મુકી તે રાજાની સમીપ બેઠો નરપતિએ પૂછ્યુ, ' ભો કુમાર ! તુ કુશળ છે ? ઘણે દિવસે કયાથી આ યો ?

દત્ત કહે ' દેવના ચરણકમળ પ્રસાદથી મને કુશળ વર્તે છે પરતુ ચિરાગમન કારણ સાભળો-અમારી વ્યાપારીઓની એવી રીતિ છે કે પરદેશ કરી તરૂણ અવસ્થામા દ્રવ્ય ઉપાર્જન કરવુ કારણ કે કહ્યુ છે કે શ્રુધિત થયેલા મનુષ્યથી વ્યાયામ બનાતુ નથી, તૃષાતુર માણસથી કા યરસનુ પાન થતુ નથી અને

છદૈવાશ્રયરૂપે કોઇના કુળનો ઉદ્ધાર થતો નથી માટે દ્રવ્ય ઉપાર્જન કરવુ, એ વિના સર્વે કળા નિષ્ફળ છે તે કારણ માટે હે દેવ! અહીંથી હું દેવગાળપુરે ગયો હતો, ત્યા પુષ્કળ દ્રવ્ય લાભ કરી ઘણે કાળે હુમણા અત્રે આવ્યો છુ '

રાજા કહે 'અતિ દૂર દેવગાળ પુરે જઇ તે તારૂ કથન સત્ય કરી બતાવ્યુ છે, કહ્યુ છે કે-

कोऽतिभार समर्थाना, किं दूर व्यवसायिना ।
को विदेश सुविद्याना क पर' प्रियवादिना ॥

સમર્થ પુરૂષને અતિ ભાર શુ ? વ્યવસાયી પુરૂષને અતિ દૂર શુ ? સુવિદ્યાવતને વિદેશ કયો ? અને પ્રિયવાદિને શત્રુ કોણ? અર્થાત્ સમર્થ પુરૂષને અત્યત ભારજ નથી વ્યવસાયી પુરૂષોને કા દૂરજ નથી, સુવિદ્યાવતને કોઇ પરદેશજ નથી અને પ્રિય વાદિને કોઇ શત્રુજ નથી પરતુ હે ઉત્તમ! ત્યા તે જે જે આશ્ચર્ય જોયા હોય તે કહે '

દત્ત કહે ' રાજન્! સાભળો એ નગરને વિષે અપ્રતિમ દેવમદિર છે, સપરિવાર મુનીદ્રો ત્યા વસે છે અને શ્રાવકો બુદ્ધિમાન્ છે. સર્વત્ર આશ્ચર્યમય એ નગરને વિષે વિશેષ શે જે જોયુ તે આપ પ્રકૃષ્ટ નયનથી જુઓ ' એમ કહી યત્નવડે ગોપવી રાખેલી ચિત્રિત વર્ણે યુક્ત ચિત્રપટ્ટિકા કાઢીને નૃપતિ સમીપે મુકી તને વિષે અગાધ લાવણ્યવડે જેણે દેવાગનાઓને હસી કાઢી છે એવી કન્યા જોઇ તેના નેત્ર, તેનુ મુખ, હસ્ત, ચરણ, સ્તન વિગેરે સર્વ અવયવો શોભિતા જોઇ-આ કોઇ સ્ત્રીની મૂર્તિ છે, એમ માની રાજાએ પુછ્યુ 'આ કઇ દેવીની મૂર્તિ છે ? કયા ચિતારાએ ચિતરી છે ?'

દત્ત કહે 'હે દેવ ! આ માનુષી છે, પરતુ તમારા સગમની દેવી થવા એવા કોઇ ચિતારાની કૃતિ નથી, દૃષ્ટ જોયા પ્રમાણે આલેખ્યુ છે

રાજા કહે 'આના રૂપને વિષે કાંઈ પણ ન્યૂનતા નથી. ચંદ્રમંડળ સરખું પૂર્ણ ન ન છે, કેશપાશ શોભિતા છે ચંચળ ભ્રકુટીવાળા નેત્ર છે, જાણે હસતા હોય એવા દાંત છે, અલાયમાન અંગુલીવાળા હસ્તકમળ છે અને પગ તો જાણે ચાલતા હોય એમ જણાય છે એ સર્વ પ્રકારે સુશોભિત છે, ચિંતવિના એ સર્વથા મારા મનનું હરણ કરે છે'

ત્ત કહે 'હે દેવ! તેની અંગશોભા કોણ વર્ણવી શકે પ્રમાણની છે અને તેની વીણા પણ જુદાજ પ્રમાણની છે, આ તો સ્મૃતિમાં આવ્યું તેટલું આલેખ્યું છે

રાજા કહે 'હે સાર્થ! એ કોણ છે? તે કહે'

ત્ત કહે એ મહારી બહેન છે'

રાજા કહે 'ત્યારે તે દેવશાળપુરે કેમ ગઇ?'

દત્ત કહે 'તત્ત સાંભળો, દૂરથી આવતી વિવિધ વૃક્ષો જોતો હું મહોટા માર્ગ સાથે પર્યટન કરતો હતો એટલે વખત ઘણા દેશોનું ઉલ્લંઘન કરી વિવિધ પ્રકારના કૌતુક જોતો હું નદિશને વિષે આવેલા દેવશાલપુરથી કંઈક દૂર એક ભયંકર અરણ્યમાં પહોંચ્યો ત્યાં મોટા તુંગ વૃક્ષ આરૂઢ થઇ ગયેલ ભલ્લ સુભટોએ પરિવૃત, ચોર ભિલની શંકાથી આગળ માર્ગ જોતો હું ચાલતો હતો, તેવામાં માર્ગને વિષે સુંદર અંગવાળો જેની નાભીપે મૃત ઘોડો પડયો છે એવા કોઇ પુરૂષને મેં જોયો મેં તેની નાભીપે જઈ, કાંઈ જીવિત છે એમ માની તત્કાળ શીતળ જળ છાંટયું કોઇ સજ્ઞાવાળો જણાયો એટલે ઘોડા શીતળ જળનું પાન કરાવ્યું ત્યારે બરાબર શુદ્ધિમાં આવ્યો ત્યારે દુર્વાર્ત્ત મનુષ્યના ચિત્તને પ્રમાદ કરે એવા મોહ ખસી ગયા પછી મેં પુછ્યું 'તમે કોણ છો? અહીં આવા વિકટ કષ્ટમાં કેમ રીતે પડયા?' તેણે કહ્યું 'અનરથ ભાવને વિષે મહોટા પણ અનર્થમહ (પ્રતિકૂળ)થાય છે ત જાણે જેમ પવનની ગતિને અનુસરવું પડે છે તેમ

મનુષ્યની કલ્પનાને નિષિની ઇચ્છાને અનુસરવું પડે છે હું તો દેવશાળપુરથી અર્ધે અપહરણ કરેલો અને આ સ્થિતિમાં આવ્યો છું, પરંતુ હે પ્રેમપ્યારી! તમે કયા જનો છો?" એ કહ્યું "હું દેવશાળપુર તરફજ જવાનો છું માટે ચાલો, આપણો બંનેને એકજ માર્ગ છે તમે અધૈર્યરહિત થઇ માટે આગી સાથે સુખાસનમાં બેસો

પછી અમે બને સુખાસનમાં બેસી નાના પ્રકારની વાર્તા કરતા તે વિષમ અરણ્યમાં આવ્યા એમ તે દિવસ તો અમે આનંદથી નિર્ગમન કર્યો બીજે દિવસે માર્ગે ચાલતા હતા તેવામાં વનના ગર્જનારે અને વનના ચિત્કાર શબ્દ સયુક્ત મારા કાનોના શુભગોનો કોલાહલ સભળાયો તેથી શક્તિ થઇ અમારા શુભગો ભયભીત થતા હતા, તેવામાં બહુનો નહિ, બહુનો નહિ, એમ કહેતો એક સ્વાર અમારી સમીપે આવ્યો અને બોલ્યો કે "અરે અપહરણ કરેલા પુરૂષને તમે જોયો?" એમ બોલતા મારી સાથેના પુરૂષને ઓળખી અત્યંત આનંદ પામ્યા, તત્કાળ અર્ધ નીચે તથા વિજયભૂપતિ ત્યાં આવ્યા અને તે પુરૂષ કે જે તેનો પુત્ર થતો હતા તેને જોઈ હર્ષિત થયા મહિજનો ઉચ્ચ સ્વરે બોલતા લાગ્યા કે વિજયભૂપતિનો પુત્ર જયસેન કુમાર જય પામો' તત્કાળ કુમાર સુખાસનથી ઉતરી પોતાની પિતાને નમસ્કાર કર્યો અને પિતાના પુત્રવધી પોતાનો વૃતાંત જણાવવા લાગ્યો-"હે તાત! કુશિનિત થયે મને આ વિષમ અરણ્યમાં પ્રવેશ કરાવ્યો પછી મને ઉદ્વેગ પામી લગામ છોડી દીધી એટલે તરત તે અશ્વ અનાર્યકારીપણાથી જાણે લજ્જા પામતા હોય તેમ તત્કાળ તે પ્રાણ વિમુક્ત થયો ને સમયે મને પણ મૂર્છા પ્રાપ્ત થઇ ક્ષુધા અને તૃષાએ પીડિત ત્યાજ પડયો હતો, ત્યાં આ ધર્મબંધુએ આવી મને જીવાડયો" એમ કહી મને દેખાડયા તે સમયે રાજાએ મને આલિંગન કરી પોતાના

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचै
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्या ।
विघ्नै पुन पुनरपि प्रतिहन्यमान ,
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥

નીચ પુરૂષો વિઘ્નના ભયથી કોઇ પણ કાર્યનો પ્રારભ કરતા નથી, મધ્યમ પુરૂષો પ્રારભ કરેલા કાર્યને વિઘ્ન આવ્યાથી છોડી દે છે, પરતુ ઉત્તમ પુરૂષો વારવાર વિઘ્નથી હણાયા છતા પણ પ્રારભ કરેલા કાર્યનો ત્યાગ કરતા નથી

એ પ્રમાણે તે મત્રીશ્વરોનો વાર્તાલાપ સાભળી દત્ત હસીને બોલ્યો—

'ચા ના પગલા દેખાડે તે પ્રાહુરિક' એ કહેવત તમે સત્ય કરો છો એ પ્રમાણે મધ્ય પુરૂષોને અમૃત સમાન મિષ્ટ વાણિ કરતા જોયા હવે થયો તે સમયે કળાનિવેદિ પુરૂષ બોલ્યો—

आक्रामत्युद्गसत्तेजा सूरोऽय जनमस्तके,
निस्तेजस्त्विना लोके क्रिमसा च भवत्यहो ॥१॥
सुवर्णाच्या च गृङ्गारो-द्भामिनी कमलेक्षणा,
सानन्दा दयिता लक्ष्मी-र्भ्यते देवपूजया ॥२॥

ઉદ્ગસાયમાન તેજવાળો આ સૂર્ય મનુષ્યના મસ્તક ઉપર આક્રમણ કરે છે તીવ્ર તેજસ્વીને લોકને વિષે અસાધ્ય હોય ? અર્થાત્ તેવાને કાઇ અસાધ્ય નથી સુવર્ણથી ઉદ્ગસાયમાન થતી, કમલેક્ષણા-કમલના જેવા નેત્રવાળી અને આનદ પ્રાપ્ત કરાવનારી દયિતા-લક્ષ્મી દેવ પૂજાથી પમાય છે

તે સાભળી ભૂપતિ સભા વિસર્જન કરી, સ્નાન કરી, જિન પૂજનને વિષે તત્પર થયો, પછી ભોજન કરી શય્યાને વિષે આવ્યો હતો પ્રિયાની પ્રાપ્તિનો વિચાર કરવા લાગ્યો તે બોલ્યો 'હે વિધિ

તને વન્ય છે કે જેણે દેવાગનાને પણ રૂપ ઋદ્ધિએ પરાભવ કરનારી એ સુલોચના બનાવી, પરંતુ હવે આર્તરાગતિને વિષે તત્પર થઉં એવી પાપો આપ, જેથી હુમણાજ તે ચંદ્રવદનાનું મુખાવલોકન કરૂં એવી કંઇ રાત્રી અથવા કંઇ દિવસ અમૃત સમાન થશે કે જેને વિષે દુર્લભ એવી તે સુલોચનાને પુણ્યાનુયોગવી હું પ્રાપ્ત કરીશ' એમ ચિંતાના સંકલ્પરૂપ કલ્લોલથી વ્યાકુલ થએલા હૃદયે કેટલોએક કાળ અતિક્રમણ કરી સભા મંડપને વિષે આવ્યો ત્યા જેનાર્થે આવેલા અમાત્યોની વાતથી સંતોષ પામી તે દિવસ તથા રજની નિર્ગમન કરી, બીજે દિવસે પ્રભાતે અમાત્ય અને સામંતોએ પરિવૃત રાજા બેઠો છે તેવામા કોઈ પુરૂષે દોડતા આવી વિજ્ઞપ્તિ કરી 'સ્વામિન્, સીમસામંતોએ નમ્રતાપૂર્વક કહ્યુ છે કે, રથ અશ્વ, હસ્તિ અને યુભટોથી આકુળ કોઈ મહત્ સૈન્ય આપણા નગર તરફ આવે છે, જેના કોલાહલથી વનવાસી પશુઓ ત્રાસ પામી ગયા છે'

તે સાભળી ક્રોધથી જેના હોઠ પ્રકંપિત છે, ભ્રકુટી જેની ભીષણ છે અને ખલકેલી (યુદ્ધ) જેને પ્રિય છે એવો તે રાજા બોલ્યો ભો ભો સેનકો! ઢક્કા વજડાવો, સામંતો સજ્જ થાઓ અને નગરને વિષે જેટલા રાજાની આજ્ઞા શ્રવણ કરી સર્વે યુભટો વિવિધ પ્રકારના આયુધે સયુક્ત થઈ ગજ, અશ્વ કે રથ તૈયાર કરવા લાગ્યા, લોકો પણ શકિત થઇ ભાલા ભાલે પૂજવા લાગ્યા અને આખા નગરને વિષે કોલાહલ થઇ રહ્યો તે સમયે દંતે રાજા સભીપે આવી વિજ્ઞપ્તિ કરી સ્વામિન્! અકાજે આ શુ સમારભ કર્યો છે? હે નૃપરત્ન? જે કન્યારત્ન, ચિત્રને વિષે જેનાથી આપણા હૃદયમા નિશ્ચળ છે, તે સ્વયંવર વરવાને આવે છે જે સકલ કલાનો પાર પામ્યો છે, પ્રકૃતિએ જે ઉદાર છે અને જેનુ સ્વરૂપ [illegible] જયસેનકુમાર સૈન્ય સાથે તેને લઈ

અત્રે આવ્યો છે' એ સમાચારથી રાજા અત્યંત આનંદ પામ્યો અને સુવર્ણની રસના (ઝભ્ભા) તથા દેહાભરણ ભેટ આપી બોલ્યો 'ભો દત્ત! આ દુર્ઘટ કાર્ય તે જ કર્યું?'

દત્ત કહે 'સ્વામિન્! હવે'

તે સમયે મતિસાગર મંત્રિએ કહ્યું,-રાજન્ દત્ત ગૌડ અનુભવવાન છે, કાર્યનિર્માણને વિષે ઉદાર અને વાકચાતુર્યે કુશળ છે કહ્યું છે કે જે મેઘ અત્યંત વરસે છે તે મૃદુ અને મધુર ગાજે છે, પરંતુ રિક્ત (ખાલી) હોય તે ઘણાજ ગર્જારવ કરે છે અસાર પદાર્થને વિષે પ્રાય મહાન્ આડંબર હોય છે કારણ કે જેવો ધ્વનિ કાંસાથી થાય છે, તેવો સુવર્ણથી થતો નથી પોતાના સ્વામી પાસે પ્રિય આલાપ કરનાર સેવક અવશ્ય અને પરોક્ષે રહી સ્વામિના ગુણનો ગ્રાહી હોય છે, તે ઉત્તમ સેવક ગણાય છે દત્ત ગંભીરપણાથી કંઈ બોલતો નથી પણ મને એમ સંભવ થાય છે કે એણે આપના ગુણની સ્તુતિ કરી એ કન્યાને આપના ઉપર પ્રીતિવાળી કરી અને પછી તેના પિતાએ કુમાર સાથે મોકલી તેને લઇને અત્રે આવ્યો સ્વામીને વિજ્ઞાપના કરવા માટે તે ત્વરિત ગતિથી પૂર્વ આવ્યો હશે.

દત્ત કહે 'મંત્રી મતિસાગર તમે યથાર્થ સાગરજ છો, કારણ કે જે પોતાને પ્રવૃત્ત છે તે પ્રત્યક્ષ જોયા બરાબર કહો છો.'

રાજા કહે 'દત્ત ગંભીર ભલાગો છે અને મતિસાગર તમે બુદ્ધિમાન્ છો, હવે સમયને ઉચિત હોય તે પ્રમાણે કરો, સૈન્ય સામગ્રીનું નિવારણ કરો, હાથની શ્રેણીઓ રંગાવો, તોરણો બંધાવો અને પવન પ્રધાનને જયકુમાર પાસે મોકલી તેનો પ્રવેશ મહોત્સવ કરાવો, ગજ અને અશ્વોને માટે ઘાસ તૈયાર રખાવો અને તોરાની ભેટ કરો' રાજાની આજ્ઞા પ્રમાણે મંત્રીશ્વરોએ પોતાનું સર્વ કાર્ય બજાવી જયસેન કુમાર અને પરિવારનું એવું સન્માન કર્યું કે તેથી તેઓ અત્યંત ખુશી થયા અને

અદિજનોએ તો ઉચ્ચે સ્વરે શંખ નૃપતિની પ્રશંસા કરવા માંડી
પર્વે સજ્જ કરેલી સામગ્રીથી ચિત્તને હર્ષ ઉત્પન્ન કરે એવા
પ્રાસાદને વિષે જયસેન કુમારને ઉતારો આપ્યો ત્યાં મજ્જન,
સ્નાન અને ભોજન કરી, ગીત નાટ્યાદિવડે સુખ સભાવીમાં
તે દિવસ અને રાત્રી નિર્ગમન કર્યાં, બીજે દિવસે પોતાના
મંત્રી અને સામંતોએ પરિવૃત્ત કુમાર રાજ્ય સભામાં ગયો
ત્યાં અમુલ્ય ભેટ મૂકીને શંખ નૃપતિના ચરણકમળને વિષે
મસ્તક નમાવ્યું રાજાએ પણ સ્નેહ પૂર્વક આલિંગન કરી ઉંચે
આસને બેસાર્યો

પછી કુમારનો મહામંત્રી મંત્રી રાજાની સમુખ થઇ બો-
લ્યો સ્વામિન્! તમારા જ્ઞાનના ગુણોવડે અમારા ભૂપતિનું
મનરંજન થયું છે દત્ત ચિંતારાએ શુભરૂપી કુંચાથી બહુ વર્ણ
વડે અમારા પ્રભુના ચિત્ત પટને વિષે તમારૂ સ્વરૂપ આલેખ્યું
છે, તેથી તેમનો આપની ઉપર દૃઢ રહ્યા જતા પણ અસ્થિમજ્જા
સદૃશ રાગ વર્તે છે વધારે શું કહીએ? પણ એ રાગને અનુસ-
રી પોતાના પ્રાણ થકી પણ પ્રિય એની આ કન્યાને આપના
પ્રત્યે આપના મોકલી છે ઘણા રાજપુત્રોએ માગણી કર્યા છતા તે
પણ આપની ઉપર સ્નેહવતી છે, માટે મારો દીનમ જોવરાવી
એનું પાણિગ્રહણ કરવું એ આપને ઉચિત છે. દાન માનાદિએ
એનું એવી રીતે સન્માન કરવું આપને ઘટિત છે કે જેવી તે
પોતાના માતા પિતાને ભૂલી જાય

તે સાભળી શંખ સરખા મધુર સ્વરનાળો શંખ ભૂપતિ
બોલ્યો–દૂર રહેનો ગુણોહિન અને વયે બાળ સરખો જે હું તેને
વિષે વિજય ભૂપતિ આવા પ્રકારનો સ્નેહ ધરાવે છે કે તે એમની
અપૂર્વ સૌજન્યતા બતાવે છે કહ્યું છે કે —

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा—
स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः,

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्य
निजहृदि विकसन्त सन्ति सन्त स्वियन्त' ॥ १ ॥

મન, વચન અને કાયાને વિષે પુણ્યામૃતથી પૂર્ણ એવા ભુવનના પ્રાણીને ઉપકારની શ્રેણિથી ખુશી કરનારા અને લેશ માત્ર પરગુણને પર્વત સમાન ગણીને પોતાનુ હૃદય વિકસ્વર કરનારા એવા સત પુરૂષો કોક જ હોય છે

હું પણ નિષ્કપટ સ્નેહ ધારણ કરનાર તે મહીપતિનુ નગન પોતાના પિતાની પેઠે અન્યથા નહિ કરૂ કુલીન સ્વરૂપવાન અને કલ્પલ્વી સદૃશ કલાવતિ કન્યાનો સ્વીકાર કરનારને કોણ ગહ્યો પુરૂષ વિનય કરે'

તે સમયે જયકુમાર સભાને વિષે આવેલ દૂત તરફ હસીને બોલ્યો. 'હે બંધુ! આજ મને તમારા વચનની વિશેષ પ્રતીતિ થઈ અમૃત તુલ્ય વાગ્વિનાસવાળા આ નૃપતિને વિષે દાક્ષિણ્ય અને વિનયને ઉચિત સર્વ અપૂર્વ ગુણો છે, પરંતુ તે પોતાના ગુણે કરીને સતુષ્ટ નથી, જેથી અપર મનુષ્યના ગુણ સમૂહને ગ્રહણ કરે છે અથવા મહાનુભાવ પુરૂષો સ્વભાવે એવાજ હોય છે એમનુ અવલોકન કરવાથી આજ મારા લોચન સફળ થયા અને એમની વાણી શ્રવણ કરવાથી હું કૃતાર્થ થયો

એ પ્રમાણે ગોષ્ટી કરી, લગ્ન દિવસ નિરધારી સર્વે પોતાને ઠેકાણે ગયા, એમ નિરતર અમૃત સમાન ગોષ્ટી કરનાર તેઓ એ કેટલાક દિવસ ત્યાજ નિર્ગમન કર્યા એટલે લગ્ન દિવસ પણ આવ્યો, તે દિવસે ગુરૂતર સમૃદ્ધિ પૂર્વક શ્રીપાલ ભૂપતિ અને કલાવતીનો પાણિગ્રહણ મહોત્સવ થયો કરમોચન અવસરે જયકુમારે પિતાના કહ્યા કરતા પણ અધિક હસ્તિ અશ્વ, રથ, શૃંગાર અને વસ્ત્ર આપ્યા શ્રીપાલ રાજા પણ કલાવતીનુ પાણિગ્રહણ કરી અત્યત આનદ પામ્યો થોડા દિવસ પછી જયસેન કુમારે

ખ્ય રાજાની આજ્ઞા લઇ, કલાવતીને આશ્વાસન આપી સૈન્ય સહીત દેવશાલપુર તરફ પ્રયાણ કર્યું

રાખ રાજા પણ કલાવતી સાથે નિરંતર ભોગ ભોગવતો તેના પ્રેમરસમા એવો નિમગ્ન થઈ ગયો કે ક્ષણમાત્ર પણ તેનો વિયોગ સહન કરી શકે નહિ તેના વિના આસ્થાન મંડપ આરક્તસ્થાન સમાન લાગે, સારુ આહાર નીરસ લાગે અને અશ્વક્રીડા મનને પીડારૂપ લાગે બીજાં સર્વ કાર્ય દેહથકી કરતો પરંતુ મન તો તેને વિષે સ્થાપિત રહેતુ રાજાની એવી પ્રીતિથી અંતઃપુર પણ કલાવતીમય થઇ ગયુ નગરની સર્વ સ્ત્રીઓ તેણીનુ સૌભાગ્ય અને સુખ જોઇ પરલોકે તેના સરખુ સુખ પ્રાપ્ત કરવાને ધર્મકાર્યમા તત્પર થઇ

બાળપણથી સદાચારને વિષે લીન થયેલી કલાવતી પણ કોઇ દિવસ મૃષા વચન બોલતી નથી, પૈશુન્ય આચરતી નથી, કોઇનુ મત્સર કરતી નથી અને રાજાની એવી પ્રીતિનુ પાત્ર હોવાને લેશમાત્ર પણ ગર્વ વારણ કરતી નથી નિરંતર સર્વની સાથે મધુર મિત અને વિનયી વચનથી બોલે, પરોપકાર કરવામા તત્પર રહે અને દિવસે દિવસે વધારે સદાચારવંત દેખાવા યત્ન કરે. બીજી અજ્ઞાન સ્ત્રીઓની પેઠે પોતાની શોક્યો સાથે પણ કલહ કંકાસ ન કરતા તેઓને સર્વ રીતે આનંદ પમાડતી

અન્યદા સુખ શય્યાને વિષે સુતેલી કલાવતી રાણીના છેલ્લા પ્રહરે કુસુમમાલાઓ અર્ચિત વિ સ્વપ્ન થયેલા કમળે હંસ અને ક્ષીરોદધિ જળે ભરિત સુવર્ણ કલશ જોઇને પ્રાત કાળના વાજિંત્રનાદે જાગી તરતજ અત્યંત આનંદ પૂનક પતિ પાસે જઇ સ્વપ્ન વૃત્તાંત નિવેદન કર્યો રાજાએ કહ્યુ 'પ્રિયે ! તારે અખૂટ રાજ્યશ્રીને ભોગવનાર પુત્ર થશે,' પતિનુ એવુ વચન સાભળી આનંદ પામનારી રાણી સુખમા દિવસ નિર્ગમન કરતી ગર્ભનુ પાલન કરવા લાગી અત્યંત શીત ઉષ્ણ ન જમવુ, મૃદા તૃષા

જ ન પામી ન જ ન્યા બરાબર છે મારણકે દુર્ભર ઉદર ભર વાને અર્થે પિતાની સાથે યુદ્ધ કરે છે, બાંધવને હણે છે અને દુર્ઘટ કાર્યને વિષે પ્રવર્ત્તે છે પટ્ટ ચાટતા કરનાર જેવક શ્વાન તુલ્ય ગણાય છે. દેવિ ! મારે પણ પરન્નાધીનપણે આવુ અકાર્ય કરવાનો વખત આવ્યો છે તમે રથથી નીચે ઉતરો અને આ શાલ વૃક્ષની છાયા નીચે બેસો વધારે કહેવાને હું શક્તિમાન નથી, રાજાની આજ્ઞા બીજી જ વર્ત્તે છે '

તેના તેના વચન સાભળવાથી તત્વને જાણનારી કલાવતી રથથી નીચે ઉતરી મુર્છા પામી અને તે શુભ્ર પણ રૂદન કરતો રથ હાકી નગર તરફ ગયો થોડી વારે જેવી કલાવતી સચેતન થઇ રૂદન કરે છે તેવામા રાજાએ મોકલેલી ક્રોધે ભયકર દેખાતી, રાક્ષસીની પેઠે હાથમા કૃતિ ધારણ કરેલી, ચાડાલીએ આવી કહ્યુ-રે પાપિષ્ટે ! દુષ્ટચેષ્ટિત અપદા ભોગવવાને તત્પર થઇ ? તુ જાણતી નથી કે તેથી રાજા પણ પ્રતિકુળ થયો માટે તે કર્મનુ ફળ તુ ભોગવ' એમ કહી આભૂષણે સહિત તેના બે હસ્ત છેદી નાખ્યા

હા તાત ! હા માત ! એમ બોલતી કલાવતી તરતજ મુર્છા પામી ભૂમિ ઉપર પડી કેટલીએક વારે શીત પવનના યોગથી સચેતન થઇ ત્યારે અત્યત વિલાપ કરતી બોલવા લાગી -' હે દૈવ ! તુ શા માટે મારા ઉપર કોપાયમાન થયો અરેરે મે એના શા પાપ કર્યા હશે જેથી મારે આવા દુ:ખ ભોગવવા પડે છે હે આર્યપુત્ર ! હે વિજ્ઞ ! તમે આવુ સાહસ કર્યું તે યુક્ત કર્યું હશે, કારણ કે તમારા અતકરણમા ઉત્પન થયેલી શકા શ્રવણત અનુતાપ કરતી હશે અગર જો કે મે તો કાઇપણ અપરાધ કર્યો નથી, પરતુ કોઇ બ્રહ્મ પુરૂષે તમને શુ કહ્યુ હશે, તે હું જાણતી નથી, હે સ્વામીનાથ ! હું મારા શીલને કલકિત કરૂ એવી

ઉપર પણ શ્રદ્ધા ન રાખો. મારી સર્વ ઋદ્ધિનો નાશ થાઓ, મારા દેહનો અંત આવો, મારૂ સર્વસ્વ લુટાઇ જાઓ પણ હું શીયલવ્રત ખંડિત ન કરૂં ક્ષત્રાણી સ્ત્રીઓ વિઘ્ન થાય પણ સત્પુરૂષે અંગીકાર કરેલી, નિશ્ચળ હોય' એ લોકોક્તિ તમે વિપરીત કરી, હે પ્રિય! તે પ્રેમપ્રતિપત્તિ-તે અનુરાગાપની પદ્ધતિ તમે એકદમ કેમ વિસ્મૃત થયા? હે તાત! હે માત! હે ભ્રાત! તમારા પ્રાણથી પણ વલ્લભ હું અત્રે મૃત પ્રાય પડી છું, તેનું કેમ રક્ષણ કરતા નથી! હું અશરણ અનાથા પરેલી વ્યથાતુર શું કરૂં? એમ દુઃખથી વિલાપ કરતા ઉને વિષે વ્યથા ઉત્પન્ન થઇ નવી. પ્રસૂતિ સમય જાણી લજ્જા પામી, નજીક આવેલી નદીના તીર ઉપર રહેલ ઝાડની વાડના મધ્ય ભાગમા ગઇ ત્યા અહોરાત્રે દેવકુમાર સદૃશ પુત્રને જન્મ આપ્યો

અહો! કર્મની કેવી ગતિ છે? જેનુ વચન નીકળે ત્યા હજારો માણસો ખમા ખમા કરનારે તૈયાર હોય, જેના પ્રસવ સમયે પ્રસૂતિ ક્રિયા કરનારને બેકરો દાઇઓ હાજર હોય અને જે રાજ્ય મહેલને વિષે સુખશય્યાને વિષે શયન કરનારી તેણીને આવે સમયે વનમા-ઝાડની ઘટામા જમીન ઉપર એકના નિરાધાર અવસ્થામા આ ક્રિયા બને એ કેવી વિચિત્રતા! કર્મ કરે તે કોઇ ન કરે! કર્મ મનુષ્યને ન હોય ત્યા વાઘ જાનવર છે અને ન બને તેવા કાર્યોમા પ્રવૃત કરે છે

પોતાને હસ્ત નથી જેથી બાળકને લઇ લે, તેથી પગ પાસે પડેલા બાળકને જોઇ, તે હર્ષ અને શોક વારંવાર કરતી બોલી હે બાળ! તુ ભલે જન્મ્યો! તુ દીર્ઘાયુ-સુખી થજે! અભાગ્યના ઉદયથી અત્રે હું બીજી તો શું પરામણી કરૂં? એમ બોલતી રોઇ પડી આખમા આસુ ભરાઇ ગયા-તમસ આવી મૂર્છાતુર થઇ ગઇ અહો! જે બાળકના જન્મ સમયે અને- પ્ર-

કારના વાજિંત્રો વાગે, હજારો વધામણીઓ થાય અને એકકો માણસના હૃદયમા આનદ વર્તે, તે બાળકને વગડામા-જગલમા કોઇ ભોય ઉપરથી લઇ લેનાર પણ મળે નહીં ! આવો દેખાવ જોઇ કઇ માતાનું હૃદય ફાટી ન જાય ? કોણ મનુષ્ય આવા બનાવથી દિલગીર ન થાય ?

થોડી વારે મુર્છા પામેલી કલાવતી શુદ્ધિમા આવી ત્યારે તરફડતો બાળ અળોટતો નદીના તીર પાસે ગયેલો જાણી અત્યત કષ્ટે ત્યાથી ખસી પગભરે તેને પકડી રાખી બોલી. હે નદીમાતા ! દીન થયેલી હું તારે આશ્રયે આવીને બેઠી છુ. શરણાગત ઉપર કૃપાવતિ તુ મારા પુત્રનું હરણ ન કર હે દેવિ ! હે જ્ઞાનલોચને ! જો લેશમાત્ર પણ મારા શીયલ વ્રતને મે કલકિત કર્યુ ન હોય તો આ મારા બાળકનુ પાલન થાય એવો ઉપાય કર એમ દીન સ્વરે રૂદન કરતી કલાવતી ઉપર રાત્રીના પ્રભાવથી નદીની અધિષ્ઠાતા દેવી પ્રસન્ન થઇ અને તત્કાળ પ્રગટ થઇ તેની બાહુલતા ભવ્યતર કરી અદ્રશ થઇ

આ બનાવથી કલાવતી જાણે અમૃતથી સીંચાઈ હોય તેમ અપૂર્વ સુખ અનુભવવા લાગી. હસ્તવડે બાળકને ગ્રહણ કરી પોતાના ઉત્સગમા સ્થાપ્યો અને દેવીની સ્તુતિ કરવા લાગી

જય દેવિ ! ચિર ભદ્ર, તુભ્ય નિરઙ્કવત્સલે
દુ ખદીનાહ્વનાથાહ, ત્વયા સ્વામિની જીવિતા. ॥ ૧ ॥
કિમાપન્નિમમાયા, જીવિતવ્યેન કિં મમ,
કિં તુ બાલ લસદ્બાલ નેશે મોક્તુ નિરાશ્રયમ્ ॥ ૨ ॥

હે દેવિ ! તુ જયવત થા ! હે નિરઙ્કવત્સલે ! તારૂ ચિર કાળ પર્યત કલ્યાણ થાઓ ! હે સ્વામિનિ દુ ખથી દીન થયેલી અને અનાથ એવો મને તમે જીવાડી આવી આપત્તિને વિષે પડવી હું તેને જીવિતવ્યે કરીને શુ ? પરતુ તેજસ્વી ભાલવાળા નિરાશ્રય આ બાળને મુકવા હું સમર્થ નથી

વળી બાળકની સામુ જોઇ રૂદન કરતી બોલી પુત્રની ઉ-ત્પત્તિ રાજાના નગરને વિષે મહાનઉત્સવ કર્તા થાત, પરતુ વિધિની વિચિત્રતાને વિકાર છે જો આમ હતુ તો મને શા માટે આ સ્થિતિ સુધી પહોચાડી? પરતુ એમા વિધિનો શુ દોષ ગણવો? એ તો મારા કર્મનોજ દોષ છે જો પૂર્વે હુ શીયલવ્રત વારવા કરી સાંખી થઇ હોત, તો મન સબધી આવો પરાભવ સહુન કરવો ન પડત' એમ જુદા જુદા પ્રકારની કલ્પના કરી રૂદન કરતી તે વનપશુઓને પણ રૂદન કરાવવા લાગી એવામા કોઇ તાપસ એ રસ્તેથી નીકળ્યો તે તેણીને જોઇ વિચારવા લાગ્યો કે શુ આ સ્વર્ગસુંદરી છે? શુ વિદ્યાધરી છે? શુ વનદેવી છે? શુ કિન્નરી છે? શુ નાગાગના છે? અથવા નૃપાગના છે? એમ વિચારી તેણીને મનુષ્ય જાણી,-દયા આણી પોતાના તપોવનમાં કુલપતિ સમીપે લઇ ગયો કલાવતીએ કુલપતિ સમીપે જઇ નમસ્કાર કર્યો એટલે તેમણે કુશલ વર્ત્તમાન પુછ્યા, તેથી દુખતુ સ્મરણ કરીને રૂદન કરવા લાગી તેણીને એ પ્રમાણે રૂદન કરતી જોઈ, આ કોઇ દુખાર્ત્ત છે એમ વિચારી, કુલપતિએ અમૃત સદૃશ મધુર વાણીએ તેને આશ્વાસિત કરી, અને બોલ્યો—' હે વત્સે ! સુખ દુખ એ પુણ્ય પાપ રૂપી વૃક્ષના ફળ છે અને તે પોતેજ ઉત્પન્ન કરેલા છે સત્ મનુષ્યે તેને વિષે ખેદ હર્ષ ન કરવો લક્ષણે યુક્ત તારૂ શરીર, ગભીર વાણિ, સુદર નેત્રો એ ઉપરથી તારે વિષે કુલીનતાની સભાવના થાય છે હે પુત્રી ! તારૂ કલ્યાણ થશે? માટે અહી તાપસીઓની સાથે રહી ધૈર્ય અવલબન કરી આ બાળકનુ પાલન કર કહ્યું છે કે ' જોયન શત લભતે' જીવતો મનુષ્ય કલ્યાણને પામે છે ' એ પ્રમાણે કુલપતિના વચનથી જીવિતાશા પ્રાપ્ત થયેલી કલાવતીએ તેનું વચન માન્ય કર્યું એટલે ગુરૂએ તેણીને તાપસીઓને સોપી.

અહીં ચડાવણીએ અગદ યુગને સહીત હસ્ત રાજાને દેખા-

ઇયા, તેની ઉપર જયસેન કુમારનું નામ જોઈ ખેદ ચાયે શંકિત થયો નિશ્ચય કરવાને ચટપટી થઈ તરતજ દત્ત શ્રેષ્ઠિને બોલાવીને પુછ્યુ કે 'દેવગાવપુરથી કુશળ કોઇ આવ્યુ છે ?' તેણે કહ્યુ હાજી. દેવીને તેડવા માટે રાજપુરૂષો આવેલા છે અને તેઓ મારે ઘેર ઉતર્યા છે, પ્રસ્તાવના અભાવથી તેઓ આપનુ દર્શન નથી કરી શકયા'

એથી વળી વધારે ચિંતા વડ તત્કાળ તેઓને બોલાવ્યા અને પુછ્યુ કે 'સુંદર આકારવાળા અને અમૂલ્ય અલંકારવડે નિર્ભિત અંગવાળા તમે લાવ્યા છો ?' તેઓએ કહ્યુ 'જયસેન કુમારે પ્રેમ પૂર્વક દેવને અર્પણ કરવાને માટે અમને આપ્યા હતા પરતુ દેવની પાસે અમે આવી શક્યા નહિ, તેથી તે દેવીને અમે આપ્યા છે' તેઓના એમ બોલવા સાથેજ રાજા મૂર્છા પામી આસન ઉપરથી નીચે પડયો

રાજાને અકાળ મૂર્છા પ્રાપ્ત થવાથી મંત્રી વિગેરે હાહાકાર પામ્યા અને શીત વસ્તુના ઉપચારથી સચેતન કરવા લાગ્યા જ્યારે મૂર્છાથી વિમુક્ત થયો, ત્યારે રાજા ચિત્તને વિષે વિચારવા લાગ્યો 'અહો જુઓ મારૂ અવિવિક્ષતપ ! જુઓ મારૂ અજ્ઞાન જાલિત્વ ! જુઓ ઉત્સુકારિતા ! જુઓ નિર્ભાગ્યભાવિતા ! જુઓ નિર્દયચિત્તત્વ ! જુઓ કુટબુદ્ધિ ! જુઓ કૃતઘ્નકારિત્વ ! જુઓ કર્મચંડાલતા ! સ્થિર પ્રીતિનાણા મિત્ર અને ભાર્યાદિ સંપત્તિને હું અયોગ્ય છું, એમ વિચારી પુન મૂર્છા પામ્યો, તેથી તેવીજ રીતે મંત્રીશ્વરો તેને સજ્જ કરી પુછવા લાગ્યા 'હે સ્વામિન્ ! અકાળે આપને આવી વ્યાકુળતા થવાનુ શું કારણ છે ?' રાજાએ કહ્યુ 'હે અમાત્યો ! પૂર્વે હું નામે શંખ હતો હવે અર્થથી પણ શંખ થયો બ્રહ્મા વિશદ અને મૃદુ વાણીવાળો પણ અંત કરણમા કુટિલ ઠર્યો વિજય ભૂપતિના હિતને, જયસેન કુમારની વયસ્યતાને, કલાવતીના પ્રેમસ્થૈર્યને અને કુળની નિર્મ-

લતાને મે મલીન કરી કાદવમા નાખી ! પોતાનીજ સતતિનો મે છેદ કર્યો ! હાહા નષ્ટક પ્રમદમાળવાળી રાણીને મૃત્યુ પમાડી હે પ્રધાનો ! પાપના સતાપથી શુસ થયેલો હુ આત્મા મારવા કરવાને શક્તિમાન નથી માટે તત્કાળ ઇધનવડે અગ્નિ તૈયાર કરાવો જેથી હુ તેનુ શરણ કરુ

રાજાની એવી વિષમ વાચા શ્રવણ કરી, સર્વે પરિવર્ગ એક બીજાના મુખ સામુ જોવા લાગ્યા અને વ્યાકુળ થઇ વિલાપ કરવા લાગ્યા અતપુરની સ્ત્રીઓએ વૃત્તાત જાણી અમારા શૃગારરૂપ દેવી કયા ગઇ ! હે આર્યપુત્ર તમે નિર્દય થયા ! ગા માટે આવુ અસમંજસ કાર્ય કર્યું ? એમ બોલતી રુદન કરવા લાગી નગરમા ચોતરફ એ સમાચાર પ્રસરી ગયા હે વિધિ ! આ શુ વિષમ નર્ય કર્યું ? એમ બોલતા નરનારીના સમૂહ સ્થળે સ્થળે રુદન કરવા લાગ્યા, શોકાકાત થયેલા નગર જનોએ કોઇ પણ ભોજન કરેલુ વમન કર્યું, ખાવુ પીવુ ત્યાગ કર્યું, તે દિવસે બાળકોએ પણ સ્તનપાન કર્યું નહિ એમ સર્વ નગર નાકમય થઇ ગયુ

અખિલ નગરને શોકાકુળ જાણી દ્વિગુણ દુખને પામતો રાજા બોલ્યો–' હો પ્રધાનો ! અત્યત વેદનાવી વ્યાકુળ થયેલ મને શા માટે હવે વિલબ કરાવો છો ?' તે સમયે મત્રી, સામત અને નગરના શિષ્ટજનો રાજા સમીપે આવી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા ' હે ક્ષિતીશ્વર ? ક્ષત ઉપર ક્ષારનુ સેપન ન કરો ! હે રાજન્ ! તમારો એક મોટો દોષ થયો હવે બીજો જે દોષ કરવા આપ તત્પર થયા છો તે દાઝયા ઉપર ડામ જેવુ છે બીકણ જનો ભયભીત થઇ ધીર પુરુષોને શરણે જાય છે પરતુ ધીર પુરુષોજ જ્યારે બીજનો ત્યાગ કરે ત્યારે તેવા જનોને કોનુ શરણ ? હે સ્વામિન્ ! રાજ્યનો ત્યાગ કરી, કુળનો છેદ કરી, મરણવાધા કોણ કરે ? એવો કોણ મુર્ખ હોય કે ઘર બાળીને દ્યોત કરે ' એમ અનેક પ્રકારે

સમજાવ્યા છતા તેઓની શીખામણની અવગણના કરી રાજા હયારૂઢ થયો અને મંત્રીઓએ વાર્યા છતા આગળ ચાલ્યો. સેનક જનોને દુઃખ પ્રાપ્ત કરાવતો વર્ષા પુરૂષોને વૈરાગ્ય પ્રાપ્ત કરાવતો, રોકાશ્રુપરે ધોનાઓના નેત્રનાળી નાશીઓથી જોવાતો અને છત્ર ચામર તથા વાજિંત્રોએ વર્જિત રાજા નગરની બહાર નંદનવનમા ગયો

એ સમયે બીજા Cપાયનો અભાવ થવાથી વિલંબ કરાવવા માટે ગજશ્રેષ્ઠિએ આગળ આવી વિજ્ઞપ્તિ કરી 'હે સ્વામિન્' જગત્સેભુ દેવાધિદેવનો અત્રે પ્રાસાદ છે, તેમની પ્રથમ પુષ્પ ચંદનાદિ વડે પૂજા કરો અને પછી તેજ સ્થળે અમિતતેજ નામે ગુરૂ છે તેમને વંદન કરો જેથી આ લોક અને પરલોકને વિષે મંગલ થાય

શ્રેષ્ઠિનુ અવધ્ય વચન અને એ સર્વ ક્રિયાઓ પરભવને વિષે સમવરૂપ થશે એમ ધારી, રાજા જિનપ્રાસાદમા ગયો. ત્યા ભક્તિપૂર્વક વંદન—નમસ્કાર પૂજા કરી બહાર નીકળી ગુરૂ મહારાજને વંદન કર્યું તે સમયે ગુરૂ મહારાજે દેશના આપવી શરૂ કરી—હે રાજન્! જન્મ જરા મૃત્યુરૂપ નીરે પૂર્ણ આધિ વ્યાધિરૂપ વડવાનળે યુક્ત અને રાગદ્વેષ થતા અજ્ઞાનરૂપ મહા મત્સ્યોએ વ્યાપ્ત આ ભવસમુદ્ર દુસ્તર છે તેને વિષે મનુષ્ય, તિર્યંચ, નરક અને સ્વર્ગરૂપ ચાર ગતિ છે, જેને વિષે પડીને સર્વ જીવોએ અનંતવાર દુઃખો ભોગવ્યા છે વળી તેમા ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચાર સર્પ છે, જે સર્વ પ્રાણિને ડસીને નાસ પમાડે છે કહ્યુ છે કે—

कोहो पिय पणासेइ, माणो विणयनासणो,
माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥ १ ॥

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વ વિનાશક છે

હે રાજન્ ! ક્રોધાતુર માણસ કાર્ય અકાર્ય, હિત અહિત યુક્ત અયુક્ત સારાસાર, ગુણ અવગુણ-કાંઈ પણ જાણતો નથી ક્રોધને વશ થઈ મનુષ્ય એવા કાર્ય કરે છે કે જે આ ભવ અને પરભવને વિષે દુઃખ કર્તા થાય ક્રોધાતુર અવસ્થામાં કરેલા સાહસ કાર્યો પૂર્વે થએલા પદ્મ રાજાની પેઠે અત્યંત અનર્થ કરનાર થાય છે”

તે સાંભળી રાજાએ કહ્યું ‘ભગવાન ! જગતને વિષે હું મહા પાપવાન છું, તે માટે એ પદ્મ રાજા કોણ અને એનો વૃત્તાંત કેવી રીતે છે તે કહો ’

ગુરૂએ કહ્યું “ આ અપાર સંસારને વિષે ભારેકર્મી પ્રાણિ ઓને એવા વૃત્તાંત અનંતવાર બને છે તથાપિ પ્રસ્તુત કથા સાંભળ ! પૂર્વે પદ્મપુરને વિષે પદ્મનામે રાજા રાજ્ય કરતો હતો તે એક દિવસ રથવાડી જતો હતો, તેવામાં તેણે માર્ગને વિષે ભુવન ઉપર બેસી, સદ્રૂપ સંપત્તિએ નાગદત્ત શ્રાવક કમળા સરખી વરણ શ્રેષ્ઠિની કમલા નામની કન્યાને સખીઓ સાથે ક્રીડા કરતી જોઈ પોતાના અંતપુરમાં ઘણી સ્ત્રીઓ હતા તેની ઉપર લુબ્ધ થયો કહ્યું છે કે—

ત્રુપ્યેત્ સ્વૈરં કામુકઃ સ્ત્રીભિઃ પૃથિવ્યા પાર્થિવોઽપિ ચ,
વિદ્વાન્ સુભાષિતૈઃ કોઽપિ, તૃપ્તિં પ્રાપ્તો જગત્યપિ ॥ ૧ ॥

જગતમાં કોઈ લોભી પુરૂષ દ્રવ્યથી, કામી પુરૂષ સ્ત્રીથી, રાજા પૃથ્વિથી અને વિદ્વાન સુભાષિતથી સંતોષ પામ્યા છે ? અર્થાત્ તે તે પુરૂષો તેતે વસ્તુથી સંતોષ પામતા નથી

તરતજ તે કન્યાની તેના પિતા પાસે માગણી કરી, શુભ મુહુર્ત જોનારની આડંબરથી લગ્ન કર્યું પણ બહુ વ્યસનને લીધે તેણી હૃદયથી પણ વિસ્મૃત થઈ અને પિતાને ઘેર રહી. કેટલેક

ગાળે રસ્તે જતા પ્રૌઢ અવસ્થાને પ્રાપ્ત થયેલી તેણીને જોઈ સાથેના મિત્રને પૂછ્યું 'આ કોણ છે ?' તેણે કહ્યું 'હે પ્રભો! પૂર્વે તમે જે શ્રેષ્ઠિની કન્યા સાથે લગ્ન કર્યું હતું તે તમારી ભાર્યા છે' એ સાભળી તે સબધી સ્મૃતિ થઇ અને વિચારવા લાગ્યો કે અહો મે એની સાથે લગ્ન કરી એને કૃતાર્થના પમાડી, પુન મિત્રને પુછ્યું 'એ પ્રોષિત ભર્તાની જેમ કુત્સિત વસ્ત્રવાળી અતિ દુર્બલ અને અમગલસૂચક વલયનેજ ધારણ કરનારી કેમ દેખાય છે ?' તેણે કહ્યું 'રાજન્ ! શીલાભરણે ભૂષિત કુલસ્ત્રીઓનો એ ધર્મ છે કે પતિના વિરહે શૃંગારાદિ ધારણ ન કરે,' કહ્યું છે કે—

पादवा इव शुष्यन्ति, स्मराग्निज्वालिता अपि,
शील मान न मुञ्चन्ति सदाचारा कुलाङ्गना.

સ્મરાગ્નિએ બાળી કર્યા છતા વૃક્ષની જેમ સુકાય છે પરતુ સદાચારવાળી કુલાગનાઓ શીલનો ત્યાગ કરતી નથી

પછી રાજાએ તેણીને તેડવા માટે માણસ મોકલ્યા તેમની સાથે તેના પિતાએ પ્રીતિપૂર્વક પોતાની પુત્રીને મોકલી તે પણ રાજ્ય ભુવનમા આવી શૃંગાર સજી સખીઓ સાથે વાસભુવનમા બેઠી તેના સગમને વિષે ઉત્સુકતાને ધારણ કરનાર રાજા પણ સભા વિસર્જિ હર્ષ સહીત ત્યા ગયો સમીપ આવતા ભર્તારને જોઇ ભિા થઇ નાણીએ વિનય પૂર્વક આ રસત્કાર આપ્યો રાજાએ કહ્યું 'હે ભદ્રે ! આગ્રહપૂર્વક મે લગ્ન કરી તને વિસરી મૂકી એ મારો ભૂલ માટે તારે ક્ષમા કરવી,' એમ કહી રાજાએ તેને અત્યત ખુશી કરી

તેણીએ કહ્યું 'પ્રાણેશ ! સર્વ વિષયમા સાવધાનતા ધારણ કરનાર તમને તો પ્રિયાથી વિસ્મૃતિ ન થાય, પરતુ નિપુણ્ય સ્ત્રીઓને પોતાના સ્વામીનુ દર્શન દુર્લભ હોય છે તેમ ભાગ્ય આપને લીધ આપને વિસ્મૃત થઈ સ્વામીનાથ સ્નેહ પૂર્ણ

આપને ચિત્તને વિષે ધારણ કર્યા છે, દ્રષ્ટિએ અનેકવાર જોયા છે તોપણ વિરહાગ્નિથકે આ શરીર દગ્ધ થઇ ગયુ ' એમ કહી રતિવિલાસમા ચતુર તે સ્ત્રીએ લજ્જાનો ત્યાગ કરી તે રાત્રિને વિષે રાજાને અત્યત રજન કર્યો, પરતુ નૃપતિ તેની કામકલાને વિષે ચાતુરી જોઇને શાન્તિ થયો. ગુણો કેળવીએ ત વખત દોષને અર્થે થાય છે તેવી રીતે આને વિષે રહેલો ચતુરાઇએ રાજાને સશય પમાડયો. રાત્રીના છેલ્લા પ્રહરમા રાજા વિચાર કરવા લાગ્યો કે, આ સ્ત્રી અહીના નથી પરતુ ગ્રૈઢ રમણિક છે, એનુ ચરિત્ર અને વિજ્ઞાન વિચિત્ર છે કુલવતી નારીઓને પતિના પ્રથમ સગમે આવી ચતુરાઇ અને જેવી કયાથી હોય ? માટે નિશ્ચયે એ દુશિના છે હુ એનો વધ કરૂ કે શુ કરૂ ' એમ કોપાન્વિત થઈ ગયો. વળી વિચાર્યુ કે સત્પુરૂષોને સ્ત્રી અવધ્ય છે, માટે બીજો ઉપાય કરૂ એમ મારી દોધાતુર થયેલો ત્યાથી નીકળ્યો. તરતજ મત્રીને બોલાવી હુકમ કર્યો કે ' આ દુષ્ટાત્મા સ્ત્રીનો નાશ કરો. '

મત્રીએ તેણીને સાથે લઇ એકાત સ્થાનમા રાખી વિચારવા લાગ્યો કે ' આ સસારમા મનુષ્યોના વિચિત્ર ચરિત્રો હોય છે, તેઓને રાગદ્વેષ નચાવે તેમ નાચે છે રાગાધ મનુષ્ય ક્ષતા દોષને દેખતો નથી અને અક્ષતા ગુણને દેખે છે દ્વેષાધ તેથી વિપરીત રીતે પ્રવર્તે છે કોપ પરિતાપના ઘાતથી જર્જરિત અગવાળા ભુપતિને મારા મતિભ્રમિનો દુર કરવો, એ મારી ફરજ છે ' એમ મારી રૂદન કરતી તેણીને આશ્વાસન આપી, બુદ્ધિ વડે નૃપતિને બોધ કરવા રાજસભામા ગયો.

સભામડપને વિષે આવેલા કુસ્થાનગત ગુણસમુહવત્ પ્રભાત સમયના દિપવત્ દ્યોતે અદીપ્યમાન, વિસ્મય અને ક્રોધે મિશ્ર, આ શુ ? આ શુ ! એમ વિચારમા બેઠેલા રા-

જાને બે૭ નમસ્કાર કરી બેસનારા સભાજનો વિવિધ પ્રકારની વાર્ત્તા કરવા લાગ્યા તે સમયે વિશ્વેશ્વર નામનો વાચાળ બ્રાહ્મણ પ્રથમ બોલ્યો ' બો બો ! સભાજનો અધુના એક વિચિત્ર વૃત્તાંત થયો છે ' તે સાભળી સભાજનોએ તે જાણવા આગ્રહ બતાવી એટલે તે બોલ્યો " આ નગરને વિષે ગુણે શ્રેષ્ઠ ધન્ય નામે શેઠ હતો, સર્વ વ્યવહારીને વિષે જે મુખ્ય હતો, તને શ્રી નામા ભાર્યા હતી તેઓના ધન, વન૦ વર્મ અને સોમ નામ ચાર વિચક્ષણ પુત્રો છે યૌવનવયે તે બન્ને પરણાવ્યા છે એક દિવસ ધ ય શેઠને ઘણોજ અદવાડ થ૦ ગયો૦ વૈદ્યોએ અસાધ્ય વ્યાધ જણાવવાથી સર્વે સ્વજન વ ર્ગ ત્યા એકઠા થયા, તેઓએ ગઠની ભક્તિપૂર્વક પૂજા કરી અને પ્રત્યેકે ક્ષમાવ્યા પછી તેઓ બોલ્યા ' ક્રેષ્ટિન્ ! તમ નામ અને અર્થથી ધન્ય છે, તમે જાતે અગણિત દ્રવ્ય ઉપાર્જન કર્યું, સ્વજન વર્ગનુ પોષણ કર્યું, અને સાત ક્ષેત્રને વિષે પ્રચુર દ્રવ્ય વાપરી કીર્તિ ઝડરી વગાડી, પરતુ પિતાના બન્ધુ પત્ની સંપત્તિ વહેચવાનો વિધિ પિતાએ ન બતાવ્યો હોય તો પુત્રો પરસ્પર વા વિવા[illegible] અમે અમારી સાક્ષિપૂર્વક તમે પુત્રોને સમ ભાગે દ્ર ય અર્પણ કરો, જેથી એઓને અદર અદર કલેશ ન થાય ને તમારો યશ પ્રવર્તે ' તે સાભળી શેઠે પુત્રોને પોતાની પાસે બોલાવી બોલ્યા, પુત્રો ! તમારે એક બીજાની સાથે સંપીને રહેવુ ચક્ષુ વડે વદન સોહે છે અને વદન વડે ચક્ષુ સોહે છે, પત્રથી વૃક્ષ શોભે છે અને વૃક્ષ વડે પત્ર શોભે છે, તેમ તમે પણ એક બીજાથી અધિક સોભા પામશો કોઈ વખત તમારે અદર અદર કલહ ન કરવો અને પ્રીતિથી રહેવુ, કદાપિ પ્રીતિનો નિર્વાહ ન થાય તો ચારડાની ચાર દિશામા ચાર કળશ દાટેલા છે, તે અનુક્રમે તમારે ગ્રહણ કરવા, એમ કહી પચત્વ પામ્યા અને પુત્રોએ લૌકિક ક્રિયા કરી

પછી તે પુત્રોએ કેટલોએક વખત તો સુખ અને સંપમાં નિર્ગમન કર્યો, પણ પાછળથી સ્ત્રીઓને લીધે તેઓ પૃથક્ હૃદય વાળા થયા, એટલે ચારેએ એકત્ર થઈ પિતાએ કહેલા વચન સાંભળ્યા તેમાં પહેલાને વિષે કૂળ, બીજાને વિષે અસ્થિ, ત્રીજાને વિષે ચોપડા, અને ચોથામાં સોના મોહોર, એમ નીકળ્યું, તે જોઈ બધા તો દીનમુખવાળા થયા, અને ચોથો ખુશી થયો.

પૈસા ધનના લોભથી નિરાશ થયેલા બધે ભાઇઓ જાણે તરવારથી હણાયા હોય તેમ પૃથ્વી ઉપર પડયા, અને માથું કૂટતા બોલ્યા 'જનકરૂપ પિતાએ અમને વિશ્વાસ પમાડીને હણ્યા. અહીં સાર વસ્તુ કોઇને આપી અમને માટે પણ ન આપ્યું' ત્યારે રાજા પુરૂષોએ કહ્યું 'સઘળું ચાર ભાગે વહેચી લ્યો'

સોમ કહે 'મને મારીને લ્યો અથવા તેમાંથી કિંચિત્ માત્ર દ્રવ્ય હું નહિ આપું કર્મદોષથી તમારૂં દ્રવ્ય કોલસારૂપ થઇ ગયું તેમાં મારો શું દોષ?' જેવી ભાગ્યશાળી બહુલ દ્રવ્યની ઈચ્છા રાખે છે

પૈસા બધા ભાઇઓ બોલ્યા 'હે મુગ્ધ! તું સઘળા ધનને વિષે મુગ્ધ થયો છે પણ તેમ નહિ અને વ્યવહારે ગમજ અથવા સ્વજન કુટુંબીઓ કહે તે પ્રમાણે કર, તેઓ તને આપે તેટલું દ્રવ્ય તું ખુશીથી ભોગવ એ શિવાય બીજો માર્ગ નથી'

એમ ઘણો વિવાદ થયો પણ કોઇ સમજ્યું નહિ તે સમયે લિંગવી લોકોએ કહ્યું તમે કજીયો ન કરો, ન્યાયાધીશ કરો અને તમારો ન્યાય કરવાને પ્રધાનાદિ રાજય વર્ગ પાસે જાઓ? તેઓએ તે પ્રમાણે અંગીકાર કરી છ માસ પર્યંત ધર્માધિકારી પાસે આવ્યા પણ કોઇએ તેનો નિવેડો ન કરી આપ્યો આ વાત ગજાસુકુમારે જાણવા જેવી છે"

રાજા કહે 'પછી તેનો નિવેડો કોઇએ પણ કર્યો કે નહિ?'

તેણે કહ્યું "સ્વામિન્ તેઓનો કલેશ કોઇએ પણ કર્યો નહિ

તેથી મુઝાઈને પરદેશ તરફ આવ્યા કોઈ ગામના પાદરમા સભા કરીને બેઠેલ વૃદ્ધ પશુપાળને જોઈ નમસ્કાર કરી ત્યા ઉભા રહ્યા તે જોઈ તેણે પૂછ્યુ કે તમે કોણ છો અને કયા જાઓ છો? ઉત્તરમા ચારે ભાઇઓએ પોતાનો વૃત્તાત કહી બતાવ્યો તે સાભળી ને પશુપાળ બોલ્યો 'તમારો પિતા પંડિત અને ગ્રંથકર્તા હતો એમ જણાય છે' તેઓ બોલ્યા 'તાત! અમારા વાદનુ તમે નિવારણ કરો'

પશુપાળ કહે 'તમારો પિતા વિચક્ષણ હતો તેણે જેને જે યોગ્ય હતુ તે પ્રમાણે આપ્યુ છે પ્રથમ કળશમા વૂળ નીકળી તે ઉપરથી મોથી મોગ પુત્રને સમસ્ત કૃષિ કર્મ આપેલુ છે, બીજામા અસ્થિ નીકળ્યા તે ઉપરથી બીજાને સર્વે ચતુષ્પદોનુ અધિપત્યપણ સોપ્યુ છે, ત્રીજામા ચોપડા નીકળ્યા તે ઉપરથી ત્રીજાને વ્યાપાર ઉઘરાણી વગે સોપ્યુ છે અને ચોથાને સર્વ રોકડ દ્રવ્ય આપેલુ છે તમે વિચાર કરીને તપાસ કરશો તો આ સર્વ વસ્તુઓ સરખી થશે તેણે પોતાના નિરતરના અભ્યાસથી વિચારીને વસ્તુઓ કરેલી છે ભાઇઓ! દ્રવ્ય છે તે વીજળીના ચમકારા અને અભ્રપુષ્પની જેમ અસાર છે કોઇને દ્રવ્ય આપેલુ રહેતુજ નથી, પિતાના દ્રવ્યને માટે જેઓ કલેશ કરે છે, તેને મૂર્ખ સમજવા તેમજ પિતાના દ્રવ્યમાથી જેઓ પોતાના ભાઇઓને ઓછુ આપવા યત્ન કરે છે તેને અધિક મૂર્ખ સમજવા માટે દ્રવ્ય ઉપર મૂર્છાવત થઇ, તેને અર્થે કલેશ ન કરતા; પિતાની વાણી સ્નેહપરે અવધારણ કરો તમારી અજ્ઞાનતાને લીધે તમે પિતાને દોષ ન દો જેણે અતિ સ્નેહથી તમારૂ લાલન પાલન કરી આ સ્થિતિએ તમને પહોચાડયા, તે તમારી બાબતમા અન્યાય કરે એ તમારો વિચાર કેટલી મૂર્ખતાભરેલો છે તો વિચારીને પુન આ પ્રમાણે ભૂલ ન કરતા પોતાની ભૂલ વિચારવા ઉત્સુક થાઓ

એ પ્રમાણે વૃદ્ધ પશુપાળના વચન સાભળી-હર્ષ પામી લઘુ બંધવને આલિંગન દઇ-અશ્રુ વરસાવતા બંને ભાઇઓ બોલ્યા 'વત્સ ? લોભાકુળ થઇ અમે તને જે ખેદ પમાડયો તેને માટે ક્ષમા કર ' તે સમયે લઘુ બધવ પણ ત્રણે ભાઇઓને ચરણકમળમા પડી બોલ્યો ' હે બધુઓ ! તમે મારે તાત તુલ્ય છો, મૂઢ બુદ્ધિથી મે તમને જે કર્કશ વચન કહ્યા તેને માટે મને ક્ષમા કરો એમ અરસપરસ ક્ષમા યાચના કરી ચારે ભાઇઓ પશુ પાળ પ્રત્યે બોલ્યા-' અમારા પિતા મરી ગયા છે તથાપિ તમે કૃપાળુએ અમને અજ્ઞાતોને તત્ત્વ પ્રગટ કરી સમજાવ્યા અને અમારા કલેશનો નાશ કરાવ્યો તેથી તમે અમારા પિતાથી પણ આધક છો, એમ કહી નમસ્કાર કરી કૃતાર્થ મુક્ત થયેલા તેઓ ઘરે આવ્યા આનદમા રહેતા તેઓ અરસપરસના પ્રેમમા વૃદ્ધિ કરવા લાગ્યા '

તે સાભળી સર્વે સભાજનોએ પોતાના મસ્તક ધૂણાવ્યા અને આશ્ચર્ય પામી બોલ્યા કે એ આશ્ચર્યકારી વાત છે અજ્ઞાત ગ્રામ્ય મનુષ્ય એ વાતનો શી રીતે નિકાલ કરી શકયો માટે કે જે વાદનો ન્યાયાધિમર્તીઓ અને પ્રધાન પુરૂષો નિવેડો કરી શક્યા નહિ તેનો એક ગામડીઆ પશુપાળે નિવેડો કર્યો, તે આશ્ચર્યજનક કહેવાય

એ સર્વ વ્યતિકર શ્રવણ કરી નૃપતિ મનમા વિચારવા લાગ્યો કે પૂર્વે નહિ જોયેલા પશુપાળે દૂરથી તે મર્મ જાણ્યો તો શાસ્ત્રજ્ઞ અને કુશળ પ્રિયાનુ ડામકળાને વિષે કૌશલ્ય હોય તેમા શુ નવાઇ ! માટે નિશ્ચયે મે ભૂલ કરી છે મે અવિચારી કામ કરી અનાર્યપણુ કર્યું છે, હું નિર્લજ્જ છુ, હું નિર્ભાગ્ય છુ, મારા કે મે એના ગ્રોરત્નનો વિનાશ કર્યો, એમ લાખો ખ્યાલ અતઃકરણમા ખેદ કરી દીન વદનવાળો નૃપતિ મત્રી પ્રત્યે બોલ્યો ' મે નિપુણ્યે મહા પાપ કર્યું છે પિતાના ગૃહ

મા મુખે ગહુલી તેણીની ઉપર મે મહા અનર્થ કર્યો છે હવે હું પ્રાણ ધારણ કરવાને શક્તિમાન નથી માટે આગમા પડીને મૃત્યુ પામીશ '

રાજાના એવા અત્યત દુ ખભરિત વચનો સાભળી મત્રી બોલ્યો ' સ્વામિન્ ' સત્સેવક હોય તે પોતાના સ્વામીનુ હિતાહિત જાણે છે, વિચારે છે મુખની ના કાર્ય કરાવતા થાય છે પરતુ મહામાકૃત કાર્ય કરવાના થતુ નથી મારાને કે મહસા કરવામા કાર્યાકાર્યનો વિવેક રહેતો નથી અને વિવેક રહિત કાર્ય ઉત્કૃષ્ટ આપત્તિનો વિસ્તાર કરે છે, વગર વિચાર્યું કરનાર મનુષ્ય પોતાના ગુણ અને સપત્તિનો લોપ કરે છે તેથી હું આપની આજ્ઞા અગીકાર કરી તેણીને લઇ ગયો, પરતુ ન વિચાર્યું કર્યું કે કોઇના આવેશ સમયે જેની બુદ્ધિ હોય તેવી કોઇ વખત હોતી નથી અને તેવા વખતમા જો મા કાર્ય થાય તો તેનુ સારુ પરિણામ ન આવે, માટે હાલ તેણીનો વાત ન કરતા ગુપ્ત સ્થાને રાખવી માની એ વારવા પ્રમાણે હજુ સુધી મે તેણીને છુપાવી ગુપ્તસ્થાનમા રાખી છે "

મત્રીની વાત સાભળી આનદ પ્રાપ્ત થયેલો રાજા બોલ્યો વયસ્ય, તેનુ રક્ષણ કરવાથી તે મારા જીવિતવ્યનુ રક્ષણ કર્યું છે ' પછી તેણીને પોતાના મહેલમા તેડાવી અને તેને વારવાર ખમાવી તે દિવસથી તે દંપતીનો ગાઢ પ્રેમ થયો '

એ પ્રમાણે વાત કરી મુનિ બોલ્યા ' રાજન્ ' જેમ પામરો જાણે સહસા કરવાથી પોતાના આત્માને વ્યાકુળ કર્યો તેમ તુ પણ કરે છે ધર્મજ્ઞ મનુષ્યોએ પરઘાતવત્ આત્મઘાત પણ ન કરવો કારણ કે આત્મઘાત કરવો એ પણ મહા પાપ છે જે મનુષ્યો દુ ખનો ઘાત કરવા માટે દુષ્કર આત્મઘાત કરે છે તેઓ મુગમ અને સર્વ દુ ખહર્ત્તા ધર્મ શા માટે ન કરે ? કારણ કે ધર્મ છે તે દુષ્કર્મનો નાશ કરે છે, સત્કર્મની પ્રાપ્તિ કરાવે છે અને

અનેક પ્રકારના સુખ આપે છે એટલુજ નહિ પણ આ અગાધ સંસારમા મનુષ્ય માત્રને ધર્મ એજ શરણભૂત છે

રાજા કહે 'પૂજ્ય ! દુખ દાવાગ્નિમા દગ્ધ થયેલા મનુષ્યને એ ધર્મની વાત પણ કયાથી હોય ! માટે મને તો આ પ્રારંભ કરેલા કાર્ય માટે યોગ્ય ધર્મ સબલ આપો.'

મુનિ કહે 'રાજન્ ! તુ દુખાર્ત થઈ મૃત્યુ ઇચ્છે છે પરતુ તેથી તો વિશેષ દુખને પામીશ કારણ કે દુખ પાપથી ઉત્પન્ન થાય છે પાપ પ્રાણિઘાતથી ઉત્પન્ન થાય છે અને પરપ્રાણઘાતથી પણ આત્મઘાત વિશેષ પાપકારી છે આત્મઘાતને દુખની પરંપરા જાણી—ધર્મથી પાપનો ક્ષય થાય છે એમ વિચારી, નિશ્ચિત થઈ જિનોદિત ધર્મ કરતો તુ એક દિવસ વિભ્રમ (ઢીલકર) જેથી સુત સહિત કલાવતી તને પ્રાપ્ત થશે તેની સાથે તુ ચિરકાળ પર્યંત ભોગ ભોગવીશ અને પછી રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરી તપની દીક્ષા અંગીકાર કરશો.

ગુરૂગિરાથી સ્વસ્થ થએલા રાજાએ તે રાત્રી ત્યા પસાર નમાજ નિર્ગમન કરી ગયાને પ્રાતે નિદ્રામા એનુ સ્વપ્ન જોયુ કે, કોઇ કલ્પવૃક્ષને લાગેની લતા ફળવતી થઇ, તેમાના કોઇએ તેનો છેદ કર્યો અને તે ભૂમિ ઉપર પડી, પુન તેજ લતા કલ્પવૃક્ષને લાગી અને ફળવતી થઈ તરતજ ઉઠી ગુરૂ પાસે જઇ નમસ્કાર કરી વિનય સહીત સ્વપ્નનો અર્થ પુછયો. ગુરૂએ કહ્યુ 'તે દેવીનો ત્યાગ કર્યો ને કલ્પવતાનો છેદ કર્યો તે દેવી આજે ફળે સહીત—પુત્રે સહીત તને પ્રાપ્ત થશે.'

એ સાભળી રાજા અત્યત આનદ પામ્યો અને કહેવા લાગ્યો હે પ્રભો ! આપની કૃપાથી મારૂ સર્વે શુભ થશે પછી પોતાના સ્થાન પ્રત્યે જઇ દત્તને બોલાવી લજ્જાથી નમ્ર થયેલો રાજા બોલ્યો 'મિત્ર ! દુષ્ટ બુદ્ધિથી મે મહત્ પાપાચરણ કર્યું; નિર્મળ કુળને લાછિત કર્યું પરતુ ગુરૂ મહારાજની

અમૃત સરખી વાણીથી આશ્વાસન પામ્યો, આશાયુક્ત થયેલો હું અહીં જ આખો દિવસ નિર્ગમન કરીશ, સાયંકાળ સુધી જો કલાવતીને જીવતી નહિ જોઉં તો નિશ્ચયે મરીશ, માટે તું તુરંગા રૂઢ થઇ ત્વરિત ગતિએ જા, તેણીને ત્યાંથી લાવ '

તે સમયે 'જેવી દેવની આજ્ઞા' એમ કહી દત્ત નીકળ્યો, સાંભળેલી હકીકતને અનુસારે ચાલ્યો, તેવામાં દૈવયોગે એક તાપસને તેણે જોયો. તેને પ્રણામ કરીને પુછ્યું ' હે મુનિ! તમે અથવા બીજા કોઇએ નજીક પ્રસવકાળવાળી અથવા પ્રસૂતા કોઇ સુંદરીને જોઇ ? તેણે કહ્યું ' તું કોણ છે અને ક્યાંથી આવ્યો '

દત્ત કહે ' હું શંખપુરથી આવ્યો છું, મને ત્યાંના રાજાએ મોકલ્યો છે '

તાપસ કહે ' શું હજી પણ તે બિચારી ઉપરથી રાજાએ વેરનો ત્યાગ નથી કર્યો ? લોકોક્તિ પણ એવી ચાલે છે કે-કીડી ઉપર કદી ન હોય '

દત્ત કહે હવે વૈર નથી પરંતુ તેણીને દુઃખ દીધું એથી પશ્ચાતાપ છે હમણા વધારે વાત કરવાનો સમય નથી કારણ કે જોવાને ઉત્સુક થએલો રાજા સાંજ સુધીમાં તેણીને નહિ જોવે તો અગ્નિમાં પડી બળી મરશે

એમ સાંભળી તે દયાળુ તાપસ તેને પોતાના આશ્રમ પ્રત્યે લઈ ગયો ત્યાં કુળપતિને નમસ્કાર કરી દુકાળનો સર્વ વૃત્તાંત જણાવી દત્તે કહ્યું, ' વિભો ! રાજાને અભય આપો '

તરતજ કુળપતિએ કલાવતીને બોલાવી ત્યાં તેમની પાસે દત્તને બેઠેલો જોઇ તેણીની આંખમાં અશ્રુ ભરાઇ આવ્યા, એક પણ વચન બોલી શકી નહિ અને જાણે સઘળા દુઃખનો ઉભરો તે સમયે ભરાઇ ગયો હોય તેમ અત્યંત રૂદન કર્યું કહ્યું છે કે હૃદયને વિષે ભરાઇ રહેલું દુઃખ સ્વજનને દેખવાથી

કોટિયા થાય છે, તેણીને એ પ્રમાણે રૂદન કરતી જોઇ, આશ્વાસન આપી દત્ત બોલ્યો ' બેન તુ ખેદ ન કર ' એ સઘળા કર્મના પરિણામ છે પોતાના કરેલા કર્મજ પોતાને ભોગવવા પડે છે, અન્યજનો તો નિમિત્ત માત્ર છે આ સંસારને વિષે પ્રાણિઓને દુ:ખ સુખની જે લાગણી મનમા થાય છે તે સર્વે શુભા શુભ કર્મથીજ થાય છે જગતમા પિતા, ભાતા, પતિ, ભ્રાતા, પુત્ર, પુત્રી વિગરે સ્વજનો દુષ્કર્મના ઉદયથી શત્રુરૂપ થાય છે અને તેઓજ પુણ્યોદયના યોગથી સુખકર્તા થાય છે માટે આપત્તિ આવી પડે ત્યારે વર્ય વારણ કરવુ બેન તુ સમજણ શક્તિવાળી અને ડાહી છે, તને કાંઇ વધારે કહેવુ પડે તેમ નથી પરંતુ તે જે દારૂણ દુ:ખ ભોગવ્યુ તે કરતા અધિક તારા વિયોગથી નૃપતિ ભોગવે છે તે પશ્ચાતાપથી આપ્રતકાળે પાવક માંયે પ્રવેશ કરવાને ઇચ્છે છે સાજ સુધી જો તને જીવતી નહિ દેખે તો જરૂર તે અગ્નિને શરણ થશે, માટે તુ જલદી રથમા આરૂઢ થા ! '

એ વચનોનો વૃત્તાંત સાભળી તે પતિપાસે જવાને ઉત્સુક થઇ, કારણ કે કુલાંગનાઓનો ધર્મ છે કે અહિત-કારી પતિનુ પણ હિત ચહાવુ પછી કુલપતિને નમસ્કાર કરી, બાંધ્ર તાપસોને મિષ્ટ વચને બોલાવી, સર્વેની રજા લઈ પુત્રની સાથે રથમા બેઠી સંધ્યા સમયે નૃપાશ્રિત વનને વિષે પહોંચ્યા, ત્યા પૂર્ણાંગી કુલવતીને સાક્ષાત્ જોઇને ઉત્કંઠા સહીત હર્ષિત છે, તો પણ વજ્રાઘાતથી નમી ગયેલા વૃક્ષવાળો રાજા તેણીના સન્મુખ જોવાને શક્તિમાન થયો નહિ હર્ષ સમૃદ્ધિ—વર્ધાપના સઘળે પહોંચી, રાની પૂર્ણા થતા સુધી વાજીત્રો અને નગારાના નાદ પૂર્ણ ઉત્પન્ન થયો

તે સમયે હર્ષ પામેના અમાત્ય અને સામંતોની સાથે આસ્થાન મંડપમા ક્ષણવાર બેસી નૃપતિ પ્રિયા પાસે ગયો.

બનેના નેત્રો એક બીજાની સન્મુખ જોઇ હર્ષાશ્રુથી ભરાઇ આવ્યા, કલાવતીએ નીચું મુખ કરી વદન ફેરવ્યું, તે વારે પોતાના હસ્ત-કમલથી તેણીનું વદન ઉંચું કરી રમ્ય વાચાએ નૃપતિ બોલ્યો અહો મારા જીવિતવ્યની રક્ષા કરનારી ,

એમ બોલતા રાજાને અટકાવી કલાવતી બોલી 'મારી નિર્ભાગ્યવતીની-નગણીની સ્તુતિ શી ?'

રાજા કહે 'પ્રિયે ! હું નિર્ગુણ, કૃતઘ્ની અને અકૃત્ય કરનાર છું કારણ કે મે સતીશ્રેષ્ઠ-સુશીલા-ગુણવતીને અત્યંત બેદ પમાડયો '

તે સાભળી સતીમતતત્રિજ્ઞ કલાવતી બોલી 'તમે ગુણી છો એમા તમારો દોષ નથી, તેમ સકાળ તમારે વિષે રક્ત અંતઃકરણવાળી અને તમનેજ જીવિતવ્ય માનનારી જે હું તેનો પણ દોષ ન હતો, પરતુ દોષ મારા કર્મનોજ સમજવો, કારણ કે કર્મના યોગે સર્વે કાર્ય બને છે, તોપણ સ્વામિન્ મને શકા થાય છે કે આપે મારા કયા અપરાધનો એ દંડ કર્યો ? કારણ કે દોષિત મનુષ્યોને શિક્ષા કરવી એ રાજાઓનો ધર્મ છે.'

રાજા કહે 'જેમ વગેરને પુષ્પ નહિ અને વજ્રનખને કૃપા નહિ તેમ તારે વિષે દોષનો સભવ નથી તો પણ અજ્ઞાનતાથી જે દુર્વિકલ્પ થયા તે કલેશોને હું શક્તિમાન નથી પરતુ તારા આગ્રહથી કહું છું ' એમ કહી કોપનું કારણ કહી બતાવ્યું પછી કલાવતીએ પોતાનો વૃત્તાંત નૃપતિએ પૂછવાથી નિવેદન કર્યો તે સાભળી પ્રમુદિત થયેલો રાજા બોલ્યો 'પ્રિયે ! સૂર્ય ચંદ્રની સ્થિતિ પર્યંત મારા અપયશનો પડહ વાગશે અને તારી નિરુપમ શીલવતાના લોકમા લહલહાયમાન થશે તારે દુખાનુતાપ સ્મરણ કરી મૃત્યુવાછનારો હું શુદ્ધ મહારાજની ઉક્તિ અનુસારે થયેલી તારા સગમની આશારૂપ સજીવનીના પ્રભાવથી જીવતો રહ્યો છું '

કમલાવતી કહે 'સ્વામીનાથ! મારા માટે આપને સંતાપ ભોગવવો પડયો, અને દુઃખ ઉત્પન્ન થયાનું જાણી આપને દુઃખ થયું, એ બાબત ઉપરની આપની કૃપાનો પ્રભાવ છે સ્વામિન્! આપણે દુઃખને વિષે પડયા હતા પણ સુખમાં સ્થિત થયા એ સર્વે પુત્રના પુણ્યનો પ્રભાવ સમજવો ધન્ય છે તે ગુરૂ મહારાજને કે જેણે આપને સદ્‌બુદ્ધિ આપી, મને તેમના દર્શન કરાવ્યા!'

રાજા કહે આપણે પ્રાત:કાળે વંદન કરવા જઈશું'

એ પ્રમાણે સ્નેહાલાપ કરતા ક્ષણવારા દંપતિરૂપ જણાતા પ્રભાતે દંપતિ સર્વ સમૃદ્ધિ સાથે સૂરિ મહારાજને વંદન કરવા ચાલ્યા ત્યાં જઈ ગુરૂપાદને પરમ ભક્તિ પૂર્વક વંદન કરી અનુક્રમે યથોચિત સ્થાને સર્વે બેઠા તે સમયે ગુરૂશ્રેષ્ઠે શીલ મહાત્મ્યદેશિની દેશના આપવી શરૂ કરી

શીલ પ્રાણભૃતા કુલોદયકર શીલ વપુર્ભૂષણ,
શીલ શૌચકર વિપદ્ભયહર દૌર્ગત્યદુઃખાપહ,
શીલ દુર્ભગતાદિસ્પંદદહન ચિંતામણિ પાર્થિતો,
વ્યાઘ્રવ્યાલજલાનલાદિશમન સ્વર્ગાપવર્ગપદમ્ ॥ ૧ ॥

પ્રાણીઓને શીલ, કુળનો ઉદય કરનાર, શરીરને ભૂષારૂપ પવિત્રતા કરનાર, વિપત્તિ અને ભયને હરનાર, દુર્ગતિ અને દુઃખનો નાશ કરનાર, દુર્ભાગ્યાદિ કંદનો દહન કરનાર. પ્રાર્થના કરેલ ચિંતામણી સરખું વ્યાઘ્ર, સર્પ, જળ અને અનલના ઉપસર્ગને શમન કરનાર અને સ્વર્ગ મોક્ષ આપનાર છે

દત્તસ્તેન જગત્યકીર્તિપટહો ગોત્ર મપીજ્જ્વલં-
શ્ચારિત્રસ્ય જલાંજલિર્ગુણગણારામસ્ય દાવાનલ.,

सङ्केत सकलापदा शिवपुरद्वारे कपाटो दृढ ,
शील येन निज विभुक्तमखिल त्रैलोक्यचिन्तामणिम् ॥ २

જે પ્રાણિઓએ ત્રણ ભુવનને વિષે ચિંતામણિ સદૃશ પોતાના શીલનો લોપ કર્યો છે, તેણે જગતને વિષે અપકીર્તિ પણ લગાડયો છે, ભોજને વિષે ભંગીનો કુચો લગાવ્યો છે, ચારિત્રને જલાંજલી દીધી છે, ગુણ સમુહરૂપ આરામને વિષે દાવાનળ લગાડયો છે, સર્વે આપત્તિની સાથે મૈત્રી કર્યો છે અને મોક્ષ નગરના દ્વાર વાસી દીધા છે

हरति कुलकलङ्कं लुम्पते पापपङ्कं,
सुकृतमुपचिनोति श्लाघ्यतामातनोति,
नमयति सुरवर्गं हन्ति दुर्गोपसर्गं,
रचयति शुचिशील स्वर्गमोक्षौ सलीलम् ॥ ३ ॥

નિર્મળ શીલ કુળની મલિનતાનો નાશ કરે છે, પાપ રૂપી કાદવનો લોપ કરે છે, પુણ્યની વૃદ્ધિ કરે છે, શ્લાઘ્યતાનો વિસ્તાર કરે છે, દેવ સમૂહને નમાવે છે, ભયંકર ઉપદ્રવનો નાશ કરે છે અને સહજ માત્રમા સ્વર્ગ અને મોક્ષ આપે છે

तोयत्यग्निरपि सुजत्यहिरपि व्याघ्रोऽपि सारङ्गति,
व्यालोप्यश्वति पर्वतोप्युपलति स्वेडोऽपि पीयूषति,
विघ्नोप्युत्सवति मियत्यरिरपि क्रोटातडागत्यपा-
नाथोऽपि स्वगृहत्यटव्यपि नृणा शीलप्रभावाद् ध्रुव ॥ ४ ॥

શીલના પ્રભાવથી મનુષ્યને અગ્નિ જળરૂપ થાય છે, સર્પ માળારૂપ થાય છે, વ્યાઘ્ર હરણરૂપ થાય છે, દુષ્ટ ગજ અશ્વરૂપ થાય છે, પર્વત પાષાણ સદૃશ થાય છે, વિષ અમૃત

સમાન થયા છે, વિઘ્ન ઉત્સવરૂપ થાય છે, શત્રુ મિત્રરૂપ થાય છે, સમુદ્ર ક્રિડા કરવાના સરોવરરૂપ થાય છે અને અટવી પોતાના ગૃહ રૂપે થાય છે.

હે રાજન્ ! શીલનું અદ્‌ભુત માહાત્મ્ય તો અહી પ્રગટજ છે તારી પ્રિયા કલાવતી શીલવતી હતી તો તેના પ્રભાવથી છેદન કરેલા હસ્ત નવીન પ્રગટ થયા, માટે મનુષ્યને શીલ એ પરમ ભૂષણ છે

વળી હે રાજન્ ! પ્રાણીને જો સમ્યક્‌ત્વરૂપી પવનની સહાય હોય તો અશુભ કર્મરૂપ સમુદ્રનો ક્ષણમાત્રમા પાર પામે છે, એ ટલુજ નહિ પરતુ દિવ્ય ભોગ, સુરનરાદિની ઋદ્ધિ અને વિવિધ પ્રકારની વિદ્યા પ્રાપ્ત થાય છે, પરતુ સમ્યક્‌ત્વની પ્રાપ્તિ એજ દુર્લભ છે સમ્યકત્વરૂપ મહારત્ન જો હૃદ્યાતરે પ્રકાશિત હોય તો વિજ્ઞ પુરૂષો દેવ ગુરૂ વર્મરૂપ તત્વત્રયી સમ્યક્‌ પ્રકારે જાણે છે સમ્યકત્વ એજ સર્વ વર્મનું મૂળ છે માટે તે પ્રાપ્ત કરવા સર્વ ભવ્યજનોએ ઉદ્યુક્ત થવુ

ઇત્યાદિ ધર્મ દેશના શ્રવણ કરી મહાદ્રઢ મિથ્યાત્વ ગ્રંથિનો ભેદ કરી મિથ્યાત્વથી નિર્મુકત થયેલો રાજા બોલ્યો ' હે વિભો તમે નિરતર દ્યોતકારી સાક્ષાત્ રત્નત્રયી જેવી વિશદ રત્નત્રયી બતાવી, તે વિવેકી પુરૂષોએ અવશ્ય અગીકરણીય છે પરતુ હે ભગવાન્ ! નિજ સદશ અપત્ય સ્નેહ મારાથી દુસ્ત્યાજય છે માટે મારી શકિત અનુસાર મને શ્રાવકધર્મ આપો ' એટલે કરૂણારસસાગર ગુરૂમહારાજાએ તે દંપતીને સમ્યકત્વમૂલ શ્રાદ્ધધર્મ અગીકાર કરાવ્યો પછી ગુરૂ મહારાજાને નમસ્કાર કરી હર્ષિત થયેલ દંપતિ હસ્તિ ઉપર બેસી નગર તરફ ચાલ્યા

રાજા કલાવતિ સહિત આવે છે, એવા સમાચાર સાભળી આખા નગરને વિષે સ્ત્રી પુરૂષો આનદ પામ્યા મગલિક વાજિ-

ત્રોના ના આનશને વિષે પ્રસર્યો અને પ્રગટપણે જાણે મહા-
મતિના મહાત્મ્યની ઉદ્‌ઘોષણા કરતા હોય તેમ પ્રતિદ્વારે તોર-
ણો બંધાયા તથા ધ્વજાઓ ફરકી સર્વે સ્ત્રી પુરૂષો રાજા રા-
ણીના દર્શન સ્નાને માર્ગમા એકત્ર થયા કેટલીએક સ્ત્રીઓ
તો જાણે તેના અપયશ રૂપો મનનુ ક્ષાલન કરતી હોય તેમ
વનાવતીને કુસુમાજનો, કરવા લાગી. કેટલીક સ્ત્રીઓ સ્તુતિ
પૂર્વક ' હે સતી ! તારો જય થાઓ, તારો પુત્ર દિર્ઘાયુષી
થાઓ ! ' એવા આશીર્વચન બોલવા લાગી રાજાએ દીન
જનોને દાન નિરે ઘણા સત્કાર્યો કર્યા રાજા મૃત્યુથી નિવર્ત્તન
થયો દેવી અક્ષતાગી પ્રાપ્ત થઇ અને પુત્રની ઉત્પત્તિ થઈ
નિરે હર્ષ ઉપર હર્ષની નવાનણી સાભળી નગરને વિષે મહોટો
ઉત્સવ થઇ રહ્યો, ગીત, નૃત્ય અને વાજિત્રોએ કરીને સ્થાને
સ્થાને તે નગર રમણીક થઇ પડયુ

એમ આનદમા અગીયાર દિવસ વીત્યા પછી બારમે
દિવસે સ્વજન વર્ગને એકત્ર કરી રાજાએ, કુમાર ગર્ભમા
આવ્યો તે સમયે વનાવતીએ પૂર્ણ કળશ સ્વપ્નમા જોયો હતો' તે
ઉપરથી પૂર્ણકલશ એવુ કુમારનુ નામ પાડયુ અને તે દિવસે સર્વેને
ઉત્તમ પ્રકારના ભોજનથી તૃપ્ત કર્યા એ પ્રમાણે સુખમા કેટલો-
એક કાળ નિગમન કર્યા પછી સદ્‌ગુરૂની સંગતિથી શાસ્ત્ર શ્ર
વણને વિષે આસક્ત, વિષયારાયની મુક્ત, સંતોષામૃતથી તૃપ્ત અને
ધર્મ કર્મમા હૃષ્ટ તે વનીએ યાવજ્જીવ પર્યંત સર્વ અહ્મનત
સ્વીકાર કર્યું ગુરૂગિરારૂપ અમૃતે સિંચાયેલી તેના મનરૂપી
ભૂમિને વિષે વિવેક બીજથી ઉત્પન્ન થયેલુ સમ્યક્ત્વ વૃક્ષ પ્રૌઢ-
તર થયુ જે વૃક્ષ શમદમાદિ ગુણરૂપ શાખા અને પૂજા—સત્કાર
રૂપ પત્રોને સયુક્ત તથા કુશ્રુતિરૂપ દુર્વાતથી અસ્પૃષ્ટ હોઇને કુસુ-
મોદયનાળુ થયુ

પછી નિરતર ધર્મકાર્યને વિષે રક્ત આશયવાળા શંખ રાજા

એ જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કર્યો, કેટલાએક નવીન ચૈત્યો બનાવી તેમા જિનબિંબની પ્રતિષ્ઠા કરી અને જિનેશ્વર ભગવંતની મહોટા આડંબરથી પૂજા કરી, મુનિ મહારાજાને નમન સ્તવન અને વંદન પૂર્વક અશન, પાન, શય્યા વસ્ત્ર, પાત્ર અને ધર્મોપકરણથી સત્કાર પ્રતિલાભવા લાગ્યો, દુઃખી સ્વધર્મીઓનો ઉદ્ધાર કર્યો, શ્રાવકોને કર મુક્ત કર્યા અને જિનમતના પ્રત્યનિકોનુ નિવારણ કર્યું, એમ ચિરકાળ પર્યંત ધર્મનુ પાલન કર્યું

એક દિવસ ધર્મ જાગરણ જાગતા પોતાના સુતને રાજ્ય ધુરંધર જાણી રાત્રીને વિષે રાજા આ પ્રમાણે વિચારવા લાગ્યો 'અહો ! શરીર અને મન સંબંધિ અનેક પ્રકારના દુઃખરૂપ જળથી વ્યાકુલ એવો આ સંસાર સમુદ્ર દુસ્તર છે, આશ્રવને રોધન કરનાર, ગુણે પુર્ણ અને સચ્ચારિત્રે સંભૃત અર્હત્ધર્મરૂપ પોત (વહાણ) વિના તેનો પાર કેમ પમાય? ધર્મ સાધવી સંપૂર્ણ સામગ્રી નરભવ વિના પ્રાપ્ત થતી નથી સિદ્ધાંતને વિષે મનુષ્ય ભવ દશ દ્રષ્ટાંતે દુર્લભ કહ્યો છે કદાચ્ કોઈ શુભ કર્મના યોગે તે પ્રાપ્ત થાય તો ધર્મશ્રવણ એ દુર્લભ છે અને ધર્મ સાભળવાનો યોગ બને તો પણ તે પ્રમાણે આચરણા કરવાની ચાતુરી ન હોય, એ સર્વ સામગ્રી પ્રાપ્ત થાય ત્યારેજ મનુષ્ય જન્મ સાર્થ- થાય આવો મનુષ્ય જન્મ અને આવી સામગ્રી પ્રાપ્ત થયા છતા હું માઇ કરી શક્યો નહિ માતા, પિતા પુત્ર અને સ્વજન એ સર્વે સંસારમા પાશરૂપ છે, તારૂણ્ય અને વન ધાન્યની આશા સ્વપ્નની પેઠે વિનશ્વર છે' દારા નરકરૂપી દારાગૃહ પ્રત્યે લઇ જનાર છે એને રાજ્ય દુર્ગતિનુ કારણ છે વિષયો વિષતુલ્ય છે, ગિન લક્ષ્મીનો સંગમ કરવાને તો સંયમ એજ શ્રેષ્ઠ છે માટે સર્વ સંગનો ત્યાગ કરી સંયમ અંગીકાર કરવુ' એ પ્રમાણે વિચારી કલાવતીને પૂછ્યુ તે રજા બોલી ' મહારાજ ! ચિરકાળ પર્યંત ભોગ ભોગવ્યા, રાજ્ય પાલન કર્યું અને ધુરંધર પુત્ર થયો, આપ્રમાં

તકાળે આપણે ચારિત્ર મહણ કરવુ એજ શ્રેષ્ઠ છે આ જન્મને નિસાર જાણી સારભૂત સયમ અગીકાર કરી–આપણે નિરતિચાર વ્રત પાળવુ એજ યુક્ત છે

રાણીએ પોતાનો મત અગીકાર કર્યો એટલે ઉત્સાહવત નૃપતિએ મત્રીવર્ગને બોલાવી પૂર્ણકલશ કુમારને ગજ્યાભિષેક કર્યો, જિન મદિરોને વિષે ઉત્સવ મડાયો, યતિશ્રેષ્ઠ અને ધાર્મિકની બહુ પ્રકારે યથોચિત પૂજા કરી બધીવાનને છોડી દીધા અને યાચક વર્ગને સતોષ પમાડયો એમ આઠ દિવસ પર્યત ઉત્સવ કરવા સાથે જનસમૂહનો નાના પ્રકારના બોલ્યાદિ પદાર્થોવડે સત્કાર કર્યો તે સમયે વિમાનપાનકે આવીને ભૂપતિ પ્રત્યે વિજ્ઞપ્તિ કરી 'સ્વામિન્! ઘણા મુનિજનને પરિવ્રત અમિતતેજ નામના ગુરૂ મહારાજ ઉદ્યાનને વિષે આવ્યા છે, તે સાભળી પ્રમુદિત થયેલ રાજાએ તેને વધામણીમા ઘણુ દ્રવ્ય આપ્યુ પછી સર્વ ઋદ્ધિ અને પરિવારે યુક્ત રાજા કલાવતીને સાથે લઇ સૂરિવર સમીપે ગયો ત્યા પચાભિગમ સાચવવા પૂર્વક ગુરૂશ્રેષ્ટને વદન કરી ધર્મ દેશના સાભળી પછી અવસર પામીને રાજાએ સુરિપ્રત્યે વિજ્ઞપ્તિ કરિ 'ભગવન્! દેવી કલાવતીએ પૂર્વે શુ દુષ્કૃત્ય કર્યુ હતુ જેથી મે નિરપરાધે તેણીના હસ્ત છેદાવ્યા'

ગુરૂ બોલ્યા રાજન્! તેનો પૂર્વભવ સાભળ મહાવિદેહ ક્ષેત્રને વિષે મહેદ્રપુર નામે નગર છે તે નગરનો નિવિક્રમ તુલ્ય પરાક્રમવત નરવિક્રમ નામે રાજા હતો, તેને સત્ શીલાચરણવાળી લીલાવતી નામે પટરાણી હતી તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલી એક સુલોચના નામે પુત્રી હતી તે અનુક્રમે મદમથના કેલિવનરૂપ યૌવનને પામી તેણીનુ મુખ પુર્ણિમાના ચદ્રસમાન હતુ, અધરને વિષે અમૃત હતુ, દતપક્તિ મણિશ્રેણિ સમાન લાગતો, કાતિ લક્ષ્મી સમાન જણાતી, ગમન હસ્તિ સમાન હતુ, પરિમલ

પરિજનક સદૃશ હતો, વાણી કામદુધા સમાન હતી, કટાક્ષ બાણ કાલકૂટ વિષ સમાન હતા, તેથી જાણે દેવતાઓએ તેને માટેજ ક્ષીરસમુદ્રનું મથન કર્યું હોય તેવો ભાસ થતો હતો

स्वभावतो बहुकुतुहलकेलिलीला
सद्धर्मकर्मनिरता सुरता सुशीला ।
मोघ मदातिविशदाऽन्यकृतावहीला ,
मायो भवन्ति सकलेषु कुलेषु बाला. ॥ १ ॥

પ્રાયે સ્વભાવથી બહુ કુતુહળે યુક્ત ક્રીડાની લીલા વાળી, સદ્ધર્મકર્મને વિષે તત્પર પ્રીતિવાળી સત્શીળવતી અને ઉત્પન્ન થતા મદના ઉજ્વળપણાએ બીજાની અવહેલના કરનારી બાળાઓ સર્વ કુળને વિષે થાય છે

અન્યદા નૃપતિના Cત્સંગને વિષે તે કુભાગી બેઠી હતી તે સમયે કોઇ પુરુષે આવી રાજાને સુંદર આકારવાળો ચિત્ર ભાષા બોલનારો એક પોપટ લેવા કર્યો રાજાએ તેને પોતાના હસ્ત ઉપર સ્થાપન કરી બોલાવ્યો જન્મથી દક્ષ એવો તે પોપટ પણ દક્ષિણ ચરણ ઉપાડી હર્ષપૂર્વક બોલ્યો—

त्वद्वारितारितरुणीस्वसितानिलेन,
समूर्छितेषु च महोदधिषु क्षितीश,
अन्तर्छुठत् गिरिपरस्परशृङ्गपातोद्-
घातारवैस्तव रिपोरपयाति निद्रा ॥ २ ॥

હે ક્ષિતીશ ! તે નિવારણ કરેલા શત્રુઓની સ્ત્રીઓના શ્વાસોશ્વાસના પવન વડે મહોદધિ Cળતે છતે તેમા રહેલા પર્વતો અથડાયાથી પડેલા શિખરનો ઉત્પન્ન થયેલા શબ્દથી તારા શત્રુઓ નિદ્રારહિત થાય છે

પોપટના એ પ્રમાણે બોલવાથી રંજિત થઈ રાજાએ પોપટ લાવનારને ઘણુ દ્રવ્ય અને શરિરના આભુષણો આપી વિદાય કર્યો પછી તે પોપટ રાજાએ કુવરીને આપ્યો તેણીએ હર્ષિત થઇ પોતાના વાસભુવન પ્રત્યે જઈ સુવર્ણ પિંજરને વિષે તેને રાખ્યો નિરંતર દાડમ, દ્રાક્ષ, ચારોળી, અજીર વિગેરે નાના પ્રકારના ફળફળાદિ ખવરાવતી અને સાકરમિશ્રિત જળનું પાન કરાવતી કોઇ દિવસ તેને પાજરાને વિષે રાખે, કોઇ દિવસ પોતાના ખોળામા બેસારે અને કોઇ દિવસ વિવિધ પ્રકારની વાણી બોલતા શીખવે પોતાને આસને તેને બેસારે, પોતાની પથારીએ તેને સુવારે, પોતાની સાથે જમાડે અને પોતે જ્યા ત્યા ક્રીડા કરવા જાય ત્યા સાથે લઈ જાય, પોતાના આત્માની પેઠે તે પોપટને ક્ષણ માત્ર પણ અળગો ન રાખે એક દિવસ ઘણી સખીઓએ પરિવૃત્ત રાજપુત્રી પંજરસ્થ પોપટને માથે લઇ નગરની સમીપે કુસુમાકર નામના ઉદ્યાનને વિષે ગઈ ત્યા નરભવદિપાતવારણ, સિદ્ધિવધુસંગમકારણ અને લોચનને સુધારસના પારણ સમાન એક જિનાલય જોયુ તે જિનપ્રસાદમા પ્રવેશ કરી શ્રી સીમંધર સ્વામીને જોઇ સુલોચનાં અત્યંત હર્ષ પામી અને વારંવાર વંદન કરના પૂર્વક સ્તુતિ કરવા માંડી

जगज्जन्तुनिस्तारणे यानपात्र, शमारामविश्रामसल्लीनचित्तम्
नतानेकनाकीन्द्रपादारविन्दं, स्तुवे स्वामिसीमन्धर देवदेवम्

જગતના પ્રાણિઓનું નિસ્તારણ કરવાને યાનપાત્ર સમાન, શમરૂપી આરામને વિષે વિશ્રામ લેવામા લીન ચિત્તવાળા અને જેના ચરણ કમળ પ્રત્યે અનેક ઇંદ્રોએ નમસ્કાર કર્યો છે, એવા સીમંધર પ્રભુની હું સ્તવના કરૂ છુ પોપટ પણ જિનેશ્વર ભગવંતની મૂર્તિ જોઇ ચિત્તમા ચિંતવવા લાગ્યો, 'અહો! આજ મારો જન્મ સફળ થયો! આજ મારૂ પુન્ય જાગૃત થયુ? જેથી મને જિનેશ્વર ભગવંતના દર્શન થયા–આવું સ્વરૂપ મે પૂર્વે કોઇ

ચખત જોયુ છે ' એમ ઈહાપોહ કરતા જાતિસ્મરણ જ્ઞાન થયુ પૂર્વ ભવ જોયો અને જાણ્યુ કે 'પૂર્વે હું સાધુ હતો અનેક શાસ્ત્ર પઠન પાઠનને વિષે સાવધાન અને પુસ્તક ઉપધિ સંયમ-શુભા તત્પર હતો પરતુ સંયમ ક્રિયાને વિષે શિથિલ આદર-વાળો થઇ મે વ્રત વિરાધિત કર્યુ અને પ્રાતે માયા કરનાથી કાળ કરી અહીં કીર થયો. પૂર્વ ભવના અભ્યાસથી તિર્યંચના ભવને વિષે પણ મને જ્ઞાન થયુ મને વિકાર છે કે જ્ઞાન દીપ હસ્તને વિષે હતા પણ અજ્ઞાનરૂપ અંધકારથી અંધ થઇ-ચારિત્રરૂપ ચરણથી રહિત થઇ-ભવરૂપી ખાડાને વિષે પડયો પરતુ તિર્યંચ ભવને વિષે પણ પુન્યના પ્રભાવથી આજ મને જગત્સ્વામી જિનેશ્વરના દર્શન થયા, હવે આજથી જિનેશ્વરના દર્શન કર્યા સિવાય હું ચારો નહિ લઉ' એમ પોતાના મનમા નિશ્ચય કર્યો, તે સમયે સુલોચના પણ જિનેશ્વરને વંદન-નમસ્કાર કરી બહાર નીકળી અને શુકવિભૂષિત પંજર લઇ પોતાના આવાસ પ્રત્યે ગઇ

બીજે દિવસે નૃપ પુત્રી શુકને પંજરથી બહાર કાઢી ભો-જન કરવા બેઠી એટલે પોપટ 'નમો અરિહંતાણ' એમ બોલી જિનેશ્વરના દર્શન કરવાને બહારના ઉદ્યાન તરફ ઉડી ગયો ત્યાં ભગવંતને પરમ ભક્તિ પૂર્વક નમસ્કાર કરી ફળાહાર કરતો ઉદ્યાનમા સ્વેચ્છાએ ફરવા લાગ્યો અહીં સુલોચના તેના વિ-યોગથી દુખિત થઇ અત્યંત રૂદન કરવા લાગી તેથી ઘણા લોકો પોપટને જોવા નીકળ્યા, તેઓમાના કોઇએ કુસુમાકર ઉદ્યાનમા ગુપ્તપણે રહી પોપટને પાશજાલે પકડી રાજપુત્રી સમીપે આણ્યો કુવરી પણ તેને ગ્રહણ કરી હર્ષથી રક્તલોચન થઇ બોલી, 'રે ધુર્ત ! મને ઠગી સ્વેચ્છાએ ઉડીને તુ વનમાં ગયો ! યાદ કર હવેથી તને બહાર જવાજ નહિ દઉ -' એમ કહી તેની ગતિનો ભંગ કરવાને માટે તેની પાંખો તોડી નાખી

અને પછી કારાગારની પેઠે પાંજરામાં નાખ્યો પોપટ પણ મનમાં વિચારવા લાગ્યો કે 'અહો ધિક્કાર છે આ પરાધીનતાને કહ્યું છે કે —

हठान्नीचतरं कार्यं, कार्यते मार्यतेऽपि च ।
नरकावासदेशीया, तत् माहुः पारवश्यता ॥

હઠથી અતિ નીચ કાર્ય કરવું પડે છે, માર ખાવો પડે છે તેથી પરાધીનતા નરકવાસ સરખી કહી છે

પૂર્વ ભવે મુનિપણાને વિષે સ્વાધિનપણે પ્રમાદથી ક્રિયા-અનુષ્ઠાન ન કર્યાં તેનું આ ફળ છે અથવા આ તો શું દુઃખ છે પરંતુ ભવાંતરને વિષે અનેક પ્રકારની નિષ્ઠુરતા સહન કરવી પડશે આ ભવને વિષે વીતરાગના વચન કમળનું અવલોકન કરવા નહિ પામું ' એમ ચિંતા કરતો અત્યંત દુઃખિત થયો પુનઃ પોતાના મન સાથે વિચારવા લાગ્યો ' હે આત્મા ' હવે શોકને છોડી દે, કારણ કે શોકથી નિબિડ કર્મનો બંધ થાય છે વળી મારે જિન દર્શન વિના ભોજન કરવાનો નિયમ છે, માટે હવે અનશન કરું ' એમ વિચારી અનશન કરી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવા લાગ્યો એ પ્રમાણે કરતો પાંચમે દિવસે મૃત્યુ પામી સૌધર્મ દેવલોકે મહાન ઋદ્ધિવાળો દેવ થયો સુલોચના પણ તેના દુઃખથી દુઃખિત થઇ-અનશન કરી-સમાધિમાં મૃત્યુ પામી તેજ દેવની દેવાંગના થઇ ત્યાં વૈષયિક સુખ ભોગવિ અનુક્રમે ચવી પોપટનો જીવ તું શંખરાજા થયો અને સુલોચના તારી અમંગલિપી કલાવતી થઇ માટે હે રાજા ! પરમાર્થથી તો પ્રાણિ સ્વકૃત શુભાશુભ કર્મના ફળ ભોગવે છે કોઇ કોઇને સુખ દુઃખનો કર્તા નથી પૂર્વ ભવે સુલોચનાએ પોપટની પાંખો છેદી તે વૈરથી આ ભવમાં તે કલાવતીના હરણ છેદાવ્યા કહ્યું છે કે—

कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि।
अवश्यमेव भोक्तव्य, कृत कर्म शुभाशुभम् ॥ १ ॥

સેંકડો અને કોટિ કલ્પે પણ કરેલા કર્મનો ક્ષય થતો નથી કારણ કે કરેલા શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવા પડે છે ”

એ પ્રમાણે ગુરૂના મુખથી પૂર્વભવ સ્વરૂપ શ્રવણ કરી સંસારને અસાર જાણી, વૈરાગ્યવાસિત ચિત્ત કરનારા તે દંપતી જોડી આચાર્ય પ્રત્યે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા ‘ હે પ્રભો ! સંસાર સમુદ્રમાં પડેલા જે અમે તેમને સમ્યક્ત્વ અને સિદ્ધ તપ વાળી દીક્ષા આપો ’

ગુરૂ કહે ‘ તત્ત્વજ્ઞાનને સમજનાર તમારા જેવાએ તેમ કરવું એજ યુક્ત છે, કારણ કે ઘરમાં અગ્નિ લાગ્યા છતા કોણ પોતાની વ્હાલામાં વ્હાલી વસ્તુનો ઉદ્ધાર ન કરે ? હે રાજન્ ! શૂર પુરૂષોમાં તુજ શુરવીર છે જેથી આ પ્રમાણે પ્રવ્રજ્યા લેવાને ઉદ્યમવંત થયો છે

એમ કહી આચાર્યે કલાવતી સહિત શંખરાજાને દીક્ષા આપી અને પ્રતિક્રમણ આસેવન પ્રમુખ શિક્ષાનો બોધ આપ્યો શંખરાજર્ષિ શ્રુતાભ્યાસ કરતા ગુરૂની સાથે પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. ક્ષમામૃત કુંડને વિષે નિમગ્ન થઈ અનેક પ્રકારના ઉપસર્ગથી પણ ઉદ્વેગ નહિ પામતા પોતાના આત્માને રાજરાજેશ્વર કરતા અધિક માનવા લાગ્યા ચારિત્રનું આરાધન કરવામાં પોતાનું સર્વ સામર્થ્ય વાપરવા લાગ્યા યતનાએ બેસવું, યતનાએ ચાલવું, યતનાએ બોલવું, યતનાએ સૂવું વિગેરે સર્વ કાર્ય યતના પૂર્વક કરવા લાગ્યા. એમ બહુ કાળ પર્યંત શુદ્ધ ચારિત્ર પાળી પ્રાંતે અનશન કરી સમાધિમાં મૃત્યુ પામી સૌધર્મ દેવલોકે પાંચ પલ્યોપમના આયુષ્યે દેવપણે ઉત્પન્ન થયા. કલાવતી સાધ્વી પણ તેજ પ્રમાણે ચારિત્ર પાળી મૃત્યુ પામી તે જ્યની દેવીપણે ઉત્પન્ન થઇ

વાચનાર ! કલાવતીના ચમત્કારી ચરિત્ર ઉપરથી બોધ લેવાનો છે કે–શીલ એ મનુષ્યનું પરમ ભૂષણ છે, શીલથી સર્વ પ્રકારના ઉપસર્ગનો નાશ થાય છે અને શીલથી વાંછિતાર્થની

સિદ્ધિ થાય છે–માટે જેમ અને તેમ શીલવાળી થવાને ઉદ્યમ થવું, શંખરાજાનું અને પદ્મરાજાનું દૃષ્ટાંત લઇ એકદમ ક્રોધને તાબે થઇ સાહસ કરતા ડરવું–બીજા જે જે શિક્ષા વચનો અને શિક્ષા દૃષ્ટાંતો છે તે વાંચી સાર ગ્રહણ કરવો અને શંખરાજા તથા કલાવતી રાણી સર્વ ઋદ્ધિનો ત્યાગ કરી શુદ્ધ ચારિત્ર અંગીકાર કરવાને ઉદ્યમવંત થયા એટલુંજ નહિ પણ ગ્રહણ કરી પૂર્ણ ભાવે પાળી દેવગતિને પામ્યા, એમ વિચારી ચારિત્ર ગ્રહણ કરવાને ઉદ્યત થવું જેથી ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય

વિજયશેઠ અને વિજયાશેણી

આ સંસારમાં પ્રાણીને સર્વ કાર્ય કરતાં શિયળ પાળવું ઘણું દુષ્કર છે અનેક મનુષ્યો મનુષ્યવૃત્તિ તજી દઇ પશુ વૃત્તિને આધિન થઇને પરસ્ત્રી લંપટ થાય છે, તે તો અત્યંત ધિક્કારનેજ પાત્ર છે તે સિવાય સ્વસ્ત્રીમાં સંતોષ માનનારાઓમાં પણ પર્વ તથા તિથિઓને દિવસોએ શિયળ પાળવાની અશક્તિ કેટલાક વિશેષ મોહિતવૃત્તિવાળા બતાવે છે, પરંતુ જેમની વિષયવૃત્તિ મર્યાદામાં હોય છે તેવાઓ તો બાર તિથિ અને પર્યુષણાદિક પર્વોએ સ્વસ્ત્રીના સંબંધમાં પણ શિયળ પાળે છે તે કરતાં પણ અધિકતર શ્રેષ્ઠ કાર્ય વિજયશેઠ અને વિજયાશેણીએ કરેલું છે તેમનું ચમત્કારિક ચરિત્ર સંક્ષેપમાં આ નીચે પ્રદર્શિત કરેલું છે—

ભરતક્ષેત્રમાં વત્સ દેશની અંદર દક્ષિણ સમુદ્રના કિનારા ઉપર એક સુશોભિત નગરમાં વિજયનામે એક શ્રેષ્ઠીપુત્ર વસે છે તેમને સદ્‌ગુરૂનો સમાગમ થવાથી ગુરૂ મહારાજે દાન, શિયળ તપ ને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ કર્યો, તેમાં શિયળ ધર્મ સંબંધી ઉપદેશ કરતાં કહ્યું કે—

सिल कुलआहरण, सिल रूव च उत्तम होइ ॥
सिल चिय पाडित्त, सिल चिय निरवमं धम्म ॥ १ ॥

"શિલ કુળનુ આભરણ છે, ઉત્તમ એવુ રૂપ તે શિલ છે, શિલ પાળવુ તેજ પાંડિત્યતા છે અને નિરૂપમ-જેને બીજી ઉપમા પણ આપી ન શકાય એવો ધર્મ તે શિલ ધર્મજ છે."

આ પ્રકારનો ઉપદેશ સાંભળીને વિજય નામના શ્રેષ્ઠીપુત્રનુ હૃદય આર્દ્ર થયુ અને પાણી ગ્રહણ કર્યા પછી કૃષ્ણપક્ષમા નિરંતર શિયળ પાળવુ એવો અભિગ્રહ ગુરૂ મહારાજની સમિપે ગ્રહણ કર્યો આ વખત તેની નાનીવય હતી

હવે તેજ નગરીમા શ્રેષ્ઠિની વિજયાનામે સુશીળ, ડાહી અને સ્વરૂપવાન પુત્રી હતી તેને પણ બાળવયમા ગુરૂનો સમાગમ થયો ગુરૂ મહારાજે સ્ત્રીવર્ગને વાસ્તવિક શોભા આપનાર શિયળરૂપી શૃંગારનુ વર્ણન કર્યુ " શિયળરૂપી આભૂષણ વિના બીજા ગમે તેવા આભૂષણો પહેર્યા હોય તોપણ તે ભારભૂત છે માટે ઉત્તમ કુળવાન સ્ત્રીએ પરપુરૂષ સામી દ્રષ્ટિ પણ કરવી નહી અને પોતાના ભર્ત્તાર સાથે પણ વિષય સુખના સબંધમા સંતોષવૃત્તિ વારણ કરવી "આવા ઉત્તમ ઉપદેશથી તે વિજયાનુ મન વૈરાગ્યરંગે રંગિત થયુ અને પાણીગ્રહણ કર્યા પછી શુકલપક્ષમા નિરંતર શિયળ પાળવુ' એવો અભિગ્રહ ગુરૂ સમિપે ગ્રહણ કર્યો

અનુક્રમે બંને યુવાવસ્થાને પામ્યા અને દૈવયોગે તે બંનેનો જ વિવાહ થયો પાણિગ્રહણમહોત્સવ સમાપ્ત થયો એટલે પ્રથમ દિવસે વિજયા અનેક પ્રકારના શૃંગાર ધારણ કરી ઉત્કંઠા સહિત પોતાના ભર્ત્તાર સમિપે પોતાના આવાસ ભુવનમા આવી, વિજયકુમાર પણ તેને જોઇને બહુ હર્ષિત થયો પરંતુ તરતજ પૂર્વે લીધેલો નિયમ સાંભળી આવ્યો, એટલે બે ઘડી આનંદકારક વાતો કરીને પછી વિજયાને કહ્યુ કે હે પ્રાણપ્રિયા મારે કૃષ્ણપક્ષમા શિયળ પાળવાનો નિયમ છે અને તેના દિવસ ત્રણજ બાકી

કી રહેવા છે માટે હાલતો વિષયભોગની ઈચ્છા શમાવી દેવી અને દિવસ પછી શુકલપક્ષમા આપણે સાંસારિક સુખ ભોગવીશું "

વિજયા પોતાના સ્વામીના ઉપર પ્રભાવતીના વચનો સાંભળ્યા કે તરતજ ચિત્રવત્ સ્તબ્ધ થઇ ગઇ એ પ્રભાવતીની વિલક્ષણતા તેની આકૃતિ ઉપર જોઇને વિજયગોઠે પૂછ્યુ કે " હે પ્રિયા આમ સ્તબ્ધ કેમ થઇ ગઇ ? શું મારા દિવસ તારે મન બહુ થઇ પડે છે અથવા કાંઇ બીજી ચિંતા ઉત્પન્ન થઇ છે ?" વીજયા તરતજ પોતાની મનોવૃત્તિને શાંત કરી બોલી કે—" પ્રાણનાથ જેમ આપે બાલ્યાવસ્થામા કૃષ્ણપક્ષનો નિયમ ગ્રહણ કર્યો છે, તેજ પ્રમાણે મે પણ બાલ્યાવસ્થામા શુકલ પક્ષમા શિયલ પાળવાનો નિયમ લીધેલો છે માટે હુંને જે બન્યુ તે કોઇજ બન્યુ છે, તેમા કાંઇ પરિતાપ કરવા જેવું નથી. આજથી હુંતો બને પક્ષમા શિયળ પાળીશ, તમ ખુશીથી બીજી સ્ત્રીનું પાણિ ગ્રહણ કરો અને કૃષ્ણપક્ષે શિયળ પાળી શુકલપક્ષે સાંસારિક સુખ ભોગવો. મારા તરફનો કાંઇ પણ આપે અસંતોષ રાખવો નહીં મારી મનોવૃત્તિ અત્યારથીજ શાંત થઇ ગયેની છે આપ બીજી સ્ત્રી સાથે પાણિગ્રહણ કરો તેને હુ બહેન તુલ્ય ગણીશ અને તેનુ સુખ જોઈ હુ આનંદમા રાજી રહીશ કિંચિત્ પણ તેના પ્રત્યે રોષકષાય ગણીશ નહીં કેમકે તમને જે પ્રકારે સુખ થાય તે પ્રકારેજ વર્ત્તવાને હુ તનમનથી બંધાયેલી છુ "

વિજયાનો આવો ઉત્તર સાંભળીને વિજયરોહનુ મન પણ વિષયવૃત્તિ રહિત શાંત થઇ ગયુ અને આનંદ યુક્ત આકૃતિએ બોલ્યા કે " હે સુંદરી ! તારો આવો વિવેક ભરેલો ઉત્તર સાંભળી હુ ખુશી થયો છુ તારી ધાર્મિક લાગણીને માટે હું તારી જેટલી પ્રશંસા કરૂ તેટલી ઓછી છે પ્રાયે સ્ત્રી જાતિની વિષય વૃત્તિ પુરૂષ કરતા વિશેષ હોય છે છતા જ્યારે તારી વિષયવૃત્તિ શાંત પામી જાય છે ત્યારે પછી કાળકૂટ વિષ જેવા વિષયસુખના

ઉપભોગથી મારે પણ શું પ્રયોજન છે? પૂર્વના ભાગ્યોદય વડે અકસ્માત્ શિયળ પાળવાની અનુકૂળતા પ્રાપ્ત થઇ ગઇ છે, તો એવા પરભવમા દુ:ખને આપનારા અને દુર્ગતિમા લઈ જનારા વિષય સુખના સેવનથી સર્યુ તારી પેઠે હુ પણ બંને પક્ષમા શિયળ પાળીશ અને વ્રતને દૂષણ લાગવા નહિ દઉ તે બીજી સ્ત્રી પરણવાની મને સવાહુ આપી પણ એમ કરવા મારી ઇચ્છા નથી માટે માત પિતાથી ગુપ્ત રીતે શિયળ પાળીને ભાવથી યતિપણે સંસારમાજ રહીશ. એમ કરતા કોઇ પ્રકારે પણ માતાપતા જાણી જશે તો પછી સંસાર છોડી દઇને ચારિત્ર અંગીકાર કરશુ

આ પ્રમાણેનો નિર્ણય કરીને બંને એક શય્યામા શયન કરવા છતા પણ નિષ્કરણ શુદ્ધે ખડ્ગધારા તુલ્ય શિયળ પાળવા લાગ્યા, કોઇ પ્રકારનુ દૂષણ લાગવા દેતા નહી અને દિનપરદિન વિશેષ ઉજ્વળ પરિણામવાળા થતા હતા ' પુણ્યવાન્ મનુષ્યની બલિહારી છે, જેની મનોવૃત્તિમાથી વિષય વાસના ઉઠી જાય છે તેને શિયળનુ પરિપાલન મુશ્કેલ નથી પરતુ આવી રીતનો નિરંતરનો સહવાસ છતા દિનપરદિન શુદ્ધ મનોવૃત્તિ રહેવી અને તેપણ વધતી જવી તે આશ્ચર્યકારક છે '

એવા અવસરમા વીમળ નામના કેવળી ચંપાનગરીના ઉદ્યાનમા સમોસર્યા દેવતાએ કમળની રચના કરી નગરમાથી જિનદાસ વગેરે શ્રાવકો વાંદવા માટે આવ્યા. કેવળી ભગવંતે ઉપશમસાર શિળ પ્રધાન દેશના આપી, શ્રાવક ધર્મ અને સાધુધર્મ એમ બે પ્રકારનો ધર્મ ઉપદેશ્યો, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયીનુ સ્વરૂપ કહ્યુ તથા જીવના અનાદિ કાળના મૂળ સ્વભાવ વગેરે તેને ઓળખાવ્યા, તેને લાગેલા આવરણો દૂર કરવા રસ્તા બતાવ્યા, દાન, શિળ, તપ ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનુ સમગ્ર સ્વરૂપ પ્રદર્શિત કર્યુ અને તેમા દાન ધર્મનુ સ્વરૂપ પ્રકા

ગિત કરતા સુપાત્ર દાનને મોક્ષસુખનુ પ્રબળ કારણભૂત બતાવ્યુ; સુપાત્ર તરિકે તીર્થંકર, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય અને પાચ મહાવ્રતને પાળનારા અહોનિશ તત્પર એવા મુનિ મહારાજને મુખ્ય જણાવ્યા આ પ્રમાણેના ઉપદેશને અતે જિનદાસ શ્રાવકે ઉભા થઇ વિનતિ કરી કે " હે ભગવત ? આપના ઉપદેશથી મને સુપાત્ર દાન દેવાની અત્યત ઉત્કઠા થઇ છે માટે ચોરાશી હજાર મુનિઓ મારા ઘરનો આહાર ગ્રહણ કરે તો મારો મનોરથ સફળ થાય, માટે તેવો માર્ગ બતાવવા કૃપા કરો ' કેવળી બોલ્યા ' હે જિનદાસ ! તુ કહે છે એ વાત બનવી તદ્દન અસભવિત છે કારણ કે એટલા બધા મુનીનો એકત્ર યોગ કયાથી થાય ? અને કદી એમ બને તો એવા બધા મુનિરાજને નિર્દોષ શુદ્ધમાન-તેમને અર્થે નિપજાવેલો નહોય તેવો આધાકર્મી વિગેરે દોષ રહીત આહાર કયાથી મળે ? માટે તારો મનોરથ એ રીતે સફળ થાય તેમ નથી પણ ૮૪૦૦૦ મુનીરાજને આહાર-પાણી વહોરાવતા જેટલા ફળની પ્રાપ્તિ થાય તેટલા ફળને પ્રાપ્ત કરવાનો બીજો રસ્તો છે, " જિનદાસ બોલ્યા કે " ભગવાન ? કૃપા કરીને તે માર્ગ બતાવો, " કેવળી બોલ્યા કે-વત્સ દેશમા વિજય શેઠ અને વિજયા નામે તેમની સ્ત્રી છે તે બને અખડ શિયળના પાળનારા ભાવયતિ થઇને સસારમા રહેલા છે તેમને જમાડવાથી તને તેટલા ફળની પ્રાપ્તિ થશે ' એક શ્રાવક શ્રાવિકાને જમાડવાથી ૮૪૦૦૦ મુનિરાજને ભાતપાણી આપવા જેટલા ફળની આશ્ચર્યકારક વાત કેવળીના મુખે સાભળીને ગદ્ગદ રહીતપણે ,' તેનુ કારણ શુ ? ' એમ કેવળી પ્રત્યે વિનય પૂર્વક તેણે પૃચ્છા કરી કેવળી બોલ્યા કે-તેઓમાના એકેકને જુદા જુદા પક્ષમા શિયળ પાળવાનો નિયમ હતો, પાણિગ્રહણ થયા પછી તે વાતની પરસ્પર અબર પડતા બંને જણાએ બને પક્ષમા નિરતર શિયળ પાળવાનો નિર્ણય કર્યો અને તેઓ એવું

ઉત્કૃષ્ટ શિયળ પાળે છે, તેમજ એમના અધ્યવસાય એવા ઉજ્વળ છે કે તેને જમાડવાથી ૮૪૦૦૦ મુનિરાજને દાન દીધા જેટલા ફળની પ્રાપ્તિ થાય તેમ છે જિનદાસે તે વાત સ્વીકારી. કેવળી અન્યત્ર વિહાર કરી ગયા જિનદાસ શ્રાવક તરતજ વચ્છ દેશે આવ્યા અને વિજયશેઠના માતા પિતાને મળી વિજયશેઠને સ્ત્રી સહિત પોતાને ત્યા જમવા આવવાનુ આગ્રહ પૂર્વક આમંત્રણ કર્યું, માતાપિતાને આવા અજાણ્યા માણસથી એ વાતનો અતિ આગ્રહ થતો જોઇ આશ્ચર્ય થયુ, તેથી તેનુ કારણ પૂછ્યુ, જિનદાસે કેવળી ભગવંતે કહેલો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો માતાપિતા આશ્ચર્ય પામ્યા અને જમવાનુ સ્વીકાર્યું જિનદાસ હર્ષિત થયો અને અનેક પ્રકારની રસવતીવડે બંનેને અત્યંત ભક્તિપૂર્વક જમાડી ઉત્કૃષ્ટ સુપાત્રદાનનુ ફળ મેળવ્યુ

વિજયશેઠ અને વિજયાશેણીને જિનદાસને આવવાના કારણની અને પોતાના શિયળ સંબંધી પોતાના માતપિતાને જાણ થયાની ખબર પડી એટલે આગ્રહપૂર્વક માતપિતાની આજ્ઞા લેઇને બન્ને જણાએ કેવળી ભગવંતની પાસે ચારિત્ર અંગીકાર કર્યું

- ઉજ્વળ ભાવે નિરતિચાર ચારિત્ર પાળી આઠે કર્મોને ખપાવ્યા. પ્રથમ ચાર ઘાતિકર્મને ખપાવી કેવળજ્ઞાન પામી, અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી મોક્ષ માર્ગના પથી કર્યા અને આયુષ્યને અંતે બાકીના ચાર અઘાતિ કર્મોને ખપાવી મોક્ષસુખ પામ્યા

આ પ્રમાણેનો શિયળનો મહા મહિમા જાણી દરેક ભવ્ય જીવોએ શિળધર્મ પાળવામા ઉદ્યમી થવું પાંચે ઇંદ્રિઓના વિષયોને ખેંખરા વિષ તુલ્ય સમજીને તેનાથી દૂર રહેવું શિળ પાળવાથી આ ભવમા પણ અનેક કષ્ટો નાશ પામે છે, દેવ સાનિધ્ય કરે છે, સ્થાને સ્થાને કીર્તિ વિસ્તરે છે અને મનોવૃત્તિ ઉજ્વળ થતી જાય છે પરભવે દેવભુવનના સુખ અને યાવત્ મોક્ષસુખ પ્રાપ્ત થાય છે

જંબૂકુમાર

રાજગૃહી નગરીમા શ્રેણિક રાજા રાજ્ય કરે છે ત્યા ઋષભદત્ત નામે શેઠ વસે છે તેની ધારિણી નામની સ્ત્રીએ સ્વપ્નમા જંબૂવૃક્ષવડે સૂચિત પુત્રને જન્મ આપ્યો તેથી તેનુ નામ માત પિતાએ જંબૂકુમાર પાડયુ. અનુક્રમે તે યૌવનાવસ્થા પામ્યો, તે વખતે તે નગરીમા રહેતા આઠ શ્રેષ્ઠીની આઠ પુત્રી તેના ઉપર અનુરાગવાળી થઈ એવામા સુધર્માસ્વામી બહારના ઉદ્યાનમા આવી સમોસર્યા, સર્વ માણસો ધર્મોપદેશ સાભળવા ગયા, તેમા જંબૂકુમાર પણ ગયો, ગણધર મહારાજાએ ભવભયને હરણ કરનારી દેશના આપી કે " આયુષ્ય મેઘ ધનુષ્યની પેઠે અસ્થિર છે, લક્ષ્મી વિજળીની પેઠે ચપળ છે, યૌવન તથા ભોગાદિક અલ્પ, કાળ રહેવાવાળા છે, એવું જાણી ગૃહસ્થ રત્નત્રયીનુ આરાધન કરી થોડા સમયમા શાશ્વત્ પદને પ્રાપ્ત કરે છે અને સાધુ રત્નત્રયીનુ આરાધન કરી શીઘ્ર શાશ્વત્ પદને પ્રાપ્ત કરે છે પરતુ જેઓ મોહના વશમા લુબ્ધ થઇ પ્રમાદને વશ પડયા રહે છે તેઓ આ ભવ અટવીને વિષે નિત્ય ભ્રમણ કર્યા કરે છે એ પ્રકારે ધર્મોપદેશ સાભળીને જંબૂકુમાર દીક્ષા લેવાને ઉત્સુક થયો ગુરૂએ માતાપિતાની અનુજ્ઞા વિના દીક્ષા આપવાની ના કહી તો પણ શીઘ્રપણ લેવાને આતુર મનવાળો પોતાને ઘર આવતો હતો તેવામા દેવીઓએ રાજગૃહીને ઘેરી લીધુ છે, કીલ્લા પર બેઠેલા રાજપુરૂષો યત્નવડે પત્થરને ફેંકે છે, એવુ જોઇ પોતાને વ્રત લેવામા વિઘ્ન થશે એમ જાણી તે પાછો ગુરૂ પાસે ગયો ત્યા જઇ શીઘ્ર વ્રતને ગ્રહણ કરી પાછો પોતાના ઘરે આવ્યો અને માતપિતાને કહ્યુ કે મારે દીક્ષા લેવી છે માટે મને રજા આપો તે સાભળીને માતપિતાએ કહ્યુ કે તુ અમારે એકનો એક પુત્ર છે, તારા વિના નિરાધાર એવા અમારુ શુ થાય ? તને તારા ઉપર રાગવાળી આઠ કન્યાને પરણવવાનો અમારો અભિલાષ છે તેને

પૂર્ણ કર ! જબૂકુમાર બોલ્યો હું તમારા આગ્રહથી કન્યાઓનું પાણીગ્રહણ કરીશ પણ જો હું તેમને પ્રતિબોધ પમાડી દીક્ષા ન લેવરાવી શકું તો હું ગૃહસ્થાવાસે રહીશ તે ઉપરથી તેના પિતાએ કન્યાઓને તથા કન્યાઓના માતાપિતાઓને તે વૃત્તાંત કહ્યું સર્વે કન્યાઓ જબુ પાસે આવીને કહેવા લાગી કે અમે તો તમનેજ વરી ચુકી છીએ પછી શુભ મુહૂર્તે મહોત્સવ પૂર્વક આઠે કન્યાઓનું પાણી ગ્રહણ કર્યું પછી સસરાઓએ દત્ત વિવાહનમા આપેલું નવાણું કોડ સુવર્ણ લઈને પોતાને ઘેર આવ્યો બીજે દિવસે પોતાની આઠે સ્ત્રીઓને પ્રતિબોધ પમાડવા માટે તેઓ સાથે સંધ્યા સમયે પોતાના ઘરની સાતમી ભૂમિમાએ ગયો

એવામા પાચસો ચોરો સાથે પ્રભવ ચોર ચોરી કરવા માટે ઋષભદત્ત શેઠના ઘરમા પેઠો તેની પાસે અવસ્વાપિની અને તાલોદ્ઘાટીની એવી બે વિદ્યાઓ હતી તેથી તાલોદ્ઘાટીની, વિદ્યાના બળથી તાળા ઉઘાડયા અને અવસ્વાપિની વિદ્યા વડે કરીને ઘરના સર્વ માણસોને નિદ્રાવશ કરી દીધા. પછી પાચો ચોરોની સહાયથી ઘરનુ ઘણુ દ્રવ્ય લૂંટીને જ્યા જબૂકુમાર પોતાની સ્ત્રીઓને પ્રતિબોધ છે, ત્યા જઈને તેણે અવસ્વાપિની નિદ્રા મુકી, જબૂકુમાર વિના સર્વ સ્ત્રીઓ નિદ્રાવશ થઇ તેથી તે સ્ત્રીઓના આભૂષણ લેવા લાગ્યો

એવામા જબૂકુમારે તે સઘળાને વિદ્યાબળે ચિતરેલા પુરૂષની પેઠે સ્તંભિત કરી નાખ્યા એટલે બેઠ પામી પ્રભવ જબૂને કહેવા લાગ્યો કે તુ તારિ સ્તંભિની વિદ્યા મને શીખવ ? હું પણ મારી આ તાલોદ્ઘાટીની અને અવસ્વાપિની વિદ્યા તને શીખવું જબૂકુમારે કહ્યું હું એ તારી વિદ્યાને શુ કરૂ ? હું આઠે સ્ત્રીઓને પ્રતિબોધ પમાડી પ્રભાતે આ સર્વ લક્ષ્મી તજીને દીક્ષા ગ્રહણ કરવાનો છું પ્રભવ તો તે સાભળી ચકિત થઈ કહેવા લાગ્યો અહો આ સર્વ નાના પ્રકારના ભોગનો શા માટે ત્યાગ

કરે છે. જબૂએ કહ્યું–પ્રભવ ! આ ભોગ સુખ થોડા કાળ રહેવા વાળા અને પરિણામે કિંપાકવૃક્ષના ફળની પેઠે અનિષ્ટ કરનારા છે જ્યા સુધી હૃદયમા મૂઢતા રહેલી છે, ત્યા સુધીજ આ વિષયો પ્રાણીને સુખ આપે છે, પણ તત્ત્વવિદ્ પુરૂષો તો તેને દુઃખ રૂપેજ માને છે તે સાભળી પ્રભવે કહ્યું પુત્ર વિનાના એના તને શુભગતિ કયાથી પ્રાપ્ત થશે ? કહ્યું છે કે—

अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गो नैव च नैव च ।
तस्मात् पुत्रमुख दृष्ट्वा, स्वर्गं गच्छन्ति मानवाः ॥

અર્થ—અપુત્રીયાને સારી ગતિ થતી નથી, તે સ્વર્ગ ગતિતો નહિજ તે માટે મનુષ્યો પુત્રના મુખ જોઇને સ્વર્ગે જાય છે

ત્યારે જબૂકુમારે કહ્યું કે હુજારો બ્રહ્મચારી કુમારો પુત્ર વિનાના હતા સ્વર્ગે ગયા છે અને પુત્ર હતા પણ ઘણા માણસો દુર્ગતિ જાય છે એ પ્રકારે ઉપદેશ વડે કરીને પ્રતિબોધ પામી પ્રભવ પાચશે ચોરોએ કરી સહિત વેરાગ્યવાસિત ચિત્તવાળો થયો ત્યાર પછી જબૂકુમારની સ્ત્રી સમુદ્રશ્રી બોલી, હે સ્વામી ! તમે બકુ નામના બેકુતની પેઠે પ્રાપ્ત ભોગને તજી પશ્ચાતાપના ભાગી થશો

સુસીમ નામના ગામમા એક બકુ નામે બેકુત રહેતો હતો તેણે ચોમાસાની ઋતુ આવી ત્યારે પોતાના ક્ષેત્રમા ચોળા મગ બટી પ્રમુખ ધાન્ય વાવ્યુ પછી પોતાની પુત્રીને મળવા માટે માવતરદેશ ગયો ત્યા તેની પુત્રીએ તેને ઘઉંને ગોળના પુવા કરી જમાડયો પછી તેણે પોતાની પુત્રીને પુછ્યુ કે ઘઉંને ગોળ કેમ થાય છે ? પુત્રીએ કહ્યું કે બેતરમા ઘઉંને શેરડી વાવવાથી થાય છે પછી પોતાને ઘેર આવી તેણે મગ, ચોળા પ્રમુખ જે ધાન્ય વાવ્યુ હતુ તે સર્વ બેતરમાથી ઉખેડી નાખી ગોયમ ને શેરડી વાવી, પણ પાણી નહિ મળવાથી મોલ ઉગ્યુ નહિ અને ચોળા

ભગથી પણ તે ભ્રષ્ટ થયો માટે હે પ્રિય, બક એદ્ભુત જેમ દુ ખી થયો તેમ તમે પણ સ્ત્રી વિલાસાદિ ભોગ ત્યજી દુ ખી થશો. તે સાભળી જબૂકુમારે કહ્યું હુ કાઇ માસના લોભી કાગડા જેવો નથી કે દુ ખી થાઉ

વિંધ્ય પર્વત ઉપર એક મદોન્મત્ત હસ્તી રહેતો હતો તે એકદા ગ્રીષ્મ ઋતુમા તૃષાથી પીડાતો રેવા નદી ઉપર પાણી પીવા ગયો પણ પગ ખસી જવાથી નદીમા પડયો અને મૃત્યુ પામ્યો તેને મૃત્યુ પામેલો જોઈ માસના લોભી જનવરોએ તેના ગુ દા-ગમા એક મોટુ બાકુ પાડયુ ત્યાથી કાગડા વિગેરે પક્ષીઓ માસ ખાવા લાગ્યા એકદા માસનો અત્યત લોભી કાગડો માસ ખાતો ખાતો તે હસ્તીના કલેવરમાજ પડી ગયો અને ગ્રીષ્મ ઋતુમા સખ્ત ભડકા જેવા તાપને લીધે પેલુ બાકુ સકોચાઈ ગયુ તેથી કાગડો તો તેમાજ રહી ગયો અને મૃત્યુ પામ્યો જેમ આ કાગડો માસ ઉપર આશક્ત રહેવાથી મૃત્યુ પામ્યો, તેમ જો હુ તમારા ઉપર આસક્ત રહુ તો આ કાગની પેઠે દુ ખી થઉ

પછી બીજી પદ્મશ્રી નામની સ્ત્રીએ કહ્યુ કે અમને તજવાથી તમે વાનરની પેઠે ઉભય ભ્રષ્ટ થશો. નદનવનમા પદ્મદ્રહને વિષે પરસ્પર પ્રીતિવાળુ એક વાનરનુ જોડલુ રહેતુ હતુ એક દિ-વસ ગ્રીષ્મ ઋતુમા અત્યત તાપથી પીડાતા તેણે જળાશયમા ઝપાપાત કર્યો તેથી જળના તથા કાદવના પ્રભાવ વિશથી બન્ને સ્ત્રી પુરૂષરૂપે થઈ ગયા ત્યારે પુરૂષ રૂપે થયેલા વાનરે કહ્યું કે મનુષ્યમા આજીવિકા માટે અનેક પ્રકારનુ કષ્ટ સહન કરવુ પડે છે, માટે આપણે આ જળાશયમા ફરીથી પડીએ તો દેવતા થઈએ અને ઇચ્છિત ભોગ ભોગવીએ સ્ત્રીએ કહ્યુ કે આપણે મનુષ્યપણુ પામ્યા છીએ તેજ બહુ છે માટે તેમા સતોષ માની અધિક લોભ ન કરો, છતા વાનરે તેણીનુ કહ્યુ ન માન્યુ અને ફરીથી જળાશયમા પડયો કે તરતજ વાનર થઇ ગયો માટે હે

સ્વામી ! આ વાનર મનુષ્યપણાથી અને દેવપણાથી બન્ને પ્રકારે ભ્રષ્ટ થયો, તેમ તમે પણ થશો માટે અમારો ત્યાગ કરવો તમને ઉચિત નથી

તે સાભળીને જબૂકુમારે કહ્યુ કે હુ અગારક જેવો અતૃપ્ત નથી કે ઘણા ભોગ ભોગવ્યા છતા તૃપ્ત ન થાઉ

કોઇ એક અગારક કોયલા બનાવવા માટે અટવીમા ગયો પાણી પીવાથી તથા અત્યત પીડાતો છતો સૂતો તથા અત્યત લાગવાથી સ્વપ્નમા ઘણા જળાશયના પાણી પી ગયો પણ તેની તૃષા શાત થઇ નહિ છેવટે મરૂ દેશમા એક કૂવા પાસે આવ્યો ત્યા દોરડા વતી ઘાસના પૂળાને કૂવામા બોળી તે ઉપર ચોટી રહેલુ પાણી ચાવા લાગ્યો, પણ તૃપ્ત ન થયો તેવી રીતે સર્વ પ્રાણીઓ શ્રી આદિક ભોગ ભોગવતા છતા તૃપ્ત થતા નથી તેઓની પેઠે હુ આસક્ત નથી

પછી પદ્મસેના નામની સ્ત્રીએ કહ્યુ કે, હે સ્વામી ! મોક્ષ કરતા આ લોકમા પ્રાપ્ત થયેલી લક્ષ્મીને છોડી દેવાથી શિયાળની પેઠે ઉભય ભ્રષ્ટ થશો

એકના વનમા અત્યત ક્ષુધાતુર થયેલો એક શિયાળ માસનો ટુકડો લઇ નદીના કીનારા ઉપર જતો હતો નદીમા માછલાને દેખી તેને લેવાના લોભે માસનો કટકો કાઠા ઉપર મુકી નદીમા પડ્યો પણ તેને માછલુ હાથ ન આવ્યુ અને તીર ઉપર મુકેલા માસના કટકાને કોઇ એક સમડી આવી ઉપાડી ગઇ તેથી તે શિયાળ ઉભય ભ્રષ્ટ થયો તેમ તમે પણ થશો

તે સાભળી જબૂકુમાર બોલ્યો કે હે સ્ત્રીઓ હુ વિદ્યુન્માળી વિદ્યાધરની પેઠે આસક્ત થઉ તેમ નથી

વૈતાઢ્ય પર્વતની ઉત્તર શ્રેણીના ગગનવલ્લભ નામના નગરમા મેઘરથને વિદ્યુન્માળી નામના બે વિદ્યાધર ભાઇઓ રહેતા હતા તેઓ મામની વિદ્યાને સાધવાના કારણથી વસતપુર નગ-

રમા ભાતગનો વેશ ધર રહ્યા, કારણકે ભાતગી વિદ્યાને સાધવામા ભાતગીનુ પાણીબહુલ કરવુ પડે છે પછી ત્યાના ચડાળોએ પૂછ્યુ કે તમે કોણ છો અને કયાથી આવો છો તેઓએ કહ્યુ કે અમારા પિતાજી આકેતપુરના મેનેજ રાજા તેણે અમને કાઢી મૂકયા છે, તેથી ચડાળોએ હર્ષથી ત્યા રાખ્યા અને પોતાની પુત્રીઓ પરણાવી મોટા ભા મેઘરથ તો બ્રહ્મચર્ય પાળી પોતાની સ્ત્રીની સહાયથી એક વર્ષમા વિદ્યા સાધી રહ્યો પણ નહાનો ભાઇ વિદ્યુ ભાની તો ચડાળણીમા આસક્ત થઈ વિદ્યા સાધી શક્યો નહિ મેઘરથે આવી પોતાના ભાઇને પૂછ્યુ કે તુ વિદ્યા સાધી રહ્યો કે નહિ ? તેથી તેણે પોતાની સર્વ હકીકત ભાઇને કહી મેઘરથે કહ્યુ કે અરે મૂર્ખ ! મનેજ્ઞ સ્ત્રીના સગથી તારા આત્માને કેમ દુષિત કર્યો ! વિદ્યુ ભાનીએ કહ્યુ કે હે ભાઇ ! આગે અપગર શમા કરી એક વરસ પછી મને તેડવા આવજે, હુ કામને વશ કરી વિદ્યા સાધીશ પરંતુ વિદ્યુ ભાની દૂરથી કામને વશ રહેવાથી વિદ્યા સાધી શક્યો નહિ એક વરસ પછીથી મેઘરથે આવી પૂછ્યુ કે તે વિદ્યા સાધી ? ત્યારે તેણે પોતાની હકીકત સર્વ કહી મેઘરથે જાણ્યુ આ ચડાલણો ઉપર અત્યત અનુરક્ત છે માટે તે ઘેર નહિ આવે એમ જાણી તે પોતાને સ્થાનકે ગયો વિદ્યુન્માલી ચડાલણીમા આસક્ત થયો હતો ચડાલ સબધી નીચ કાર્યો કરવા લાગ્યો અને તેનો નામ થઇ રહ્યો, ત્યા મૃત્યુ પામી નરકે ગયો

માટે હે પ્રિયા ! તે વિદ્યુ ભાનીની પેઠે હુ ગસારમા આસકત નહિ રહુ

જબૂકુમારના આ વચનો સાભળી કનકસેના નામની સ્ત્રીએ કહ્યુ કે પ્રિયતમ ! તમે શખ વગનાર કણબીની જેમ લોભી ન થાઓ ?

ગાળી નામના ગામને વીશે કણકુટ નામનો એક કણબી

રહેતો હતો તે એક બીજા ગામીનુ ખેતર સાચવવા રહ્યો તે હમેશા શંખ વગાડવાથી અનાજ ખાઇ જનાર પક્ષીઓને દુર નસાડી મૂકતો એક વખત કેટલાક ચોરો નગરમાથી ગાયો ચોરી લઇ જતા હતા, તેઓ તે કણબીના શંખના શબ્દને સાભળી આપણી પાછળ પકડવાને માટે માણસો આવે છે એમ સમજી ભય પામી ગાયો મૂકી નાશી ગયા. ચોર મૂકીને નાશી ગયા છે એમ જાણી કણબી ગાયોને પોતાને ઘેર લઇ ગયો તે કણબી પોતાના નિયમ પ્રમાણે હમેશા શંખ ફુકયા કરતો, એવામા એક વખતે ગાયો લઇ જનારા પેલા ચોરો ત્યા થઇને નીકળ્યા, તેઓએ હમેશા શંખ વગાડનાર આ કણબી છે એમ જાણી ઘણો માર મારી તેની પાસેનુ સઘળુ ધન લુટી લીધુ, માટે હે સ્વામી! આપ અધિક લક્ષ્મીની ઇચ્છા કરતા જતા સ્ત્રી આદિક સુખથી ભ્રષ્ટ થઇ કણબીની પેઠે દુખી થશો

જ મકુમારે કહ્યુ કે હું પેલા વાનરના જેવો મૂર્ખ નથી કે દુખી થાઉં

વિંધ્ય પર્વતને વિષે એક વાનર પોતાની પ્રિયાઓ સાથે સુખ ભોગવતો રહેતો હતો, એક દિવસ ત્યા એક બીજો બલિષ્ટ વાનર આવ્યો અને પેલા વાનરની પ્રિયાઓ સાથે ક્રિડા કરવા લાગ્યો, વાનરની પ્રિયાઓએ પણ પોતાના પતિને વૃદ્ધ થયેલો જોઇ તેનો ત્યાગ કર્યો અને આ નવીન આવેલા વાનરનો સ્વીકાર કર્યો આ જોઇ વૃદ્ધ વાનર લડવા લાગ્યો પણ પોતે વૃદ્ધ થયેલો હોવાથી અને પોતાની પ્રિયાઓ પણ પેલા નવીન આવેલા વાનર તરફ થઇ ગઈ તેથી તેને વન છોડી નાશી જવુ પડયુ નાસતા નાસતા તૃષાતુર થયો પાણીની શોધમા ફરતા શીવારસને પાણી જાણી તેમા મુખ નાખ્યુ, મુખ ચોટી ગયુ મુખ કાઢવાને માટે પગ નાખ્યા તે પણ ચોટી ગયા અને મૃત્યુ પામ્યો

માટે હે સ્ત્રીઓ તમાગી વાતથી હું સંસારરૂપી શીવારસમા કદાપિ બુડીશ નહિ

ત્યાર પછી નભસેના નામની સ્ત્રી બોલી હે પ્રિય પતિ ! આપ અતિ લોભથી બુદ્ધિ નામની સ્ત્રીની પેઠે હાસ્યતા અને મોટા અનર્થને પામશો,

નદી નામના ગામમા સિદ્ધિ અને બુદ્ધિ નામની બે વૃદ્ધ સ્ત્રીઓ રહે છે તે ગામમા ઇષ્ટ ફળ આપનાર ભોમીલ નામનો યક્ષ છે, સિદ્ધિ નામની વૃદ્ધ સ્ત્રી તે યક્ષની પુષ્પ ફલાદિકરે હમેશા પુજા કરતી તેથી યક્ષ સંતુષ્ટ થયો અને તેને હમેશા બત્રીસ સોના મહોરો આપવા લાગ્યો બુદ્ધિએ સિદ્ધિને પૂછયુ કે આપણે ઘણા કાળથી દરિદ્ર છીએ હતા આ લક્ષ્મી તને કયાથી પ્રાપ્ત થઇ આથી સિદ્ધિએ યથાસ્થિત વાત કહી તેથી યક્ષ તેને ચાર સોના મોહોરો આપવા લાગ્યો, સિદ્ધિને આ વાતની ખબર પડવાથી યક્ષનુ આરાધન કરી બુદ્ધિ ઉપર ઇર્ષ્યાથી બમણુ માગવા લાગી ત્યારે બુદ્ધિએ ફરી આરાધન કરી તેણીથી બમણુ માગ્યુ, આથી સિદ્ધિએ વિચાર્યું કે એને દોઢ નુકસાન પહોચાડુ એમ ધારી તેણીએ યક્ષને આરાધીને કહ્યુ કે મારી એક આખ લઇ લે પછીથી બુદ્ધિ પણ યક્ષનુ આરાધન કરી યક્ષ પાસે માગવા લાગી કે સિદ્ધિ કરતા મને બમણુ ફળ આપ ! આથી યક્ષે તેની બન્ને આખો કાઢી લીધી એથી તે આંધળી થઈ અને મહા દુ ખ પામી

માટે હે સ્વામી ! અતિ ઇચ્છા કરવાથી બુદ્ધિને મહા કષ્ટ પ્રાપ્ત થયુ તેવીજ રીતે આપ પણ અનર્થમા પડશો

ત્યારે જબુકમાર્ગે કહ્યુ કે હું જાનિત અર્થ જેવો છુ અન્ય માર્ગે જઉ તેવો નથી.

વસંતપુર નગરમા જિતશત્રુ નામે રાજા હતો એક સભા વચ્ચે તેણે કહ્યુ કે મારા રાજ્યમા એવો કોઈ પુરૂષ છે કે જે

અશ્વની પરીક્ષા સારી રીતે જાણતો હોય, તેથી અશ્વવિદ્યામા ચતુર પુરૂષોએ તેના કેટલાએક અશ્વોમાથી એક જાતિવત સારા લક્ષણવાળો અશ્વ પારખી કાઢી કહ્યુ કે આ અશ્વ જેના રાજ્યમાં હોય તેનુ રાજ્ય દિવસે દિવસે સારી રીતે વૃદ્ધિ પામે તથા તેને કોઈ પણ હરતી શકે નહિ આવી રાજાએ તે અશ્વનુ સંપૂર્ણ રીતે રક્ષણ થાય તે માટે તે ગામમા જિન દાસ નામનો નિર્મોહી અને દયાવાન શ્રાવક રહેતો હતો તેને સોપ્યો જિનદાસ તેનુ સારી રીતે લાલન પાલન કરી તે અશ્વને ઉછેરવા લાગ્યો રાજ્ય પણ અશ્વના પ્રભાવથી સારી રીતે આબાદિપણાને પામ્યુ જિનદાસ જેટલી તે અશ્વ ઉપર જેટલી હુમશા તળાવે પાણી પાવા લઈ જતો, ત્યાથી પાછા આવતા શ્રી ઋષભદેવને મદિરે નવ પ્રદક્ષિણા દઈ વંદન કરી પછી ઘેર જઈ આવતો, તે અશ્વ જિનદાસનુ ઘર, તળાવ અને જિનમદિર સિવાય બીજો કોઈ પણ માર્ગ જાણતો નહિ

એવામા હરતશત્રુ રાજાની સંપદા સહન નહિ થવાથી તેના દુશ્મન રાજાએ પોતાની સભામા કહ્યુ કે જે કોઈ તે જાતિવત અશ્વ લાવે તેને પાચ ગામ બક્ષીસ આપુ આ સાભળી એક જણે બીડુ ઝડપ્યુ અને કપટી શ્રાવક થઈને વસંતપુર ગયો ત્યા ચૈત્યવદન કરી ગુરૂવદન કરવા ગયો, જિનદાસે ઉત્તમ શ્રાવક જાણી પોતાને ત્યા ભોજન કરાવ્યુ, પોતાની સાથે ધર્મ ગોષ્ઠી કરવા કહ્યુ તથા સદાને માટે પોતાને ત્યા રહેવા માટે કહ્યુ

એક દિવસે શ્રેષ્ઠિ કઇ કાર્યને માટે બીજે ગામ ગયા, પાછળથી કપટી શ્રાવકે અશ્વને પાણી પાવા મિષથી તેના ઉપર બેસી પોતાના નગર ભણી ચાલવા માડ્યુ, અશ્વે કોઈ પણ માર્ગ જોયેલો નહિ હોવાથી તળાવે પાણી પીને જિન મદિરે આવ્યો, ત્યા ત્રણ પ્રદક્ષિણા દઈ પાછો પોતાને સ્થાનકે આવ્યો પેલા કપટી શ્રાવકે અશ્વને ફરીથી ચલાવ્યો તોપણ તે તો પાછો જો-

ચેના માર્ગે ગયો અને પાછો આવ્યો, તેવી પેનો કપટી શ્રાવક ખેદ પામી તે અર્થને છોડી દઇ જતો રહ્યો આ સર્વ વૃત્તાતની ગજાને ખબર પડી, એવામાંએ પણ અર્થને પાછો આવેલો જાણી સર્વ વૃત્તાત શ્રેષ્ઠી આ યા ત્યારે તેમને કંઇ ગજાએ મેઠીનુ ઘણુ સ માન કર્યું.

માટે હે સ્ત્રીઓ, જેમ અર્થ આ માર્ગે જાવાનો હતો તેમ પુ પણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ માર્ગે જાવુ પણ માટે કુ વિમાર્ગે જઈ તેમ નથી

તે સાભળી કનશ્રી નામની સ્ત્રી બોલી હે પ્રાણેશ! અતિશય લોભવૃત્તિથી નાનાભાઇની પેઠે દુ ખી થશો

લેમપુર નામના નગરથી બે ભાઇઓ દેશાતર જતા હતા રસ્તે ચાલતા માર્ગમા પાચ ગદડા જોયા નાનો ગદડો હતો તે રોડી જોયો તેમાથી પાણી નીકળ્યુ તેથી સતુષ્ટ થયાથી નાના ભાઇએ કહ્યુ હે ભાઈ! હવે બીજો પણ ફોડીને જોઇએ, એમ કહી બીજો ફોડયો, તેમાથી દ્રવ્ય નીકળ્યુ ત્રીજામાથી રૂપુ અને ચોથામાથી સુવર્ણ નીકળ્યુ મોટા ભાઇએ કહ્યુ કે હવે પાચમો એક ગદડો રહેવા દે કારણ કે અત્યત લોભ વિષવૃક્ષનુ મૂળ છે પણ નાનાભાઇએ પાચમો ગદડો ફોડયો, તો તેમાથી દૃષ્ટિવિષ સર્પ નીકળ્યો, તેથી તે બળીને ભસ્મ થયો માટે હે પતિ, તેની પેઠે આપ અતિ લોભ કરી દુ ખને નોતરો આમત્રણ કરો છો

તે સાભળીને જમૂકુમારે કહ્યુ કે હે પ્રિયા! હુ કાચબાની પેઠે પ્રાપ્ત અવસર ગુમાવી પશ્ચાત્તાપનો પ્રસગ નહિ લાવુ

કોઇએક સરોવરને વિષે એક કાચબો પોતાના કુટુબ સાથે રહેતો હતો એકદા તેણે વાયુના યોગે સરોવરપરની લીન ખસી જવાથી પહેલા કોઈ દિવસ નહિ દેખેલ પૂર્ણિમાનો ચદ્રમા જોયો, તેથી ઘણો હર્ષ પામ્યો પછીથી તે ચદ્રમા પોતાના કુટુબને દેખાડવા સરોવરને તળીયે જઇ બધાને બોલાવી લાવ્યો, એટલામા

શેવાળ મળી ગઇ આમ તેમ ફરતો ઘણ જોવા લાગ્યો પરતુ ચદ્રમાને ખ્યાઇ દીઠો નહિ અને ઘણોજ પશ્ચાત્તાપ કરવા લાગ્યો તે માટે હે ભીઓ ! જૈનધમ સયમનુ સ્વરૂપ તથા સારા ગુરૂનો જોગ એ અવસર પામી ડુ કાચબાની પેઠે વ્યર્થ નહિ ગુમાવુ

ત્યાર પછી જયશ્રી બોલી આપ કથાઓ કહી નાગશ્રીનો પેઠે શામાટે છેતરોછો

પદ્મપુર નગરમા ક્રૈવિક્રિય નામનો રાજા રહે છે તે લોકો પાસેથી હમેશા દરબ્નો નારા કાઢી નવીનની વાતો સાભળતો હતો એક દિવસ એક મૂર્ખ બ્રાહ્મણનો વારો આવ્યો ત્યારે તે વિચારવા લાગ્યો કે હુ રાજા પાસે શુ વાર્ત્તા કહીશ હુ જો નવી વાર્ત્તા નહિ કહુ તો રાજા કારાગ્રહમા નાખશે તેની પુત્રીએ તે બ્રાહ્મણની ચિંતાનું કારણ જાણીને કહ્યુ કે હે પિતા ! તમે ચિંતા નહિ કરો રાજા પાસે હુ વાર્તા કહીશ, એમ કહી તે રાજા પાસે ગઇ કહ્યુ કે હે ભૂપાળ ! મારા પિતાના સ્થાને હુ આજ વાર્ત્તા કહીશ રાજાએ કહ્યુ કે તમોજ કહો ત્યારે તે કહેવા લાગી કે

આપના નગરમા નાગશર્મા નામનો બ્રાહ્મણ રહે છે તેને નાગશ્રી નામની પુત્રી છે, તે એક વૃદ્ધ બ્રાહ્મણને આપી હતી તેઓ પુત્રીના વિવાહની સામગ્રી લેવા માટે બહાર ગયો પછવાડેથી વૃદ્ધ જમાઈ આવી ચડયો નાગશ્રીએ પોતાના ભવિષ્યનો ભર્તા જાણી તેને ભાવ સહિત ભોજન કરાવ્યુ અને મુકોમળ શય્યા વાળા પલગ ઉપર સુવાનુ કહ્યુ પોતે વિચાર્યુ કે પાણિગ્રહણ કર્યા પહેલા પતિના હસ્તનો સ્પર્શ કરવો પણ ઉચિત નથી તેથી તેના પલગ નીચ નીર્વિમ્ર ચિત્તે સૂતી તેનામા ઉધી ગયેલ પતિ પલગ નીચ ગબડી પડી નાગશ્રીના ઉપર પડયો અને લાજમા તેના પ્રાણ નીકળી ગયા તે જોઇ પેની કન્યાએ વિચાર્યુ કે હુ પાપિણી કરી આને માર્યો એમ લોકો જાણશે તો શુ કરીશ, એમ વિચારી તેના બે કટકા કરી તે શબને ત્યા બાકો બોદી

દાટી દીધુ, ઉપર માટી પુરી દીધી અને છાણવડે લીંપી પુષ્પા દિકવડે ઉપરથી જમીનનો ભાગ સુગવી કરી દીધો, એટલામા તેના માબાપ વિવાહની સામગ્રી લઇને આવ્યા આટલુ કહી તે કન્યા ચુપ રહી એટલે રાજાએ પૂછ્યુ કે પેલી કન્યાનુ શુ થયુ ? એટલે નાગશ્રી બોલી કે હવે વખત થયો છે, એટલે હું જઇશ રાજાએ પૂછ્યુ કે કન્યાને હું કેવી રીતે જોઇશ તેણે કહ્યુ તેજ હું શુ રાજાએ પૂછ્યુ કે તે કહી તે સર્વ વાત સાચી છે ! કન્યાએ કહ્યુ હે રાજા ! તે આજ સુધી બધા વાર્તા સાભળી તે જો સાચી હોય તો આ વાત પણ સાચી સમજવી

એટલુ કહી તે બ્રાહ્મણની પુત્રી નાગશ્રી ચાલી ગઇ

હે સ્વામી ! નાગશ્રી જેમ કથા કહી રાજાને છેતરી ગઇ તેમ તમે અમને છેતરી જાઓ છો

ત્યારે જબૂકુમારે કહ્યુ કે હું લલિતાગ કુમારની પેઠ ભોગમા આસક્ત નથી કે જેથી મારે કષ્ટ વેઠવું પડે

કદર્પકોશ નામના નગરમા શતાયુધ રાજા રાજ્ય કરતો હતો, તેને લીલાવતી નામે રાણી હતી. તે એક દિવસ સર્વાગે ભૂષણ પહેરી ગોખમા બેઠી હતી તે વખતે તેણીએ અર્થે ઉપર આરૂઢ થયેલા અત્યત રૂપવત સમુદ્રપ્રિય શ્રેષ્ઠીના પુત્ર લલિતાગ કુમારને જોયો દેખતા તેના ઉપર અત્યત મોહિત થઇ ગઈ ને કામની પીડાથી દુખી થવા લાગી તેના મનનો અભિપ્રાય જાણી દાસીએ કહ્યુ કે હું તે વણિક પુત્રનો સબધ કરાવી આપીશ અહિયા લલિતાગ કુમાર પણ લીલાવતીને દેખતા તેના સમાન સ્થિતિમા આવી પડયો. એકદા દાસી રાજાને થોડો કાળ બહાર ગયેલો જાણી લલિતાગ કુમારને ઘેર ગઇ ને તેને કહ્યુ કે રાણી તારા ઉપર આસક્ત થઇ છે, તારી પાસે ભોગની પ્રાર્થના કરે છે કુમારે કહ્યુ કે મારી પણ તેજ ઇચ્છા છે એમ કહી સારા વસ્ત્ર સિગારે પહેરી રાણીના મહેલમા ગયો એટલે તરતજ રાજા

આ થેા, તેની ભીતિથી બાના રહેવા માટે બીજુ કેાઇ સ્થાન નહેાતુ, તેથી તેને ખાળકુવામા નાખ્યેા અને કહ્યુ કે એક શબ્દ પણ બેાલીશ નહિ, જો બેાલીશ અને રાજા જાણશે તેા તારેા જરૂર પ્રાણ લેશે. લલિતાગ કુમાર પણ ખાળકુવાની દુર્ગંધનેા અનુભવ કરતેા બહુજ દુખી થયેા રાણી તેના ઉપર દયા લાવી થેાડુ ઘણુ ખાવાનું ખાળકુવામા નાખતી, તે ખાતેા હવે વર્ષાઋતુમા વરસાદ ઘણેા પડયેા, તેથી તે અશુચી પદાર્થ સાથે ખાળકુવામાથી તણાતેા નગરની બહાર નીકળ્યેા અને ખાળકુવાની દુર્ગંધની વેદનાને લીધે મૂર્છા પામ્યેા ત્યા તેની ધાવમાતાએ જોયેા અને નવરાવી તેને ઘેર આવ્યા બે ચાર માસ ખાવે રહ્યો એને સાજો થયેા

જ્યારે બહાર નીકળ્યેા ત્યારે ગણીએ ફરીથી બેાલાવ્યેા પણ તે ત્યા ગયેા નહિ

હે સ્ત્રી! જો એ કુમાર વિષય સુખમા મગ્ન થયેા તેા ખાળકુવાનું અત્યત દુર્ગંધને અનુભવનારૂપ દુખ ખમવું પડયુ, માટે દારૂણ દુખ આપનારા વિષયાદિકને હું ઇચ્છતેા નથી

જબુકુમારના આવા વૈરાગ્યરૂપી અમૃત સમાન વચનેા સાભળીને આઠે કન્યાઓના અને પ્રભવ સહિત પાચસેા ચેારેના મન વૈરાગ્યમય થઇ ગયા, પછી આઠે સ્ત્રીઓ કહેવા લાગી હે સ્વામી આરભમા સુખ દેનાર અને અતે દુખ આપનાર એવા વિષયેાથી અમે આવ્યા સમય સુધી છેતરાણી હતી વળી ઇદ્રિયેા ઉપર અસયમ એ આપત્તિનેા માર્ગ છે ને તેમનાપર વિજય મેળવવેા એ સપત્તિનેા માર્ગ છે, માટે તમને જે માર્ગ ગમે તે માર્ગે જાઓ! જેને હાથ પગ અને જીભ એ સર્વ વશ છે અને પાચે ઇદ્રિયેા વશ છે, તેના ઉપર રાજા રૂષ્ટ થઇને પણ શુ કરે! માટે હે સ્વામી! 'તમે અમારેા મેાહરૂપી ગાઢ અધકારથી ઉદ્ધાર કર્યો છે ઉત્તમ પુરૂષેાની સગતિ હમેશા કલ્યાણકારી હેાય છે જે પથ આપે સ્વીકાર્યો છે તેજ અમારેા પથ છે આપ અમારા નેતા છેા તેા અમને શિવપુર પ્રતિ લઇ જાઓ.'

પ્રભવ અજ્ઞાનરૂપી અંધકારમાં ડુબેલી એવી સ્ત્રીઓના વૈરાગ્યમય વચનો સાભળીને પ્રભવ પણ વિચારવા લાગ્યો કે અહો આપણને ધિક્કાર છે કે આપણો પાપકુ ધન હરણ કરી લેવાના ધધમા પડયા છીએ મે તો ઘણ ચોરી આદિની ઘણુ પાપ ઉપાર્જન કર્યું છે તો કોણ જાણે મારી શી ગતિ થશે? ચોરીરૂપી પાપ વૃક્ષના આ લોકમા વધ બધનાદિ અને પરલોકમા નરક વેદનારૂપ ફળ થાય છે અહો આ જબૂકુમાર કેવા છે, સુકોમળ છતા આવી સપત્તિ અને આવી કામિનીઓનો પણ ત્યાગ કરે છે, માટે જે માર્ગ તેણે લીધો તેજ માર્ગે માર્ગ, એવુ ચિંતવન કરીને તે જબૂકુમારને કહેવા લાગ્યો કે હે મહાભાગ્ય! તારા ગુણોથી આ કર્યાને અમે તાગી પાછળ આવીશુ. પ્રભવ આવુ બોલ્યો એટલે શાસનદેવીએ તેમને શીઘ્ર બધનથી મુક્ત કર્યા, ત્યાર પછી પ્રભવ ફરી બોલ્યો હે જબુ, અમે અમારા કુટુબીઓની રજા લઇને પ્રભાતે દીક્ષા ગ્રહણ કરવાને આપની પાસેજ આવીશુ જબૂકુમારે તેને કહ્યુ હે પ્રભવ! માણસોના ચિત્ત કેવા બહુ ચપળ હોય છે ક્ષણમા સમર્થ, ક્ષણમા અશક્ત, ક્ષણમા ક્રોધી, ક્ષણમા ક્ષમાવાન, એમ અસ્થિર સ્વભાવનાળા હોય છે માટે પ્રમાદ નહિ કરવો આપનુ વચન પ્રમાણ છે એમ કહીને પ્રભવ પોતાને ઘેર ગયો જબકુમાર પોતાની સર્વ સ્ત્રીયો સહિત દીક્ષા લેવાનો છે એમ સાભળી તેના માતાપિતા તથા સર્વ સાસુ સસરા પણ લેવાને તૈયાર થયા

જબૂકુમાર પણ પ્રભાતે વિધી સહિત જિન પૂજન કરીને સાત ક્ષેત્રમા દ્રવ્યનો વ્યય કરી અર્થી ઉપર આરૂઢ થઇને પોતાની સ્ત્રીઓ સહિત તથા પોતાના માતપિતા સાસુ સસરાઓ સહિત સુધર્મા સ્વામી પાસે ગયો પ્રભવ પણ પાચસે ચોર સહિત પોતાના કુટુબની રજા લઇને દીક્ષા લેવાને ત્યા આવ્યો હવે જબૂકુમાર સુધર્મા સ્વામીને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વદન કરી

કહેવા લાગ્યો કે સંસાર સમુદ્ર તારવામાં નાવ સમાન એવા હે મુનીશ્વર! ચારિત્રરૂપ વહાણ વડે મને કુટુંબ સહિત તારો એટલે સુધર્મા સ્વામીએ જંબૂકુમાર સહિત પાંચસો સત્તાવિશ જણને દીક્ષા આપી અને અંતે દેશના દીધી કે કેટલાએક જીવો દીક્ષા લેતી વખતે સિંહ જેવા હોય છે પણ પાળવામાં શિયાળ જેવા નરમ થઇ જાય છે, કેટલાએક દીક્ષા લેતી વખતે શિયાળ જેવા દીન ને પાળવામાં પણ તેવાજ અશક્ત હોય છે' વળી કેટલાએક એવા હોય જે કે દીક્ષા લેતી વખતે શિયાળ જેવા દીનપણા પાળવામાં તો સિંહ સમાન શૂરા હોય છે, તથા કેટલાએક સિંહના જેવી શૂરી વૃત્તિથી દીક્ષા ગ્રહણ કરે છે અને તેવીજ વૃત્તિથી પાળે છે, માટે તમારે છેલ્લા ગણાવેલા ચોથા વર્ગના જીવોની પેઠે નિરતિચારપણે સંયમ પાળવો કે જેથી મુક્તિ અલ્પ પ્રયાસે મળી શકે

બીજા મુનિયો પણ જંબૂમુનિની વિનય પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા કે જેણે નવાણું ક્રોડ સોનૈયા તથા આઠ સ્ત્રીયો છોડી દીક્ષા લીધી એવા શ્રેષ્ઠ મુનીશ્વર તથા છેલ્લા કેવળી જંબૂસ્વામી પહેલા વાંદના યોગ્ય છે

ત્યારપછી સુધર્મા સ્વામી શિષ્યો સહિત વિહાર કરતા ચંપાપુરી આવ્યા તેમને વાંદનાને માટે ઘણા માણસોને આવતા જોઈ શ્રેણિક પુત્ર કોણિકરાજા વાંદવા માટે આવ્યો ગુરૂને વાંદી સો યોગ્યસ્થાને બેઠા એટલે ગુરૂ મહારાજે દેશના આપી કે મનુષ્યનો જન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, શ્રેષ્ઠ રૂપ, લાંબુ આયુષ્ય, તીક્ષ્ણ બુદ્ધિ, શાસ્ત્ર શ્રવણ અને સંયમ ગ્રહણ, એ પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે, દેશનાને અંતે કોણિકે શુદ્ધ શ્રાવકધર્મ અંગિકાર કર્યો પછી તે જંબૂમુનિને જોઇ પૂછવા લાગ્યો કે સર્વ શિષ્યોમાં આ શિષ્ય અત્યંત તેજસ્વી છે તેનું શું કારણ? ત્યારે સુધર્મા સ્વામીએ કહ્યું કે તેણે પૂર્વ ભવમાં અત્યંત તપસ્યા

કરી હતી, તેના પ્રભાવથી તે અત્યંત તેજસ્વી છે તેનો પૂર્વભવ કહું છું તે સાભળ—

ભગવ દેશમા અતિ રમ્ય સુરમ્ય નામે નગર હતુ, તેમા રાષ્ટ્રકૂટ નામનો કણબી રહેતો હતો, તેને રેવતી નામે સ્ત્રી હતી. તેણે અનુક્રમે ભવદત્ત અને ભવદેવ નામના બે પુત્રને જન્મ આપ્યો. તે પુત્રો મોટા થયા અને વર્માદિક કાર્યમા અતિ કુશળ બુદ્ધિવાળા થયા

એકદા મોટા પુત્ર ભવદત્ત જગતમા રહેવા સર્વ પદાર્થો ક્ષણિક વિનશ્વર છે આયુષ્ય લક્ષ્મી વિજોરે ચપળ છે, એવુ વિચારી વૈરાગ્ય આવવાથી સુસ્થિત આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી અને સમગ્ર શાસ્ત્ર શીખી તે ગીતાર્થ થયો. એક વખત તેણે ગુરૂને કહ્યુ હે પ્રભુ ? સસારના સગા સબંધીને પ્રતિબોધવા જવા માટે મારી ઇચ્છા છે ગુરૂએ આજ્ઞા આપી એટલે તે સુરમ્ય ગયો ત્યા પોતાના ભાઈ ભવદેવના નાગીલા નામની કન્યા સાથે લગ્ન થતા હોવાથી સાધુ આવ્યા કોઈએ જાણ્યા નહિ એટલે ભવદત્તમુનિ ગુરૂ પાસે પાછા આવ્યા તેથી બીજા સાધુઓએ તેની મશ્કરી કરી. તેથી ભવદત્તમુનિ પોતાના ભાઈને પ્રતિબોધ પમાડવા માટે ફરી સુરમ્ય ગયા તે વખતે નાગીલાને આભૂષણ પહેરાવવાનો ઉત્સવ થઇ રહ્યો હતો, તેવામા ભવદેવને પોતાના પૂર્વ અવસ્થાના ભાઇ ભવદત્તમુનિના આગમનની ખબર પડવાથી આવીને નમ્યો અને શ્રદ્ધાથી શુદ્ધ અન્નપાનાદિક વહોરાવ્યુ ભવદત્તે જતી વખતે પોતાના ભાઇ ભવદેવને કોટલે- ચુવી સાથે લીધો અને કોમળ વાણીથી તેને પ્રીતિ ઉપજાવીને તેના હાથમા પોતાનુ વી ભરેલુ પાન આપ્યુ ભવદેવ ભવદત્તની સાથે બાલ્યાવસ્થા વાર્તાદિક કરતો ગુરૂ પાસે આવ્યો, ભવદત્તે ગુરૂને નમીને કહ્યુ કે હે ભગવન્ ! મે મારા ભાઇને આપની પાસે આણ્યો છે, એને દીક્ષા લેવાની મરજી છે ગુરૂએ તેને દીક્ષા આપી, ભવદેવે પોતાના ભાઇની દાક્ષિણ્યતાથી દીક્ષા અંગીકાર કરી પડી ભવદત્તે એક

મુનિ તથા પોતાના ભાઇને સાથે લઇ ગુરૂને નમી બીજે સ્થાને વિહાર કર્યો. ભવદેવ ભાઈના વચનને લીધે સંયમ પાળવા લાગ્યો પરંતુ મનમાંથી પોતાની સ્ત્રી નાગીલા ખસતી નહોતી ભવદત્ત તો તીવ્ર તપશ્ચર્યા કરી કાળધર્મ પામી સ્વર્ગે ગયો. પાછળથી ભવદેવ તો બીજા સાધુઓને સૂતા મુકી, દીક્ષા છોડી, અર્ધ રાત્રીએ નાગી ગયો અને મુગ્રામ આવ્યો ત્યાં આવેલા એક જિનમંદિરમાં રહ્યા હતો એવામાં ત્યાં એક ઉત્તમ વૃદ્ધ શ્રાવિકા તથા તેમની સાથે એક બીજી સ્ત્રી આવી તે નાગીલા હતી, તેથી તેણે ભવદેવને ઓળખી કાઢયો, પણ ભવદેવ ઓળખી શક્યો નહિ તેથી તેને નાગીલા શું કરે છે, ઇત્યાદિક પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે અહો તમે નાગીલાના પતિ છો ત્યારે ભવદેવે હા કહી અને કહ્યું કે મારા ભાઈ ભવદત્તે ગુરૂ પાસે લઇ જઈ પગણે દીક્ષા અપાવી પણ મે તો નાગીલાના સ્મરણમાજ બાર વર્ષ સંયમ પાળ્યું છે

ભવદેવ આ પ્રકારે કહે છે, તેવામાં તે વૃદ્ધ સ્ત્રીનો પુત્ર ત્યાં આવ્યો અને તે શીખવી રાખ્યા પ્રમાણે ભવદેવ સાંભળતા કહેવા લાગ્યો, હે માત! મને આજે ગામમાં જમવાનું નોતરૂ મળ્યું છે ને ત્યાં દક્ષિણા પણ મળવાની છે, માટે ઘેર જાવ મારે પહેલા પીધેલું દુધ વમન કરી નાખવું છે પછી ત્યાં જમી દક્ષિણા લઇ આવી પછી વમન કરેલું દૂધ પી જઇશ

તે સાંભળી ભવદેવ હસીને બોલ્યો કે આ બાળક એવું વમન કરેલું પાછું કેમ ખાશે! તે સાંભળી નાગીલા બોલી કે હું તમારી સ્ત્રી છું, તમે મને વમેલીને ફરીથી ભોગવવાને કેમ ઇચ્છો છો? કોણ મૂર્ખ હોય કે જે સ્ત્રીને ત્યાગ કરીને વમન કરેલા આહારની પેઠે ઇચ્છે સ્ત્રી અનંત દુઃખની કારણભૂત છે, હું અવસ્થાએ—જીર્ણ થઇ ગઇ છું આ શરીર મળમૂત્ર શ્લેષ્મ આદિ અતિ મલિન પદાર્થથી ભરેલી શીવેલી કોથળી સમાન છે તેમાં તો શુદ્ધ જેવા પ્રાણીઓ વિષ્ટાદિક ચુંથવા સમાન સ્ત્રી

આદિકના ભોગની વાન્છા કરે છે. વળી મે જીવિત સુધી ગુરૂ પાસે શીયળવ્રત અંગીકાર કર્યું છે માટે હે નાથ મ્હારૂ કહ્યુ માની ગુરૂ પાસે જાઓ અને આલોચના લઇ શુદ્ધ ચરિત્ર પાળી યાવત્ મોક્ષને પ્રાપ્ત કરો સ્ત્રીના વચનથી પ્રતિબોધ પામેલા ભવદેવે ગુરૂ પાસે જઈ પોતાનો અપરાધ ખમાવી ચારિત્ર ગ્રહણ કર્યું અને ચિરકાળ સુધી શુદ્ધ ચારિત્ર પાળી, કાળ કરી સૌધર્મ દેવ લોકે દેવતા થયો

હવે મ્હોટા ભાઇ ભવદત્તનો જીવ સ્વર્ગ થકી ચવી મહા વિદેહ ક્ષેત્રમા પુષ્કલાવતી વિજયે પુંડરિગિણીને વિષે વજ્રદત્ત ચક્રવર્તીની યશોધરા નામની સ્ત્રીના ઉદરે પુત્રપણે ઉત્પન્ન થયો, તેનું નામ સાગરદત્ત પાડયુ અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો પિતાએ તેને હજાર કન્યા પરણાવી, તેની સાથે ભોગ ભોગવતા જતા કાળને જાણતો નહોતો એક દિવસે તે પ્રસાદની સાતમી ભુમિકાએ બેઠો હતો, તેવામા આકાશમા વાદળા ચડયા, પણ ઘણોજ સખ્ત પવન વાવાથી તે સર્વ વિખરાઇ ગયા, તે જોઇને સાગરદત્તને વૈરાગ્ય થયો સર્વ વસ્તુ ક્ષણભંગુર જાનીને ગુરૂ પાસે જઇ ચારિત્ર ગ્રહણ કર્યું

હવે આજ વિજયમા વીતશોકા નામની નગરીમા પદ્મરથ રાજાની પટ્ટરાણી વનમાલાની કુક્ષિએ ભવદેવનો જીવ સ્વર્ગથકી ચવીને પુત્રપણે ઉત્પન્ન થયો, તેનું શિવકુમાર નામ પાડયુ તે યુવાનસ્થા પામ્યો ત્યારે પિતાએ તેને ઘણી કન્યાઓ સાથે પરણાવ્યો

એક વખત કામમહાવન નામે સાર્થવાહને ત્યા સાગરદત્ત મુનિ વહોરતા હતા તે વખતે દેવતાએ તે મુનિના ઉપર પુષ્પની વૃષ્ટિ કરી, તે જોઇ શિવકુમાર ઘણોજ આનંદ પામ્યો

મુનિ ત્યાથી પોતાને સ્થાનકે ગયા એટલે આ રાજકુમાર તેમની પાસે ધર્મ સાભળવા ગયો ત્યા મુનિએ ઉપદેશની સાથે તેના પૂર્વભવની, કથા સભળાવી, તેથી તેનું મન વૈરાગ્ય વાળુ થયુ ગુરૂને નમી તે ઘર આવ્યો ને માતપિતા પાસે દીક્ષા લેવાની આજ્ઞા માગી, માતપિતાએ કહ્યુ કે જો તુ દીક્ષા લઇશ તો અમારૂ

જરૂર મૃત્યુ થશે તેથી તે માતાપિતાના મરણના ભયથી દિક્ષા ન લેતા છઠ્ઠ છઠ્ઠને પારણે આયંબિલ કરવા લાગ્યો. એ પ્રમાણે દેશ શ્રાવક ધર્મ પાળી બાર વર્ષ સુધી ઘરમા રહ્યો ત્યારપછી અનશન ગ્રહણ કરી આયુષ્યના ક્ષયે ભાવચારિત્રવાન્ શિવકુમાર બ્રહ્મદેવ-લોકને વિષે દેવતા થયો ત્યાથી ચ્યવી ઋષભદત્ત શ્રેષ્ઠીનો પુત્ર આ જંબૂકુમાર થયેલ છે

એ પ્રકારે જંબૂસ્વામીનો પૂર્વભવ સાભળી રાજા ઘણો હર્ષ પામ્યો ને ગુરૂને નમી પોતાને સ્થાનકે ગયો, અન્ય લોકો પણ ગુરૂને નમી પોતાના ઘેર ગયા. જંબૂમુનિ અનુક્રમે અભ્યાસ કરતા અગ્યાર અંગ અને ચાદ પૂર્વ ભણ્યા પછી સુધર્મા સ્વામીએ જંબૂમુનિને આચાર્યપદ આપ્યુ અને ગચ્છનો સર્વ ભાર સોપ્યો અને પોતે મુક્તિ ગયા

અનુક્રમે જંબૂમુનિ વિશેષ પ્રમાણે તપશ્ચર્યા કરતા ઘાતિ કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા તેઓ ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી, પ્રભવમુનિને મુખ્ય પદ મહિત ગચ્છનો ભાર સોપી, શ્રીવીર ભગવાનના નિર્વાણ પછી ચોસઠમે વર્ષે સર્વકર્મનો ક્ષય કરીને મોક્ષે ગયા.

તેમના પછી ૧ મન પર્યવ જ્ઞાન, ૨ પરમ અવધિ જ્ઞાન, ૩ ક્ષપક શ્રેણી, ૪ ઉપશમશ્રેણી, ૫ પુલાકલબ્ધિ, ૬ આહારક શરીર, ૭ મોક્ષ, ૮ જિનકલ્પીપણુ, ૯ પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસ પરાય અને યથાખ્યાત એ ત્રણ ચારિત્ર અને ૧૦ કેવળજ્ઞાન એ સર્વ વિચ્છેદ પામ્યા

જંબૂસ્વામી કે જેને આઠ સ્ત્રીઓએ સસારમા પાડવા માટે વિવિધ કથાઓ કહીને લલચાવ્યા પરતુ તેઓ લેશ માત્ર પણ ડગ્યા નહિ એટલુજ નહિ પણ જેમણે તે સ્ત્રીઓ તથા માતપિતા આદિને પ્રતિબોધ કરી બુઝવ્યા તેવા ગુણશાળી ઉત્તમ પુરૂષનુ અનુકરણ કરી જે ભવ્ય શીલવ્રત કરપણે પાળશે તે થોડા કાળમા મોક્ષપદ ને પામી શકશે ઇતિશમ્

બીજો ખડ સમાપ્ત

ખંડ ૩ જો

મંગળ–દોહા.

ચોથુ વ્રત હુવે વર્ણવું, દિપક સમ જસ જ્યોત,
કેવળદીપક કારણે, દીપકનો ઉદ્યોત

ઢાળ.

વૃંદાવનના વાસીરે વિઠ્ઠા તે મુજને વિસારી—એ દેશી

એ વ્રત જગમા દીવો મેરે પ્યારે એ વ્રત જગમા દીવો ॥ એ ટેક ॥ પરભાતમ પૂજીને વિધિશું, ગુરૂ આગળ વ્રત લીજે, અતિચાર પચ દૂર કરિને, પરદારા દૂર કીજે ॥ મેરે પ્યારે૦ ॥ નિજ નારી સંતોષી શ્રાવક, અણુ વ્રત ચોથુ પાળે, દેવ તિરી નર નારી નજરે, રૂપ રંગ નવી વારે ॥ મેરે પ્યારે૦ ॥ ૧ ॥ વ્રતની પીડાકામની દીઠા, દુર્ગંધા જે બાલી, નાસાવિણ નારી પણ રાગે, પચાશકમા ટાળી ॥ મેરે પ્યારે૦ ॥ વિધવા નારી બાળકુમારી વેશ્યા પણ પરજાતી, જે રાતી દુર્બલ ધાતી, નરભારલ એ ઘાતી ॥ મેરે પ્યારે૦ ॥ ૨ ॥ પરનારી હેતે આવ્યને, નવ વાડયો નિવારી, નારાયણ ચેડા મહારાજે, કન્યાવ્રત નિવારી ॥ મેરે પ્યારે૦ ॥ ભરતરાયને રાજ ભળાવી, ગમ રહ્યા વનવાસે, અરદૂ-ષણ નારી સવિકારે, દેખી ન પડયા પાસે ॥ મેરે પ્યારે૦ ॥ ૩ ॥ દશ શિર રાવણ રણમા રોળ્યો, સિતા સતીમા મહોરી, સર્વ થકી બ્રહ્મવ્રત પાળે, નાવે દાન હેમભોરી ॥ મેરે પ્યારે૦ ॥ વૈતર-ણીની વેદના માઠી, વ્રત ભાગે તે પેસે, વિરતિને પ્રણામ કરીને, ઇંદ્ર સભામા બેસે ॥ મેરે પ્યારે૦ ॥ ૪ ॥ મદિરા માસથી વેદ ગૃણે, પાપ ઘણુ પરદારા વિષ કન્યા રૂડાપણુ અર્ચા, વ્રત ભજક અનતાગ ॥ મેરે પ્યારે૦ ॥ વ્રત સભાળે પાપ પખાળે,

ચુરતસ વછિત સાવે, કલ્પતરૂ દૂળદાયક એ વ્રત, જગ જસ કીર્તિ વાવે ॥ મેરે પ્યારે૦ ॥ ૫ ॥ દશમે અને બત્રીશ ઓપમ, જીવનની ગત પાલી, નાથ નિહાળી ચખ્ખે આયો, નેહ નજર તુમ ભાળી ॥ મેરે૦ પ્યારે૦ ॥ હાથી મુખસે દાણો નિકસે, કીડી કુટુબ ગહુ ખાવે શ્રી શુભવીર જિનેશ્વર સાહિબ, ગોભા અમ શિરપાવે ॥ મેરે પ્યારે૦ ॥ ૬ ॥ ઇતિ

બ્રહ્મચર્યની નવ વાડોનો ટુક સાગરા.

(બ્રહ્મવ્રતધારી ભાઈબહેનોના હિત માટે પૂર્વ મહા પુરૂષોના વચનાનુસાર)

૧ બ્રહ્મચર્ય વ્રતના રક્ષણાર્થે નીચે જણાવ્યા મુજબ નિર્દેશસ્થાનમા નિવાસ કરવો અને બીજા પણ બતાવેના નિયમો કાળજીથી પાળના

" વાડ પહેલી. "

જ્યા સ્ત્રી, પશુ, પડગ (નપુસક) નો નિવાસ હોય ત્યા શીવ્રતધારી પુરૂષોએ રહેવુ જોઈએ નહિ કેમકે તેથી મહેજે વ્રત વિરાધનાનો પ્રસગ આવી બને છે માટેજ જ્યા વસતા કામવિકાર ઉત્પન થવા પામે નહિ એવાજ સ્થાન બ્રહ્મચર્ય ધારી સ્ત્રી પુરૂષોએ રહેવા પસદ કરના જોઈએ અને એના નિર્દોષ સ્થાનમા પણ બ્રહ્મવ્રતની રક્ષા માટે સાવધાનજ રહેવુ જોઈએ

હેતુ—જેમ વૃક્ષની ડાળ ઉપર વસતો વાનર એવો સભાળથી રહે છે કે તેને ભુમિ ઉપર પડી જવાનો પ્રસગ ન બને જેમ પાજરામા રહેતો પોપટ એવી સભાળ રાખ્યા કરે છે કે પોતે બહારના સપાટામા આવી ન જાય, વળી જેમ સુદરી (સ્ત્રી) જળનુ ભરેલુ બેડુ શિર ઉપર ધતા તેને એવી સાચવી રાખે છે કે પડી ન જાય તેમ બ્રહ્મવ્રત

ધારી પણ પોતાનું બ્રહ્મવ્રત લુટાઇ ન જાય એ પવિત્ર હેતુથી મનને ગોપવી રાખે છે, પણ અન્ય સ્ત્રી પુરૂષાદિકને દેખી ચિત્તને ચળાવતા નથી જ્યા મજારનો વાસો હોય ત્યા મૂરઙ (ઉદર) ની જાતને જોખમ લાગે છે તે રીતે સ્ત્રી પ્રમુખ ના સંગથી બ્રહ્મચર્યનો નાશ થવાનો સંભવ રહે છે માટેજ જ્ઞાની પુરૂષોએ બ્રહ્મચર્યના રક્ષણ અને પોષણ માટે નિર્દોષ સ્થાનમાજ નિવાસ કરવો કહ્યો છે, એમ છતા જે અજ્ઞ જનો આપમતિથી ઉક્ત આજ્ઞાનુ ઉલ્લંઘન કરે છે તે એ પ્રથમ વાડનો ભંગ કરે છે, એવી અનુક્રમે વિષય વાસના (કામભોગની ઇચ્છા) જાગે છે અનેક પ્રકારની અનર્થકારી શંકા કુંખા ઉપજે છે કામવાસના પ્રબળ થવાથી ધાતુવિકાર થાય છે, જેથી અનેક પ્રકારના રોગ શરીરમા પ્રગટે છે, મન વિષય-તૃષ્ણાનાળુ બની રહે છે અને તેમાથી પાછુ નિવર્તવુ શક્તુ નથી જેથી પરિણામે પ્રાણી મરણાંત કષ્ટને પામે છે પવિત્ર બ્રહ્મવ્રતની રક્ષા માટે જ્ઞાની પુરૂષોએ ઉપદેશેલી આ ઉત્તમ વાડનો આપમતિથી ભંગ કરતા આવા માઠા પરિણામ આવે છે, એમ સમજી મુજ્ઞ સ્ત્રી પુરૂષોએ નિજ બ્રહ્મવ્રતની રક્ષા માટે ઉક્ત વાડનુ યથાવિધ પાલન કરવા પૂરતી કાળજી રાખવી જરૂરની છે બેદરકારીથી તેની વિરાધના તો કરવીજ નહિ

"વાડ બીજી"

૨, બ્રહ્મવ્રતની રક્ષા માટે બીજે વચને કામકથા સ્ત્રી આદિ સભીયે કરવી નહિ બીજે વચને સ્ત્રી આદિ સન્મુખ કામ-કથા કરતા સહેજે બ્રહ્મવ્રતની વિરાધના થાય છે

હેતુ-જેમ જોસમાં વાતા પવનથી મોટા વૃક્ષ પણ પડી જાય છે, તેમ ચિત્તની સમાધિને મટાડી અસમાધિ પેદા કરનારી કામ-કથા કરતાજ કામ જાગે છે, તે માટે તેવી કથા કરવી ઉચિત નથી જેમ નિષ્ણુને દેખી દૂરથીજ ખટારો કરી

ગજે છે અને મેઘનો ગર્જારવ સાભળીને જેમ હુડકવા ઉછળે છે તેમ સ્ત્રી પ્રમુખના વચન સાભળતા બ્રહ્મચારીના ચિત્ત બગડે છે, તે માટે તેવી કથા કરવા જ્ઞાનીએ નિષેધ કરેલો છે

" વાડ ત્રીજી "

૩. બ્રહ્મચારી પુરૂષે જે શયન, આસન કે પાત્ર, પાટલા ઉપર સ્ત્રી બેઠી હોય તે ઉપર બે ઘડી લગી અને પુરૂષસેવિત શયનાદિક ઉપર બ્રહ્મવ્રતધાર । સ્ત્રીએ ત્રણ પહોર લગી બેસવુ નહિ,

હેતુ–જેમ કોહળા સબધી ગંધસયોગથી કણક (ઘહુંના લોટ) ની વાસ વિણશી જાય છે તેમ અબળાદિકનું આસન આપમતિથી સેવતા બ્રહ્મવ્રતધારી પુરૂષાદિક પોતાનુ શીલવ્રત ગુમાવી બેસે છે એથીજ જ્ઞાની પુરૂષોએ આ ત્રીજી વાડ પાળવા ફરમાવેલ છે

" વાડ ચોથી "

૪ બ્રહ્મવ્રતધારી જનોએ સરાગ દૃષ્ટિથી સ્ત્રી આદિકના અંગોપાગાદિ નિરખીને જોવા નહિ કદાચ તેના ઉપર દૃષ્ટિપાત થયો હોય તો તત્કાળ દૃષ્ટિને ત્યાથી પાછી ખેચી લેવી, પણ ત્યા થોડા વખત કે વધારે વખત ચોટાડી રાખવી નહિ

હેતુ—જો નયન વિકાશીને સ્ત્રી આદિકના અંગોપાગાદિક નિરખવામા આવે છે તો તેમા રઢ લાગે છે અને એથી કામવિકાર જાગે છે, આ રીતે નર્તતા જીવ તેનો ભોગ-ઉપભોગ કરવા લલચાય છે અને એથી બ્રહ્મવ્રતનો ભગ થાય છે જેમ સૂર્ય સામે વધારે વખત નજરને ઠેરવી રાખતા પોતાને હાનિ થાય છે–નયનનુ તેજ ઘટે છે, એમ જાણી નજરને પાછી ખેચી લે છે, તેમ સ્ત્રી આદિના અવયવોને પણ સરાગ દૃષ્ટિથી નિરખતા પોતાનુ બ્રહ્મતેજ હીણુ થાય છે એમ સમજી ચિંતામણિ રત્ન જેવા અમ રક્ષા નિમિત્તે સામાના લલચાવનારા હાવભાવ

જોઇ તેમા લપચાઇ જવુ નહિ નહિ તો તદુલીયા મચ્છની પેરે પરિણામે મહા અનર્થ ઉપજે છે વિષયસુખ સેવ્યા વગર પણ તેની પેઠે માત્ર અધ્યવસાયવડે જીવ નરકાદિક દુર્ગતિને પામે છે

' વાડ પાચમી '

૫ જયા ભીંત કે પડદાદિકને આંથે સ્ત્રી પુરૂષ કામક્રીડા કરતા હોય ત્યા બ્રહ્મવતધારી ગુપ્ત ભાઇ બ્હેનોએ વસવુ, ઉભા રહેવુ કે બેસવુ નહિ

હેતુ—તવે સ્થળે રહેતા સ્ત્રી આદિકનો કરૂણાજનક સ્વર, રૂદનાદિક, તેમજ કુજનાદિકનો અવાજ સાભળવામા આવે છે અને તેથી કામ જાગે છે જેમ અગ્નિ પાસે લાખ અને મીણ એક ભાજનમા ભરી રાખ્યા હોય તો તે તરતજ ઓગળી જાય છે, તેમ તેને સ્થળે રહેતા સ્ત્રી આદિકના હાવભાવ દેખતા તેમજ હાસી અને રૂદનાદિકના સ્વર સાભળતા મનવિકાર મનમા જાગે છે, જેથી શીલવ્રતની હાનિ થવા પામે છે એ હેતુથી ઉક્ત વાડ ખાસ ઉપયોગી છે

"વાડ છઠ્ઠી"

૬ પૂર્વે અજ્ઞાનપણે સેવેલી વિષયક્રીડા બ્રહ્મવતધારીએ સ ભારવી નહિ.

હેતુ—પ્રથમ અવતીપણે જે કઇ કામક્રીડા કરી હોય તેને સભારતા કરી વિષયવાસના જાગવાનો ભય રહે છે જેમ રાખમા ભરેલા અગ્નિ ઉપર ઘાસનો પૂળો મૂકતા તેમાથી જવાળા નીકળે છે, તેમજ વળી જેમ પ્રથમ કરડેલા વિષધરનુ વિષ છેક વગર દહાડે સભારતા શકાથી કરીને સતપે છે, તેમ પ્રથમ વિલસેલા વિષય સુખને સભારવાથી શીલવતને વ્યાકુળતાથી શીલની વિરાધના થાય છે અને પછી ઘણોજ ઓરતો થાય છે એથીજ ઉપકારી મહાત્માઓએ આ છઠ્ઠી વાડ સાચવવા ખાસ ભલામણ કરી છે.

" વાડ સાતમી "

૭ બ્રહ્મચારીએ સ્નિગ્ધ-રસકસવાળો-માદક આહાર કરવો નહિ

હેતુ-સરસ (રસકસ ભર્યો) આહાર તથા પ્રકારના મજબૂત કારણ વગર આરોગતા ઇંદ્રિયો માતી થાય છે જેમ સન્નિપાતમા દૂધ ઘી વિગેરે સ્નિગ્ધ પદાર્થો વાપરવાથી વ્યાધિ અધિક છોળા મારે છે તેમ પાંચે ઇંદ્રિયોને સરસ આહારથી પોપતા મનની વિરાધના થવા પામે છે એવો આ સાતમી વાડનો હેતુ સમજી જેમ બને તેમ સાદા ખોરાકથીજ નિર્વાહ કરવો.

" વાડ આઠમી "

૮ ક્ષુધા શાન્ત થાય એથી અધિક આહાર (લુખ્ખો હોય તો પણ, બ્રહ્મચર્ય ધારીએ લેવો નહિ

હેતુ-અતિમાત્રાએ એટલે જરૂર કરતા વધારે આહાર આરોગવાથી બહુજ ઉંઘ આવે છે, આળસ વધે છે અને શરીર ભારે થઇ જાય છે, જેથી સંયમધર્મની આરાધના થઇ શકિત નથી, એટલુંજ નહિ પણ સ્વપ્નમા શીલની વિરાધના પણ થઇ જાય છે, તેથી સંયમની યા શીલની રક્ષા કરવા ઇચ્છતા ભાઇ બહેનોએ આ વાડ પાળવાની બહુ જરૂર છે જેમ એક રોરના ભાજનમા દાઢ રોર ખીચડી ઓરીને ઉપર ઢાંકણ દેવામા આવે તો એ ભાજન ભાગે (તુટે-ફુટે) અને અંદરની ખીચડી પણ વેરાઇ જાય એ રીતે અતિમાત્રાએ એટલે પ્રમાણ ઉપરાંત જમવાથી બ્રતમા ઘણો બિગાડ થાય છે, એવીજ નિર્વાહ પૂરતુ પરિમિત ભોજન કરવુ કહ્યું છે

" વાડ નવમી "

૯ બ્રહ્મચારીએ શરીરની વિભૂષા (શૃંગારવડે શોભા

હેતુ—સ્નાન, વિલેપન, સુગંધ, વાસ-ચૂર્ણ, ઘણાજ ઉત્તમ (ભારે કિમતી) વસ્ત્ર, તેલ, તંબોળ તથા ઉદ્ભટ-આડંબરતો વેષ એ સર્વ કામોદ્દીપક પદાર્થો સેવવાથી પોતાના અમૂલ્ય શીલ રત્નનો ઘાત થાય છે, જેમ કોઈ અણજાણ માણસ પોતાની બેદરકારીથી, પ્રાપ્ત થયેલા ચિન્તામણિ રત્નને ખોઇ બેસે છે તેમ પવિત્ર શીલ રત્નની રક્ષા કરવા જ્ઞાની પુરૂષોએ કહેલી હિતશિક્ષાને અવગણી સ્વચ્છંદપણે ચાલતા એ અમૂલ્ય રત્નનો વિનાશ થઇ જાય છે તેથી બ્રહ્મવ્રતધારીને એકાન્ત હિતકારી ઉક્ત વાડની રક્ષા કરવા પૂરતુ લક્ષ રાખવાની જરૂર છે, તે સાથે નીચેની હકીકત પણ ધ્યાનમા રાખી લેવી જોઇએ

૧ બ્રહ્મવ્રતધારી ભાઇ બહેને એકલી નારી કે એકલા પુરૂષે સાથે માર્ગે જતા વાર્તાલાપ કરવાનો પ્રસંગ છોડવો નહિ

૨ એકજ પથારીએ શીળવંત બે પુરૂષોએ પણ સાથે સુઇ રહેવું નહિ, તેમજ ગાળભેળદેવાની આદત પણ રાખવી નહિ

૩ શીલવંતી સ્ત્રીએ સાત વર્ષ ઉપરાંતના પુત્રને સાથે (એક પથારીમા) સુવાડવો નહિ

૪ શીલવંત પુરૂષે સાડા છ વર્ષની પુત્રીને પણ પોતાની પથારીમા સાથે સુવાડવી નહિ તો પછી વધારે વયવાળા બાળકોને સાથે સુવાડવાનુ તો કહેવુંજ શુ !

૫ સ્ત્રી સંગે વિષયભોગ કરતા ઉત્કૃષ્ટ નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય જીવોના ગર્ભનાજ ઘાત થાય છે, એ ઉપરાંત અસંખ્યાતા સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્યનો પણ ઘાત થાય છે એમ સમજી શીલવંત ભાઈ બહેનોએ સાવધાનતાથી સ્વશીલરત્નનુ રક્ષણ કરવુ તેમજ બીજા પણ ધર્મના અર્થી ભાઈ બહેનોએ અબ્રહ્મ-મૈથુન સેવનમા જતા મનને જ્ઞાન અંકુશથી અટકાવવુ ઉચિત છે ઉપલી હકીકતથી અબ્રહ્મ

સેવામા મોળી વૃત્તિવાળા કેટલા બધા દોષના ભાગી થાય છે તે સ્પષ્ટ સમજાય તેવુ છે અને આ વાતનુ રહસ્ય એ છે કે ચિંતામણિ રત્ન જેવુ બ્રહ્મનત સાચવવા સર્વ રીતે પ્રયત્ન કરવો.

શુદ્ધ સ્ફટિક રત્ન સમાન નિજ આત્મ સ્વરૂપને સાક્ષાત્કાર કરવા પોતાના મન વચન કાયાને પવિત્રપણે પ્રવર્તાવવા; મનમા કોઈ પણ દુર્વિચાર પ્રવેશવા ન પામે, કોઇ પણ વિકારવાળુ વચન ન વદાય અને કાયાથી કોઇ પણ પ્રકારની કુચેષ્ટા થવા ન પામે એ પ્રકારે જાગૃતી રખાય અર્થાત્ જેમ અને તેમ શુદ્ધ-સાત્વિક વિચારોનુ જ નિરંતર સેવન કરાય, તેનાજ અવિકારી અમૃત જેવા શીતળ સુખદાયી વચનો વદાય અને અવિકારી જ ક્રિયા કરાય એની પરિણતિ વારી શ્રી વીતરાગ પરમાત્માએ બતાવેલા વિહિત માર્ગેજ ચલાય, નવવિધ વાડોની રક્ષા કરાય, અને સકળ કષાય મળને બાળવા સમર્થ શાન્ત રસનો આસ્વાદ કરાય, જેટલે જેટલે અંશે કુત્સિત રાગદ્વેષ અને મોહાદિક વિકારો ઉપશાન્ત થવા પામે અને સમતા રસની અભિવૃદ્ધિ થવા પામે એટલે એટલે અંશે આત્મા બ્રહ્મચર્યનુ ફળ આસ્વાદી શકતો લેખાય જે ભવ્યાત્મા આવી સમજ રાખી ઉત્ત બ્રહ્મચર્ય સેવવા પ્રયત્નવાન્ થાય, તે પોતાના પુરૂષાર્થના પ્રમાણમા તેમા સફળતા મેળવવા ભાગ્યવાન્ બને, એ સ્પષ્ટ સમજી શકાય એવું છે

પતિવ્રતા નારીએ સ્વશીલ રક્ષાર્થે પતિના વિરહે પાળવા યોગ્ય નીયમો.

૧ પોતાના પ્રાણપ્રિય પતિનો મેળાપ થાય ત્યા સુધી ભૂમિ શયન કરવું પણ પલંગ- માચા કે ઢોલીયા ઉપર સૂઇ

ગ્રહેવુ નહિ, હિંડોળાખાટ ઉપર પણ બેસવુ કે શયનાદિ કરવુ નહિ

૨ ખાસ તથાપ્રકારના કારણ વગર સર્વાંગે સ્નાન, વિલેપન કે મર્દનાદિ કરવા-કરાવવા નહિ

૩ હર્ષ-આનંદના ચિન્હ રૂપ લેખાતા લાલ વસ્ત્ર પહેરવા નહિ

૪ પુષ્પ-માલ્યાદિવડે શરીર શુશ્રુષા કરવી-કરાવવી નહિ

૫ શૃંગારના અંગ રૂપ લેખાતા હોઠ તબોલ વડે લાલ કરવા નહિ

૬ લવંગ, એલચી અને જાયફળ પ્રમુખ કામોદ્દીપક પદાર્થ ખાવા નહિ

૭ શરીર શોભાવવા માટે જ શરીરનો મેલ ઉતારવો નહિ

૮ સર્વ જાતના વીવા શાક તૈયાર કરી-કરાવી ખાવા નહિ

૯ દહીં, દૂધ, પક્વાન્ન ગોળ, ખાંડ, સાકર, અને દૂધપાક વિગેરે મદ ઉપજાવે એવા સર્વ મરસ આહાર કરવા નહિ

૧૦ તથા પ્રકારના રસ કસ વગરનો નીરસ આહાર કરવો

૧૧ સદાય એક જ નખત શરીરને ભાડુ દેવા માટે જ ખાવું

૧૨ ખાસ જરૂરી કામ વગર ઘરની બહાર નીકળવુ નહિ

૧૩ બારી બારણા કે ગોખમા બેસી લોકચેષ્ટા જોવી નહિ

૧૪ લોકોના વિવાહાદિ કાર્યો પણ નીરખી જોવા નહિ

૧૫ સખીઓની સઘાતે પણ ઠઠ્ઠા મશ્કરી, પુરૂષ સ્ત્રીના શણગાર, હાસ્ય વિલાસ અને વસ્ત્રાદિ સંબંધી વિકથા કરવી નહિ

૧૬ વૈરાગ્ય, શમતા-શાન્તિ ઉપજાવે એવી ધર્મકથા જ ભણવી-ગણવી

૧૭ નોકર-ચાકર સાથે પણ આલાપ સલાપાદિ ન કરવા તો પછી અન્ય જનોની સંગાતે કરવાનુ તો કહેવુ જ શુ ? અર્થાત્ ન જ કરવા

૧૮ ચિત્રમા આળેખેલા પણ પર પુરૂષ જોવા નહિ તો પછી સાક્ષાત્ પર પુરૂષોનુ તો કહેવુ જ શુ !

એ રીતે પોતાના પવિત્ર શીલની રક્ષા માટે પતિવ્રતા નારીએ પતિના વિયોગે ઉક્ત નિયમો પાળવા લક્ષ રાખવુ ઉચિત છે

સ્ત્રીઓના શીલ રક્ષણના સાધન

' શીલજ ખરો ગણુગાર છે શીલજ ખરો પ્રાણ છે અને શીલજ ખરો આધાર છે એમજ સમજનારી કુલીન સ્ત્રીઓ સ્વશીલની રક્ષા કેમ ન કરે ?

' લજ્જા દયા દમો ધૈર્ય, પુરૂષાલાપ-વર્જનમ,
એકાકિત્વ-પરિત્યાગો, નારીણા શીલરક્ષણમ '

૧ લાજ-મર્યાદા સાચવવી (મર્યાદામા રાખવો), ૨ દયાર્દ્ર દીલ રાખવુ, ૩ ઇંદ્રિયોનુ દમન કરવુ ૪ દૃઢમન રાખવુ-એક ટેકી રહેવુ ૫ પર પુરૂષ સગાથે આલાપ સલાપ ન કરવો અને ૬ એકાકી કયાય ન જવુ-એકાન્ત ન સેવવી એટલા વાના સાચવવાથી સ્ત્રીઓમા શીલની રક્ષા થવી સુલભ થાય છે એ વગર તેમના શીલની રક્ષા થવી કઠણ છે

૨ લાજ કાઢવાનો યા પોતાનુ મુખ કોઇ બીજાને નહિ બતાવવાનો કુલીન સ્ત્રીઓનો ગર્ભિત આશય સ્વશીલ રક્ષાનો હોવો જોઇએ પણ ઝીણા વસ્ત્રથી મુખ ઢાકી અંદરથી અથવા ગુપ્ત રીતે અન્યને જોવાની ઇચ્છા રાખનારને તો એ ઢોંગ રૂપ લાગે છે કુલીન સ્ત્રીઓ તો સ્વપતિ સિવાય કોઇ પુરૂષને સરાગ દૃષ્ટિથી જોવાને ઇચ્છે પણ નહિ તો પછી તેને તાકી તાકીને તો જુએ જ કેમ ?

૨ જેનુ અંતકરણ કોમળ-દયાર્દ્ર હોય તે કુલીન સ્ત્રી તો સહુને આત્મ સમાન લેખે છે, તે કદાપિ તુચ્છ વિષય સુખની

આતર પોતાના પ્રાણપ્રિય પતિને છેતરી પરપુરૂષગમન કરે છે.

૩ નવનિત બ્રહ્મચર્યની વાડો સાચવવાના પવિત્ર હેતુથી જે કુલીન સ્ત્રીઓ નિજ ઇન્દ્રિય દમન કરે છે તેને પર પુરૂષ સેવવાની ઇચ્છા-વાન્છના પણ થાય જ કેમ?

૪ રાજીમતી, નાગિલા અને પૂર્વ પતિનતા સતી સ્ત્રીઓની પેરે જ્યારે ખરી કસોટીનો વખત આવે છે ત્યારે તેઓ ધૈર્ય ધારીને હરેક રીતે યુક્તિ-પ્રયુક્તિ વાપરી પોતાના પવિત્ર શીલની રક્ષા કરે છે

૫ પર પુરૂષ સાથે વાત કરતા વિચાર અને ભય રાખવો તેમની સન્મુખ નિરખીને કુલીન સ્ત્રીઓ આડોશ કરે છે કરતી નથી

૬ એકાન્ત બુરી છે એમ સમજીને કુલીન સ્ત્રીઓ પોતાના સબંધી જનો સગાતે પણ મર્યાદા સાચવી રહે છે તો અન્ય અન્યજનો સબંધી તો કહેવું જ શું?

શીલગુણ ધારવા અને પરસ્ત્રી પુરૂષને ત્યાગ નિવારવા સહુને હિતોપદેશ

આઠ પ્રકારનું મૈથુન, જે આગળ વર્ણવવામાં આવે છે તેનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય કહેવાય છે. તે આઠ પ્રકારનું મૈથુન નીચે મુજબ—

૧ શ્રવણ-સ્ત્રી સબંધી રસ ભરી નવા ઉપજાવે એવી સ્ત્રી-કથા (કામોદ્દીપક વિલાસાદિ સ્ત્રી ચેષ્ટાઓનું શ્રવણ કરવું

૨ સ્મરણ-અનુભવેલા (ભોગવેલા) ભોગ-વિલાસ પ્રમુખ યાદ કરવા.

૩ કીર્તન-પ્રીતિ-રસપૂર્વક તે તે વિષય ભોગ સબધી કથન કરવુ

૪ ચિન્તવન-ઇષ્ટ વિષય ભોગ સબધી ગમે તે પ્રસગે ચિન્તવન કરવુ.

૫ એકાન્ત વાત-ઇષ્ટ સ્ત્રી સગાતે એકાન્તે (ગુપ્ત સ્થળે) વાતચિત કરવી

૬ દૃઢ સકલ્પ-તે ઇષ્ટ સ્ત્રી સાથે ભોગ વિલાસ કરવા દૃઢ નિશ્ચય કરવો

૭ પ્રયત્ન-ગમે તે રીતે તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન સેવવો-પ્રપચ કરવો

૮ તત્ પ્રાપ્તિ-તેની સગાતે શરીર યોગે સભોગ કરવો.

એ આઠ પ્રકારે મૈથુન સેવન કર્યું કહેવાય છે અને તે પ્રસગે થયેલા કે થતા રાગાદિ સકલ્પ (પરિણામ) પ્રમાણે જીવ દોષિત થાય છે આ વાત પુરૂષની પેઠે સ્ત્રીઓને પણ એક સરખી લાગુ પડે છે, પરસ્ત્રી ગમન કરનારની તો રાવણની પેરે પાયમાલી અને અતે દુર્ગતિ થાય છે, તથા વિષયાન્ધ-કામી સ્ત્રી પુરૂષોની કેવી દુર્દશા અહીંજ થના પામે છે તે તેમની થતી દશા દશાની વાત અત્ર સક્ષેપથી વર્ણવનામા આવે છે —

૧ ચિન્તા-પ્રથમ ઇષ્ટ સગાતે વિષય ભોગ સબધી ચિન્તા ઉપજે છે

૨ દર્શન ઇચ્છા-તે ઇષ્ટને નજરે જોવાની-મળવાની ઇચ્છા થાય છે,

૩ દીર્ઘનિશ્વાસ-વિરહાગ્નિ સહન થઇ નહિ શકવાથી લાબા નીસાસા મૂકે છે

૪ કામજ્વર-વિષય ચિન્તાવડે આખુ અગ તપી જાય છે

૫ શરીરદાહ-આખુ શરીર બળુ બળુ થઇ રહે છે

૬ અન્નઅરૂચિ-ખાવું પીવું કશુ ભાવતુ નથી

૭ શરીરકંપ-ટાઢીયા તાવની જેમ શરીરમા કંપારી આવવા માડે છે

૮ ઉન્માદ-દારૂ પીધેલાની જેવી તેની બેભાન સ્થિતિ થઇ જાય છે

૯ પ્રાણુસંદેહ-પ્રાણ (જીવિત) રહેશે કે નહિ એની મૂંઝવણ આવી જાય છે

૧૦ પ્રાણત્યાગ-કામાગ્નિ વડે દગ્ધ છતો પ્રાય-જીવિત તજી દે છે. કામાન્ધ સ્ત્રી પુરૂષોની આવી દુર્દશા થતી જાણી, જીવિત સુખના આર્થી જનોએ જરૂર સંતોષવૃત્તિ ધારવી ઉચિત છે

ચતુર્થ પાપસ્થાનક મૈથુન (અબ્રહ્મ) નિવારણ ઉપદેશ

ચતુર્થ અબ્રહ્મ પાપસ્થાનક સજ્ઝાય

તુમે બહુ મેત્રીરે સાહિબા—એ દેશી,

પાપસ્થાનક ચોથુ વર્જિએ, દુર્ગતિ મૂલ અબંભ,
જગ સવિ મૂઝયો છે એહમા, છાડે તેહ અચંભ પાપ—
એ આકણી. ૧.

રૂડુ લાગેરે એ ધુરે, પરિણામે અતિ ક્રૂર,
ફૂલ કિંપાકને સારિખા, વરજે સજ્જન દૂર પાપ ૨
અધર વિદ્રુમ સ્મિત પુલડા, કુચકલ કઠીન વિશાલ;
રામા દેખી ન રાચિયે, એ વિષવેલી રસાલ. પાપ ૩
પ્રબલ જ્વલિત અય પૂતલી, આલિંગન ભલુ તત,
નરક દુવાર નિત બિની, જીવન મેવન એ દુરંત પાપ ૪
દાવાનળ ગુણવન તણો, કુલભગી દુર્ગંક એહ,
રાજધાની મોહ રાયની, પાતક કાનન મેહ પાપ.

૩ કીર્તન-પ્રીતિ-રસપૂર્વક તે તે વિષય ભોગ સબંધી કથન કરવું

૪ ચિન્તવન-ઇષ્ટ વિષય ભોગ સબંધી ગમે તે પ્રસંગે ચિન્તવન કરવું

૫ એકાન્ત વાત-ઇષ્ટ સ્ત્રી સંગાતે એકાન્તે (ગુપ્ત સ્થળે) વાતચિત કરવી

૬ દૃઢ સંકલ્પ-તે ઇષ્ટ સ્ત્રી સાથે ભોગ વિલાસ કરવા દૃઢ નિશ્ચય કરવો

૭ પ્રયત્ન-ગમે તે રીતે તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન સેવવો-પ્રપંચ કરવો.

૮ તત્ પ્રાપ્તિ-તેની સંગાતે શરીર યોગે સંભોગ કરવો.

એ આઠ પ્રકારે મૈથુન સેવન કર્યું કહેવાય છે અને તે પ્રસંગે થયેલા કે થતા રાગાદિ સંકલ્પ (પરિણામ) પ્રમાણે જીવ દોષિત થાય છે આ વાત પુરૂષની પેઠે સ્ત્રીઓને પણ એક સરખી લાગુ પડે છે, પરસ્ત્રી ગમન કરનારની તો રાવણની પેરે પાયમાલી અને અંતે દુર્ગતિ થાય છે, તથા વિષયાન્ધ-કામી સ્ત્રી પુરૂષોની કેવી દુર્દશા અહીંજ થતા પામે છે તે તેમની થતી દશ દશાની વાત અત્ર સંક્ષેપથી વર્ણવનામા આવે છે —

૧ ચિન્તા-પ્રથમ ઇષ્ટ સંગાતે વિષય ભોગ સંબંધી ચિન્તા ઉપજે છે

૨ દર્શન ઇચ્છા-તે ઇષ્ટને નજરે જોવાની-મળવાની ઇચ્છા થાય છે,

૩ દીર્ઘનિશ્વાસ-વિરહાગ્નિ સહન થઇ નહિ શકવાથી લાંબા નીસાસા મૂકે છે

૪ કામજ્વર-વિષય ચિન્તાવડે આખુ અંગ તપી જાય છે

૫ શરીરદાહ-આખુ શરીર બળુ બળુ થઇ રહે છે

૬ અન્નઅરૂચિ-ખાવું પીવું કશું ભાવતું નથી

૭ મૂર્છા-ઢાઢીયા તાવની જેમ શરીરમા કંપારી આવવા માંડે છે

૮ ઉન્માદ-દારૂ પીધેલાની જેવી તેની બેભાન સ્થિતિ થઇ જાય છે

૯ પ્રાણસંદેહ-પ્રાણ (જીવિત) રહેશે કે નહિ એવી મૂર્છા આવી જાય છે

૧૦ પ્રાણત્યાગ-કામાગ્નિ વડે દગ્ધ થતો પ્રાય-જીવિત તજી દે છે. કામાન્ધ સ્ત્રી પુરૂષોની આવી દુર્દશા થતી જાણી, જીવિત સુખના આર્થી જનોએ જરૂર સંતોષવૃત્તિ ધારવી ઉચિત છે

ચતુર્થ પાપસ્થાનક મૈથુન (અબ્રહ્મ) નિવારણ ઉપદેશ

ચતુર્થ અબ્રહ્મ પાપસ્થાનક સજ્ઝાય

તુમે બહુ મૈત્રીરે સાહિબા—એ દેશી,

પાપસ્થાનક ચોથું વર્જિએ, દુર્ગતિ મૂલ અબંભ,
જગ સવિ મૂઝયો છે એહમાં, છાંડે તેહ અચંભ પાપ—
એ આકણી. ૧.

રૂડું લાગેરે એ ધુરે, પરિણામે અતિ ક્રૂર,
કિંપાકને સારિખા, વર્જે સજ્જન દૂર પાપ ૨
અધર વિદ્રુમ સ્મિત પુલહા, કુચફલ કઠીન વિશાલ;
રામા દેખી ન રાચિયે, એ વિષવેલી રસાલ. પાપ ૩
પ્રબલ જ્વલિત અય પૂતલી, આલિંગન ભલું તંત,
નરક દુવાર નિત બિની, જીવન સેતન એ દુરંત. પાપ ૪
દાવાનળ ગુણવન તણો, કુલભશી કુર્યક એહ,
રાજધાની મોહ રાયની, પાતક કાનન મેહ

પ્રભુતાએ હરિ સારિખો, રૂપે ભયણ અવતાર,
સીતાયે રે રાવણ યથા, છોડો તુમે નરનાર પાપ ૬.
દશ શિશ રજ માહે રોલિયા, રાવણ વિવશ અબ ભ,
રામે ન્યાયેરે આપણો, રોપ્યો જગ જય થ ભ. પાપ. ૭.
પાપ બંધાએરે અતિ ઘણા, સુકૃત સકલ ક્ષય જાય,
અ બ્રહ્મચારીનુ ચિંતવ્યુ, કહિય સફલ નવિ થાય. પાપ. ૮
મંત્ર ફલે જગ જસ વધે, દેવ કરે સાન્નિધ,
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવ નિદ્ધ પાપ. ૯
શેઠ સુદર્શનને ટળી, ગૂળી સિંહાસન હોય,
ગુણ ગાયે ગગનેરે દેવતા, મહિમા શીલનુ જોય પાપ ૧૦
મૂલ ચારિત્રનુ એ ભલુ, સમકિત વૃદ્ધિ નિદાન,
શીલ સવિલ ધરે જિકે,તસ હુયે સુજસ વખાણ. પાપ. ૧૧.

હે ભવ્ય જનો ! દુર્ગતિના નિદાનરૂપ અબ્રહ્મ સેવન તમે તજી દો; બીજા જગજંતુઓ એમાજ મુઝાયેલા છે-વિષય રાગથી અંધ બનેલા છે એ અનાદિ વિષય રાગ તજવો દુષ્કર છે તે તજે તેને જ ધન્યવાદ ઘટે છે ૧

એ વિષય સુખ ભોગવતા તો સારૂ લાગે છે, પરંતુ કિંપાકના ફળની પેરે પરિણામે અતિ ઘોર દુઃખને દેનારાણુ છે, એમ સમજીનેજ શાણા સજ્જનો તેનો પરિહાર કરે છે, મનથી પણ તેના ક્ષણિક સુખની ઇચ્છા કરતા નથી ક્ષણ માત્ર સુખ બુદ્ધિ બતાવી પરિણામે બહુ પરિતાપ ઉપજાવનારા અને જોત જોતામા છેલ્લુ દઇ જનારા વિષયસુખમા દિર્ઘદર્શી જ્ઞાનીપુરૂષો મુઝાઇ જતા નથી પણ તેઓ તેથી ન્યારાજ રહે છે ૨

જૂઓ ! સ્ત્રી એ એક દૂજતી વિખવેલી છે તેના પરનાળા જેવા રાતા હોઠ વિખવેલીના નવા કુંપલીયા જેવા છે તેનુ મદમદ રાગવાળુ હાસ્ય વિખવેલીના ફુલ જેવુ છે અને તેણીના કઠણ અને વિશાળ સ્તન વિખવેલીના સાક્ષાત્ ફળ જેવા છે એવી સમજ દીલમા રાખી સુંદર સ્ત્રીઓને તેમજ તેમના લલિત-હાવભાવ નિરખીને મનમા લગારે રાચવુ કે ફુલાઈ જવું નહિ, પરતુ જેમ શાણા માણસો વિષવૃક્ષથી-તેની છાયા, પત્ર, પુષ્પ અને ફળ વિગેરેથી સદાય સાવચેત રહે છે તેમ તેના પ્રસંગે જરૂર સાવચેત રહેવું તેમા બનતા સુધી લગારે ગફલત કરવી નહિ ૩

અત્યંત વગવગતા અગ્નિવડે તપાવીને લાલચોળ કરેલી લોઢાની પૂતળીને અંગોઅંગે ભેટી પડવું સારૂ, પરતુ નરકના અઘોર દુઃખ પામવામા પ્રબળ નિમિત્તરૂપ થતી નાગે સાથે વિષયાર્થ બની રમવુ એ બુરૂ છે કેમકે અગ્નિમય પૂતળીને આલિંગન કરવાથી એકજ વાર તત્કાળ મૃત્યુ થાય છે અને વિષય ક્રીડામા રચી પચી રહેનારી અને બીજાને ફસાવના અનેક પ્રકારના હાવભાવ બતાવનારી સ્ત્રીમાથે મર્યાદા મૂકીને પશુવત્ રમણ કરવાથી તો પરિણામે અનેકવાર નરકાદિ ના અઘોર દુઃખ સહન પડે છે ૪

વળી વિષય વસવી અવ બનેની સ્ત્રીઓ સદ્‌ગુણ રૂપી બગીચાને દગ્ધ કરી નાખના દાવાનળ-અગ્નિ સમાન છે પોતાના પવિત્ર કુળની કીર્તિને તે કલંકિત કરી નાખે છે, મોહ માયાનો વિસ્તાર કરી અનેક અબુઝ જીવોને લલચાવી પોતાને વશ વર્તાવે છે અને પોતાના તથા પરના અનેક આત્માઓને પાપથી મલીન કરે છે, તેથી તે દુરથીજ પરિહરવા યોગ્ય છે ગ્રંથકારના કહેવા મુજબ કુશીલ સ્ત્રીઓ પોતાના કુળની કીર્તિને કાળી કરવા કૂચા જેવુ વર્તન કરે છે મોહ રાજાના નિવાસ માટે પ

પ્રભુતાએ હરિ સારિખો, રૂપે ભયણ અવતાર,
સીતાયે રે રાવણ યથા, છેદો તુમે નરનાર પાપ ૬.
દશ શિશ રજ માહે રોલિયા, રાવણ વિવશ અબ ભ,
રામે ન્યાયેરે આપણો, રોપ્યો જગ જય થ ભ. પાપ. ૭.
પાપ બંધાએરે અતિ ઘણા, સુકૃત સકલ ક્ષય જાય,
અ બ્રહ્મચારીનુ ચિતવ્યુ, કદિય સફલ નવિ થાય. પાપ. ૮
મંત્ર ફલે જમ જસ વધે, દેવ કરે સાન્નિધ,
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવ નિદ્ધ પાપ. ૯
શેઠ સુદર્શનને ટળી, રૂળી સિંહાસન હોય,
ગુણ ગાયે ગગનેરે દેવતા, મહિમા શીલનુ જોય પાપ ૧૦
મૂલ ચારિત્રનુ એ ભલુ, સમકિત વૃદ્ધિ નિદાન,
શીલ સલિલ ધરે જિકે,તસ હુયે સુજસ વખાણ. પાપ. ૧૧.

હે ભવ્ય જનો ! દુર્ગતિના નિદાનરૂપ અબ્રહ્મ સેવન તમે તજી દો, બધા જગજંતુઓ એમાજ મુંઝાયેલા છે-વિષય રાગથી અંધ બનેલા છે એ અનાદિ વિષય રાગ તજવો દુષ્કર છે તે તજે તેને જ ધન્યવાદ ઘટે છે ૧

એ વિષય સુખ ભોગવતા તો સારૂ લાગે છે, પરંતુ કિંપાકના ફળની પેરે પરિણામે અતિ ઘોર દુઃખને દેવાવાળુ છે, એમ સમજીનેજ શાણા સજ્જનો તેનો પરિહાર કરે છે, મનથી પણ તેના ક્ષણિક સુખની ઇચ્છા કરતા નથી ક્ષણ માત્ર સુખ બુદ્ધિ બતાવી પરિણામે બહુ પરિતાપ ઉપજાવનારા અને જોત જોતામા છેહ દઇ જનારા વિષયસુખમા દિર્ઘદર્શી જ્ઞાનીપુરૂષો મુંઝાઇ જતા નથી પણ તેઓ તેથી ન્યારાજ રહે છે. ૨

જૂઓ ! સ્ત્રી એ એક દુજતી વિખવેલી છે તેના પરવાળા જેવા રાતા હોઠ વિખવેલીના નવા કુપલીયા જેવા છે તેનુ મદમદ રાગવાળુ હાસ્ય વિખવેલીના કુલ જેવું છે અને તેણીના કાણુ અને વિશાળ સ્તન વિખવેલીના સાક્ષાત્ ફળ જેવા છે એવી સમજ દીલમા રાખી સુદર સ્ત્રીઓને તેમજ તેમના લલિત-હાવભાવ નિરખીને મનમા લગારે રાચવું કે કુલાઈ જવું નહિ, પરતુ જેમ શાણા માણસો વિષવૃક્ષની-તેની છાયા, પત્ર, પુષ્પ અને ફળ વિગેરેથી સદાય સાવચેત રહે છે તેમ તેના પ્રસગે જરૂર સાવચેત રહેવું તેમા બનતા સુધી લગારે ગફલત કરવી નહિ ૩

અત્યત વગવગતા અગ્નિવડે તપાવીને લાલચોળ કરેલી લોઢાની પૂતળીને અંગોઅંગે ભેટી પડવું સારૂ, પરતુ નરકના અઘોર દુખ પામવામા પ્રબળ નિમિત્તરૂપ થતી નાગે માથે વિષયાવ બની રમવું એ બુરૂ છે કેમકે અગ્નિમય પૂતળીને આલિંગન કરવાથી એકજ વાર તત્કાળ મૃત્યુ થાય છે અને વિષય ક્રીડામા રચી પચી રહેનારી અને બીજાને ક્રમાનના અનેક પ્રકારના હાવભાવ બતાવનારી સ્ત્રીમાથે મર્યાદા મૂકીને પશુવત્ રમણ કરવાથી તો પરિણામે અનેકવાર નરકાદિકના અઘોર દુખ સહવા પડે છે ૪

વળી વિષય રમથી અધ બનેલી સ્ત્રીઓ સદ્‌ગુણ રૂપી બગીચાને દગ્ધ કરી નાખવા દાવાનળ-અગ્નિ સમાન છે પોતાના પવિત્ર કુળની કીર્તિને તે કલકિત કરી નાખે છે, મોહ માયાનો વિસ્તાર કરી અનેક અબુઝ જીવોને લલચાવી પોતાને વશ વર્તાવે છે અને પોતાના તથા પરના અનેક આત્માઓને પાપથી મલીન કરે છે; તેથી તે દુરથીજ પરિહરવા યોગ્ય છે અથવા કરનાર હલકા સુજ્ઞ કુશીલ સ્ત્રીઓ પોતાના કુળની કીર્તિને કાળી કરવા બગીચાના કૂચા જેવુ વર્તન કરે છે મોહ રાજાના નિવાસ માટે પા-

યતજ્ઞ નગર (રાજધાની) સમાન છે અને પાપરૂપી વનને નું વપવત્ર કરવા મેઘ વૃષ્ટિ સમાન છે એમ સમજી શાણા માણસોએ તેમનાથી સદાય ચેતતા રહેવુ યુક્ત છે કુશીલ સ્ત્રીની સંગતિથી કુશીલને પુષ્ટિ મળે છે ૫

કુશીલ જનની સોબત તજવી યુક્ત છે કેમકે તેમ કરનાથી સ્વશીલની રક્ષા થાય છે માટે ગમે તેવા વિષય સંયોગમા પણ ગમે તેના ઐશ્વર્યવાળા અને રૂપ સંપત્તિવાળા પર સ્ત્રી પુરૂષોની સાથે વિષય સુખ વિલસવા ઇચ્છા સરખી પણ કરવી નહિ જુઓ ! વાસુદેવ જેની સોળેકીવાળા અને કામદેવના અવતાર જેના રાજાનો પણ સીતાદેવીએ લગારે આદર ન કર્યો, પરંતુ તેને ઉલટો નિભર્છી નાખ્યો, તેમ પોતાના પવિત્ર શીલની સદાય રક્ષા ઇચ્છતા ભાઇ બહેનોએ પર સ્ત્રી અને પર પુરૂષનો કૂડો પરિચય તજવો જ ઘટે છે ૬

સતી શિરોમણિ સીતા દેવીની આટલી બધી પવિત્રતા છતા રાવણે કુબુદ્ધિથી તેણીની સાથે વિષય સુખ વિલસવા હઠ આદર્યો, તો પરિણામે રાવણની પોતાની તથા તેના રાજ્યની બળવાળી થઇ અને ન્યાય નીતિમા અગ્રેસર એવા રામચંદ્રજીનો સર્વત્ર જગમા પસર્યો અદ્યાપિ પર્યંત તે દૃષ્ટાંતરૂપ ગણાય છે. ૭

જે અજ્ઞાની જનો કુળમર્યાદાને પણ લોપી અત્યાચાર કરે છે, એટલે અસતોષવૃત્તિથી પરસ્ત્રી કે પર પુરૂષનુ પરાણે સેવન કરે છે, તેમનો આત્મા પાપ-મળથી અત્યંત મલીન થાય છે, તેમના સઘળા સુકૃત-પુન્ય કાર્યો લોપાઇ જાય છે અને તેવા અનાર્ય કાર્ય કરનાર સ્ત્રી પુરૂષોનુ મન-ચિંતવ્યુ કદાપિ પણ સફળ થઇ શકતુ નથી પરંતુ તેમના પ્રબળ પાપના યોગે વિપરીત પરિણામજ આવતુ દેખાય છે એમ સમજી અત્યાચાર તેમજ અનાચાર તજી જેમ સ્વપરના શીલની રક્ષા થાય તેમ સંતોષવૃત્તિ

ધારવી એજ હિતકર છે અસંતોષવૃત્તિથી ઉલટું અહિત અને અસુખજ થાય છે તેથી વિચારશીલ ભાઈ બહેનોએ પણ સંતોષવૃત્તિનું સેવન કરી પવિત્ર થાય નીતિનુંજ આચરણ લેવું ઘટે છે ૮

જે શાણા ભાઈ બહેનો અન્યાયાચરણનો ત્યાગ કરી સંતોષ વૃત્તિને ધારી પવિત્ર શીલનું સંરક્ષણ કરે છે તેમને અનેક પ્રકારના લાભ મળે છે જેમકે તેમને મન તત્કાળ સિદ્ધ થાય છે, જગતમાં જશવાદ વિસ્તરે છે, દેવતાઓ સહાયભૂત થાય છે અને જે જોઈએ તે સહેજે આવી મળે છે એ સઘળો પ્રભાવ પવિત્ર શીલવ્રતનોજ સમજવો ૯

જુઓ ! સુદર્શન શેઠને પવિત્ર શીલવ્રતના પ્રભાવથી શૂલિ ભાગીને સિંહાસન થયું જે જગાએ શૂલિની સજા કરી હતી તેણે જ આનાં તે પવિત્ર શીલવ્રતને પાળનાર સુદર્શન શેઠનો ભારે સત્કાર કર્યો અને તેને હાથીના હોદ્દા ઉપર બેસાડી બહુ આડંબર સાથે નગર પ્રવેશ કરાવ્યો તેના પવિત્ર શીલના પ્રભાવથી આકાશમાં દેવતાઓ પણ તેના ગુણ ગાન કરવા લાગ્યા એવો અદ્‌ભુત મહિમા શીલ રત્નનો સમજી સહુ શાણા ભાઈ બહેનોએ સર્વથા સુશીલ થવું એટલે મનથી પણ કુશીલતા કરવી નહિ ૧૦

સુશીલપણું એ ચારિત્ર—સદ્‌વર્તનને ખાસ જરૂરનું છે તે સુશ્રદ્ધાને મજબૂત કરનાર છે યાવત્ અનેક સદ્‌ગુણોને મેળવી આપનાર છે, એમ સમજી જે ભવ્યજનો પવિત્ર શિલરત્નને સારી રીતે સાચવશે તેઓ ઉત્તમ યશ કીર્તિ સહિત અક્ષય સુખ સંપદા પામશે

॥ અથ શ્રી ઉદયરત્નજી કૃત નવ વાડની સજ્ઝાયો ॥

॥ ઢાલ ૧ લી ॥

॥ દુહો શ્રીગુરૂને ચરણે નમી, સમરી[1] સારદ માય, નવ નિધ શીલની વાડનો, ઉત્તમ કહું ઉપાય ॥ ૧ ॥ પહિલોને પાસો હોજી, એ દેશો ॥ ૨ ॥ પહેલી ને વાડ હો જી વીર જિનવરે કહ્યો, સેવો હો મેવો વસતિ વિચારીને જી, સ્ત્રી પશુ પંડગ[2] હો જી વાસે વસે જીહા, તિહા ન રહેવું શીલવ્રતધારીને જી ॥ ૨ ॥ જીમ તરૂ ડાળે હોજી વસતો વાનરો, મનમા બીહે રખે ભુધ પહુ જી, ભાજ્ઞ દેખી હો જી પંજર માહેથી, પોપટ ચિતે રખે ટાડે[3] ચહુ જી ॥ ૩ ॥ જિમ સિહલકી હોજી સુંદરી શિર ધરી, જ-લતુ બેહુજીગતિસ્યુ જાણવે જી, તિમ મુનિ મનને હો જી રાખે ગોપવી, નારીને નિરખી ચિત્ત નવિ ચાળવે જી ॥ ૪ ॥ જીહા હોવે વાસો હો જી સહેજે માજરનો, જોખમ લાગે તિહા મુક કની જાતિને જી તિમ બ્રહ્મચારી હોજી, નારીની સગતે, હારે હો હારે શીયલ સુધાતને જી ॥ ॥ ૫ ॥ કળશ ॥ વાડ વિઘટે વિષય પ્રગટે, શંકા કંખા નીપજે, તીન કામે ધાતુ બીગડે, રોગ બહુ વિધ ઉપજે, મનમાહિ વિષય વ્યાપે, મન વિષયશુ રહે મીલી Cદય રત્ન કહે તે કારણે, નવ વાડ રાખો નિરમળી ॥ ૧ ॥

॥ ઢાળ ૨ ॥ વૈદરભ દેશ કુંડનપુર નગરી સુરપતિ એ દેશી ॥

સુરપતિ સેવિત ત્રિભુવન વંદી, અજ્ઞાન તિમિરહર દિનમ ણી, શીલ રત્ન યતનાને તતે, ભાખી વાડ બીજી ભગવતે ॥ ૧ ॥ ભગવંત ભારી સંઘ સાખી, શીયલ સુરતરૂ રાખવા, મુક્તિ મ હાફળ હેત અદ્‌ભુત, ચારિત્રનો રસ ચાખવા ॥ ૨ ॥ મીઠે વચને

---

૧ સરસ્વતી માતા-વિદ્યા દેવી ૨ નપુંસક ૩ ઝપાટે ૪ સાચવવા માટે,

[1]ભાનિનીસ્યુ, કથા ન કરે કામની, વાડ નિવસ્યુ જેહુ પાજો, બ્ર-
નિહાગી તસ નામની ॥ ૩ ॥ વાત[2] ગ્રતને ઘાતકારી, પવન જીમ
તરૂપાતને, વાત કરતા વિષય જો, તે માટે તજો તમે વાતને ॥૪॥
લીંબુ દેખી દૂરથી જીમ, ખારો ડાઢો ગળે, ગગન ગરજારવ સુ
ણીને, હડકના જીમ ઉડને ॥ ૫ ॥ તિમ બ્રહ્મચારીના ચિત્ત વિણ
સે, વયણ સુંદરીના સુણી, કથા તજે તિણ કારણે, ઇમ પ્રકારો
ત્રિભુવન વણી ॥ ૬ ॥

॥ ઢાલ ૩ ॥ ત્રટ યમુનાનોરે અતિ રળીયામણો રે એ દેશી ॥

ત્રીજીને વાટ રે ત્રિભુવન રાજિઓરે ઇણી પરે દીયે ઉપદેશ,
આગમ ઘરોગે સાવુજી નારીનો રે, મુહુરત લો સુવિશેષ ॥ ૧ ॥
હું બલિહારી રે જાઉ તેહુને રે, ધન્ય ધન્ય તેહુની હો માત,
શીલવ્રત સુરગીરે ગાણી રાગન્યુ રે, જેહુની માતે હો વાત ॥ હું૦
॥ ૨ ॥ શયનાસને રે પાટ ને પાટલે રે, જિહા જિહા બેસે હો
નાર,[3] બે ઘડી લોગે તિહા બેસે નહી રે, શીલવ્રત રાખણહાર
॥ હું૦ ૩ ॥ કોકુળા કેરી રે ગત સયોગથી રે, ઇમ જાણે કુલ-
વની વાત,-તીમ અમળાનું રે આસન સેવતા રે, વિણસે શિયલ
સુપાત ॥ હું૦ ૪ ॥

॥ ઢાળ ૪ ॥ હું વારી રગ ઢોલણા એ દેશી ॥

ચોથીને વાડે તને ચેતજો હો રાજ, એણી પરે ભાખે શ્રી-
જિનભૂપરે સવેગી સૂધા સાધુજી, નયન કમલ નિકાસિને હો રાજ,
રૂપે નિરખો રમણીનુ રૂપરે ॥ સ૦ ॥૧॥ રૂપ જોતા રઢ લાગશે
હો રાજ, ઇલા[4] ઉનસગે અનગપરે, ॥ સ૦ મનમાહિ જાગશે મો-
હની હો રાજ, ત્યારે હોશ્યે વ્રતનો ભગરે ॥ સ૦ ૨ ॥ નિ[5]રખ
સાહમુ દેખતા હો રાજ, જગમા નયણે ઘટે જીમ તેજરે, ૨૦

---

૧ સ્ત્રી સગાને ૨ વિષય કથા ૩ સ્ત્રી ૪ જલ્દી ૫ પ્રાપ્તરેલ
વિષયેંદ્રિય. ૬ સૂર્ય

તિમ તરૂણીતન [૧] પેખતા ટો રાજ, હિણ થાયે સિયલ મુહેજ રે ॥ સ૦ ૩ ॥

॥ ઢાળ ૫ ॥ થાપર વાગી માહરા સાહિબા એ દેશી ॥

પાચમી વાડ પરમેશ્વરે, વખાણી જી વારૂ સાભળજો આતા તુમે, ધરમી નતપારૂ ॥ ૧ ॥ કુટ્યતર[૨] વર કામિની, રમે જિહા રાગે, સ્મર કદર્પાદિકનો મુણિ, જીહા મનમથ[૩] જાગે ॥ ૨ ॥ તિહા વસવુ બ્રહ્મચારીને, ન કહ્યુ નિતરાગે, વાડ ભાગે શીલરત્નની, જીહા લછન લાગે ॥ ૩ ॥ અગની પાસે જિમ ઓગળે, ભાજન માહિ વરીયા, લાખ ને મીણ જાયે ગલી, નવિ રહે રસ ભરિયા ॥ ૪ ॥ તિમ હાવ ભાવ નારી તણા, વળી હાસુ ને રૂન, સાભળતા શિયળ વિઘટે[૪] મન વેધે મ ન ॥ ૫ ॥

॥ ઢાળ ૬ ॥ સહિયા મ્હારા નયણા સમારો એ દેશી ॥

કહીને વાડ છઠ્ઠ કહીલેા, ગુણરત્ને ગાઢેા ભર્યોજી, સિદ્ધારથ કુલે નગીનેા, વીર જિણદ ધમ ઉચ્ચરે જી ॥ ૧ ॥ અનતીપણે તે જે આગે, કામ ક્રીડા બહુ વિધ કરીજી, મત લજ્જિ વિલસિત પહિલા, રખે સભારો દિલ ધરીજી ॥ ૨ ॥ અગ્નિ ભાર્યા ઉપર પૂળેા, મેલ્હે જીમ જનાવા વધે જી, વરસ દિવસે જિમ વિષરસ્તુ શકાયે વિષ સકમે જી ॥ ૩ ॥ વિષયસુખ વિલસિત પહિલા તીમ શીલવત સભારતેા જી, વ્યાકુળ થઇને શીલ વિરાધે, પછે થાયે (મન) ઓરતેાજી[૫] ॥ ૪ ॥

॥ ઢાળ ૭ ॥ ગઢ બુદીરા વાલ્હા એ દેશી ॥

સાતમી વાડે વીર પયપે, [૬] સુણેા સયમના રાગી હેા, શીયલ રથના હેા ધેારી, સુના માધુ વેરાગી મુઝ આણાકારી ને

---

૧ સ્ત્રીનુ રૂપ–શરીર ૨ ભીત યા કનાતને આતરે ૩ કામ–વિષયાભિલાષ, ૪ વિણસે ૫ પશ્ચાત્તાપ ૬ પ્રમાણે

બ્રહ્મચારી, વિષયરસના ત્યાગી હો, શી૦ ॥ ૧ ॥ સરસ આહાર તજજો સહી હેજે, વિગય થોડી વાપરજ્યો હો શી૦ માદક[1] આહારે મનમથ કોપે, તેજનો[2] પરિહરજ્યો હો શી૦ ॥ ૨ ॥ સન્નિપાતે જીમ ઘત જોગે અધિક કરે ઉજાળા હો, શી૦ પાચે ઇંદ્રિય તિમ રસ પોષ્યા ચારિત્રમા કરે ચાળા હો શી૦ ॥ ૩ ॥

॥ ઢાળ ૮ દેશી મારૂની ॥

નિશાના સુત હો ત્રીગડે બેસી એમ, આઠમી વાડ વખાણી શીલની જી, અતિ માત્રા હો આહાર, તજે બ્રહ્મચાર લાલચ રાખો જો સયમ શીલની ॥ ૧ ॥ અતિ આહારે હો આવે ઉદ્ય અપાર, સુપનમાહિ થાયે શીલ વિરાધનાજી વળી તિણે થાયે હો ભવતી દેહલુ, સયમની નવિ થાવે આરાધનારે ॥ ૨ ॥ જિમ ગોરના માપ માહિ હો દાલ શેર, ઓરીને ઉપર દિજે ઢાકણુ જી, ભાજે તોવડી હો ખિચડી બેર થાયે, તિમ અતિમાત્રાએ વ્રત ભિગડે ઘણુ જી ॥ ૩ ॥

॥ ઢાળ ૯ ॥ કાયત કેશવા રે એ દેશી ॥

નવમી વાડ નિવારજ્યો રે, સાધુજી શિણગાર, શરીર શોભા યુ જોબે નહિ રે, અવનીમ[3] તને અણગાર ॥ ૧ ॥ ધમ ધોરી વીરજી રે, મુનિવર ધરજ્યો મન, નિર્ખામણ માહરી રે કરજ્યો શીલ જતન ॥૧॥ સ્નાન વિલેપન વાસના રે ઉત્તમ વસ્ત્ર અપાર, તેલ તબોલ આદે તજે રે, ઉભટ વેષ સણગાર[4] ॥ ૩ ॥ ધોબીને ઘરણી વર્યો રે જિમ રત્ન હાર્યો કુભાર તિમ શીલરત્નને હારશ્યો રે, જો કરશ્યો શણગાર ॥ ૪ ॥

॥ ઢાળ ૧૦ દેરી ભટીયાણીની ॥

એકલી નારી સાથે મારો જત્ય હો, વળી વાત ન કીજીયે,

---

૧ મદ ઉપજાવે એવો ૨ ઉત્તેજક દ્રવ્ય (લવિંગ એલાયચી પ્રમુખ) Spices ૩ પૃથ્વી ૪ દેદીપ્યમાન.

તિમ તરૂણીતન [૧] પેખતા હો રાજ, હિણુ થાયે સિયલ સુહેજ રે ॥ સ૦ ૩ ॥

॥ ઢાળ ૫ ॥ થાપર વારી માહરા સાહિબા એ દેશી. ॥

પાચમી વાડ પરમેધરે, વખાણી જી વારૂ સાભળજો આતા તુમે, પરમી વ્રતધારૂ ॥ ૧ ॥ કુટય તર[૨] વર કામિની, રમે જિહા રાગે, સ્મર કકળાદિકનો મુણિ, જીહા મનમથ[૩] જાગે ॥ ૨ ॥ તિહા વસવુ બ્રહ્મચારીને, ન કહુ વિતરાગે, વાડ ભાગે શીલરત્નની, જીહા લધન લાગે ॥ ૩ ॥ અગની પાસે જિમ ઓગળે, ભાજન માહિ વરીયા, લાખ ને મીણ જાયે ગલી, નવિ રહે રસ ભરિયા ॥ ૪ ॥ તિમ હાવ ભાવ નારી તણા, વળી હાસુ ને રૂદન, સાભળતા શિયળ વિઘટે[૪] મન વેધે મદન ॥ ૫ ॥

॥ ઢાળ ૬ ॥ સહિયા મ્હારા નયણા સભારો એ દેશી ॥

ટાળીને વાડ છેલ્લ ધ્યાલેા, ગુણરત્ને ગાટો ભર્યોજી, સિદ્ધારથ કુલે નગીનો, વીર જિણદ ધમ ઉચ્ચરે જી ॥ ૧ ॥ અનતીપતો તે જે આગે, કામ ક્રીડા બહુ વિધ કરીજી, વ્રત લજિ વિલસિત પલિયા, રખે સભારો દિન ધરીજી ॥ ૨ ॥ અગ્નિ ભાર્યા પર પૂળો, મેટહે જીમ જનાવા વધે જી, વરસ દિવસે જિમ વિપરસુ શકાયે વિષ સકમે જી ॥ ૩ ॥ વિષયસુખ વિલસિત પલિયા તીમ શીલવત સભારતો જી, વ્યાકુળ થઇને શીલ વિરાધે, પછે થાયે (મન) ઓરતોજી[૫] ॥ ૪ ॥

॥ ઢાળ ૭ ॥ ગઢ બુદીરા વાલ્હા એ દેશી ॥

સાતમી વાડે વીર પય પે, [૬] સુણો સયમના રાગી હો; શીયલ રથના હો ધોરી, સુધા સાધુ વેરાગી મુજ આજાકારી ને

---

૧ સ્ત્રીનુ રૂપ–શરીર ૨ ભીત યા દિવાલને આતરે ૩ કામ–વિષયાભિલાષ, ૪ વિણસે ૫ પશ્ચાત્તાપ ૬ પ્રમશે

અથ શિયલ વિષે પુરૂષને શીખામણની સજ્ઝાય

॥ ચાલ ॥ મુખ મુખ કતાગે, શીખ સોહામણી ॥ પ્રીત ન કીજે રે, પરનારી તણી ॥ ઉથલો ॥ પરનારી સાથે પ્રીત પિઉડા, કહો કિમ પરે કીજીએ ॥ એહ ઉઘ વેચી આપણી, Cજાગરો કિમ લીજીયે ॥ કાછડી છુટે કહે લપટ લોક માહે લાજીયે ॥ કુવ વિષે ખપ્પર[1] રખે લાગે, સગામા કેમ ગાજીએ ? ॥ ૧ ॥ ચાલ ॥ પ્રીતિ કરતારે પહેલા બીહીજીએ ॥ રખે કોઇ જાણે રે, મનશુ ધ્રુજીયે ॥ Co ॥ ધ્રુજીયે મનશુ ઝૂરીએ પણ, જોગ મળવો છે નહી ॥ રાત દિન વિલપતા જાયે, અટવાઈ મરવુ સહી ॥ નિજ નારીથી સતોષ ન વળ્યો પરનારીથી કહો શુ હુરો ?॥ જો ભરે ભાણે તૃપ્તિ ન વળી, તો એહ ચારે શુ થશે ? ॥ ૨ ॥ ચાલ ॥ [2]મૃગતૃષ્ણાથીરે, તૃષ્ણા[3] નવી ટળે, વેળુ પીલ્યારે, તેલ નહિ નીસરે ॥ Co ॥ ન નીસરે પાણી વલોવતા લવ લેશ માખણનો વળી ॥ બૂડતા બાચક ભર્યા જેણે, તે તર્યા વાત ન સાભળી ॥ તેમ નાર રમતા પરતણી સતોષ ન વલ્યો એક ઘડી ॥ ચિત્ત ચપટી ઉચ્ચાટ લાગે, નયણે નાવે નિદડી ॥ ૩ ॥ ચાલ ॥ જેવો ખોટો રે, રંગ પતગનો ॥ તેવો ચકો રે પર સ્ત્રી સગનો ॥ Co ॥ પર નીયા, [4] કેરો પ્રેમ પિઉડા, રખે તુ જાણે ખરો ॥ દિન ચાર રંગ સુરંગ રહો પછી નહી રહે નિર્ધરો ॥ જે ઘણા સાથે નેહ માડે, બાડ તેહ શુ પ્રીતડી ॥ એમ જાણી ॥ ભમ કર નાહલા, [5] પરનારી સાથે પ્રીતડી ॥ ૪ ॥ ચાલ ॥ જે પતિ વાહલો રે વચે પાપિણી ॥ પરનુ પ્રેમે રે, રાચે સાપિણી ॥ Co ॥ સાપિણી સરખી વેણ નિરખી,શીયલથી વળી તે ચને ॥આખો મટકે અગ લટકે, દેવ દાનવને ચે ॥ જો માહે [6] કાચી અતિ રસાવી, વાણી મીઠી રોવડી ॥ સાભળી ભોળા રખે લો જાણજો વિષ વેલડી ॥૫॥

---

૧ કલંક ૨ જાઝવાના જળ ૩ તૃષા ૪ સ્ત્રી ૫ નાથ ૬ અંતર હૃદયમાં

એમ સહેજે નર શીયલ તે ન મુકે હો, વળી સહેજે ગાય ના દિજીયે ॥૧॥ ન સુધારે નિજ પાસ, સાઠા છ વરસની હો, કાંઇ પુત્રીને પણ હેજશે, સાત વરસ ઉપરાંત, સુતને પણ ન સુધારે હો, શીલવતી તિણ સહેજમાં ॥ ૨ ॥ ત્રીસગે નવ લાખ પ્રાણી હણાયે હો, ભગવતે ભાખ્યું ઈસ્યું, અસંખ્યાતા પણ જીવ, સમૂર્છિમ પંચેંદ્રી હો હણાયે ઘણું કહિયે કિસ્યું ॥ ૩ ॥ એમ જાણી નરનારી શીલની સદ્દહણા ધો શુદ્ધી મનમાં ધરજ્યો લહિ દુર્ગતિનું મૂળ અબ્રહ્મ સેવામાં હો જાતા મનને વારજ્યો ॥ ૪ ॥ તપગચ્છ ગયણ[1] દિણંદ[2] વંદિત કુળ દાતા હો, શ્રી હીર રત્ન સૂરીશ્વર, પામી તાસ પસાય, વાડ વખાણી ધો શીલની એહ મનોહર ॥ ૫ ॥ એ ભાતે ચોમાસ, મત્તરસે ત્રેસઠ હો, શ્રાવણ વદી બીજ બુધે ભણી, ઉદયરત્ન કહે કર જોડ, શીયલ જે પાળે હો, તેહને ઘર ભામણે ॥ ૬ ॥ ઇતિ નવ વાડ સજ્ઝાય ॥

॥ અથ રિયલની સજ્ઝાય ॥

(ધન્ય વય તે દિન માહરો એ દેશી)

શીયલ સમુ નત કો નહી, શ્રી જિનવર ભાખે રે ॥ સુખ આપે જે શાશ્વતા, દુર્ગતિ પંથા રાખે રે ॥ શીળ ॥ ૧ ॥ નત પચ્ચખાણ વિના જુઓ નવ નાર જેહ રે ॥ એકજ શિયલવતો બળે ગયા મુ તે તેહ રે ॥ શીળ ॥ ૨ ॥ સાધુ અને શ્રાવક તણા વ્રત છે સુખદાયીરે ॥ રિયલ વિના નત જાણજો કુશકા સમ ભાઇ રે ॥ શીળ ॥ ૩ ॥ તરૂવર મૂલ વિના જિમ્યો, ગુણ વિણ લાલ કમાન રે ॥ શિયલ વિના નત એહવુ, કહે વીર ભગવાન રે ॥ શીળ ॥ ૪ ॥ નવ વાડે કરી નિર્મળુ, પહેલુ શીલજ ધરજો રે ॥ ઉદય રત્ન કહે તે પછી, નતનો ખપ કરજો રે ॥ શીળ ॥ ૫ ॥

---

૧ ગગન ૨ સૂર્ય

અથ શિયલ વિષે પુરૂષને શીખામણની સજ્ઝાય

॥ ચાલ ॥ સુણ સુપુ કંતારે, શીખ સોહામણી ॥ પ્રીત ન કીજે રે, પરનારી તણી ॥ ઉથલો ॥ પરનારી સાથે પ્રીત પિઉડા, કહો કિમ પરે કીજીએ ॥ એક ઉદ્ય વેચી આપણી,[1] ઉજાગરો કિમ લીજીયે ॥ કાછડી છુટો કહે લંપટ લોક માહે લાજીયે ॥ કુન નિષે ખંપણ[2] રખે લાગો, સગાઈ કેમ ગાજીએ ? ॥ ૧ ॥ ચાલ ॥ પ્રીતિ કરતારે પહેલા બીહીજીએ ॥ રખે કોઇ જાણે રે, મનશુ ઘુજીયે ॥ ટેક ॥ ઘુજીયે મનનુ ઝૂરીએ પણ, જોગ મળવો છે નહી ॥ રાત દિન વિલપતા જાયે, અટવાઈ મરવું સહી ॥ નિજ નારીની સંતોષ ન વળ્યો પરનારીથી કહો શુ હુશે ?॥ જો ભરે ભાણે તૃપ્તિ ન વળી, તો એઠ ચાટે શુ થશે ? ॥ ૨ ॥ ચાલ ॥ [3]મૃગતૃષ્ણાથીરે, તૃષા[4] નવી ટળે, વેળુ પીલ્યારે, તેલ નહિ નીકળ ॥ ટેક ॥ ન નીસરે પાણી વલોવતા લવ લેશ માખણનો વળી ॥ બૂડતા બાવક ભર્યા જેણે, તે તર્યા વાત ન સાભળી ॥ તેમ નાર રમતા પરતણી સંતોષ ન વળ્યો એક ઘડી ॥ ચિત્ત ચળપટી ઉચ્ચાટ લાગે, નયણે નાવે નિદડી ॥ ૩ ॥ ચાલ ॥ જેવો ખોટો રે, રંગ પતંગનો ॥ તેવો ચળકે રે પર સ્ત્રી સંગનો ॥ ટેક ॥ પર નીયા, [5]કેરો પ્રેમ પિઉડા, રખે તુ જાણે ખરો ॥ દિન ચાર રંગ સુરંગ રહે, પછી નહી રહે નિરધારો ॥ જે વણા સાથે નેહ માંડે, ધાડ તેહ શુ પ્રીતડી ॥ એમ જાણી ॥ ભમ કર નાહલા, [6] પરનારી સાથે પ્રીતડી ॥ ૪ ॥ ચાલ ॥ જે પતિ વાહલો રે વચે પાપિણી ॥ પરશુ પ્રેમ રે, રાચે સાપિણી ॥ ટેક ॥ સાપિણી સરખી વેણ નિરખી, શીયલ ઘડી વળી તે ચને ॥ આખને મટકે અગ લગે, દેત કાનનનેઇને ॥ એ માહે [6] કાની અતિ રસાળી, વાણી મીઠી જોનની ॥ માનળી ભોળા રખે લો જાણજો વિષ વેલડી ॥૫॥

---

૧ કલંક ૨ જાજવાના જળ ૩ તૃષા ૪ સ્ત્રી ૫ નાથ ૬ અંતર હૃદયમા

ચાવ-સગ નિવારોરે, પર રામા[1] તણો ॥ શોક ન કીજે રે, મન મળવા તણો ॥ ૮૦ ॥ શોક શાને કરો ફોગટ, દેખવુ પણ દોહલુ ॥ ક્ષિણ મેડિયે ક્ષિણ રોરીએ, ભમતા ન લાો સોહિલુ ॥ ઉચ્છવાસને નિ શ્વાસ આવે, અગ ભાજે મન ભમે ॥ વળી કામિની દેખી દેહુ દાઝે, અન્નદીઠુ નવિ ગમે ॥ ૬ ॥ ચાવ ॥ જાયે કલામી રે, મનશુ કલમલે ॥ ઉન્મત્ત થઇને રે, અવલ પવ-લ[2] લપે ॥ ૭૦ ॥ લવે અવલપવલ જાણે, મોહ ઘેલો મન રડે ॥ મહા મદન વેદન કહિણ જાણી, મરણ વાર જોવડે ॥ એ દશ અનસ્યા કામ કેરી, કત કાયાને દહે ॥ એમ ચિત્ત જાણી તજે પ્રાણી, પાકડી તે સુખ વહે ॥ ૭ ॥ ચાવ ॥ પરનારીના રે, પરાભવ માભગો ॥ કત કીજે રે, ભાન તે નિર્મલો ॥૮૦॥ નિર્મલ ભાવેનાહ સમજો, પરવધૂ રસ પરિહરો ॥ ચાપીઓ કીચક ભીમસેને, શિના હોઠવ સાભલો ॥ રણ પાડયા રાવણ દશે મસ્તક, રડવડતા ગયે ઘા ॥ તિમ મુજપતિ દુખ પુજ પામ્યો, અપજશ જગ માહે લહ્યો ॥ ૮ ॥ ચાવ ॥ શીયવ સવણા રે, માણસ સોહિયે ॥ વિણ આભરણે રે, જગ મન મોહિયે ॥ ૯૦ ॥ મોહિયે સુર નર કર સેવા, નિત અમિય થઇ સ ચરે ॥ કેસરી સિંહ શીયાવ થાએ, અનલ[3] તિમ શીતવ જળે ॥ સાપ થાએ કુલમાવા, લક્ષ્મી[4] ઘર પાણી ભરે ॥ પરનારિ પરિહરી, શીયવ મન ધરી મુક્તિ વધૂ[5] લેના[6] વરે ॥ ૯ ॥ ચાવ ॥ તે માટે હું રે, વાલમ વીનવુ ॥ પાએ લાગીનેરે, મધુર વયણે ચવુ ॥ ૧૦૦ ॥ વંયણ માહારે માનીયે, પરનારીથી રહો વેગલા ॥ અપનાદ આવે ચઢે મોટા, નરકે થઇએ દોહિલા ॥ ધન્ય ધન્ય તે નરનારી, જે દ્રઢ શીયવ પાળે કુલતિનો તે પામશે યશ જગતમાહિ, ઋષભદત્ત સમ ઉજ-લો ॥ ૧૦ ॥ ઇતિ ॥

---

૧ સ્ત્રી ૨ આકુ અવળુ ૩ અગ્નિ ૪ લક્ષ્મી ૫ મોક્ષલક્ષ્મી ૬ જલ્દી પામે

અથ શિયલ વિષે નારીને શીખામણની સજ્ઝાય

॥ ચાલ ॥ એક અનોપમ રે, શિખામણ ખરી ॥ સમજી લેજો રે, સવલી સુંદરી ॥ ઉ૦ ॥ સુંદરી સોહેજે હૃદય હેજે, પર મેજે નવિ બેસીયે ॥ ચિત્ત થકો ચૂકી, લાજ મૂકી, પર મંદિર નવિ પેસીયે ॥ બહુ ઘર હીંડી નાર નિર્જ, શાસ્ત્રે પણ તજવી કહી ॥ જેમ પ્રેત દૃષ્ટે પડયુ ભોજન જમવુ તે જુગતુ નહી ॥ ૧ ॥ ચાલ ॥ પરશુ પ્રેમરે, હસીય ન હાલીયે ॥ દાંત દેખાડીરે, ગુહ્ય ન બોલીએ ॥ ઉ૦ ગુહ્ય ઘરનું પરની આગે, કહેને કેમ પ્રકાશીયે ? ॥ વલી વાત જે વિપરીત ભાસે, તેહથી દુરે નાશીયે॥ અસુર સનારા અને અઘોચર, બોલ્યા નવિ જાઈએ ॥ મહુસાત્કારે કામ કરતા સહેજે શીન ગમારીએ ॥ચાલ॥ નટવિ નરશુ રે, નયણ ન જોડિયે, મારગ જાત રે, આધુ ઓઢીયે ॥ ઉ૦ ॥ આધુ તે ઓઢી વાત કરતા, ઘણાજ રૂડા ગોલીયે ॥ માસુ અને ભાના જણ્યા[1] વિણ, પાવક પાસ ન થોભીયે ॥ સુખ દુખ સરજ્યુ પામીયે પણ, કુવાચાર ન મૂનીયે ॥ પરનર વસતા પ્રાણ તજતા, શીયલથી નવિ ચૂકીએ ॥ ૪ ॥ ચાલ ॥ વ્યસની સાથેરે, વાત ન કીજીયે ॥ હાથો હાથેરે, તાલી ન લીજીયે ॥ ઉ૦ ॥ તાલી ન લીજે નજર ન દીજે, ચચલ થાલ ન ચાલીયે, બોલ વચન બુધે વસ્તુ કેહની, હાથે પણ નવિ ઝાલીયે ॥ કોઈ કંદર્પ રૂપ સુંદર, પુરૂષ પેખી ન મોહીયે ॥ તુણખવા તોને ગણી તેહને, દૃગ્વિ સામુ ન જોઇએ ॥ ૪ ॥ ચાલ ॥ પુરૂષ પાયાગે રે, વળી ન વખાણીએ ॥ વૃદ્ધ તે પિતારે, સરખો જાણીયે ॥ ઉ૦ ॥ જાણી પીયુ વિણ પુરૂષ સઘલા, સહોદર સમોવડે[2], પતિવ્રતાનો ધર્મ જોતા, નાવે કોઇ તડોવડે[3] ॥ કરૂપ કુષ્ટી કૂબડા ને, દુષ્ટ દુર્બળ નિર્ગુણો ॥ ભરતાર પામી ભામિની[4] તે, ઈદ્રથી અધિકો॥

---

૧ સહોદર—ભાઈ, ૨ સરખા તુલ્ય ૪ સ્ત્રી.

ગણે ॥ ૫ ॥ ચાલ ॥ અમર કુમાર રે, તજી સુર સુંદરી ॥ પવનજય રે, અંજના પરહરી ॥ ઉ૦ ॥ પરિહરી સીતા રામે વનમા, નલે દમયંતી વલી ॥ મહાસતી માથે કષ્ટ પડયા પણ, શીયલથી તે નવિ ચલી ॥ કસોટીની પરે કસીઆ જોતા, કંતશું વિહુડે નહી ॥ તન મન વચને શીયલ રાખે, સતી તે જાણો સહી ॥ ૬ ॥ ચાલ ॥ રૂપ દેખાડી રે, પુરૂષ ન પાડીએ ॥ વ્યાકુલ થકને રે, મન ન બગાડીયે ॥ ઉ૦ ॥ મન બગાડીયે પણ પુરૂષ પરનો, જોગ જોતા નવિ મલે ॥ કલંક માથે ચઢે કૂડા, સગા સહુ દૂરે ટલે ॥ અપસરજ્યો[1] ચોટ થાયે, પ્રાણ તિહાં લાગી રહે ॥ લોક પામે આપદા, પર લોક પીડા બહુ સહે ॥૭॥ ચાલ ॥ ગમને રૂપે રે સુપનખા મોહી ॥ કાજ ન સીધ્યું રે, અને ઇંજત ખોઈ ॥ ઉ૦ ॥ ઇંજત ખોઇ દેખ અભયા, રોઠ સુદર્શન નવિ ચળ્યો ॥ ભરતાર આગળ પડી ભોઠી, અપવાદ સઘલે ઉચ્ચર્યો ॥ કામની બુદ્ધ કામિનીયે, વધ્યૂલે વાહોર[2] ઘણુ ॥ પણ શીયલથી ચુકયો નહી, દૃષ્ટાંત એમ કેતા ભણ ॥૮॥ ચાલ ॥ શીયલ પ્રભાવે રે, જુઓ સોવે સતી ॥ ત્રિભુવન માંહે રે, જેહ થઇ અતી ॥ ઉ૦ ॥ સતી થકને શીયલ રાખ્યુ, કલપના કીધી નહી ॥ નામ તેહના જગત જાણે, ત્રિભુવનમા ઉગી રહી ॥ વિવિધ રત્ને જડિત ભૂષણ, રૂપનુ દંગી ત્રિભગે ॥ એક શીયલ વિણ શોભે નહી તે સત્ય ગણજો સુંદરી ॥ ૯ ॥ ચાલ ॥ શીયલ પ્રભાવે રે, સહુ જેવા કરે ॥ નવે વાડોને, જેહ નિર્મલ ધરે ॥ ઉ૦ ॥ ધરે નિર્મલ શીયલ જીવડા, તાસ કીરતિ ઝબકુલે ॥ મન કામના સવિ સિદ્ધ પામે અષ્ટ ભય દુરે ટલે ॥ ધન્ય ધન્ય તે જાણો નરા, જે શીયલ ચોખુ આ રે, આનંદના તે ઓઘ પામે, ઉદય મહા જશ વિસ્તરે ॥ ૧૦ ॥

---

૧ ઓચિંતો ૨ ચળાવવા—ડગાવવા પ્રયત્ન કર્યો, ૩ કેટલાંક

અથ શ્રી સ્થૂલિભદ્રની સજ્ઝાય

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમા શિરદાર જો, ચોમાસુ આવ્યા કોશ્યા આગાર[૧] જો ॥ ચિત્રામણ શાળાયે જપ તપ આદર્યા જો ॥૧॥

આદરિયા વ્રત આવ્યા છો અમ ગેહ જો, સુદરિ સુદર ચપક વરણી દેહ જો ॥ અમ તુમ સરિખો મેળો આ સસારમા જો ॥ ૨ ॥

મસાગે મે જોયુ મકળા સરૂપ જો, પૂર્ણિમની ધાયામા જેવુ રૂપ જો ॥ સુપનાની સુખડલી ભુખ ભાગે નહી જો ॥ ૩ ॥

ના કહેશો તો નાટક કરશુ આજ જો, બાર વરસની માયા છે મુનિરાજ જો ॥ તે છોડી કેમ જાઉ હું આશા ભરી જો ॥૪॥

આશા ભરિયો ચેતન કાળ અનાદિ જો, ભમ્યો ધરમ ને દીધ થયો પરમાદી જો ॥ ન જાણી મે સુખની કરણી જોગની જો ॥ ૫ ॥

જોગી તો જગલમા વાસો વસિયા જો, વેશ્યાને મદિરિયે ભોજન રસિયા જો ॥ તુમને દીઠા એના સયમ ભાવતા જો ॥૬॥

ગાયશુ સયમ ઉજીયારા વિચારી જો કુર્માપુત્ર થયા નાણી ઘરબારી જો ॥ પાણી માહે પકજ કોરૂ જાણિયે જો ॥ ૭ ॥

જાણી એ તો સઘળી તુમારી વાત જો, મેના મીઠા રસના તા બહુ જાત જો ॥ અમર ભુપણ નવ નવલી ભાતે લાવતા જો ॥૮॥

લાવતા તો તુ દેતી આદરમાન જો, કાયા જાણે ગઝા રગ સમાન જો ॥ ઠાલીને શી કરવી એની પ્રીતડી જો ॥ ૯ ॥

પ્રીતવડી કરતા તે રગભર જોજ જો, રમતા ને દેખાડતા ઘણુ હોજ જો ॥ રીસાણી મનાવી મુજને સાભરે જો ॥ ૧૦ ॥

સાભરે તો મુનિવર મનડુ વાગે જો, દાઝયો અગ્નિ ઉઘાડયો પરજાળે જો ॥ સયમમાહી એ છે દૂષણ મોટકુ જો ॥ ૧૧ ॥

---

૧ ઘર

મોટકુ આવ્યુ તુ નદ્દતુ તેહુ જો, જાતા ન વહુ કાઈ તુમારૂ મનહુ જો ॥ મે તુમને તિહુા કોલ કરીને મોકલ્યા જો ॥ ૬૨ ॥
મોક્લ્યા તો મારગ માહી મળિયા જો, સભૂતિ આચારજ જ્ઞાને બળિયા જો ॥ સયમ દીધુ સમકિ તેણે શીખ્યુ જો॥૬૩॥
શીખ્યુ તો કહિ દેખાડા અમને જો, ધર્મ કરતા પુણ્ય વડૂ તમને જો ॥ સમતાને ઘેર આવી કોશ્યા એમ કહે જો ॥૬૪॥
વદે મુનિવર શકાને પખિહાર જો, સમકિત મૂળે આવશ્યના વ્રત બાર જો ॥ પ્રાણાતિપાતાદિક સ્થુનથી ઉચ્ચરે જો ॥ ૬૫ ॥
ઉચ્ચરે તો વીત્યુ છે ચોમાસુ જો, આણા લેઇને આવ્યા ગુરૂની પાસે જો ॥ શ્રુતનાણી કહેવાણા ચૌદ પૂરવી જો ॥ ૬૬ ॥
પૂરવી થઈને તાર્યા પ્રાણી ઘોક જો, Cનબળ ધ્યાને તેહુ ગયા દેવનોક જો ॥ ઋષભ કહે નિત્ય તેહુને કરીએ વદના જો ॥૬૭॥

પવિત્ર શીલ–સદાચારની રક્ષા અને પુષ્ટિ માટે મન અને ઇન્દ્રિયોને દમવાની અનિવાર્ય જરૂર

ઉદ્ધત ઘોડા જેમ અણકેળવાયેલા મન અને ઇન્દ્રિયોને મોકળા મૂકી ન દેવા પણ તેમને લગામમા રાખવા સ પૂર્ણ ચીવટ રાખની એટલા માટે જરૂરની છે કે જો તેમને કેળવ્યા વગર સાવ મોકળા મૂકી દેવામા આવે તો તે ભારે અનર્થ ઉપજાવે છે અને જો પાપનો કે પરભવનો ડર રાખી તેમને યોગ્ય નિયમમા રાખી કેળવવામા આવે તો તે આત્માને ભારે સહાય રૂપ થઇ શકે છે તેથી તેમને કેળવી સારા ઉપયોગી કરવા ખાસ જરૂરના છે મન અને ઇન્દ્રિઓને જો પ્રશસ્ત (રૂડા) વિષયો વડે પોષવામા આવે છે તો તે અપ્રશસ્ત (ભુડા) વિષયોથી પાછા નિવર્તે છે અને એમ થવાથી આત્મા પાપથી મલીન થતો

આપે છે જેમ મજબૂત કાષ્ઠાવડે કમજોર-સડેલો નબળો ઝાડો મારી શકાય છે તેમ પ્રશસ્ત વિષય સેવનવડે અપ્રશસ્ત વિષય અને તેનું પાપ દૂર કરી શકાય છે, તેથી ભૂંડા વિષયોને દૂર કરવા સારા-રૂડા વિષયોનું સેવન કરવું જરૂરનું છે

ઇન્દ્રિયો પાંચ છે અને તે કાન, આંખ, જીભ, નાક અને ત્વચા-ચામડીના શબ્દ, રૂપ રસ, ગંધ અને સ્પર્શ એ અનુક્રમે વિષયો લેખાય છે તે દરેક વિષય બે પ્રકારના છે જે વિષય આત્માને હિત રૂપ હોય તે પ્રશસ્ત અને અહિત રૂપ હોય તે અપ્રશસ્ત ગણાય છે. હિતાહિત સમજ વગર સુખની ભ્રાન્તિથી જીવ માઠા વિષયોનું સેવન કરી કેવળ દુઃખીજ થાય છે હરણીયા, પતંગીયા, માછલા, ભમરા અને હાથીઓ તેમા પ્રગટ દૃષ્ટાંત રૂપ છે તે બાપડા કેવળ મુખ બુદ્ધિથીજ પરિણામે દુઃખદાયક એવા શબ્દાદિક વિષયોમા એવા તો તલ્લીન થઈ જાય છે કે ફક્ત એક એક ઇન્દ્રિયનાવિષય-પાશમા ફસાઇને તેમના પ્રાણ ખોવે છે તો પછી પાંચે ઇન્દ્રિયો અને મન ઉપર લગારે કાબુ રાખ્યા વગર તેમને સાવ મોકળાજ મૂકે તેમના કેવા ભૂંડા હાલ થતા પામે ? તે સમજવુ સુલભ છે મનુષ્યોને અન્ય પ્રાણી કરતા જે વિશેષ બુદ્ધિ બળ પ્રાપ્ત થયેલુ હોય છે તે વડે સ્વહિતાહિતનો સારી રીતે વિચાર કરી, પરિણામે અહિત કરનારા વિષયોથી વિરમીને પ્રગટ હિત રૂપ થનારા પ્રશસ્ત વિષયોમાજ પ્રવૃત્તિ કરવી જોઇએ રાગ, દ્વેષ અને મોહાદિ મહા વિકારોને પેદા કરનારા અને વધારનારા ભુંડા વિષયોથી વિરમવું અને એજ વિકારોને શાન્ત કરે એવા રૂડા વિષયોનું સેવન કરવું સુજ્ઞ જનોને ઉચિત લેખાય કામોન્મા ને પેદા કરે અથવા વધારે એવા શબ્દાદિ વિષયોથી અળગા રહેવું અને તેનેજ શમાવે એવા પ્રશસ્ત વિષયોનુ સેવન કરવું જરૂરનુ છે પ્રસંગોપાત એવા વિષયોનો કંઇક વિવેક કરવો જોઇએ

અમૃતની જેમ આત્માને શીતલતા ઉપજાવે એવી સુશાસ્ત્ર વાણી સાભળવાથી, પરમ શાન્ત રસથી ભરેલી જિનેશ્વર દેવની અથવા સત જનોની મુખ મુદ્રાના દર્શન કરવાથી, તેમના પવિત્ર ગુણો ગાવાથી, સુગવી દ્રયોવડે તેમની સેવાભક્તિ કરવાથી અને તેમના ઉત્તમ અગનો પૂજ્ય ભાવે સ્પર્શ કરવાથી રાગ દ્વેષાદિ મલીન વિકારો જલ્દી દૂર થવા પામે છે પરતુ જે એથી વિરૂદ્ધ વર્તન કરવામા આવે છે તો તેથી એજ રાગાદિ મલીન વિકારો પુષ્ટ થવા પામે છે આત્માને દેવયોગે પ્રાપ્ત થયેલા આ દેહ રૂપ મહેલમા રહેતા ઇન્દ્રિયાદિક દ્વાર રૂપ છે, તેનો સદુપયોગ કરવો એ આત્માનુ ખાસ કર્તવ્ય છે ઇન્દ્રિયોરૂપી દાસીઓને વશ નહિ થતા અવ્યભિચારી વૃત્તિવડે તેમનેજ વશ કરી લેવી જરૂરની છે તેમને વશ કરી-લગામમા રાખી સ્વહિત કાર્યમા યોજી દેવી જોઇએ, જેથી તે ઉન્માર્ગગામી થવા પામે નહિ, પણ સન્માર્ગગામી બની આત્માનુ કલ્યાણ સાધી આપવામા તે ભારે સહાયભુત બને અને આત્મા જલ્દી સ્વહિત સાધી શકે આવા પવિત્ર હેતુથી પૂર્વ મહા પુરૂષ પ્રણીત ઇન્દ્રિય પરાજય શતક નામના ઉત્તમ ગ્રન્થનો કંઇક સારાશ અત્ર આપવામા આવશે તેનો ભાવાર્થ ભવ્યાત્માઓએ નિજ હૃદયોમા અવધારી ઇન્દ્રિયોને પરાધીન થઈ રહેવાની પડેલી ટેવને સુધારી એમને ઉપર જણાવેલી યુક્તિવડે સ્વવશ કરી, નિજ હિત કાર્યમા યોજી, નિજ માનવ ભવની સાફલ્યતા કરી લેવી જોઇએ

ઇન્દ્રિયપરાજય શતક સારાશ

૧ ઇન્દ્રિયો રૂપી ચોરો વડે જેનુ ચારિત્ર-ધન લુટાયુ નથી તેજ શૂરવીર છે, પંડિત છે અને અમે તેનીજ પ્રશસા કરીએ છીએ

૨ ચક્ષુ આદિક ઇન્દ્રિય રૂપ ચપળ ઘોડાઓને જે બરાબર

દમીને નિયમમા રાખ્યા ન હોય તો તે જીવને દુર્ગતિના વિષમ માર્ગમા ખેચી જાય છે અને તેને બહુ દુખદાયક સ્થિતિમાં આણી મૂકે છે આવી દુર્દશા ઘણે ભાગે બધળા ગ સારી જીવોની થતી જણાય છે ફકત જેમણે કોઇ જ્ઞાની-મહાત્માની કૃપાથી આ સસારભ્રમણનુ સ્વરૂપ સારી રીતે જાણ્યુ હોય તેઓ જ એ ઇન્દ્રિયો રૂપ ઉદ્ધત ઘોડાઓને શાસ્ત્રોકત યુક્તિ પ્ર યુક્તિઓવડે કેવળ-દમને, હીન નિયમમા રાખવા પ્રયત્ન કરે છે

૩ ઇન્દ્રિયો રૂપ દુ ારાઓને લગારે પણ પગ પેસારો કરવા દેવો નહિ કેમ કે તેઓ ઉદરની જેમ દુ દી દુ દીને ફોલી ખાય એવા ધૂર્ત છે તેથી તેમનો જરા પણ વિશ્વાસ કરવો નહિ જો તેમને ક્ષણ એક માર્ગ આપશો તો પરિણામ એ આવશે કે તમારે ક્રોડો વર્ષો સુધી તે બદલ કષ્ટ સહન કરવું પડશે

૪ ઇન્દ્રિયોને આધિન થઇ રહેનારનુ ચારિત્ર કેવળ અસાર થઇ જાય છે જેમ ઘુણ કાષ્ટને પોલુ ભમ કરી નાખે છે તેમ વિષયાસકિત પણ હૃદયમને સાર રહિત કરી નાખે છે એમ સમજી ધર્માર્થી જનોએ ઇન્દ્રિયોનો જય કરવા દૃઢ પ્રયત્ન કરવો ઉચિત છે પ્રયત્નશીલ હોય તે ઇન્દ્રિયોનો જય કરી સ્વાત્મ હિત કરી શકે છે

૫ જેમ કોઇ એક મુ ધ માણસ નાગિણીના લોભ માટે કોડ રત્નો હારી જાય તેમ ઇન્દ્રિયોના તુચ્છ વિષયોમા મૂંઝ બનેલા જીવો મોક્ષ સુખને હારી જાય છે વિષયાસકિત તજનારજ મોક્ષ સુખ મેળવી શકે છે

૬ તત્વ જ્ઞાન વિષય સુખ મેળવવા જતા મેરૂપર્વતના શિખર કરતા પણ વધારે મોટુ દુ ખ સહન કરવું પડે છે અને ક્રોડો ભવ ભમતા પણ તેનો પાર આવતો નથી. હવે તેમાથી તમને પસદ પડે તે સ્વીકારી લે

૭ વિષય ભોગ ભોગવતા મીઠા લાગે છે પરતુ

કિંપાકના ફળની પેરે કડવા વિપાકને આપે છે બસને બણવાની પેરે દુ ખ ાયક ેતા સુખની બુદ્ધિ કરાવે છે, અને મધ્યાહ્ન વખતે ઝાઝવાનાં જળની પેરે બોટી ભ્રાન્તિ કરાવે છે. એ વિષય ભોગ ભોગવ્યા છતા ગહન જીવાયોનિમા માઠા જન્મ મરણ કરવા પડે છે એમ સમજીને મહા કટ્ટા દુશ્મન જેવા વિષયભોગથી નિરમવુ ઉચિત છે.

૮ ઉઠેનો અગ્નિ જળવડે શાન્ત કરી શકાય છે પણ વિષય અગ્નિ તો સકળ સમુદ્રના જળવડે પણ શાન્ત કરી શકાતો નથી

૯ વિષની જેમ પહેલા મીઠા પણ પછી પરિણામે અત્યત ભયકર નિવડે અનતો કાળ ભોગવ્યા છતા હજુ પણ મૂકવા યુક્ત નથી શુ ?

૧૦ વિષયરસરૂપ મદિરાથી મત્ત થયેનો જીવ યુક્તાયુક્ત, હિતાહિત, કૃત્યાકૃત્યને જાણતો નથી અને પછી અઘોર નર્કમા ગયો જતો બહુ દુરે છે

૧૩ જેમ લીંબડામા ભિત થયેનો કીડા કડવાને પણ મીઠા માને છે તેમ મોક્ષ સુખથી વિમુખ રહેનારા જીવો સાસારિક દુ ખને સુખ લેખે છે

૧૨ અસ્થિર, જોતજોતામા અદ્રશ્ય થઇ જનારા, ક્ષણ માત્ર સુખ દેનારા, મલિનતા કરનારા અને દુર્ગતિના હેતુરૂપ એવા એ વિષયભોગથી ભાઇ ! તુ વિરમ ! પરિણામે સુખદાયક એવા કાર્યમાજ મુગ્ન જને રોજવુ જોઈએ

૧૩ પૂર્વે સુર અસુર તેમજ મનુષ્ય ભવોમા તહને વિવિધ કામભોગ પ્રાપ્ત થયેલા છે તેમ છતા જેમ અગ્નિને કાષ્ઠ સમૂહથી તૃપ્તિ વળતી નથી તેમ તહને પણ અદ્યાપિ તેથી તૃપ્તિ વળી નથી તેથીજ તુ તેને અપૂર્વવત્ લેખીને ભેટે છે

૧૪ જેમ કિંપાકના ફળ ખાતા રસ અને વર્ણ વડે મનોહર લાગે છે પરતુ તે પચ્યા પછી મૃત્યુ ઉપજાવે છે તેમ વિષય

વિષયને પણ એજ ઉપમા ઘટે છે

૧૫ વૈરાગ્યરસમા નિમગ્ન રહેનારને સઘળા ગીત વિલાપ જેવા લાગે છે, નાટક કાયકલેશ જેવા લાગે છે સઘળા આભરણ ભારભુત લાગે છે અને સઘળા વિષયભોગ રોગ જેવા દુખ-દાયક લાગે છે

૧૬ દેવેન્દ્ર અને ચક્રવર્તીતણા રાજ્ય અને ઉત્તમ ભોગો અનતી વખત પામ્યા હતા આ જીવ તેવડે તૃપ્તિ પામ્યો નથી

૧૭ સંસાર ચક્રમા પરિભ્રમણ કરતા સઘળા પુદ્ગલો આ જીવે આહર્યા અને પરિણમાવ્યા તેમ હતા તેથી તૃપ્ત થયો નથી

૧૮ ભોગી માણસ ભોગથી ખરડાય છે પણ અભોગી ખરડાતો નથી. ભોગી સંસારચક્રમા ભ્રમણ કરે છે અને અભોગી તેનાથી મુક્ત થાય છે

૧૯ લીલો અને સુકો એવા બે માર્ગના ગોળાને ફેંકી સામી ભીંતે અફાળ્યા હોય તો જે લીલો હતો તે સામી ભીંતે ચોંટી જશે

૨૦ એ રીતે જે મૂર્ખ, કામ લાલસા માણસ હોય તે લેપાય છે અને જે કામ ભોગથી વિરક્ત હોય તે સુકા ગોળાની પેરે લેપાતા નથી

૨૧ જેમ તૃણ કાષ્ટવડે અગ્નિ તૃપ્ત થતો નથી અને હજારો નદીઓવડે સમુદ્ર તૃપ્ત થતો નથી તેમ જીવ ગમે તેવા કામ, ભોગવડે તૃપ્ત થતો નથી

૨૨ સુર, નર અને વિદ્યાધરના ભવોમા વિવિધ જાતના વિષય ભોગ ભોગવ્યા હતા ફરી પણ વિષય લાલસા રાખવામા આવે છે તેથી નરક ગતિમા ભારે કળકળતા તપ્ત તાંબાના રસ પીવા પડશે

૨૩ લોભવડે કોના ખરા હાલ થયા નથી ? સ્ત્રીઓએ કોનુ હૃદય ભોળવ્યુ નથી ? ભોતના ઝપાટામા કોણ આવ્યુ નથી ? અને વિષય સુખમા કોણ દક્ષ-આસક્ત બન્યુ નથી ?

૨૪ ક્ષણમાત્ર સુખદાયી દેખાતા છતા બહુ કાળ સુધી દુખદાયી બનતા, કામા વ જનોને ભારે દુ ખ દેનાર અને સ્પૃહા રહિત ને સુખરૂપ થનારા અને સમારિકસુખમા પણ વિરોધ ઉપજાવનારા એના ઇન્દ્રિઓના વિષયભોગ અનર્થની ખાણરૂપ સમજવા

૨૫ સર્વ ગ્રહનો સ્વામી—મોટા ગ્રહ, સર્વ પાપ-દોષને પ્રગટ કરનાર એવો મહા પાપી કામગ્રહ છે, જેણે આખા જગતનો પરાભવ કર્યો છે

૨૬ જેમ કોઇ બસાળો બસને બણતો હતો દુ ખને પણ સુખ માને છે તેમ મોહાતુર મનુષ્યો કામભોગજનિત દુ ખને સુખ માને છે

૨૭ વિષયભોગની ઈચ્છા શલ્યરૂપ, વિષરૂપ અને આશી વિષ જેવી દુ ખદાયી છે, વિષયભોગની ઇચ્છા કરતા લોકો ઉક્ત વિષયોને ભોગવ્યા વગર પણ દુર્ગતિમા જઇ પડે છે

૨૮ વિષયભોગની તૃષ્ણા રાખનારા મોહમૂઢ માનવીઓ ભયકર ભવસાગરમા પડી ડુબે છે એના તુચ્છ વિષયભોગની દરકાર નહિ કરનારા સસારનો સહેજે પાર પામે છે

૨૯ વિષયભોગની સ્પૃહા રાખનારા માણસો મોહ પિશાચ-વડે છળાય છ અને તુચ્છ વિષય ભોગની સ્પૃહા નહિ રાખતા નિસ્પહપણે નિજ કર્તવ્ય કરનાર સહેજે શાશ્વત સુખ પામે છે; તેથીજ આગમમા -ધુ છે કે નિસ્પૃહતામાજ મોટુ સુખ રહેલુ છે

૩૦ વિષયસુખની વાછા-અભિલાષા કરનાર ભવસમુદ્રમા ડુબી મરે છે અને વિષય વાછા તજી દેનાર દુસ્તર ભવ સમુદ્રને તરી જાય છે જેમ રત્ના દ્વીપના પાશમા પડેલા બે ભાઇઓમાથી જેણે યક્ષના વચનાનુસારે ભોગ તૃષ્ણા તજી તે ભાઇને યક્ષે પાર
પોો અને જેને એ રત્નાદ્વીપેથી પાછળથી આવી ભોગ
કની લવચા પોો તેની દુર્દશા થના પામી યક્ષ સમાન

[illegible] હિતચિંતનને લેખે ધરી જે વિષયસુખમાં લલચાતા નથી તે જ આત્માઓ સુખે નિજ હિત કરી શકે છે અને તેમના હિતચિંતનની અવગણના કરે છે તે અત્યંત દુઃખી થાય છે

૧ દુનિયામાં જે અતિ તીક્ષ્ણ દુઃખ દેખાય છે તે વિષય સુખની તૃષ્ણાને લઈને જ અને જે ઉત્તમ સુખ અનુભવાય છે તે તુચ્છ વિષયસુખની સ્પૃહા તજવાથીજ, એમ ચોકસ સમજવું જોઈએ કે એ પરસ્પૃહા મહા દુઃખરૂપ અને નિઃસ્પૃહતા મહા સુખ રૂપ છે

૨ દરિયાના વિષયોમાં દૃઢ-આસક્ત બનેલા દરેક જોગ ખેપ વહિત થઇ ગયેલા પંખીઓ નીચે ઉતરી જાય છે તેમ ભય-કર ભવસાગરમાં ડુબી જાય છે, વિષયાસક્તિ જ ભયંકર છે

૩૩—૩૮ જેમ ચોર અથવા લુટારાને ખાવા જતા તેને ભાગી જતા નથી અને આડા શસ્ત્રો નથી પણ ઘણી મહેનત કરતા ખાવાના તાળવાની ખોપરીની જમીનજ અથવા દાંત ભાગવાથી દીધેલા લોટીનેજ ચાખતો મુખ માને છે તેમ સ્ત્રીઓની કાયા વિષયભોગને સેવનારો બાપડો પોતે કરેલા પરિશ્રમને અને વેચી વીર્યહાનિને મુખ માને છે

૩૫ ગમે તેટલી તપાસ કરી જોતા જેમ કેળના ગર્ભમાં કોઇ સાર દેખાતો નથી તેમ ઇન્દ્રિયોના વિષયોમાં પણ બારીકથી જોતા કોઇ સાર દેખાતો નથી

૩૬ વિવિધ ગજગાર રૂપ તરંગવાળી, હાવભાવ વિલાસરૂપ ફીણવાળી અને યૌવન વયરૂપ જળવાળી નારી રૂપ નદી વિષે ગતમાં કોણ કોણ પુરૂષો ડૂબ્યા નથી ? પ્રાય સહુ કોઇ ડૂબ્યા જણાય છે

૩૭ ખોટની નદી, પાપની ગુફા, કપટની કોથળી, જગતને ભરમ કરનારી, દુઃખની ખાણ અને સુખની

એની સાથે સ્નેહ કરી-સ્નેહ વધારનારી સમજી સુજ્ઞજને ચેતતા રહેવું જોઇએ.

૩૮ સ્ત્રીઓના નેત્રકટાક્ષ રૂપ કામના બાણ ક્યારે ક્યાં જોયે મનને નિશ્ચય કર્યું નથી એવો કોણ તેનાથી નાશી છૂટી શકે તેમ છે ?

૩૮ તેથી દ્રષ્ટિવિષ સર્પની દ્રષ્ટિ જેવી સ્ત્રીની દ્રષ્ટિના પરિહાર કરવો જોઇએ કેમકે સ્ત્રીના કટાક્ષ બાહ્યા ચારિત્રપ્રાણનો નાશ કર છે

૪૦ શાસ્ત્રરૂપ સમુદ્રનો પાર પામ્યા હતા, જિતેન્દ્રિય હતા, શુર વીર અને દ્રઢચિત્ત હતા, પુરૂષો સ્ત્રીરૂપ ક્ષુદ્ર પિશાચણીઓ વડે ખરેખર છળાઈ જાય છે, તત્સગ તેઓ કેવળ અહિત બની જાય છે

૪૧ જેમ અગ્નિના સગે ભીણ અને માખણ ઓગળી જાય છે તેમ સ્ત્રીઓના સહ-પરિચય કરના વડે મુનિજનોનું મન પણ પીગળી જાય છે તોપછી અન્ય કાયર જનોનુ તો કહેવુ જ શુ ? એમ સમજી એવા પરિચયથી દૂરજ રહેવુ ઉચિત છે

૪૨ નદીઓની પેરે નીચ ગામી-નીચે ઢળનારી સુદરપયોધર (રતન) વાળી અને મદગતિ વાળી (મદ ગતિથી વહેતી) એવી નારીઓ મોટા પર્વત જેવા દુર્ભેદ્ય પુરૂષોને પણ ભેદી નાખે છે

૪૩ વિષયરૂપ જળથી ભરેલ મોહરૂપ કર્દમ અને વિવિધ વિલાસ રૂપ તરગ તથા મગરાદિ જલચરાકીર્ણ યોવનરૂપ મહાસાગરને તો ખરેખર વીર વીર જિતેન્દ્રિય જનોજ તરી પાર પામે છે

૪૪ નિસગ-નિસ્પૃહ-કોઈની દરકાર નહિ કરનાર અને તપથી શરીરને ગાળી નાખનાર એવો પણ પુરૂષ સ્ત્રીનાસસર્ગ -પરિચયથી શ્રી સ્થૂલિભદ્ર મુનિની પ્રતિષ્ઠાને સહન નહિ કરી શકનાર અને કોશાને ત્યા જનાર સિંહગુફાવાસી મુનિની પેરે હાન થાય છે-ચારિત્રભ્રષ્ટ થઈ જાય છે

૪૫ બાહ્ય અને અભ્યંતર સર્વ પરિગ્રહ (મૂર્છા) થી મુક્ત થયેલ, શીતળ સ્વભાવી અને પ્રશાન્ત ચિત્તવાળા મુનિજનો જે શાશ્વત શિવ સુખ પામે છે તેવું સુખ ચક્રવર્તી પણ પામતો નથી પામી શકતો નથી કેમકે તે બાપડો કામાગ્નિથી પરિતપ્ત જ રહે છે

૪૬ જેમ બેળામાં ખૂંચેલી માખી તેમાંથી છૂટી થઇ શકતી નથી તેમ વિષય ભોગરૂપ મળમાં ખૂંપેલા કામાંધ જનો છૂટા થઇ શકતા નથી

૪૭ વીતરાગ દશાવંતને જે સુખ અનુભવગત થાય છે તેવું સુખ બીજા કોઇને અનુભવમાં આવતું નથી વિષ્ટાની ખાડમાં નયનાંધ ભુંડને દેવલોક નું સુખનો ગંધ પણ કયાંથી આવી શકે ?

૪૮ દુરંત કષાયી વિષયોમાં જીવોને જે અદ્યાપિ પર્યંત આગ્રહ વર્તે છે તેથી સમજાય છે કે મોહરાજાને પણ મહામોહ તજવો મુશ્કેલ છે

૪૯ જે કામાન્ધ જીવો હોય છે તેઓ વિષય સુખમાં નિશંકપણે માણે છે પરંતુ જે ભવભીરૂ જનો જિનવચનમાં રક્ત રહે છે તેઓ તો એ વિષયભોગને વિષ સમાન સમજીને તજી દે છે

૫૦ અશુચિ મળમૂત્રથી ભરેલું, વાત પિત્ત વગા અને મજ્જાતું પોલું, ચરબી માંસ અને અનેક હાડકાંથી ભરેલું અને માત્ર ચામડાથી મઢેલું (ઢંકાયેલું) સ્ત્રીનું શરીર છે એમ સમજ

૫૧ માંસ મૂત્ર અને વિષ્ટાથી ખાસ, નાકની લીંટ અને મુખની બેળ જેમાંથી વહેતી રહે છે તેમ જ વળી કૃમિયાને રહેવાનું ઘર એવું આ શરીરમાં કંઇ નહતું થઈ જનારૂં સ્ત્રીનું શરીર મતિહીન (મોહમૂઢ) જનોને પ્યારરૂપ જ છે.

૮૫ વીજળીની જેમ જોત જોતામા નષ્ટ ભ્રષ્ટ થઇ જનારા અને ઇન્દ્રજાળની જેવા અસ્થિર વિષયોમા શો વિશ્વાસ કરવો ?

૮૬ શત્રુ, વિષ, પિશાચ, વેતાળ અને પ્રજ્વલિત અગ્નિ એવુ નુકશાન કરી શકતા નથી કે જેવુ નુકશાન રાગાદિક વિકારો કરી શકે છે

૮૭ જે જનો રાગાદિક વિકારોને વશ પડયા છે એઓ સમસ્ત દુખોને વશ પડવા સમજવા અને એજ રાગાદિક વિકારોને જેમણે વશ કરેલા છે તેમને સકળસુખ સપદા સહેજે આવી મળે છે

૮૮ કેવળ દુખમય સસાર સાગરમા પડેલો જીવ જે કલેશનો અનુભવ કરે છે તે સઘળો તહેને કર્મબધ હેતુ રૂપ થાય છે

૮૯ ખરે એની વાત છે કે સસારમા વિધિ (વિધાતા) એ સ્ત્રી રૂપે જાળ રચી છે, જેમા મૂર્ખ એના મનુષ્ય, તિર્યંચ, દેવ અને દાનવો ફસાયેલા પડે છે એ ગહનજાળમાથી કોણ બચવા પામે ?

૯૦ વિષયરૂપ નાગ એવા વિષમ છે કે જેવડે ડસાયેલા જીવો ભવઅટવીની મધ્યે ચોરાશી લાખ જીવયોનિમા દુખાગ્નિથી કલેશ પામે છે

૯૧ સસારભ્રમણરૂપ તાપમા વિષયરૂપ કુવાયરાવડે લુટાયેલા જીવો હિતાહિતને નહિ ભજતા અનત દુખોને અનુભવ્યા કરે છે,

૯૨ હા હા ! ! અતિ ખેદ, બળવાન ચાલવાળા અને અત્યત દુષ્ટ એવા ઇન્દ્રિયો રૂપ ઘોડા, જગતમા મુગ્ધ—અજ્ઞાન જનોને આ ભયકર ભવ-અટવીમા પાડે છે-નાસ ઉપજાવે છે

૯૩ વિષયતૃષ્ણાથી પીડિત થતા સ્ત્રીરૂપી ગદા સરોવર મા ગ્રસ્ત બની અનેક દુખો પામતા, દીન અને ક્ષીણ થયેલા જીવો બાપડા ભવ-અટવીમા રઝળે છે અને વિવિધ વિડબનાઓ ભોગવે છે

૬૪ લગામવડે સારી રીતે દમેલા ઘોડાની પેરે જો પોતાની ઇન્દ્રિયોને સયમવડે ભલી રીતે દમવામા આવશે તો તે તમને અભીષ્ટ-મોક્ષ સ્થાને બહુ ઉપયોગી થઇ શકશે

૬૫ મન, વચન અને કાયાને જો સારી રીતે કબજે રાખ્યા હોય તો તે ગુણકારી થાય છે, પણ જો તેમને સાન મોકળા મૂકી દીધા હોય તો તે મદોન્મત્ત હાથીની પેરે શીલવનનો વિનાશ કરે છે દુષ્ટ વિચાર, દુષ્ટ વચન અને દુષ્ટ કાયા ગમે તેવાના સદાચારને લોપ કરે છે

૬૬ જેમ જેમ રાગાદિક દોષો દૂર થાય અને જેમ જેમ વિષયોથી મન વિરક્ત થાય (નિવર્તે) તેમ તેમ જીવને મોક્ષ પદ નજદીક સમજવુ

૬૭ સયમરૂપ કિલ્લાને વળગી જે સમર્થ યુવાનોએ ઇન્દ્રિઓનુ સૈન્ય ભાગ્યુ છે-ઇન્દ્રિયોને કબજે કરી છે, તે ખરેખર દુષ્કરકારક છે

૬૮ કટાક્ષ મારી જેનારી સ્ત્રીઓ-જેમના હૃદયમા ખટકતી નથી, જેમના મન ઉપર કઇ પણ અસર કરી શકતી નથી, તે પુરૂષ ધન્ય-કૃતપુન્ય છે તે સયમવતોનો હું દાસ છુ તેમને મ્હારા નમસ્કાર હો

૬૯ વધારે શુ કહેવુ ? હે ભવ્યાત્મન્ ! જો તુ રોગ-જોક રહિત શાશ્વત મોક્ષ સુખને વાછતો હોય તો વિષય સુખને પુઠ દઇ સવેગ-વૈરાગ્ય રસાયણનુ પ્રેમપૂર્વક પાન કર-સેવન કર

૮૫ વીજળીની જેમ જોત જોતામા નષ્ટ ભ્રષ્ટ થઇ જનારા અને ઇન્દ્રજાળની જેના અસ્થિર વિષયોમા શો વિશ્વાસ કરવો ?

૮૬ શત્રુ, વિષ, પિશાચ, વેતાળ અને પ્રજ્વલિત અગ્નિ એવુ નુ ગાન કરી શક્તા નથી કે જેવુ નુકશાન રાગાદિક વિકારો કરી શકે છે

૮૭ જે જનો રાગાદિક વિકારોને વશ પડયા છે એઓ સમન્ત દુખોને વશ પડેલા સમજવા અને જેઓ રાગાદિક વિકારોને જેમણે વશ કરેલા છે તેમને સકળસુખ સપદા સહેજે આવી મળે છે

૮૮ કેવળ દુખમય સસાર સાગરમા પડેલો જીવ જે કલેશનો અનુભવ કરે છે તે સઘળો તેને કર્મબધ હેતુ રૂપ થાય છે

૮૯ ભારે ખેદની વાત છે કે સસારમા વિધિ (વિધાતા) એ સ્ત્રી રૂપે જાળ રચી છે, જેમા મૂઢ એવા મનુષ્ય, તિર્યંચ, દેવ અને દાનવો ફસાયી પડે છે એ ગહનજાળમાથી કોણ બચવા પામે ?

૯૦ વિષયરૂપ નાગ એવા વિષમ છે કે જેવડે ડસાયેલા જીવો ભવઅટવી મધ્યે ચોરાશી લાખ જીવયોનિમા દુખાગ્નિથી કોણ પામે છે

૯૧ સસારઅમરૂપ તાપમા વિષયરૂપ કષાયરાવડે લુટાયેલા જીવો હિતાહિતને નહિ સમજતા અનત દુખોને અનુભવ્યા કરે છે,

૯૨ હા હા ! ! ધૃતિ ખેદ, અવળી ચાલવાળા અને અત્યત દુષ્ટ એવા ઇન્દ્રિયો રૂપ ઘોડા, જગતમા મુગ્ધ—અજ્ઞાન જનોને આ ભયકર ભવ-અટવીમા પાડે છે-ત્રાસ ઉપજાવે છે

૯૩ વિષયતૃષ્ણાથી પીડિત છતા સ્ત્રીરૂપી ગદા સરોવરમા રક્ત બની' અનેક દુખો પામતા, દીન અને ક્ષીણ થયેલા જીવો બાપડા ભવ-અટવીમા રઝળે છે અને વિવિધ વિડબનાઓ ભોગવે છે

૯૪ લગામવડે સારી રીતે દમેલા ઘોડાની પેરે જો પોતાની ઇન્દ્રિયોને સંયમવડે ભલી રીતે દમવામાં આવશે તો તે તમને અભીષ્ટ-મોક્ષ સ્થાને બહુ ઉપયોગી થઇ શકશે

૯૫ મન, વચન અને કાયાને જો સારી રીતે કબજે રાખ્યા હોય તો તે ગુણકારી થાય છે, પણ જો તેમને સાન મોકળા મૂકી દીધા હોય તો તે મદોન્મત્ત હાથીની પેરે શીલવનનો વિનાશ કરે છે દુષ્ટ વિચાર, દુષ્ટ વચન અને દુષ્ટ કાયા ગમે તેવાના સદાચારને લોપ કરે છે

૯૬ જેમ જેમ રાગાદિક દોષો દૂર થાય અને જેમ જેમ વિષયોથી મન નિવૃત્ત થાય (નિવર્તે) તેમ તેમ જીવને મોક્ષ પદ નજદીક સમજવુ

૯૭ સંયમરૂપ કિલ્લાને વળગી જે સમર્થ પુરૂષોએ ઇન્દ્રિઓનુ સૈન્ય ભાગ્યુ છે-ઇન્દ્રિયોને કબજે કરી છે, તે ખરેખર દુષ્કરકારક છે

૯૮ કટાક્ષ મારી જેનાથી સ્ત્રીઓ-જેમના હૃદયમા ખળભળી નથી, જેમના મન ઉપર કંઇ પણ અસર કરી શકતી નથી, તે પુરૂષ ધન્ય-કૃતપુન્ય છે તે સંયમવંતોનો હું દાસ છું તેમને મ્હારા નમસ્કાર હો

૯૯ વધારે શું કહેવુ ? હે ભવ્યાત્મન્ ! જો તુ રોગ-શોક રહિત શાશ્વત મોક્ષ સુખને વાંછતો હોય તો વિષય સુખને પૃષ્ઠ દઇ સંવેગ-વૈરાગ્ય રસાયણનુ પ્રેમપૂર્વક પાન કર-સેવન કર

પૂર્વકાળના ચરિત્રોનુ મહત્ત્વ

૧ હવે બાહ્ય નિમિત્ત લઈ પોતાના મન-તનને બગાડનારા બાળ જીવોને પૂર્વકાળની સતીઓના અને સીતાઓના સુચરિત્રો બહુ લાભપ્રદ છે પરતુ પૂર્વકાળના ચરિત્રો ઉપર કહ્યુ તેમ ભાવ દૂરના દૃષ્ટાન્ત રૂપ હોવાથી અનુમોદનાનો જ વિષય ઘણા ખરાને થાય છે પરતુ તે હાલ ક્રિયામા મૂંઝાય તેના કોઈ ભળે તો હાલના દૃષ્ટાન્તો પાસે હોવાથી આચરણાનો વિષય પણ થઇ પડે

૨ અન્ય કોટીના માનવ રત્નોને બ્રહ્મચર્યનો ગુણ બહુજ સહજ વાગ્યો કારણ કે સૌ કરતા વહાલામા વહાલો રસ સપૂર્ણ પોતેજ આત્મા હોવાથી જો કોઇ ભળે બાહ્ય દ્રષ્ટી થઇ તો " માતૃવત્ પરદારેષુ " એમ વિચારતા પરસ્ત્રી માતા રૂપ ભાસમ પડશે

૩ હવે ઉત્તમ કોટીમા રહેવા નિરત બ્રહ્મચારી જનોને ઉપર જણાવેલા સતો અને સતાના ચરિત્ર જોઇ બહુજ આનદ થશે અને પોતાને બ્રહ્મચર્ય પાળતા જોઇ પોતાને થતા અનુભવોની પૂર્વકાળના સતા અને સતીઓના દ્રષ્ટાતમાથી સાક્ષી રોપશે અને પોતામા દિવસાનુદિવસ વિશ્વાસ બેસતો જશે જેમ જેમ પોતામા વિશ્વાસ આવતો જશે બ્રહ્મનિષ્ઠતા કે આત્મ નિષ્ઠતા થતી જશે, તેમ તેમ પોતાના સમાગમમા આવતા અબ્રહ્મચર્યવાળા બહેન ભાઇ-માતા-પિતા-પુત્રી અને પુત્રોને પોતાના જેવા કરવા મથશે, જેમ નવવાડના વારક શ્રી સ્થુલીભદ્રે અબ્રહ્મવાળી વેશ્યાને સુશ્રાવિકા બનાવી, વળી જેમ વિજય શેઠ અને વિજયાશેઠાણીએ બ્રહ્મચર્યવ્રત પાળ્યુ, તેમ આવા પૂર્વના દૃષ્ટાન્તોથી વર્તમાનકાળમા, બ્રહ્મચર્ય સાધકના દૃષ્ટાન્તો ઉત્તમ કોટીવાળા વ્રતધારીને પણ હીમત આપનાર

થશે કોઈ એમ કહેતુ હોય કે એ મહાપુરૂષોના ચરિત્રના ઉદાહરણ લેવા નહિ તો લાલન કહે છે કે શાસ્ત્રમા લખ્યા છે શા માટે? જોતે અનુમોદનીય, કે અનુકરણીય-(આચરણીય) નથી તો પછી ઉત્તમ કોટીના જનો માટે તે નકામાજ થઇ પડે, ઉત્તમ કોટીવાળા પણ એમ જાણે કે અમારાથી એ ન થાય તો પૂર્વના ઉદાહરણ જોઇ વીર્યવાન થવાને બદલે ઉત્તમો પણ હતવિર્ય થઇ, મધ્યકોટીમા ઉતરી પડશે અને પછી બાળકોટીમા ગણડી પડશે માટે લાલનનુ તો એમ કહેવુ છે કે બ્રહ્મ એટલે આત્મા-જ્ઞાન રસ એજ છે તો પરના ચુથણામા રોગ કરવો જેમ કસ્તુરી મૃગની કુટીમાજ કસ્તુરી છે તેમ પોતામા રસ કે આનદ છે તો સ્ત્રી પુરૂષોના દેહમા શા માટે ગોતવો? કોઇ કહેશે કે વર્તમાનકાળમા આવા બ્રહ્મચર્યના ઉત્સાહક કેટલા? તો લાલન એમ કહે છેકે ભુતકાળમા પણ અનત માણસો હતા, તેમાથી બ્રહ્મચર્યવાન કેટલા! એતો લોકોને ભુતકાળના ખરમા જોવાની ટેવ પડી ગઇ છે પરતુ વર્તમાનમા જોવા માટે તો વીરવરજનો પણ મળે ખરા પરતુ તે દ્રષ્ટિજ કરી ગુણ જોવાની આખો ઉઘાડો કે વર્તમાનકાળ પણ ગુણરૂપ દેખાશે અને દોષો હોશે તથા દયા પણ આવશેજ આવશે

માટે અતે કહેવું પડે છે કે બ્રહ્મચર્યના ઉદાહરણ લેવામા જોઇયે તો પૂર્વના કે પશ્ચિમના હોય પણ તેનુ અનુસ્મરણ કરવામા વિલબ કરવો નહિ અને તેમ કરી ઉત્તમકોટીના વીરવર જનોએ ઉત્તમ ચારિત્રનુ સેવન કરી દ્રષ્ટાતથી સ્વપર હિત કરવા સદા ઉદ્યમ રહેવુ

ખડ ત્રીજો સમાપ્ત

સમાપ્તોડય ગ્રથ